નૂરજહાન.

ન. ભ. દીવેટિયા.

નૂરજહાન.

(એક હિંદી રાણીની વાર્તા.)

(સરદાર જોગેન્દ્રસિંહની અંગ્રેજી વાર્તાનું ભાષાન્તર.)

લેખક,

નલિનકાન્ત નરસિંહરોવ દીવટિયાં.

ભદ્યુ બંગલો, બાંદરા.

પ્રકાશક,

નલિનકાન્ત નરસિંહરાવ દીવટિયા.

ભદ્યુ બંગલો, બાંદરા.

અમદાવાદ.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૭૫૦.

ઈ. સ. ૧૯૧૪. સંવત ૧૯૭૦.

મૂલ્ય રૂ. ૦-૧૨-૦

અર્પણ.

ભાષાન્તર કરવાના મ્હારા આરંભકાળમાં મ્હને યોગ્ય પ્રણાલીમાં દોરનાર મ્હારા પિતાના મિત્ર—ફક્ત કહેવાના મિત્ર જ નહિં પણ तन्मित्रम् यदि सुखे च समक्रियंयत् એ વચન ખરૂં પાડનાર—સ્વર્ગસ્થ વંરજરાય સંતોકરાય દેસાઈએ, મ્હને સાહિત્યના ક્ષેત્રમાં પ્હેલે પગલેથી જ ઠોકર ખાતો અટકાવી કરેલા સ્નેહયુક્ત કૃત્યના ઉપકારના ચિન્હ તરીકે, આ ભાષાન્તર ત્હેમની પવિત્ર સ્મૃતિને અર્પણ કરૂં છું.

વાંદરા. } નલિનકાન્ત નરસિંહરાવ દીવટિયા.
૧૯૧૪.

પ્રસ્તાવના.

આ વાર્તા ઈસ્ટ એન્ડ વેસ્ટ નામના માસિકમાં આવેલી અંગ્રેજી વાર્તાનું ભાષાન્તર છે. બનતા સુધી મૂળ વાર્તામાં ફેરફાર ન કરવાનો મ્હેં પ્રયત્ન કર્યો છે અને આશા છે કે ત્હેમાં હું સફળ થયો હોઈશ. ભાષાન્તર કરી જાહેરમાં પ્રસિદ્ધ કરવાનો આ મ્હારો પ્હેલો જ પ્રયત્ન છે માટે ભાષાન્તરમાં અથવા કોઈપણ બાબતમાં ખામી રહી ગઈ હોય તો આશા રાખું છું કે મૂળ ગ્રન્થના ગુણોની આગળ ભૂલી જવાશે.

આ વાર્તાનું ભાષાન્તર કરી છપાવવાની પરવાનગી આપવા માટે મૂળ રચનાર સરદાર જોગેન્દ્રસિંહનો આભાર હું અત્રે માનું છું. આ વાર્તામાં આવેલાં કાવ્યોનું ભાષાન્તર કાવ્યના જ રૂપમાં કરી આપવા માટે મ્હારા પિતાનો પણ ઉપકાર માનું છું; તથા મેન્યુસ્ક્રિપ્ટની નકલો કરવા માટે ત્હેમાં મદદગાર થયેલી વ્યક્તિઓનો પણ ઉપકાર માનવો અસ્થાને નહિં જ ગણાય.

આ વાર્તાની નાયિકા ઉપર જેટલી વિપત્તિઓ પડી છે તેટલી જ વિપત્તિઓ આ વાર્તા પ્રસિદ્ધ કરતે ત્હેના ઉપર પડી છે તેથી જ આ વાર્તાનું ભાષાન્તર તો, આ પ્રસ્તાવના લખ્યાની તારીખે, તા. ૩૦ મી જુલાઈ, ૧૯૦૮, માં પુરૂં થયેલું હોવા છતાં આટલા લાંબા કાળ પછી તે બ્હાર પાડી સકાઈછે.

અચ્યુ બંગલો, વાંદરા,
તા. ૩૦ મી જુલાઈ ૧૯૦૮.

નલિનકાન્ત નરસિંહરાવ દીવટિયા.

શુદ્ધિપત્ર.

પાનું.	લાઈન.	અશુદ્ધ	શુદ્ધ.
૧	૪	જણાતી સુન્દર	સુન્દર જણાતી
૭	૨૩	ચિત્રપલ્લવ	ચિત્રપલ્લવી
૧૩	૧૩	—	પણ
૧૬	૨૮	કહે છે કે	કહે કે
૨૦	૩૪	તે	અને
૩૧	૧૧	સામાન	સામન
૩૧	૧૪	પ્રસંદ	પસંદ
૩૨	૧	તમોને	ત્હમને
૩૫	૮	તે	ને
૪૦	૧૪	ચડીચાતી	ચઢીયાતી
૫૦	૧૩	જીંદગીને	જીંદગીનું
૫૦	૨૬	સાંભળવાન	સાંભળવાનું
૫૪	૨૧	પણ	પળ
૫૬	૧૩	—	ત્હાં ર્‌હેને
૫૯	૫	ને	તે
૫૯	૨૮	—	તો
૭૧	૮	ધડી	ગડી
૭૩	૩૧	—	તે
૭૯	૨૨	દક્ષિણણાં	દક્ષિણમાં
૭૯	૩૫	પારો	પાર
૯૬	૨	રાઇથી	—
૯૮	૧૧	નહિં ચાડી ખાઈએ	ચાડી નહિ ખાઈએ
*૯૯	૮	હલવાર	તલવાર
૧૦૨	૮	(શેર=અફ્‌ધાન)·	(શેર—અફ્‌ધાન)·
૧૦૬	૨૪	મુખમુદ્રા	મુદ્રા
૧૧૦	૧૧	તેમને	તેમ અને
૧૧૦	૧૩	પ્રેમને સુખ	પ્રેમ અને સુખ
૧૧૦	૧૬	સારાં	સાદાં
૧૧૦	૧૮	પણ હું મ્હારે	પણ મ્હારે
૧૧૧	૯	શાન્ત રીત્યે	ધામધુમ વગરજ
૧૧૨	૧૨	પિતાની નકકુર	પિતાની કબર
૧૧૨	૧૩	કબર કરાવવી	કરાવવી

* આ પછીનાં પાનાંઓના નંબર છાપવામાં પ્રેસની ભૂલ થઇ છે, તે સુધારી આ શુદ્ધિપત્રમાં નંબરો આપ્યા છે.

નરસિંહરાવ ભોળાનાથનાં પુસ્તકો.

નામ.	કિંમત.	મળવાનું ઠેકાણું.
કુસુમ માળા (સચિત્ર. આવૃત્તિ પાંચમી)	૦—૮—૦	સી. એન. બધેકે. ભાગાતળાવ, સુરત.
*હૃદય વીણા. (આવૃત્તિ બીજી)	૧—૦—૦	એન. એમ. ત્રિપાઠીની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ કાલબાદેવી મુંબાઈ
પ્રેમાનન્દનાં નાટકો. (નિબન્ધ)	૦—૬—૦	નરસિંહરાવ ભોળાનાથ. બ્લ્યુબંગલો વાંદરા
*નવલરામ.		"વસન્ત" ઓફિસ. અમદાવાદ.
દયા, ક્ષમા, અને શાન્તિ	૦—૨—૦	પ્રાર્થના મન્દિર અમદાવાદ.
ભક્તિ અને નીતિ.	૦—૦—૬	પ્રાર્થના મન્દિર અમદાવાદ.
બ્રાહ્મધર્મ (અંગ્રેજી નિબન્ધ)	૦—૪—૦	પ્રાર્થના મન્દિર અમદાવાદ.
સરજતરાજની સુપ્રતિ.	૦—૦—૬	નરસિંહરાવ ભોળાનાથ. બ્લ્યુબંગલો વાંદરા
નૂપુરઝંકાર (સચિત્ર) — થોડા સમયમાં બ્હાર પડશે.	૧—૦—૦	નરસિંહરાવ ભોળાનાથ. બ્લ્યુબંગલો વાંદરા.

સ્વ. સૌ. ઊર્મિલા દયારામનાં પુસ્તકો.

નામ.	મળવાનું ઠેકાણું.
ઉષાનન્દિની. (પ્રો. બેઇનના A Heifer of the Dawn નામના પુસ્તકનું ભાષાન્તર.	ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ. હોર્નબીરોડ—મુંબાઈ.

નલિનકાન્ત નરસિંહરાવનાં પુસ્તકો.

નામ.	કિંમત.	મળવાનું ઠેકાણું.
નૂરજહાન. (સરદાર જોગેન્દ્રસિંહની અંગ્રેજી વાર્તાનું ભાષાન્તર)	૦—૧૨—૦	નલિનકાન્ત ન. દીવટિયા બ્લ્યુબંગલો—વાંદરા.
ઇન્દુકલા. (પ્રો. બેઇનના A Digit of the moon નામના પુસ્તકનું ભાષાન્તર.)		(થોડા વખતમાં બ્હાર પડશે)

* આ પુસ્તકો કર્તા પાસેથી પણ મળશે.

ઉપરનાં પુસ્તકો નીચેના ઠેકાણેથી પણ મળશે:—

જીવનલાલ અમરશી મહેતા,

પીરમશાહરોડ; **અમદાવાદ.**

નૂરજહાન.

*(એક હિન્દી રાણીની વાર્તા.)

પ્રકરણ ૧ લું.

કંદહારથી હિન્દુસ્થાન આવવાનો રસ્તો જો કોઇ પણ રીત્યે તે સખ્ત ચ્હડાવવાળા ચીલાને રસ્તો કહેવાય તો તે બોડા આશ્રય વગરના ભયકરને આનન્દહીન ડુંગરોની વચમા થઇને જતો હતો કોઇ કોઇ સ્થળે તે દ્રાક્ષ અને દાડમની વાડીઓથી જણાતી સુન્દર ખીણોમા થઇને જતો હતો કોઇ કોઇ વખત આ રસ્તાની બે બાજુએ અખાડના અને ઊંચા અને પાતળા દેવદારના, લીલોતરીવાળા સુવાળા મેદાન ઉપર ઊગી નીકળતા ઝાડ હતા પણ ઘણું ભાગે આ રસ્તો વેરાન પર્વતોની વચ્ચે થઇને જતો હતો ઉજડ વેરાન ટેકરીઓની ત્રાસજનક સમાનરૂપતાને કોઇ કોઇ ઠેકાણું "**જ્યુનિપર**" નામના એકાદ છૂટા છૂટાને "રહોડોડનડ્રોન" નામના સુન્દર ફૂલોવાળા, વેરાન પ્રદેશમાં ઊગવાનો પ્રયત્ન કરતા, છોડા વિવિધતા આપતા હતા

આ ધુરકિયા કરતા ખડકોને ભયંકર કરાંડામા થઇને સત્તરમા સૈકાના પ્હેલા અર્ધા ભાગની વસન્ત ઋતુમા એક પુરુષને એક સ્ત્રી પોહિયો લઇને એકાદ ડુંગરી રસ્તામા થઈને જતા હતા તે ચીલાએ ત્હેમને ત્રણ હજાર ફીટ નીચે આણ્યા હતાં ને હવે વચ્ચે વચ્ચે ખીણોથી કપાતો કપાતો છક પર્વતોની વચ્ચે નેળના આકારમા આગ્યે જતો હતો તે માણસે વાંકા કરીને પ્હેલા શાન્ત અને ભરા આકાશ સ્હામે જોયુ ને પછી ત્હેમની સ્હામે પડેલા નિર્જન રસ્તા સ્હામે નિરાશાથી ઉદાસીન ચ્હેરે તે જોવા લાગ્યો અને પાછા વાંકા કરીને જે પોહિયા ઉપર પોતાની સ્ત્રી બેઠી હતી ત્હેને હાંક્યો

તે કાંઇ ઊંચોએ ન્હોતો, તેમજ દેખાવે પણ કાંઇ ખાસ ખૂબસુરત ન્હોતો, તો પણ ત્હેનામા ઉમદાપણું ને જોનારના મનમા ત્હેને વિશે સારો વિચાર આવે હેવુ કાંઇક હતુ ત્હેના પ્હોળા કપાળ ઉપરની સકટોની પડેલી કરચોલીઓ ત્હેની સ્થિરતા ને દૃઢ વિચારને હઠાવી સકતી ન્હોતી તેમજ ત્હેની કાળી ભ્રમર જેવી આખ્યોની ગમ્ભીરતાને ઢાંકી સકતી ન્હોતી ત્હેનો ચ્હેરો જોકે રંગે કાળો ન હોતો, પણ તડકાને લીધે કાળો દેખાતો હતો ત્હેના વાળનાં લાંબા જટિયા ત્હેના પ્હોળા ખભા ઉપર પડતા હતા ત્હેનો પોષાક ફાટેલો તુટેલો હતો, તો પણ તે ઉપરથી એ ઉમદા કુટુમ્બનો હોય એમ જણાઇ આવતુ હતુ ત્હેની જોડે જે સ્ત્રી હતી તે ત્હેની પત્ની હતી. તે એક સરસ ઊંચા સરોના ઝાડના જેવી ઊંચી હતી ત્હેના શરીરનો ઘાટ બરોબર પ્રમાણસર હતો ને મ્હોં

---

* સરદાર જોગેન્દ્રસિંહની લખેલી વાર્તાનું ભાષાતર (અંગ્રજી ઉપરથી)

એક અનાબર ખીલી નીકળેલા ગુલાબ જેવું હતું, પણ તેહેના ઉપર કાંઇક ફીકાશ હતી, જેને લીધે તેહેના ઉપરની ખૂબસુરતી જતી રહી હતી. મુસલમાન સ્ત્રીઓના ખાસ ગુણ પ્યાર અને આજ્ઞાંકિતપણું તે તેહેનામાં હોય એમ તેહેની સુન્દર આંખો ઉપરથી જ્યહારે તે તેહેના પતિની મોહોટી ખડકો ઉપર ચડતી વખત મદદ લેતી હતી ત્યહારે જણાઈ આવતું હતું.

તેહેણે ધીમા ધ્રૂજતા અવાજે ને પોતાનું દુઃખ સંતાડવાનો પ્રયત્ન કરીને કહ્યું ' ખાવિંદ! ' હવે હું આગળ નહિ જઈ સકું.

તેહેના પતિએ કહ્યું "પ્રિય! થોડીવાર સુધી ધીરજ રાખ્ય ને બેશી રહેવાનો



પ્રયત્ન કર્ય. જો, આગળ પેલા ઝગી રહેલા દેવદારના ઝાડની ઘટાને પેલી નદી વળતી દેખાય છે ત્યહાં નક્કી કાંઇ ગામડું હશે, ત્યહાં આપણી કાંઇ આગતા-સ્વાગતા કરશે."

સ્ત્રીએ અફસોસ ભરેલે અવાજે તેહેને કહ્યું 'હવે મ્હારાથી નહિ ધીરજ રાખી સકાય. તમારા ઉપરનો મ્હારો પ્યાર જે મ્હને ગમે તેહેવી અડચણો, તમને ફરિયાદ કર્યા વગર (કે ફરિયાદ કરું તો રખેને તમને ચિન્તા થાય)—ખમવાને શક્તિવાન કરે છે તે પણ આ વખત મ્હારા કષ્ટને જીતવાને અશક્ત છે. હવે હું કહું એટલુંજ મ્હારા ઉપર મેહેરબાની તરીકે કરો. તમે નીચે ખીણમાં જઈને કાંઇને મદદે લાવશો' આજ રાતે જો પાછા આવી સકો તો તેમ કરજો નહિ તો તમે કાલે મ્હને લેવાને આવજો. જો હું જીવતી હોઈશ તો તો ઠીક છે નહિ તો તમારું કલ્યાણ થાઓ" આમ કહીને તેહેણે તેહેના તરફ વીનવતી અને પ્રેમમય મુખમુદ્રાથી જોયું. ધીમે બોલવું તે પણ તેહેને બહુ કઠણ કામ લાગતું હતું. પતિના ચિન્તાતુર મનમાં ચિન્તાનો વધારો ન કરવાની ઇચ્છાથી કલાકો સુધી તેહેણે પોતાની વેદના ફરિયાદ કર્યા વગર સહન કરી હતી ને જે કાંઈ શક્તિ બાકી રહી હતી તે આટલું બોલવાથી જતી રહેવાથી પતિના હાથમાં

પડી ત્હેને લેવાને સ્વાભાવિક રીતે ત્હેણે હાથ લંબાવ્યા ત્ચ્હારે ત્હેને એક છાંયડાવાળા ઝાડ નીચે લઈ જઈને ધીમે રહીને સુવાળા ઘાસને સૂકા પાંદડા ઉપર મૂકી ત્ચ્હારે ગયાસ બેગ બડબડયો "હેને મૂકી દેવાની ! હે ! પરેશ્વર હેને મૂકીને જવું પડશે ? અરેરે ! ત્ચ્હારે પછી મ્હારે આ જગતમા જીવવું કહોને માટે ? જ્હારે મ્હારી પ્રિયા જેણે મ્હારા દુઃખના દહાડા ઊજળા કર્યા છે તે જીવશે નહિ તો હુ એકલો તો નહિં જ જીવું."

તે પાસેના એક ઝરા તરફ દોડયા, ને પોતાના ખોબામા પાણી આણ્યુ. ત્હેણે તે સ્રીના મ્હોં ઉપર ધીમેથી છાંટયુ, ત્હેના સૂકાઈ ગયેલા હોઠ પલાળ્યા, ને ધીમે રહીને પગ દાબવા મંડી ગયો, ને જ્ચ્હારથી તે ત્હેને પરણ્યો હતો ત્ચ્હારથી અત્યાર સુધીમાં જેટલા પ્યારના શબ્દો વાપર્યા હતા તેટલાથી બોલાવીને ત્હેને છેલ્લી ઘડીએ ત્યાગી ન દેવાની આજીજી કરવા લાગ્યો. કેટલાક વખત સુધી તો ત્હેની માગણીનો જવાબ ન આવ્યો. ત્હેણે ત્હેને ચુમ્બનો કર્યા, ને પંપાળીને એકવાર ત્હેની સાથે બોલવાનુ કહ્યુ. ત્હેણે ત્હેને પવન નાખ્યો ને એટલા બધા લાડ કર્યાં કે પથ્થરના અંતઃકરણ પણ ત્હેના ઉપરની દયાથી પીગળ્યાં હોત.

• •

આખરે જ્હારે ત્હેની પ્રિયાએ આખો અડધી ઉઘાડી ત્ચ્હારે ત્હેના ચ્હેરા ઉપર જરા તેજી આવી પણ પાછો ત્હેનો નિસાસો સાંભળીને તે ઘણો દિલગીર થયો. ત્હેણે ચિન્તાથી પુછયુ "પ્રિયા ત્હને કેમ છે ? હુ આશા રાખુ છુ કે ત્હને પ્હેલાં કરતાં સારૂં હશે." પોતાને જે દરદ પીડતુ હતુ તે ક્ષણવાર ભૂલી જઈને હસવાનો પ્રયત્ન કરી મીઠાશથી ઊંચુ જોઈને જવાબ આપ્યો "મ્હને ઠીક છે." પણ તે દરદ પાછુ ત્હેને પીડવા લાગ્યુ, ને તે એટલુ સખ્ત હતુ કે અડધા કલાક સુધી ત્હેણે રોઈને ઉંકારા કર્યા ને આ બાજૂથી પેલી બાજૂ ને પેલી બાજૂથી આ બાજૂ આળોટયા કર્યું, અને એમ તદ્દન બેચેન સ્થિતિમા વખત ગયો, પણ તે બધુ નિષ્ફળ હતુ. આખા શરીરમા ત્હેને વેદના થવા માંડી ને એક પળ પણ ત્હેને આરામ મળ્યો નહિ. ગયાસબેગ ચિન્તાતુર થઈને ત્હેની આસપાસ આટા મારવા લાગ્યો ત્હેના પગ દાબ્યા તે વખતે વ્હાલથી દુઃખ ન જણાય ધારીને ત્હેના કપાળ ઉપર ચુમ્બનો કર્યા આખરે છેલ્લા ઉપાય તરીકે ત્હેણે કાબા તરફ મ્હોં કર્યું, ઘુંટણીયે પડયો ને પોતાનુ અંતઃકરણ પુરેપૂરૂં હેમા પરોવીને પોતાની પ્રિયાને બચાવવા માટે પરમેશ્વરની પ્રાર્થના કરી તે જ્હારે ઊઠયો ને ત્હેની પ્રિયાને દરદથી મુક્ત થઈને હસતી ને પોતાના હાથમા આ બધા દરદનું ન્હાનુ ફળ રાખેલી જોઈ, ત્ચ્હારે ગયાસબેગ ખૂબ ખુશી થયો. હાવા જંગલમાં ને હાવી ગરીબ સ્થિતિમા, ઝળઝળામાં નૂરજહાંન, જેનુ નામ ઘણા કાળ સુધી અમર રહેવાનુ હતું તે જન્મી ગયાસબેગ ગાંડા માણસની પેઠે નાચવા લાગ્યો. તે ફરી ઝરા તરફ દોડી ગયો ને પાણી આણીને સ્રીના સૂકા હોઠ પલાળ્યા. ત્હેણે સૂરજના કિરણ સ્હામું જોયુ કે તરત ત્હેના મ્હોં ઉપર ગ્લાની આવી ગઈ. તે કિરણોને લીધે હાવા ઉજડ ડુંગરોમા વિચિત્ર અજવાળુ પડતુ હતુ. ત્હેનુ મન બધું ત્હેની સ્રીને બચાવવાનો એક છેલ્લો પ્રયત્ન કરવામા હોવાથી તે સ્રી કને ગયો. ત્હેણે તરત ત્હેને ઊંચકીને પોઠિયા ઉપર બેસાડી એક હાથે ત્હેને ટેકો દીધો ને બીજે હાથ તે બાળક માટે લાંબો કર્યો, પણ જ્હારે આમ કર્યું ત્ચ્હારે ત્હેણે ત્હેની સ્રી જે પોતાથી ન બેશી રહેવાને

લીધે પડી ગઈ હતી ત્હેની અશક્તિ ભરેલી સ્થિતિ જોઈ તે થોભ્યો, ત્હેની ભમ્મરો ઉપર પરસેવાનાં ટપકાં બાઝયાં હતાં, ત્હેના મનમાં ફરજ, ને જરૂર વચ્ચે જબરી લડાઇ ચાલી રહી. આ લડાઇમાં જરૂર વાળી બાજૂ જીતી. ત્હેણે તે બાળકને ત્હેના નસીબ ઉપર આધાર રાખી રસ્તાની બાજૂએ મૂકી પોતાને ને પોતાની સ્ત્રીને બચાવવાનો નિશ્ચય કર્યો. ઘણા જ દિલગીર મને ત્હેણે તે બાળકને હાથમાં લીધું ને પોતે પ્હેરેલો એકનો એક ડગલો કહાડીને તે બાળકને ત્હેમાં વીંટીને રસ્તાની બાજૂએ એક છોડ નીચે મૂકયું. જેવું તે બાળકને ત્હાં મૂકયું કે તરત તે બાળક હસ્યું ગયાસબેગે જલદી પાછા ફરી પોતાની સ્ત્રીને હાથમાં ઊંચકીને પોઠિયા ઉપર બેસાડીને પોઠિયો આગળ હાકયો

ત્હેણે રસ્તાની બાજૂએ તે ન્હાના બાળકને જોયું એટલે તરત ગયાસબેગ તરફ જોઈને નબળાઈને લીધે ધીમે રહીને બબડી " એ મ્હારૂં બાળક ! "

ગયાસબેગે પોતાની આંખો મીચી, શરમાઇ જઈને હાથવડે મ્હોં ઢાંકી દીધું, પણ ત્હેની સ્ત્રીએ પાછું જોયા જ કર્યું, તેથી હવે બ્હાનાં સોધી કહાડવાનું ધાર્યું.

ત્હેણે કહ્યુ " પ્રિયા ! ત્હને ઠીક નથી, માટે ચાલો આપણે આગળ જઈએ. "

ત્હેની સ્ત્રીએ જાણે પંપાળતી હોય તેમ ત્હેના ખભા ઉપર પોતાના ફીકા પડી ગયેલા હાથ મૂકયા ને કહ્યુ. " અહા ! તમે બહુ થાકી ગયા છો. " પણ તરત જ ત્હેણે પોતાના હાથ ચમકીને લઈ લીધા ને ચમકીને પૂછ્યુ " પણ મ્હારૂં બાળક ક્ય્હા છે ? ત્હમે ત્હેને ક્ય્હાં મૂકી છે ? "

ગયાસબેગ બડબડયો. " તે બાળક સહિસલામત છે. ત્હેની ફીકર કરીશ નહિ. "

ત્હેની સ્ત્રીએ ભયથી ને ત્હેને બાઝીને ચીસ પાડીને કહ્યુ. " મ્હારૂં બાળક, મ્હારૂં બાળક, ત્હમે ત્હેને ક્ય્હાં મૂકયું છે ? "

ગયાસબેગે પોતાને જાણે કે કાંઇ દુઃખ થતું હોય ને તે સંતાડવાનુ કરતો હોય, પણ ત્હેવું મ્હોં ન જણાય ત્હેવી રીત્યે કહ્યુ.

પ્રિયા ! ત્હારે ત્હારા પતિને આ વેરાન પર્વતામા રાખીને મારી તો નથી નાખવો ને ? "

ત્હેની સ્ત્રીએ આજીજીના અવાજે કહ્યુ " મ્હારા બાળકને મ્હારી પાસે આણી આપો " અને પછી ત્હેણે તે બાળક જ્યહાં હતુ તે તરફ પોઠિયાને વાળવાનુ કર્યું. પણ તે ઘણી નબળી હતી તેથી તે બેભાન થઈને પડી.

ગયાસબેગે ત્હેને ધીમે રહીને ઘાસ ઉપર સુવાડી અને જ્યહારે ત્હેને ભાન આવ્યું ત્યહારે ઝંખવાણો પડી ગયો, ત્હેણે માફી માગતા અવાજે કહ્યુ. પ્રિયા ! હવે ચીડાઇશ નહિં. મ્હેં ત્હારે માટે ત્હારા બાળકને તજી દીધું હતું. હું જાઉં છું ને ત્હેને લઈ આવું છું જો મરીશું તો આપણે ત્રણે સાથે મરીશું. અલ્લા મ્હોટો છે.

ત્હેની સ્ત્રીએ કહ્યું " મ્હારા પ્યારા ખાવિંદ ! મ્હને માફ કરો ત્હમે એટલા બધા કઠણ મનના ન થાઓ, હું અસભ્ય રીત્યે બોલી તે માફ કરો. "

કશો પણ જવાબ દીધા વગર ગયાસબેગ ચાલવા મંડયો, તે ઘણો થાકી ગયેલો હતો જ્યહારે તે બાળક કને આવ્યો ત્યહારે ત્હેણે તે બાળકની આસપાસ કાળો નાગ વીંટાયલો દીઠો, ને ત્હેની ફણાવડે ત્હેનુ મ્હોં ઢાંકેલું દીઠું. તે તે સાપને મારવાને આગળ ધસ્યો, પણ

જોતજોતામાં ત્હેની સમક્ષ તે સાપ જતો રહ્યો ને ક્યહાં ગયો તે કાંઈ ખબર પડી નહિ આ જોઈને તે ઘણો ચકિત થયો. તે બાળકને લઈ વ્હાલથી પોતાની છાતી સરસું ચાંપ્યું અને પોતાની સ્ત્રી કને આણ્યું. ત્હેની સ્ત્રીએ ત્હેને પોતાની છાતી સરસું ચાપ્યું ને ગયાસબેગ તરફ જોઈને મ્હોં મલકાવીને ઉપકાર બતાવ્યો.

ગયાસબેગ ઘુંટણીએ પડયો ને બાળક તજી દીધું હતું તે માફ કરવાને પરમેશ્વરની પ્રાર્થના કરી. તે જ્હારે ઊઠયો ત્હારે ત્હેને પોતાના મનમા ક્રાન્તિ ફેલાવલી લાગી, ને પોતાની સ્ત્રીને ત્હેના માતૃત્વમાં ખુશ થઈને તે બાળકને રમાડતી જોઈ

ગયાસબેગે જે'વાં આથમતા સૂર્યનાં કિરણોને શોકાતુર પર્વતોને લોહી જે'વો લાલ રંગ ફેલાવીને તેજોમય કરતાં જોવાં કે તરત તે ઊઠયો. પણ તે ઘણો નબળો ને નાઇલાજ હતો તેથી ત્હેણે નિરાશામાં કહ્યુ. જો આપણને કોઇ પાસેની વીશીમા લઇ જનારૂં વાહન મળે તો કેવુ સારૂ થાય ?

પાછળથી કોઇકે ધીમે અવાજે કહ્યુ. " તે ત્હમને મળશે. પરમેશ્વરે બાળકને ઉત્પન્ન કર્યુ છે તો ત્હેની સલામતી માટે સાધનો પણ ઉત્પન્ન કર્યાં છે."

ગયાસબેગે પાછા ફરીને જોયું તો એક ઊંચા ને સભ્ય દેખાતા, ને ઉમદા કુળના માણસને ઊંટ ઉપર બેશીને આવતો જોયો તે ઊંટનો સામાન અંધારૂં હોવા છતાં ચળકતો હતો ગયાસબેગ દિવ્ય માધ્યસ્થ માનતો હતો, તેથી ત્હેણે આ આવનારને થોડા વખત સુધી તો 'ખીઝર' (લોકો જ્યહારે વિપત્તિમાં હોય છે ત્યહારે બચાવવા આવતો દૂત) જાણ્યો, ને ધાર્યું કે તે દેવલોકોના હુકમથી મ્હને મદદ કરવા આવ્યો હશે.

ગયાસબેગે કહ્યુ. " મ્હારા માયાળુ સાહેબ ! ત્હમે ગમે તે હો, ત્હમે મ્હારામાં આશા આણી છે, ને ઘણુ કરીને ત્હમને બધાને મહા સંકટમાંથી ને મરણથી બચાવશો એમ લાગે છે "

તે આવનારો ઊંટ ઉપરથી ઊતર્યો, ને ગયાસબેગ કને આવીને કહ્યું. મ્હારૂં નામ મલેક માસુદ છે. હુ આ તરફ મુસાફરી કરતા એક કાફલાનો સરદાર છું હુ એ લોકો કરતાં આગળ નીકળી ગયો હતો જે રસ્તેથી ત્હમે આવ્યા ત્હેની થોડે દૂર ઝાડ છે ત્હાં હુ વિ-શ્રાન્તિ લેતો હતો

ત્હમારી સ્ત્રીની ચીસો સાંભળી હુ નાખુશીથી ત્હેની ને ત્હમારી લાચાર સ્થિતિને જોવા લાગ્યો. મ્હારે તરત જ ત્હમારી પાસે આવવુ જોઈતું હતું, પણ મ્હને વગર બોલાવ્યે આ-વતે બ્હીક લાગી. જ્યહારે તે બાળક જન્મ્યું ત્હારે મ્હેં હેનો જન્મકાળ તરત જ નોંધી લીધો હતો હુ જ્યોતિષ વિદ્યા થોડી થોડી જાણુ છુ ત્હમારા બાળકે મ્હારૂં ધ્યાન ખેંચ્યુ ને તેથી હું ત્હેની જન્મપત્રીકા કરવા મંડી ગયો. હું ત્હેમાં એટલો બધો ગુચાઈ ગયો કે ત્હમારે વિશે બધું ભૂલી ગયો. ને ત્હમે ત્યહાંથી ક્યહારે ઊપડયા તે ખબર ન પડી જો મ્હારા કાફલાનાં માણસો ન આવ્યાં હોત, ને મ્હને વિઘ્ન ન પડયું હોત તો અત્યાર સુધી હું ત્યહાં જ હોત. હવે મ્હારા મિત્ર ! કશાની ત્હમે ફીકર રાખશો નહિં હું ત્હમને કશી અડચણ નહિં પડવા દઉં. પણ હવે અંધારૂ થાય છે માટે આપણે જલદી કરવું જોઇએ. આપણે મ્હારા ઊંટમા કાઢડો કહાડીને ત્હમારે ને ત્હમારી સ્ત્રીને માટે ટોપલીઓ બાંધીશું. પણ ત્હમારે બને

એ ઝઝુમી રહેલા ખડકોમાંથી જતા સંભાળવુ પડશે નહિં તો એકાદ બે હેલા ત્હમને બંનેને પાડી નાંખશે.'

ગયાસબેગ તરત ધુંટણીએ પડયો ને પરમેશ્વરની પ્રાર્થના કરીને ત્હેની દયા માટે ત્હેનો ઉપકાર માન્યો, ને પછી મલક માસુદનો ઉપકાર માન્યો, ઊંટ આવી પહોચ્યું, ને કાઠડો કહાડીને બે ટોપલીઓ બાંધ્યા પછી ગયાસબેગે પોતાની સ્ત્રીને ને બાળકને ઊંચકીને એક ટોપલીમાં મૂક્યાં ને સમતોલ રાખવાને બીજામા પોતે બેઠો ને વખતસર મદદ મળી તે માટે મલેકનો ઉપકાર માન્યો.

મલેક માસુદે કહ્યું " કાંઈ ઉપકાર માનવાની જરૂર નથી. હુ જો વિપત્તિમાં હોત ને જેવી મદદ ત્હમે મ્હને કરત ત્હેવીજ ફક્ત હું કરૂંછુ ત્હમે આ દેશના રહેવાસી અફગાન છો ? "

ગયાસબેગે કહ્યું " ના માયાળુ સાહેબ ! "

મલેકે કહ્યુ, " ત્હમે કોઇ ઉમદા કુટુમ્બના જણાઓ છો ત્હમારે હાવા જંગલી પ્રદેશમાં એકલા મુસાફરી શા માટે કરવી પડી ? હુ પુછુંછુ તેથી એમ ન જાણશો કે કાંઇ કાવાદાવાથી પૂછુંછું. "

ગયાસબેગે કહ્યુ " હું જન્મથી એક ગૃહસ્થ છુ તે ત્હમે હમારી જીંદગીની પીડાકારક વાતો જાણશો તો વળી ત્હમને હમારે માટે વધારે દયા આવશે. મ્હારો બાપ જે ખ્વાજા મહમદખાન શરીફના નામથી પ્રખ્યાત છે, તે શાહ મહમદખાન તકલુનો વજીર હતો. ને શાહ મહમદખાનના ગુજરી ગયા પછી તેહેમાસ્પ રાજાનો હતો જ્યહારે મ્હારો બાપ ગુજરી ગયો ત્યહારે મ્હને વિદેશી પ્રધાનની જગ્યા મળી પણ મ્હારા બાપના ઘણા દુષ્મનો હોવાથી તે જગ્યા મ્હને કાંઈ સારી લાગી નહિ મ્હારો રાજા નબળા મનનો ને કાચાકાનનો હતો, તે તદ્દન લોકોને તાબે હતો, તેથી લોકો ત્હેના કાન ખોટી ખોટી વાતોથી ભભેરી આવતા, જો રાજા સબળ મનનો હોત તો હું ત્હેમનાં કાવત્રાં ઊઘાડાં પાડી સકત, પણ તે કશું કરી સકતો નહોતો, તેથી મ્હારા બાપના દુષ્મનો મ્હને હેરાન કરવા લાગ્યા, તે લોકો જ્યહારે મ્હારા ઉપર ઇતરાજી કરાવવામાં નિષ્ફળ થયા ત્યહારે તે લોકોએ મ્હને મારી નાખવાનું ધાર્યું. તે કાવત્રુ પકડાઇ ગયુ, પણ રાજાએ કાંઈ પણ કરવાની ના કહી. હુ મ્હારા કામથી, મ્હારી પદવીથી, ને મ્હારા નબળા મનના શેઠથી કંટાળી ગયો હતો, તેથી મ્હેં ઇરાન છોડી જવાનો નિશ્ચય કર્યો. અને એક અંધારી રાતે થોડાક સોબતીઓ અને નોકરોને લઇને તેહેરાનથી નીકળ્યો મ્હે ઇરાનની સરહદ છોડી પણ નહોતી તેટલામાં અફગાન લુટારૂઓની એક ટોળીએ હમને લુટયા ને હાલ ત્હમે હમારી પાસે પોટિયો જુવો છો ત્હેના શિવાય જે કાંઈ હતુ તે બધું લઇ ગયા

મલેકે પૂછ્યું, " ત્હમારે ક્યહાં જવાનો વિચાર છે, આ દેશમાં ત્હમારા કોઇ મિત્રો છે ? "

ગયાસબેગે કહ્યું " મ્હારે કોઇ મિત્ર નથી. પણ હું મહાન્ અકબરને મુજરો કરવા

હિન્દુસ્થાન જાઉ છું. જ્યહારે હુમાયુન બાદશાહને શેરશાહે હેરાન કર્યો ને હરાવ્યો ત્યહારે ત્હેણે તેહેરાનમાં આશરો લીધો હતો. મ્હારા બાપને તે બાદશાહી પ્હેરોણાની આગતાસ્વાગતા કરવાને નિમ્યો હતો હુમાયૂન મ્હારા બાપની નોકરીથી એટલો બધો ખુશ થઇ ગયો હતો કે ત્હેણે એક હેની નોકરીનાં વખાણવાળો કાગળ લખીને ત્હેના બદલામાં લાગ આવ્યે કાંઇ ઇનામ આપવાનું વચન લખીને તે મ્હારા બાપને આપ્યો હતો, તેથી હું અકબર કને મ્હારા બાપની નોકરીના બદલામાં કાંઇ નોકરી આપે હેવી આશા રાખીને જાઉ છું તે હેવી રીત્યે મ્હને અનંતકાળ સૂધી આભારી કરશે

મલેકે કહ્યું તે શેહેનશાહ ત્હમારે માટે ત્હમે આશા રાખો છો ત્હેના કરતાં વધારે સારૂં કરશે હુ શેહેનશાહને ત્યાં ઘણુંખરૂ જાઉ છું. ને હુ જાતે ત્હમને તે 'જગતના નુર'ની હજુરમાં લઈ જઈશ ને ઓળખાણ કરાવીશ.

ગયાસબેગે ઉપકાર બતાવતો હોય ત્હેવી ગમ્ભીર રીત્યે સલામ કરી ત્હેની આંખ્યોમાંથી આસુ વહેવા લાગ્યાં. ત્હેનુ મન મનોભાવથી એટલું બધું ભરાઇ ગયું હતું કે તે બોલીને પોતાની લાગણી દર્શાવી સકતો નહોતો. ત્હેણે થોડી. વાર રહીને કહ્યુ, " ત્હમે આજે હેવું સારૂ કામ કર્યું છે કે પરમેશ્વર જે સર્વ વસ્તુનો આપનાર છે તે તે ભૂલી નહિં જાય ને હું પણ કદી ભૂલવાનો નથી "

મલેકે ખબ પવનમાં પણ હોલવાઇ ન જાય હેવો દીવો હતો તે સળગાવ્યો, ને તે ઊંટને ભરવેલી ટોપલીમાંથી એક ચોપડીઓની પેટી કહાડીને કહ્યું, " જરા માફ કરજો મ્હેં ત્હમારા બાળકની જન્મોત્રી પુરી નથી કરી, હું કરતો હતો એટલામાં મ્હારા નોકરોએ વચમાં આ-વીને ભંગ પાડ્યો ત્હમારૂં બાળક જે અહિંયાં હાલ વિચિત્ર સંજોગોમાં જન્મ્યું છે ત્હેનું ભવિષ્ય જાણવાનુ મ્હને બહુ મન છે, તેથી હું તે જન્મોત્રી પુરી કરીશ. " એમ કહી ત્હેણે પોશેતીન (રૂવાં નોફ્રાટ)માંથી એક કાગળ કહાડ્યો ને પોતાના ઊંટ ઉપરની ટોપલીમાંથી કેટલીક જુની ચોપડીઓ કહાડીને ત્હેમાં જોયુ ભૂમિતિના નિયમ પ્રમાણે કેટલીક વિચિત્ર આકૃતિઓ કહાડીને ખાલી જગ્યાઓ ચિત્રપલ્લવથી ભરી નાંખીને પોતાની ગણત્રી પુરી કર્યાં પછી તે એકદમ બોલી ઊઠયો " પરમેશ્વરની સ્તુતિ થાઓ આ પુત્રી એક શેહેનશાહ બાનુ થશે, મ્હોટી પ્રજાઓ ઉપર રાજ્ય કરશે, મ્હોટા મ્હોટા યોદ્ધાઓને મહાન્ યુદ્ધો ઉપર કાબુ રાખશે. " ગયાસબેગ ના મ્હોં ઉપરથી જણાયું, કે તે આ માનતો ન્હોતો, તેથી ત્હેણે પૂછ્યુ, " તુ શું હાને માટે સંદેહ રાખે છે ? મ્હેં તે બાળકના જન્મકાળ બરોબર લખી રાખ્યો છે, ને મ્હારી ભવિષ્ય વાણી ખરી પડશે "

ગયાસબેગે કહ્યું, મ્હારા વ્હાલા સાહેબ ! ત્હમે ઘણા માયાળુ છો, જે બોલ્યા ત્હેનાથી મ્હને આશા ઉત્પન્ન થાય છે, તો પણ હુ ત્હમારી ભવિષ્ય વાણી ખરી પડવાનાં કારણો પૂછવાની રજા લઉં છું, આ વિદ્યામાં કદી પણ મ્હને આ જીંદગીમાં કશો ફાયદો જણાયો નથી. મ્હારા બાપને આ વિદ્યા ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી, ને મ્હને ઘણીવાર કહેતા કે " ત્હારા નસીબનો બળવાન તારો ત્હને નક્કી ઊંચીને ઊંચી પદવીએ દોરશે " પણ હાલ ત્હમે મ્હને જુવો છો ત્હેવો હું પૈશા વગરનો, ઘરબાર વગરનો, ને રખડતો છું. "

ગયાસબેગે બીજું કાંઈ ઉમેર્યું હતુ હેના ઉપર મલેકે ધ્યાન આપ્યા વગર કહ્યું, અને તો પણ શુક્રનો તારો જેનાથી હેનુ સારૂં થશે હેની આડે શનિનો તારો આવશે. જે પ્યાર હેના મનમાં હશે હેનાથી માઠું પરિણામ આવશે પણ શુક્રના તારાની દશા એટલી બધી સારી છે કે શનિની માઠી દશા નહિં નડે, બહુ બહુ તો હેની જીંદગીમાં કજીયો થશે, પણ તે પછી હેના નસીબમાં, શાન્તિ, માન, ને વૈભવ છે. જીંદગીની આખરના વખતમા ધારતી હોય હેના કરતાં જીંદગીની શરૂઆતમા હોય તે સારી, હમારી પુત્રીનુ નામ ' મિહાર-ઉન્ન-નિસા ' પાડજો. ' મિહાર-ઉન્ન-નિસા ' એટલે ' સ્ત્રીઓમાં સૂર્ય '

પછી વીશી આવ્યાથી વાતો બંધ પડી. તે વીશીમાં ગયાસબેગ ને હેની સ્ત્રીએ કેટલાક મહિનાથી ન જોયેલા હેવા ઓરડાઓ જોયા ને હેમની વપરાશ માટે એટલી બધી વસ્તુઓ હતી કે તે બધી હેમને જરૂરીયાત જ લાગી, ને જે હેમની કનેથી હમેશાંને માટે લઈ લીધી હોય હેવુ લાગ્યુ.

પ્રકરણ ૨ જું.

મલેક માસુદ તે વીશીમા ગયાસબેગની સ્ત્રીનું દુઃખ ઓછું થયા પછી નીકળવાનુ ધારીને પંદર દહાડા રહ્યો. હેને (ગયાસબેગની સ્ત્રીને) શક્તિ આવ્યા પછી તે લોકો ઉપડ્યાં. તે લોકો સૂર્યોદય પ્હેલાં જ્યહારે અસંખ્ય પક્ષીઓ દહાડાને જાણે આવકાર આપતાં હોય તેમ અવાજ કરતાં તે વખત ઉપડતાં, ને બહુ તાપ થઈ જતા પ્હેલાં હેમના મુકામે પ્હોચતાં પાછાં રાત્રે જ્યહારે ચન્દ્ર પીળા મૃદુ અજવાળાથી હિન્દુસ્થાનના ઉષ્ણ આકાશની સુન્દરતામાં ઉમેરો કરતો હતો, ને શીતળવાયુવાળા લીલોતરીવાળાં ખેતરોમાં પોતાનુ શાન્તિ ભરેલુ અજવાળુ નાખતો હેવે વખતે ઉપડતાં હતા. મોડી રાત્રે એકાદ વીશીમાં તેઓ થોભતાં, ત્યહાં હેમને લોકો ને ખર્ચે જમવા કરવાનુ મળતું એમ કડકે, કડકે કુચ કરતાં એક સુન્દર સ્હવારે ગયાસબેગ, મલેક, ને ગયાસબેગની સ્ત્રી લાહોર આવી પ્હોચ્યાં. આ વખત મહાન્ અકબર પોતાનો દરબાર અહિ ભરતો હતો. જ્યહારે તે લોકો રસ્તા ઉપર થઈને જતાં હતાં ત્યહારે ગયાસબેગ તે શેહેરમાં ફેલાયલો આનન્દ ને ખુશ મિજાજી-પણું જોઈને ખુશ થતો હતો. જુવાનીયાની ટોળીઓ બરફ જેવાં સફેદ વસ્ત્ર પ્હેરીને, ગુલાબ જળ મેળવેલાં રંગ બેરંગી ને સુગન્ધીદાર પાણી અને ગુલબાર રંગનો ભૂકો એક બીજા ઉપર છાંટતા હતા. રસ્તાની બે બાજૂએ આવતાં ઘરોમાંથી વાજીંત્રના ને ગાયનના મધુર સ્વરો સંભળાતા હતા. ને વાતાવરણને મીઠાશથી ભરપૂર કરતા હતા. બાદશાહી હજુરીયાઓને સીપાઈઓ તેમના ચળકતા સોનેરી રંગના પોષાકો પ્હેરીને મગરૂરીથી કૂકડાની પેઠે અક્કડ ચાલતા હતા. ને વચમાં કોઈ ખૂબસુરત પાન વેચનારી જોડે અથવા તો કોઇ-પોતાની જાત્યના સ્વભાવ પ્રમાણે-આકર્ષતી વારાંગનાની મશ્કરી કરવા ઊભા રહેતા. કોઇ કોઇ વખત ઉમરાવોના એક એક કરતાં ઠાઠને ભભકામાં ચડીયાતા રસાલા જતા હતા, જ્યહાં જુવો ત્યહાં આનન્દ, ભપકો ને ઠાઠ હતાં.

ગયાસબેગે કહ્યુ, "ઘણુજ સરસ, આ ઘણુંજ સુન્દર. શેહેર છે, ને ગમ્મત અને આનન્દ રેલી રહ્યાં છે."

મલેકે કહ્યુ "તે લોકો હોળી તેમ જ નવુ વર્ષ ઉજવે છે આપણે બરોબર વખતે આવ્યા છીએ. શેહેનશાહ આવતી કાલે દરબાર ભરવાના છે. તે વખતે હું ત્હમને ત્હેમની હજુરમાં લઈ જવાનુ ધારૂ છુ. બધા શેહેનશાહને એટલા બધા ચ્હાય છે કે બધા બેસતું વર્ષ ઉજવવામાં ભાગ લે છે."

ગયાસબેગે કહ્યુ. "બધા હર્ષથી ભરપૂર જણાય છે. ને મ્હને ત્હમે શેહનશાહની હજુરમાં લઇ જનાર છો એ જાણી ત્હમારો આભાર માનવાને મ્હને શબ્દ જડતા નથી. મ્હારા શરીરના બધા રૂવાની જો જીભ બને તો પણ ત્હમારો ઉપકાર માનવાને તે પુરતી નથી સાહેબ તમારા શેહેરમા હાવો ઠાઠ હોવા છતા પણ તે સુખદાયક શેહેર લાગે છે.

મલેકે કહ્યુ "અહિં ત્હમારૂં થોડીવાર પછી રહેવાનુ સ્થાન થશે ને પછી ત્હમને વળી વધારે ગમશે."

દરમ્યાન મલેકને આવકાર આપવાને મિત્રો અને ચાકરોનુ ટોળુ આવ્યું.

મલેક ઊટ ૯ રથી ઉતર્યો એક પછી એક મિત્રોને ભેટા રહ્યા પછી પોતાના નોકરો જોડે મીઠાશથી બોલ્યા નોકરોએ માન પૂર્વક નમન કર્યાં ને પાછળ એક બાજૂએ જઈને ઊભા. મલેક પોતાના સગા સ્નેહીઓ, અને મિત્રો સાથે ગયાસબેગને પોતાના બેસવાના ખડમાં લઈ ગયો, ને ત્હાં સર્વે ગાદી તકીયે બેઠા. તરત પાન સોપારી વ્હેચવામાં આવ્યાં; ને સુન્દર કોતરણી વાળી ચાંદીની ધૂપદાનીમાંના ધુપના સુવાસિત ધુમાડાથી ખડ ભરાઈ ગયો. પોતાના મિત્રો જોડે થોડીવાર સુધી વાતો કર્યાં પછી ગયાસબેગને માટે ખાસ તૈયાર કરાવેલા ખડમાં ગયાસબેગને તેડી ગયો

પોતાના મિત્રોને મળવાને આતુર હોવાથી મલેકે કહ્યુ 'હાલ તરત તો સલામ આપણે કાલ્ય તે માંગલિક પ્રસગે શેહેનશાહ કને જઈશું દરમ્યાન આ ત્હમારું પોતાનું ઘર જાણીને નિરાંતે રહો"

મલેકના ગયા પછી એક ચાકરે આવી નમન કરીને તે ખડમાં જેટલી પેટીઓ હતી ત્હેની કુચીઓ ગયાસબેગને આપી.

ગયાસબેગે કહ્યુ, "આ કુચીઓ મ્હારી નથી તે ત્હારા શેઠને લઈ જઈને આપ્ય."

તે નોકરે ગમ્ભીરતાથી નમન કરીને કહ્યુ "મ્હારા ભલા શેઠે કહ્યુ છે કે તે ત્હમારી છે," એમ કહીને તે જતો રહ્યો ગયાસબેગે મ્હોં ફેરવીને પોતાની સ્ત્રી તરફ પ્રશ્ન પૂછતા ચેહરે જોયુ.

ત્હેની સ્ત્રીએ કહ્યુ "તે ત્હમારી છે. તે માયાળુ મલેકે આ બધું તમને ભેટ આપ્યું છે"

ગયાસબેગે કહ્યુ, આપણે આપણા મિત્રની દયા અને ઉદારતાનો શી રીતે બદલો વાળી શું?

ત્હેની સ્ત્રીએ કહ્યું, "ઇશ્વર મહાન છે, તે આપણને કોઇક દહાડો તો એ મલેકનો બદલો વાળવાને શક્તિવાન કરશે."

ગયાસબેગે પેટીઓ ઉઘાડી. અંદર ત્હેણે પોતાને માટે તથા પોતાની બેગમ માટે દરબારમાં જતી વખત પ્હેરવાના ને બીજા સાધારણ પોષાકો જોયા, શણગારની ઝીણી ઝીણી વસ્તુઓ પણ બાકી રાખી નહોતી

ગયાસબેગે ને ત્હેની બેગમે ઘુંટણીએ પડીને પરમેશ્વરનાં પ્રાર્થના કરીને ત્હેની દયા માટે ઉપકાર માન્યો, ને જમી રહીને તે રાત્ય સુખમા ગાળી.

બીજે દહાડે સ્હવારે ગયાસબેગને ત્હેનો મિત્ર મલેક માસુદ એક સરસ રથમાં બેશીને શેહેરમાં થઈને ગયા આ રથને જોડેલા બે ઘોડાનો સામાન ઘણોજ સરસ હતો. અદર બેઠેલાઓનો પોષાક પણ સરસ હતો ગયાસબેગ એક પૈશાદાર માણસ જેવો જ જણાવા લાગ્યો.

શેહેરમાથી તે કિલ્લા સુધીને ત્હાંથી તે છાવણી સુધી બધે ખુબ દમામને ભપકો હતો. બજારમાં ને હમામ ખાનાઓમા બધે કીમતી ખાદી પાથરેલી હતી. સરસ પોષાક પ્હેરેલા જુવાનીયાઓ સુવાસિત ફૂલો બધે વેરતા જતા હતા. ત્હેની સુગધ જાણે ખોતાનથી કસ્તુરીની પોઠયો આવી હોય તેમ બધે ફેલાઈ ગઈ હતી. શેહેનશાહે મક્ષેલા અધિકારના ચિહ્નથી થી પ્રખ્યાત જણાતા બહાદુર રાજાઓ અને રજપૂત ઉમરાવો જતા હતા. ત્હેમની આગળ રૂપાની પટ્ટી મઢેલી રામઢાલો હતી અને સરસ પોષાક પ્હેરેલા નોકરો રૂપાની લઢાઇની કુહાડીઓ ને નકકુર સોનાની છડીઓ હાથમાં લઈને ચાલતા હતા, રૂપાની પાલખીઓ ઉપર સોનાના અનજાસ હતાં. ભરતકામની ઝુલોવાળા હાથીઓ પોતાની ઉપર ન્હાની અસલી ઘાટની દેહેરાના આકારની અબાડીઓ લઈ જતા હતા ને તે અંબાડીની અદર મગરૂર રજપૂત કુવરો બેઠા હતા. આ બધાથી દેખાવ ઘણો જ ભપકાદારને સુન્દર દેખાતો હતો. પણ શેહેરની બ્હાર ગયા પછી જે દેખાવ ત્હેમની નજરે પડયો હતો તે તો અવર્ણનીય હતો.

કિલ્લો જાણે સોનેરી કપડામાં વિટી લીધો હોય ત્હેવો જણાતો હતો ને ત્હેના ઉપર સૂર્યનાં કિરણો પડતાં ત્હારે બહુ સરસ જણાતો હતો ને અંદરથી મડપના ઘુમ્મટો તારાની પેઠે ચળકતા હતા, અથવા તો જ્હારે સુર્યનાં કિરણ ત્હેમની ઉપર પડતાં ત્હારે વિજળીની પેઠે ચળકતા હતા. માંહિ પડઘમોના અવાજ થઈ રહ્યા હતા તે ઉપરથી જણાતું કે કાંઈ ખૂબ ધામધૂમ થતી હશે. રાવીનદીના શાન્ત પાણી ઉપર સો બસો સોનાની ક્રીડા નૈકાઓ ચાલતી હતી. ત્હેમના રગ બેરગી વાવટાઓથી રાવીનદીના કાદવવાળા પણીમા પણ મેઘ ધનુષ્યના રંગો થતા હતા,

કિલ્લાના તે ભાગમાંથી દિવાને આમમાં જવાના દરવાજાથી થોડે દૂર ગયાસબેગને મલેક રથમાંથી ઉતર્યા અને ત્હાથી અકબર જે મંડપમાં દરબાર ભરવાનો હતો ત્હાં જનારા સરસ ઝાડની ઘટાવાળા રસ્તા ઉપર થઇને તે લોકો ધીમા ધીમા ચાલવા મંડયા. ત્હાં પ્હોચતા પ્હેલાં તે લોકો ઘણીજ સરસ રીત્યે શણગારેલા ખંડમાં થઈને એક મ્હોટા ખડમાં આવ્યા. ત્હાં રાજ્યાધિકારીઓ ને ઉમરાવો બેઠા હતા. અહિં તેઓને (ગયાસબેગ અને મલેકને) થોડીવાર પછી દરબારનો વ્યવસ્થાધિશ-ફૈઝી-મળ્યો. તે મલેકને ભેટયો ને ત્હેની સાથે વાતચિત કરવા મંડયો. ફૈઝીએ કહ્યું, " આજ મ્હને શી ખુશાલી થઈ છે, મ્હને નવા વર્ષને દહાડે પણ ત્હને મળવાની આશા ન્હોતી તે તું આહ કાબથી ! શેહેનશાહ ત્હારે માટે ઘડીએ ઘડીએ પૂછતા હતા. "

મલેક મામુદે જવાબ દીધો " તું ઘણોજ માયાળુ છે રખડનારો હેની મેળે આખર આવ્યો, પણ જે મ્હારો પ્યારો મિત્ર મ્હને અત્યારે જોઈને એટલો બધો ખુશી થાય છે તેણે (ફૈઝીએ) મ્હને એક પણ પોતાની તરફ આકર્ષનારો શબ્દ લખ્યો નથી. ! "

ફૈઝીએ વ્હાલથી કહ્યું, ઇશ્વર મ્હારો સાક્ષી છે તું હમેશાં મ્હારા અંતઃકરણમાં જ નિવાસ કરી રહ્યો હતો. જ્યહારે મ્હને મરજી થતી ત્યહારે હુ ત્હારૂં મનન કરતો. તે મ્હારૂં અંતઃકરણ મ્હારા મિત્રના કાનમા કહેતુ. ત્યહારે પછી હુ શા માટે લખું ? "

મલેકે કહ્યું, " મ્હારા મીઠી જીભવાળા પોપટ ! તુ દિવ્યદૂતને પણ પ્રીતી બતાવી શકે. જો કે હું ત્હારી જોડે રોજ વાતો કરતો હતો, ને ત્હારી મારફત પરમેશ્વર જોડે વાતો કરતો હતો, તો પણ ત્હારા હોઠમાંથી નીકળતા મધુર શબ્દો સાંભળીને મ્હને બહુ ખુશી થાય છે. "

દરમ્યાન જોશીએ નક્કી કરેલી મગળ ઘડીએ અકબર ન્હાયો, ને હિન્દુ અને મુસલમાન રીતીના નાચને ગાનતાન ચાલતાં હતાં ત્યહારે બાદશાહી પોષાક પ્હેર્યો. જ્યહારે તે શુભ મુહુર્ત આવ્યું ત્યહારે તે ગાદી ઉપર બેઠો તતુડાના • અવાજને તોપોના ધડાકા ઉપરથી બધાને ખબર પડી કે શેહેનશાહ ગાદીએ બેઠા મ્હોટા બધ થાય ઉઘડે હેવાં (Folding) બારણાં ઊઘડયાં ને દરબારમા આવનારા લોકો દરબાર મંડપમા આવ્યા. બધાએ કુરનીશ કરીને પોતાની પદવી પ્રમાણે ગાદીની આસપાસ પોતપોતાની બેઠક ઉપર આસન લીધાં.

અકબર એક ભવ્ય સુનાના ને રૂપાના સિંહાસ્ન ઉપર બેઠો હતો. ગાદીની નીચે ચાર રૂપાના સિંહ હતા ને ત્હેના ઉપર સુનાનુ હીરા–જડિત છત્ર હતું. તે છત્ર ઉપરથી મોતીની માળાઓને ચળકતા સુનાના ને રૂપાના ગોળાઓ લટકતા હતા. શેહેનશાહે ઘણો જ સરસ પોષાક પ્હેરેલો હતો. ત્હેનો કેસરી રંગનો લાંબો ઝભ્ભો ત્હેના મજબુત શરીરની આસપાસ ઘણી કરચોલીઓ વળીને પડયો હતો. ત્હેને કમ્મરે એક રત્ન જડિત પટાથી બાંધ્યો હતો. ત્હેની પાઘડી ઉપર સાચાં ને કીમતીમા કીમતી હીરાને મોતી જડિત મુગટ હતો. પણ સૌ કરતાં જોવા લાયક તો અકબર શેહેનશાહ પોતે હતો. તે કાંઇ ખાસ બહુ ઊંચોએ ન્હોતો પણ મધ્યમ ઊંચાઈ કરતાં સ્હેજ ઊંચો હતો, આથી તે બધા કરતાં તરત જણાઈ આવતો ત્હેની છાતી એટલી બધી ખીલી નીકળેલી ને પ્હોળી હતી કે આખું લશ્કરનું લશ્કર ત્હેના ઉપર થઈને કુચ કરી જાય તોએ ભાર ન લાગે ત્હેના ઝભ્ભાની બંધબેસતી બાંહ્યમાંથી લોખડની ગાંઠોના જેવા ત્હેના હાથના સ્નાયુઓ જણાતા હતા. ત્હેના શરીરના આકાર કરતાંએ ત્હેનું મ્હોં સારૂં હતુ. ત્હેનો ચ્હેરો સિંહ જેવો ને દૃઢ હતો; પણ ત્હેના હસતા અને મલકાતા હોઠથી તે એક માયાળુ પિતા જેવો જણાતો હતો. ત્હેના ઊઘાડા પ્હોળા કપાળ ઉપર દિવ્ય ભપકો જણાઈ આવતો હતો. ત્હેની મળી જતી ઘાડી ભમ્મરો નીચેથી ત્હેની વ્હાલસોઈ આંખ્યો જણાઈ આવતી હતી.

શેહેનશાહની ડાબી બાજૂએ શાહજાદો સલીમ બેઠો હતો. ત્હેની ઉમ્મર ત્રણ વર્ષની હતી. ત્હેના વાળ કાળા હતા, ને ત્હેની આંખ્યો પણ કાળીને સરસ હતી. તે સ્વરૂપે પણ દેખાવડો હતો. કાનમાં ત્હેને સુનાનાં લવીંગીયાં સલીમે ચીસ્તી નામના પીરના દાસત્વ તરીકે પ્હેરાવેલાં હતાં. સલીમનાં માબાપ આ પીરની મેહેરબાનીથી સલીમનો જન્મ થયો એમ માનતાં હતાં.

ગાદીની જમણી બાજૂએ પ્રખ્યાત રાજમંત્રીને તત્વજ્ઞાની અબુલફઝલ; રાજદરબારમાં પ્હેરવાનો લાંબો ઝબ્બો પ્હેરીને પૂર દમામથી ઊભો હતો; ને ત્હેની કને ત્હેનો ભાઈ, રાજ કવિ ફૈઝી હતો. તે વ્યવસ્થાધિશ હતો ડાબી બાજૂએ ખુશમિજાજી રાજ્યદ્વારીઓ એક હારમાં ઊભા હતા. ને દરેક શબ્દે નમન કરતા જમણી બાજૂએ મગરૂર, રજપૂત રાજાઓ કેસરી રંગની પાઘડીઓ પ્હેરીને એક હાથે મુછ મરડતા ને બીજે હાથે તલવાર ઝાલીને ઊભા હતા તે રાજાઓ, સિંહ પોતાના શિકાર ઉપર તલપ મારવાને તૈયાર હોય ત્યારે જેવો વિકરાળ દેખાય ત્હેવા દેખાતા હતા તખ્તની પાછળ પંખા નાંખનારાઓ અને નકીબ પોકારનારાઓ ઊભા હતા. નકીબ પોકારનારાઓ જ્યારે કોઇ કુરનીશ કરવા આવતો ત્યારે ત્હેનું નામ ને ઈલકાબ તોરથી બોલતા જ્યારે બધા સરદાર લોકો પોતાની કુરનીશો પુરી કરી રહ્યા ને ભેટો શેહેનશાહના રાજ્યાસન કને મૂકી રહ્યા ત્યારે મલેકમાસુદ ને ગયાસબેગ આગળ આવ્યા નકીબે ત્હેમનાં નામ જોરથી પુકાર્યાં. તે લોકો રાજ્યાસન સામે ઘુંટણીએ પડયા, ને પોતાનો જમણો હાથ કપાળે અડકાડીને ત્રણવાર નમન કર્યાં. મલેકે પોતાના નોકર પાસેથી એક ફૂલોને જવાહિરથી ભરેલો ટોપલો લીધો ને ગાદીની આસપાસ (આરતી ઉતારતો હોય ત્હેવી રીતે) ત્રણવાર ફેરવ્યો, ને ત્હેની નીચે પડેલા જવાહિરના ઢગલા ઉપર મૂકયો.

શેહેનશાહે તે લોકોને ઉઠવાનું કહ્યું ને રેહેમથી પૂછ્યું. " ત્હમે પાછા આવ્યા ખરા, મ્હને ત્હમારી બહુ ખોટય પડતી હતી ને ત્હમે પાછા આવ્યા તેથી હું બહુ ખુશી થયો છું. અરે ! પણ આ બીજા ગૃહસ્થ ત્હમારી સાથે છે તે કોણ છે ? "

મલેકે કહ્યું. મ્હા દયાળુ શેહેનશાહ ! સૂર્ય જ્યહા સુધી તપે ત્હા સુધી આપનું આયુષ્ય હજો ને ખીજર જેટલુ આ'નુ આયુષ્ય હજો. આપના દાસે ત્હેની જોડે આપના દરવાજાની ધુળ્ય ને ચુમ્બન કરવા ઇચ્છતા એક ઈરાનના ઉમરાવને આણવાની હિમ્મત ધરી છે, ત્હેનું નામ ગયાસબેગછે ને તે તેહમાસ્પ રાજાના વખતમાં ઈરાનના રાજમંત્રી મિરઝા મહમદ શરીફ હુમાયુન રાજાની (જે'ના વાસથી સ્વર્ગ પ્રકાશિત હજો.) જ્યહારે તે શેહેનશાહ ઇરાન ગયા હતા ત્હારે જે ચાકરી કરવાને નસીબદાર હતો ત્હેનો આ છોકરો છે. તે શેહેનશાહે ત્હેને ત્હેની નોકરીના વખાણવાળો એક કાગળ લખીને આપ્યો હતો. જેમ એક પતંગિયુ દીવાથી આકર્ષાય છે તેમ આ આપના પ્રકાશિત તખ્ત આગળ પોતાનો ભોગ આપવા આવ્યો છે !

ગયાસબેગ પાછો ઘુટણીએ પડયો, પોતાનું કપાળ જમીનને અડકાડયું ને ઊભા થઈને કાગળ અબુલફઝલને આપ્યો. તે ત્હેણે માનપૂર્વક લીધો, ને ધીમે ધીમે અકબર ને વાંચી સંભળાવ્યો.

અકબરે તે પત્ર અબુલફઝલ કનેથી લીધો, ત્હેને ચુમ્બન કર્યાં ને તખ્ત ઉપર મૂક્યો, પછી ગયાસબેગ તરફ જોઈને કહ્યુ " સાહેબ ત્હમને ખુશીથી હુ આવકાર આપું છું, જે માણસે મ્હારા પિતાની વિપત્તિમાં નોકરી કરી છે ત્હેના છોકરાનો મ્હારી કને માગવાનો ઘણો હક છે. "

શેહેનશાહે અબુલફઝલને નિશાની કરી. તરત જ કીંમતી ઝબ્બો, અને ભેટો લઈને નોકર આવ્યો. અબુલફઝલે આ બધું ગયાસબેગને આપીને કહ્યું. શેહેનશાહે ત્હમને ત્હેમના

પોતાના અધિકારી મંડળમાં નીમવાની ખુશી બતાવી છે. ને હું શેહેનશાહની ખુશી ત્હમને દર્શાવવાને ઘણો ખુશી થયો છું. ”

ગયાસબેગ નમ્યો ને બોલ્યો. “મહાપ્રતાપી શેહેનશાહ ! આખું વાતાવરણ આમના વખાણથી ભરપૂર છે તો પછી મ્હારે મ્હારો ઉપકાર શાં વખાણ કરીને બતાવવો ? ને સૂર્ય પણ આપનો હુકમ માને છે.” આમ કહી પૂઠ ફેરવ્યા વગર તે પાછો પોતાની બેઠકે ગયો.

જ્યહારે બધા મુજરો કરી રહ્યાને બધી ઓળખાણ કરાવવાની ક્રીયાઓ થઈ રહી ત્યહારે અકબર ઊભો થયો અને રજપૂત રાજા શિવાય બધાએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યાં. શેહેનશાહે બધાને ઉઠવાનું કહ્યું. ને બધી મંડળી સહિત બીજા મંડપમાં ગયો. શેહેનશાહની પાઘડીમાં હીરાનો સરપેચ હતો ને ત્હેના ઝભ્ભામાં હીરાને મોતી ઝળકતાં હતાં. તે મંડપમાં એક ત્રાજવામાં તે શેહેનશાહ એક પછી એક એમ બાર વખત સુના રૂપાને સુગન્ધમય પદાર્થોથી જોખાયો. ત્રાજવાની દાંડી પણ સુનાની હતી. તે જે સુના રૂપા વગેરેથી જોખાયો હતો તે તથા ગાદી પાસે મૂકેલાં જવાહિર લોકોમાં વેર્યાં, તે લેવાને દાવકામાં ડાવકા રાજ્યાધિકારીઓ મડી ગયા આ બધુ થઈ રહ્યા પછી શેહેનશાહ અબુલફૂઝલના હાથ ઉપર ટેકીને છજામાં જતા દાદરા ઉપર ચઢયો, ને ત્યહાં સુખડના સુનાના છત્ર વાળા સિંહાસન ઉપર બેઠો. જેવા બ્હારની દીવાલ આગળના લોકોના ટોળાએ શેહેનશાહને જોયો કે તરત આકાશ સુધી પ્હોચે એટલા જોરથી ખુશાલીના પોકારો કર્યાં. અકબરે ત્હેના બદલામાં પોતાની હમેશની રીત્ય પ્રમાણે નમન કર્યું. આ બધા પછી ૫૦૦૦૦) શણગારેલા હાથીઓ સરઘસના આકારમાં ચાલ્યા ગયા ! દરેક ટોળીના પ્હેલા હાથીને કપાળે ને છાતીએ સુનાનાં પતરાંની ચકતીઓ પ્હેરાવેલી હતી. હાથી પછી ૧૨૦૦૦ ઘણીજ સરસરીતે શણગારેલા ઘોડાઓ ચાલ્યા ગયા પછી ગેડીઓ, સિંહો, વાઘ, ચિત્તા, દિપડા, શિકારી કુતરા, ને બકરા એમ એક પછી એક ગયા. સરઘસને છેડે મ્હોટું પાયદલ ને ઘોડેસ્વારનું લશ્કર સરસ સોનેરી ભરત ભરેલા પોષાક પ્હેરીને ચાલ્યું ગયુ. પછી શેહેનશાહ આરામ લેવાને ગયા. ને મ્હેમાનો તથા અમીર ઉમરાવોને સુગન્ધીદાર શરબતો, મીઠાઈઓ અને સરસ જાત્યનાં ફળો આણીને નોકરોએ આપ્યાં. અને પછી બધા વાતચિત કરવા મંડી ગયા

મલેક મસુદે ગયાસબેગને કહ્યું, હુ ત્હને ખરા અંતઃકરણથી મુબારકબાદી આપું છુ. ને ત્હને ત્હારી નવી નોકરીમાં દરેક બાબતમાં ફતેહ ઇચ્છુંછું. ”

ગયાસબેગે કહ્યુ, “મ્હારા વ્હાલા મિત્ર હું કોણ છુ ? એ હું જાણું છું. એ બધું ત્હારે લીધે જ છે. આ બધું મ્હને સ્વપ્ના જેવું લાગેછે. ”

દરમ્યાન એક જાડા સરસ હજામત કરેલા માણસે કહ્યું, “ આ શું હું સ્વપ્નુ જોઉં છું કે ખરેખરૂં મ્હારી સ્હામે મ્હારો જૂનો મિત્ર ઊભો છે ?”

મલેક મસુદે કહ્યું, અરે ! બિરબલ ! તું તે આકાશમાંથી પડયો કે શું ! હું ત્હને બધે સોધી સોધીને થાકયો. ”

રાજા બિરબલે કહ્યું, “ ત્હમારૂં મગજ કાંઇ સ્વર્ગલોકમાં ભમતું હશે, નહિં તો ત્હમે મ્હને શેહેનશાહની પાસેની મ્હારી હમેશની જગ્યાએ જોયો જ હોત કેમ્હ ! હું ત્યહાં હતો કે નહિં ? ”

મલેક મસુદે કહ્યું "અહા ! ત્હમે કદી છુટા ન પડનારા બે જણા છો. હું ખરેખરો આંધળો જ હતો કે ત્હમને ન જોયા, ચાલો હું ત્હમને તેહેરાનના મિરઝા ગયાસબેગ સાથે ઓળખાણ કરાવું."

રાજા બિરબલ અને ફૈઝી ત્હેની જોડે ઓળખાણ કરાવ્યા પછી ખુશી દર્શાવવાને નમ્યા.

બિરબલે મલેકને પૂછ્યું ' આટલો બધો વખત તું શુ કરતો હતો ? હુ ધારૂં છુ કે હવે ત્હારૂ રખડવાનુ પુરૂં થયું હશે ને થોડા વખત સુધી અહિ રહીશ."

ફૈઝીએ કહ્યુ, " તે અશક્ય છે. આપણો મલેક એક પણ જગ્યાએ રહી સકતો નથી, તે ડુંગરી ઝરા જે'વો છે, ત્હેને હરહમેશ ચાલ્યા જ કરવું ગમેછે."

બિરબલે કહ્યુ, " મ્હને પણ થોડુંક ફરવુ તો ગમેછે મ્હારી પ્હેલાંની સ્વતન્ત્ર જીંદગી ગાળવાનુ મન થાયછે, પણ શેહેનશાહ મ્હને લોહચુમ્બકની પેઠે આકર્ષેછે અને તેથી હુ તેમ કરવાને અશક્તછુ."

ફૈઝી કમકમી ખાઈને બબડયો, " ખરેખર પ્હેલાંની જીંદગી ! જ્યહારે શેખ–ઉલ્લ–સદર જોડે અબુલફઝલ વાદવિવાદ કરતો હતો ત્યહારે મ્હે કહ્યુ હતું કે હુ વિશ્વાસિ અને પાખંડ મત માનનાર વચ્ચે વાદવિવાદ થતો સાંભળી અચરજ પામુંછુ. કારણ મસ્જીદ અને દેહેરા ઉપર એક જ સૂર્ય પ્રકાસેછે એમ મ્હે કહ્યુ ત્યહારે મ્હને ઘરમાંથી કાઢી મૂકયો !

બિરબલે હસતે મ્હોએ કહ્યુ, " ત્હમે ત્હમારૂ વેર વાળ્યુ છે. બિચારો ઘરડો શેખ મક્કે હજ કરવા ગયેલછે."

ફૈઝીએ કહ્યુ, " પણ મ્હારા ભાઇના તત્ત્વજ્ઞાન ભરેલા વાદવિવાદ કરતાં ત્હારા હાજર જવાબે ત્હેનુ અંતઃકરણ વધારે દુખવ્યુંછે "

મલેકે કહ્યુ " ખરીવાત કારણ કે બિરબલે જે તીર ફેંકયા હતાં તે હેના અંતઃકરણમાં જઈને છેક વાગ્યાં કેવુ અજબ નસીબ ! થોડા દહાડા ઉપર જ તે રાજાની હજુરમાં હતો તે આજ મક્કાને રસ્તેછે."

ફૈઝીએ કહ્યુ " હેને લાયક બધુ થાયછે હેવો ભક્તિવાન પુરૂષ તો પરમેશ્વરના ઘરની પાસે જ જોઇએ."

બિરબલે હસીને કહ્યુ, અરે નાસ્તિક ! ત્હને ત્હારા નાસ્તિકપણાનું ને ત્હારી કલ્પના શક્તિ બહુ જ દોડાવવાનું ફળ મળ્યા વગર રહેશે જ નહિ "

ફૈઝીએ કહ્યુ, " અરર ! તે લોકોનુ પોતપોતાના ધર્મથી કલ્યાણ થાઓ. હું તો પીઠાંનાં બારણાંની તયડમાંથી દિવ્ય અજવાળુ જોઉછુ. લોકોને મન જે પીઠું તે મ્હારે મન દેવઘરછે."

ગયાસબેગે અચંબો પામીને પૂછ્યું " શું ? ત્હારા કહેવાની હેવી મતલબ છે કે ત્હને મદ્યપાન બહુ ગમે છે "

ફૈઝીએ કહ્યું મ્હારા મિત્ર હું દારૂના પ્યાલામાં મ્હારી પ્રિયાના મ્હોંનું પ્રતિ બિમ્બ જોઉંછું ને તેથી મ્હને મદ્યપાન બહુ ગમેછે. તું પણ શેહેનશાહે વફાદાર માણસો માટે પડાવેલો દારૂ પીશ ત્યહારે ખબર પડશે.

હાંના પછી મિજબાની આપવાના ખંડનું બારણું ઊઘડયું ને શેહેનશાહ આવીને એક આરસના રાજ્યાસન ઉપર બિરાજમાન થયા. સુગન્ધીદાર મિણબત્તીઓથી ને ઉત્તમોત્તમ

ફૂલોની સુગન્ધથી તે ખંડ ભરપૂર હતો. ફૂલોથી ભરપૂર ઝાડના આકારની મિણબત્તીઓ મૂકવાની દીવીઓ હતી. એક ઉપર કબુતર બેઠેલું હતુ. હેવી જાત જાતની દીવીઓમાંથી કસ્તુરી જેવા સુગન્ધ આવતી હતી.

ઉત્તમ રીત્યે ચીતરેલી ને ઢોળ ચઢાવેલી છતમાંથી મ્હોટાં ભપકાદાર ઝુમ્મરો લટકતાં હતાં. ને બધા એકઠા થયેલા સદ્ગૃહસ્થોના પોષાકમાંના જવાહિરોને પ્રકાશમાન કરતાં. દસ્તરખાન ઉપર જાત જાતનાં આંખ્યોને અને મનને લલચાવે હેવા મેવા, મીઠાઇ હતાં. શેહેનશાહ હમેશની રીત્ય મૂકી દઇને ખૂબ વાતોચિતો કરવા મંડયા. ઘણી જ ખૂબસુરત અને પોતાની કળામાં પ્રવીણ એક વારાંગનાની ટોળી ઝીણા સુન્દર રેશમી લેસ લગાડેલા પોષાક પ્હેરીને નૃત્ય કરવા આવી. ત્હેમનુ બુલબુલ જેવા મધુર સુરવાળું ગાયન ને પુષ્પોની સુગન્ધથી બધું ભરપૂર હતુ. બધા મેહેમાનો આ પૃથ્વીપરના સ્વર્ગીય આનન્દમાં એટલા બધા તલ્લિન થઈ ગયા હતા કે સ્હવાર થયાની પડઘમો વાગી ત્હારે તે લોકો સ્વપ્નામાંથી જાગૃત થયા. પછી શેહેનશાહ આરામ લેવા ગયા ને બધા પોતપોતાના ઘર તરફ વળ્યા.

મલેકે જ્યહારે ગયાસબેગ ત્હેની જોડે રથમાં બેસતો હતો ત્હારે પૂછ્યું "કેમ આજ ત્હેને મઝા પડી કે?

ગયાસબેગે કહ્યું "મ્હારી જીદગી, મ્હારી હાલની પદવીને માન બધુ ત્હારે લીધે જ છે. મ્હારૂં સર્વસ્વ ત્હારે લીધે જ છે. શેહેનશાહ કેવો પૈશાદાર, માયાળુ, ને પરોપકારી છે!"

મલેકે કહ્યુ "તે એટલોબધો પૈશાદાર છે કે એક વખત ત્હેનો ખજાનો, ઘરેણાં ને જવાહિરો જોખવાને ૪૦૦ ત્રાજવાં એક સામટાં કામે લાગ્યાં હતાં, તે પાંચ મહીના સુધી ત્હેનો એકંદર શરવાળો ન્હોતો થયો તે બધો ખજાનો તે વખત શીત્તેર કરોડ હતો. ને ત્હાર પછી તે વધતો જ જાયછે ને હમણાં કેટલો હશે તે તો કોણ જાણે. તે બધાને તે લાયકછે. તે માયાળુ શેઠ, સાચો મિત્રને બાપના જેવો ક્ષમા કરનારછે. પરમેશ્વર ત્હેને ત્હેની પ્રજાને સંભાળવાને ઘણાં વર્ષ જીવતો રાખો!"

ગયાસબેગે કહ્યું "તથાસ્તુ" તે પછી તે બને આરામ લેવાને ગયા

પ્રકરણ ૩ જું.

બીજે દહાડે સ્હવારે ગયાસબેગ અધિકારી મંડળમાં દાખલ થયો. થોડા દહાડામાં ત્હેને કારભારીની જગ્યા મળી. ત્હેની હુશિયારીને શક્તિ એટલી બધી હતી કે અકબરે ત્હેને ત્રણ વર્ષ પછી ૧૦૦૦) ઘોડે સ્વારની ટુકડીનો ઉપરી બનાવ્યો, ને એકાદ બે વરસ પછી ત્હેને ઘરનો ખાનગી કારભારી બનાવ્યો. પંદર વર્ષ પછી ત્હેની હુશિયારીથી ને સારા નસીબથી તે મૂખ્ય ખજાનચી થયો ને ઇતમદ-ઉદ્-દોલાનો ખિતાબ મળ્યો. એ રીતે જે, રણમાં ભૂખ અને તરશથી મરવાની તૈયારીમાં હતો તે પંદર વર્ષમાં એક મૂખ્ય માણસ થયો. અકબર બાદશાહની રજપૂત પટરાણી અને સલીમની મા, ગયાસબેગની બેગમ ને પોતાની સગી બ્હેન ગણતી, ને તે બે જણાં કલાકના કલાક સુધી વાતો કર્યાં કરતાં હતાં, અને મિહાર-ઉન-નિસા મેહેલમાં રમ્યા કરતી હતી.

પંદર વર્ષમાં તે ન્હાનું બાળક મટી એક મ્હોટી ખૂબસુરત છોકરી થઇ હતી. તે એક સુન્દર ઊંચા સરોના ઝાડ જેવી હતી. ત્હેના મુખ ઉપર અનેક જાતનાં આકર્ષક ચિહ્ન હતાં. દરેક બોલ બોલતી વખતે ત્હેની મુખ મુદ્રા બદલાતી, જેથી વળી ખૂબ સુરતીમાં ઉમેરો થતો. ત્હેની કાળી આંખ્યો હરણીની આંખ્યોની પેઠે પ્યારથી ભરપૂર હતી, ને ત્હેની ઉપર સુન્દર કમાનદાર આંખ્યો કરતાં પણ કાળી ભમ્મરો વધારે સુન્દર દેખાતી હતી. ત્હેની આંખ્યો અને ભમ્મરો ત્હેના સુન્દર પ્હોળાને સફેદ કપાળ જોડે સરખાવતાં ઘણાં સરસ દેખાતાં હતાં અને કપાળ ઉપર ત્હેના સુન્દરને લાંબા વાળ ગુંછળાં થઇને આવતા હતા, ત્હેનું ઘાટદાર નાક, ન્હાના સરખા હોઠ, સરસ રીત્યે વળેલા કાન, ને લાંબીને સુન્દર હડપચી એ બધાં એટલાં સુન્દર હતાં કે ઇરાનના મહાકવિઓ પણ ત્હેનુ વર્ણન કરી શકે નહિં. તે એટલી બધી ખૂબસુરત હતી કે ત્હેનુ મલેકઆસુદે મિહાર-ઉન-નિસા (સ્ત્રીઓમાં સૂર્ય.) નામ પાડયું હતું. તે યોગ્ય જ હતું.

એક સુન્દર સ્હવારે જનાનાની સ્ત્રીઓ ત્હેમના સુવાસિત બગિચામાં " મિના બજાર " ભરવાને એકઠી થઇ હતી. તે બગિઓ ઘણો જ સરસ હતો. આરસપ્હાણની ફરસ બન્ધીવાળા રસ્તાની બે બાજૂએ માટીના ક્યારાઓમાં રંગબેરંગી ને સુવાસિત ફૂલો ખીલ્યાં હતાં. આરસની નીકમાંથી બગિચામાં પાણી જતું. તે બગિચામાં એક આરસનો ફૂવારો હતો. ત્હેમાંથી મોતીના દાણાની પેઠે પાણી ખુશબોદાર ફૂલોના ક્યારામાં પડતું હતુ.

એક બાજૂએ રૂપાના તારથી વીટેલા દ્રાક્ષના વેલાના મંડપો હતા. વચમાં વચમાં દાડમનાં ઝાડ હતાં. અસખ્ય ગુલાબના છોડના સુવાસથી વાતાવરણ ભરપૂર હતું. વચમાં કોઇ કોઇ જગ્યાએ સુના રૂપાના મેજ ઉપર જુદી જુદી જાત્યનાં ફળ અને બરફથી ઠંડા કરેલા શરબતો હતા. પણ આ બધા કરતાં એ જગ્યાને પૃથ્વિ ઉપરનું સ્વર્ગ બનાવનાર તો ત્હેમાં પતગિયાની પેઠે આમથી તેમ જતી આવતી ખૂબસુરત સ્ત્રીઓ હતી. અકબર ઘણું ખરૂં પોતાની રાણી સાથે કોઇ એક શાન્ત ખુણામાં બેસતો. પોતાના રાજ્યમાં હાવાં ખૂબસુરત માણસો હતાં તેથી મગરૂરને ખુશ જણાતો હતો, ને ત્હેમને ઉત્પન્ન કરનારની ખુબી વખાણતો હતો. કોઇવાર કોઇ ચળકતા રેશમી પોષાક પ્હેરેલી ખૂબસુરત સ્ત્રી ત્હેની કનેથી જતી ત્યહારે ત્હેના માથા ઉપરની કરોળીયાનાં જાળાં જેવી જાળી, જે જાણે કે ન્હાશી જતા સૂર્યનાં કિરણને રોકવાને માટે હોય તેમ મ્હો ઉપર નાંખતી તે રીત્યે જાતજાતના સુન્દર પોષાક પ્હેરેલી સ્ત્રીઓને લીધે આ જગ્યા સ્વર્ગ જેવી જ જણાતી હતી અને તેથી જ જ્યહારે કોઇ કવિ કહે છે કે " જો પૃથ્વિઉપર સ્વર્ગ હોય તો તે આ જ છે, " તો ત્હેની ભૂલ્ય નહોતી

બધો દેખાવ ગમ્મતને સંગીતથી ઘણો જ ભરપૂર હતો. કોઇક જ વાર જોવામાં આવે હેવી વસ્તુઓની હાટો આગળ કેટલીક ખૂબસુરત સ્ત્રીઓ વાતો કરતી હતી, વળી કેટલીક સ્ત્રીઓ રેશમનાં દોરડાંથી બાંધેલા હીચકા ઉપર બેશીને હીંચકા ખાતી હતી. મિહાર-ઉન-નિસા ને ત્હેની મા પણ અહિં આવેલાં હતાં, પોતાની મા રાણી સાથે વાતો કરતી હતી ત્યહારે મિહાર-ઉન-નિસા એક ફૂવારા આગળ બેશી પોતાના પગ ત્હેના નિર્મળ પાણીમાં બોળતી હતી. તેણે ઘણો છટાદાર પોષાક પ્હેર્યો હતો. ત્હેનું પોતાના હાથથી જ ભરેલું સુન્દર કેફટન ત્હેના એક સરખા આકારને ઘણુંજ દીપાવતું હતું. ત્હેમાં ત્હેના ભૂરો રેશમી ચણીઓ, ને ત્હેના ખભા ઉપર પડતી ઝીણી મઝલીનની જાળી ઉમેરો કરતાં હતાં.

સલીમ એક ખાનગીદ્વારથી ધીમે રહીને તે બગીચામાં આવ્યો. થોડીકવાર સુધી તો તે આ સ્વર્ગીય દેખાવ જોવાને આમ તેમ ફર્યો ને પછી સ્ત્રીઓથી દૂર રહી સકાય હેવી રીત્યે ચોગાનનું ચક્કર ફરીને વચલે ફુવારે જતાં સાંકડા રસ્તા ઉપર થઈને ચાલ્યો. બે બાજૂ ઉપ-રના ઝાડ મળી જવાથી હેતુ સૂર્યથી રક્ષણ થતું હતું.

સલીમ, અઢાર વર્ષનો, પાતળો ને ઊંચો હતો હેના શરીરના આકારમાં કાંઈ પણ ખામી ન્હોતી. હેની છાતી પ્હોળી ને કમ્મર પાતળી હતી. તડકામાં ફરવાને લીધે હેનો ચ્હેરો જરાક કાળાશ પડતો હતો. હેના કાળાવાળ ગુંછળાં ગુંછળાં થઈને હેના ભવ્ય અને સુન્દર કપાળની ઉપર પડતા હતા. હેની આંખ્યો ભૂરારંગની હતી, ને ભમ્મરો કાળારંગની હતી. હેનું નાક પોપટની ચાંચ જેવું હતું. હેના સરસ વાંકવાળા હોઠ ઉપરથી હેનો દૃઢ સ્વભાવ જણાઈ આવતો. હેને જુવાન હોવાને લીધે ગમ્મત ને આવેશ બહુ ગમતાં. તે બોં-લવા ચાલવામાં સભ્ય, સ્વભાવમાં ખુશમિજાજી, ને પરોપકારી પણ બહુ સ્વાર્થી હતો. એશ આરામ હેને બહુ ગમતો હોવાથી તે ઘણું ખરૂ રાત્ય દહાડો મદ્યપાન કરતો હતો. હેણે સાદો પણ છટાદાર પોષાક પ્હેર્યો હતો.

તે આમતેમ જોતો જોતો ફરતો હતો એટલામાં મિહાર-ઉન-નિસા જ્યહાં બેઠી બેઠી પારદર્શક પાણીમાં પોતાના પગ બોળતી હતી ત્યહાં આવી ચડયો. તે શાહજાદાને આવતો જોઈ હેણે પોતાની મઝલીનની જાળી મ્હો ઉપર નાંખી દીધી ને બાજૂએ ખશી ગઈ. ત્યહાં ઊગેલાં ફૂલોમાંનું એક ફૂલ લેવાનું સલીમને મન થયુ. પણ હેના બે હાથમાં કબુતરો હતાં તેથી તે કોઈને આપ્યા વગર તોડાય એમ ન્હોતું હેણે આસપાસ જોયું ને મિહાર-ઉન-નિસાને ફુવારા પાસે બેઠેલી જોઈ ને ત્યહાં આવ્યો ને નમ્રતાથી કહ્યું "બ્હેન હું એક ફૂલ લઈ આવું ત્યહાં સૂધી આ કબૂતરને પકડી રાખીશ ?

મિહાર-ઉન-નિસાએ કાંઈ પણ જવાબ આપ્યા વગર પોતાના સુન્દર હાથ લંબાવ્યા તે શાહજાદો કબૂતરો હેને આપીને પોતાને ગમતું ફૂલ તોડવાને ગયો. થોડીવાર પછી તે આવ્યો ને કબૂતર માગ્યાં મિહાર-ઉન-નિસાએ કાંઇ પણ કહ્યા વગર પોતાનો હાથ એક જ કબુતર સહિત ઊંચો કર્યો.

સલીમ—"શું એક જ કબુતર ત્હારી કને છે ? બીજું ક્યહાં ગયું ?"

મિહાર—ઉન-નિસાએ મધુર અવાજે કહ્યુ "ઉડી ગયું"

સલીમે જરાક અચંબો પામી ઉશ્કેરાઇને પુછ્યુ "પણ શી રીત્યે" ?

મિહાર —ઉન-નિસાએ પોતાના હાથમાંનું કબુતર ઉરાડી દઈ કહ્યું "આમ"

અને તેમ કરતાં ગભરાટમાં હેના મ્હોં ઉપરથી જાળી ખશી ગઈ ને હેનો ખૂબસુરત ચ્હેરો ઝળકી ઊઠયો. હેની શરમાળ આંખ્યો સલીમ ઉપર ગઈને હેના અંતઃકરણમાં પ્રેમ ભાવ ઉત્પન્ન કર્યો. તે શાહજાદો સ્તબ્ધ થઈ ને ઊભો રહ્યો. તે જ વખતે ઘટાદાર ઝાડ જેમણે જાણે કે આ વખત માટે બધા તડકો સંઘરી રાખ્યો હોય તેમ એકદમ સૂર્યનાં કિરણ ફેલાવ્યાં, અને હેમનાં સુન્દર પાંદડાં ને બિલોરના રંગના ફુવારા ઉપર તથા વાતાવરણને ખુશબોથી ભરપૂર કરનારાં ફૂલો ઉપર કિરણો આવવાથી સરસ દીપી નીકળ્યાં, બધો દેખાવ રમ્ય થયો.

મિહાર—ઉન-નિસાએ શરમાઇને કહ્યું. "સાહેબ મ્હને ક્ષમા કરો કબુતર મ્હારા હાથમાંથી ભૂલ્યથી ઉડી ગયું."

તે શાહજાદાએ ગાંડા માણુસની પેઠે કહ્યુ અંહ ! શુ કબુતર ? હેની વાત તું ન કર્ય, પણ મ્હને મેહેરબાની કરીને કહે કે તું આ પૃથ્વિની મુલાકાત લેવા આવેલી અપ્સરા છે કે શું ?

મિહાર—ઉન-નિસાએ ભાળા દીલથી કહ્યુ "મ્હારો બાપ મુખ્ય ખજાનચી છે. ત્હેનું નામ મિરઝા ગયાસબેગ ઇતમ્મદ-ઉદ્-દૌલા છે સાહેબ, મ્હને માફ કરજો પણ મ્હારે મ્હારી મા પાસે જવું જોઇયે"

સલીમે ત્હેનો હાથ ઝાલ્યો ને કહ્યુ "અરે નિર્દય ! ત્હે મ્હારૂ કબુતર ઉરાડી દીધું પણ મ્હારૂં અંતઃકરણ જીતી લીધું છે. અરે ! જરીક વધારે વાર રહે."

મિહાર—ઉન--નિસાએ પોતાનો હાથ છોડવીને કહ્યુ મેહેરબાની કરી મ્હને જવા દો."

સલીમે કરગરતે અવાજે કહ્યુ. "અરે ! ના, મ્હને એકદમ મારવાની તો ત્હારી ઇચ્છા નથી ને ? મ્હેં શું જોયુ છે તે હું સમજી સકતો નથી. મ્હારી અક્કલને પાંખો આવી છે ને આ ગાંડાઇ માટે કામદેવે મ્હને કાનમાં મુબારકબાદી આપી છે.

મિહાર-ઉન-નિસાએ અધીરાઈથી કહ્યુ. "મ્હાર જવું જોઇએ ત્હમે શુ કહો છો તે હું સમજતી નથી. મ્હને પરાણે રાખવાની ત્હમારી મરજી છે ?"

સલીમે કરૂણરસવાળે અવાજે કહ્યુ, "ત્હારા પગ જે ધુળ્ય ને અડકે છે ત્હેને પણ ચુમ્બન કરૂં હેવો હું તે ત્હને શી રીત્યે પ્હરાણે રાખું ?"

મિહાર—ઉન—નિસાએ નીચુ જોઇને કહ્યુ, શાહજાદા ! ત્હારા કહેવાની શી મતલબ છે ? ત્હને આમ મ્હને રોકી રાખવાનો હક નથી"

સલીમે કહ્યુ, ત્હે પોતે જ ત્હારી આંખ્યોમાંથી છૂટતાં તીરોવડે મ્હને ઘાયલ કર્યો છે, ને વળી પૂછે છે કે શું છે ? શુ હુ મ્હારુ અંતઃકરણ કહે છે તેમ ત્હને કહું છું કે હું ત્હને ચ્હાઉં છું. ત્હેણે જવાબની વાટય જોઈ પણ કાંઈ પણ જવાબ ન મળ્યાથી ઉમેર્યું. "કેટલીક વખતે શાહજાદાઓને હાવા વિષયો ઉપર જ્યહારે સુન્દર હોઠો ત્હેને કાંઈ જવાબ નથી આપતા ને શકવાળી નજરથી જુવે છે ત્યહારે ઘણી કઢગી સ્થિતિમાં મૂકે છે." આટલું કહ્યા છતાં પણ જવાબ ન મળવાથી ત્હેણે પ્રેમમય અવાજે પૂછયું. "મ્હેં ત્હારૂં અપમાન થાય હેવું કાંઈ કહ્યુ છે ? મ્હને માફ કર્ય હુ અક્કલ ખોઈ બેઠો છું. ફરીથી મ્હારા સ્હામું જો કે મ્હને ભાન આવે."

મિહાર—ઉન-નિસાએ તે શાહજાદાને આ સ્થિતિમાં જોઈને મધુર અવાજે કહ્યુ. "મ્હને લાગે છે કે ત્હમે એક મૂર્ખ કુમારિકાની લાગણી જોડે બહુ રમત કરી છે."

સલીમે-"મૂર્ખ કુમારિકા ? અરે નહિ, નહિં. હું તો ત્હને મ્હારા સ્હવારના તારા જેવી ગણુંછું. મ્હે ત્હને જોઈ ત્યહારથી દુનિયાં મ્હારા મનથી બદલાઈ ગઈ છે. તું મ્હને પીડા કરે છે ને વળી કહે છે કે હું ત્હારી લાગણી જોડે રમત કરુંછું કહેવી નવાઇની વાત ?

મિહાર-ઉન-નિસાએ ધીમે રહીને કહ્યું "શાહજાદા, હું એક ગરીબ માણસની છોકરી છું. મ્હને મેહેરબાની કરીને જવા દ્યો તો સારૂં."

શાહજાદાએ ત્હેના જવાના વિચારથી જ દુઃખી થઈને કહ્યુ "હું ત્હને જવા દઉં ? હું તો ત્હારા હાથમાં છું. મ્હારું જે કરવું હોય તે કર્ય."

મિહાર-ઉન-નિસાએ કહ્યુ, મ્હને મેહેરબાની કરી છોડો મ્હને કોઈ તમારી જોડે દેખશે તો મ્હારું આવી બન્યું. તમને કોણ કહે ?"

સલીમે દૃઢતાથી કહ્યું "ત્હારૂં નામ કોણ દેછે જોઉં તો ખરો. મ્હારામાં જ્યાં સુધી જીવ છે ત્યાંસુધી હું ત્હને મ્હારા હૃદયના દરેક ધબકારે ચ્હાઈશ ને પતંગિયાની પેઠે ત્હારા તેજ વગર આરામ લઈ સકીશ નહિ

મિહાર-ઉન્ન-નિસાએ કહ્યું તમે જે કહો છો તે તમારા મનમાં નથી ખરૂં ને ! " તમે મ્હને બનાવો છો માટે કૃપા કરીને મ્હને જવા દ્યો. "

સલીમે કહ્યુ " હુ ત્હને ખરા અંતઃકરણથી ચ્હાઉ છું ને ત્હેનો સાક્ષી ઈશ્વરછે. મ્હને ત્હારી સમક્ષ જ રહેવું ગમેછે સાચેસાચું કહું છું કે ત્હેં જેટલી મ્હારા મન ઉપર અસર કરી છે તેટલી કોઇએ કરી નથી. મ્હેં ત્હને જોઈ ત્યારથી મ્હરા મનમાં આવ્યું છે કે તું મ્હારે માટેછે."

મિહાર-ઉન-નિસાએ ધીમે ધીમે કહ્યુ "તમે મ્હને તમારા મ્હારા ઉપરના પ્રેમની પુરતી સાબીતી આપીછે. અને હું કબુલ કરું છું કે હુ ત્હેને નિવારવાને માટે અશક્ત છું. પણ મ્હને નથી લાગતુ કે આ પ્રેમ ખરો ટકાઉ હોય. મ્હને તો લાગેછે કે આ ફક્ત ક્ષણ ભંગુર ધૂન છે, તે થોડા દહાડામાં જતી રહેશે "

સલીમે કહ્યુ. " માણસ જાત્ય જેટલો ખરેખરો પ્રેમ બતાવી સકે તેટલો હું બતાવું છું. ને મ્હારા પ્રેમની વધારે સાબીતી હવે જે જીવ મ્હારો નથી ત્હેનો નાશ કરવાથી બતાવી આપીશ. " એમ કહી ત્હેણે પોતાના પોષાકમાંથી ચળકતી કટારી કહાડી ને તે પોતાના હૃદયમાં ભોકવા જતો હતો. એટલામાં મિહાર-ઉન-નિસાએ એકદમ ઉછળીને ત્હેના હાથમાંથી કટારી ખુંચવી લઈ પ્રેમમય અવાજે કહ્યું. "શાહજાદા ! જો તમે મ્હને માનનીય પ્રેમ બતાવો છો તો ત્હેના બદલામાં હું પણ તમને સમર્પિત પ્રેમથી ચ્હાઈ સકીશ."

સલીમે કહ્યુ. " એમ તું કહેછે ! મ્હને ચ્હાવાને તું વચન આપેછે ? "

મિહાર-ઉન્ન-નિસાએ કહ્યુ. હા, હું કાંઈ હેવી બેઅક્કલ નથી કે આટલી સાબીતી પછી પણ તમારા જેવાને ન ચ્હાઉં. પણ તમને ખબર જ છે કે હું સ્વતંત્ર નથી. મ્હારા બાપના હાથમાં હોવાથી તે લોકો ત્હેમને ગમે તે કરે."

સલીમે કહ્યું " તે મ્હારા હાથમાંછે " તે બહુ ખુશ ખુશ થયો ને ત્હેને આલિંગન દીધું.

મિહાર-ઉન્ન-નિસાએ છુટી પડી ને પ્રેમથી ધડકતી છાતી સહિત નીચું જોઈને કહ્યું. " હું તમારી થઈશ પણ હમણાં મ્હને જવા દ્યો. "

તે શાહજાદાએ તરત માન્યુંને જતો રહ્યો.

મિહાર-ઉન્ન-નિસા પણ લુગડાં ઠીકઠાક કરીને પોતાની મા હતી ત્યાં ગઈ અને સાંજે બધાં પાલખીઓમાં પોતપોતાને ઘેર ગયાં.

પ્રકરણ ૪ થું.

એક ખુશનુમા રાતે વરસાદના એક ઝાપટાએ બધી ધુળ્ય બેસાડી દીધી હતી. નિર્મળ ભુરા આકાશમાં તારા ચળકતા હતા. ને ચંદ્રના કોમળ અજવાળાથી ઘણી જ સુન્દરતા ને શાન્તિ પ્રસરી રહ્યાં હતાં. ત્હારે ગયાસબેગ ને ત્હેની પત્નિ પોતાના ઘરની અગાશીમાં બેઠાં હતાં. તે ઘર આગાડીથી વ્હેતી નદીનું પાણી તે લોકોનો શ્રમ હરી લેતુ હતું. થોડાક દહાડા અગાઉના લુના પવનથી કંટાળી ગયેલાં હતાં. ત્હેમના અંતઃકરણમાં શીતળ વાયુથી આનન્દ ઉત્પન્ન થતો હતો.

ગયાસબેગની બેગમે કહ્યુ "કેવી રમ્ય રજની છે. મ્હને અજવાળી રાત પસંદ છે."

ગયાસબેગે કહ્યું, "ઘણી જ સરસ છે પણ આપણે એક રાત્યે રઝળતાં હતાં ને સુન્દર ચન્દ્ર પણ આપણી તરફ ઘુરકીયાં કરતો હોય હેવું લાગતુ હતું. ને પૃથ્વિ આપણને કાંઈપણ આશરો ન્હોતી આપતી તે યાદ છે? આકાશની હાવી સુન્દર વસ્તુઓ પણ ઝીણાં ઝીણાં કારણોને લીધે અસ્વસ્થ થયેલા મનને શાન્તિ નથી આપી સકતી. એ કેવી નવાઈની વાત છે?"

ત્હેની પત્નિએ કહ્યું. "હાવી રળીયામણી રાત્યે વળી એ દુઃખી દહાડાનુ કહ્યા સ્મરણ કરો છો? તમે મ્હારા મનને એ દુઃખી દહાડા સંભારીને વ્યગ્ર કરો છો. આપણે આ બાળકીને તજી દેવાનું ધાર્યું હતું તે ખોટું કર્યું હતું પણ મિહાર-ઉન્ન-નિસા જન્મી ત્હારથી જ આપણને સભાળનાર મળી આવ્યું એ કેવા નવાઈની વાત છે!"

ગયાસબેગે કહ્યું તે ભવિષ્યમા કોઇ ઉંચી પદવીએ ચ્હડશે એમ અત્યારથી જ લાગે છે. તે હજી તો પંદર વરસની જ છે ને એટલી સમઝણવાળી છે કે આપણા કરતાં રીત્ય ભાત્ય વગેરે તે વધારે જાણે છે. તે બહુ વિચારવંત છોકરી છે. ને કાંઈ કાંઈ નવી વસ્તુઓ સોધી કહાડવાની ત્હેનામાં બુદ્ધિછે. તે હેવી સરસ જાત્યના નમુના સોધી કહાડીને ભરેછે કે હેવા મ્હેં કદી જોયા જ નથી. પરીની ખૂબસુરતી વાળી છોકરી, અકબર જે'વો માયાળુ ને સારો માલિક, અને ત્હારા જે'વી મનોહર પત્નિ મળ્યાંછે તેથી મ્હારે પરમેશ્વરનો ઉપકાર માનવો જોઈએ."

બેગમે કહ્યું. "મ્હારે પણ તમારા જે'વા સારાને પ્રેમાળ પતિ મળ્યા છે તેથી પરમેશ્વરનો ઉપકાર માનવો જોઈએ. મ્હારી મિહાર-ઉન્ન-નિસ્સા પુર્ણિમાના ચન્દ્ર જે'વી એક ખૂબસુરત સ્ત્રી થવા લાગી છે. હવે હેને માટે આપણે એક સારો વર સોધવો જોઈએ."

ગયાસબેગે કહ્યું. "હા હુ પણ તે વિશે ઘણા વખતથી વિચાર કરૂછું ને આખરે મ્હેં એક સોધી કહાડયોછે ને મ્હને આશાછે કે તું મ્હારા વિચારને મળતી આવીશ. ત્હેં અલીકુલીબેગનું નામ સાંભળ્યું છે ખરૂં! તે ઘણો માયાળુ સ્વભાવનો છે ને વળી ઇરાનનો જ છે. મ્હેં ત્હેને મિહાર-ઉન્ન-નિસાને પરણાવવાનું વચન આપ્યુંછે."

બેગમે કહ્યું. "હા પણ આપણું સારું કરનારે ભવિષ્ય ભાખ્યું છે કે મિહાર-ઉન્ન નિસા એક રાણી થશે. પણ શાહજાદો સલીમ તો પરણી ગયોછે.

ગયાસબેગે ચ્હીડાઇ જઈને કહ્યુ. અંહ, શાહજાદો સલીમ! તે તો મોજશોકને ચ્હાનારો દારૂડિયો તે વિષયી છે. ત્હેને પરણાવવા કરતાં હુ મરી જાઉં તો સારૂં. ત્હેને મારી

પુત્રી પરણાવવા કરતાં હું પ્હેલાંની પેઠે ઘરબાર વગરનો રખડતો રહેવાનું વધારે પસંદ કરૂંછું. ત્હેનો પ્રેમ અપવિત્ર અને અસત્યછે."

બેગમ—હે ઉમદા પતિ ! સ્ત્રીઓ પોતાના પતિનો અખંડિત પ્યાર અને પોતાની જાત્યને નિષ્કલંક રાખવી એ બે વાનાં જ વધારે ચ્હાય છે. આપણે કાંઈ શાહજાદાના પૈસા માટે આપણી પુત્રીનું સુખ ત્હેના સત્ય પ્રેમ વગર વેચવાનાં નથી.

ગયાસબેગ—સત્ય પ્રેમ ? સલીમ કનેથી હેની તો હું આશા રાખતો જ નથી. ત્હેને તો મોજશોક ને ઉડાઉપણું ગમેછે. ત્હેને ખરો પ્રેમ શી વસ્તુ છે ત્હેનો વિચાર જ કરવાને ત્હેની રમત ગમતમાંથી વખત મળતો નહિં હોય. તે આટલો ન્હાનો છે છતાં વિષયી છે. અને વળી મ્હેં મ્હારી પુત્રી આપવાને અલીકુલીબેગને વચન આપ્યું છે તે એક બહાદુર લડવૈયો છે ને તે મિહાર-ઉન્ન-નિસાને એક સિપાઇ જે'વી સારી રીત્યે ચ્હાઇ સકે તેવી રીત્યે ચ્હાશે ને પોતાની આખ્યોની કીકીની પેઠે સંભાળશે. ને મિહાર-ઉન્ન-નિસા ત્હેને ત્હેના બદલામાં સારી રીત્યે ચ્હાશે એમ હું ધારું છું.

બેગમ—ત્હમે ઘણા ડાહ્યા છો ને મ્હને ખાત્રી છે કે આથી મિહાર-ઉન્ન-નિસા સુખી થશે.

ગયાસબેગ—અલીકુલીબેગ ઘણો સારો છોકરો છે. તે આપણી મિહાર-ઉન્ન-નિસા કરતાં મ્હોટો છે, તે જુવાન છે છતાં ત્હેના જે'વો લશ્કરમાં પ્રખ્યાત કોઇ નથી.

બેગમ—હા મ્હેં ઘણી વખત ત્હમને ત્હેનાં વખાણ કરતાં સાંભળ્યા છે ને તે બહાદુર હોય એમ પણ કહેવાય છે. પણ તે આપણી મિહાર-ઉન્ન-નિસા જે'વો દેખાવડો છે ?

ગયાસબેગ—ના, હેના જેટલો જ દેખાવડો તો નથી, પણ થોડોક દેખાવડો છે ખરો, ને મિહાર-ઉન્ન-નિસા ત્હેનો સ્વભાવ જેમ જેમ જાણતી જશે તેમ તેમ ત્હેને વધારે ચ્હાશે. તે પણ રાજ્યકીય ઉથલપાથલને લીધે ન્હાશી આવેલો છે. તે જ્યહારે લશ્કરમાં દાખલ થયો ત્યહારે આપણા જે'વો ગરીબ હતો, પણ હવે તો પોતાની હુશિયારીથી તે સારી સ્થિતિમાં છે. શેહેનશાહે ત્હેના તાબામાં એક હજાર ઘોડે સ્વારનું લશ્કર આપ્યુંછે.

બેગમ—ત્યહારે તો હવે વિધિનુંસાર મિહાર-ઉન્ન-નિસાનો વિવાહ કરવાનું જ બાકી રહ્યુંછે.

ગયાસબેગ—હા, ને ત્હેમાં જ બધી ખાલી ધામધુમ કરવાની છે. અને મ્હને શાન્તિ ગમેછે. ગરબડાટ ને ધામધુમથી કંટાળુંછું, હું ધારું છુ કે આ બધું મ્હારે ખમવું પડશે.

બેગમ—હાસ્તો, વળી અલબત, આપણી છોકરીનું લગ્ન ત્હમારી પદવીને લાયક ધામધુમથી કરવું જ જોઇએ ને.

ગયાસબેગ—પ્રિયે ! તું જાણતી નથી કે મ્હને આ બધું જ કેટલો થકવી નાંખશે. ખર્ચ બાબત મ્હારે વાંધો નથી પણ ગરબડાટને અગવડોથી એક કલાકની પણ શાન્તિ નહિં મળે ને ઘરતો જાણે કે વીશી જ જોઈ લ્યો. આમ થવાનું.

બેગમ—ના ના, હેવું તો છેક નથી હોતું, પણ આપણે અહિં આવેલા પ્હરોણાની પ્હરોણાગતતો આપણે કરવી જ જોઈએ. ત્હેમની મોજશોકને માટે રમત ગમતો પણ જોઈએ કની ! ને મિહાર-ઉન્ન-નિસાની બ્હેનપણીઓને પણ ગમ્મત પડવી જોઈએ ને. એ

બધું મ્હારૂં કામ છે. ને હું કરીશ. ત્હમે ગમે તો ત્હમારા પુરૂષ મ્હેરાબુઓને લઈ ને એક ખંડમાં બેશીને તત્વજ્ઞાનની વાતો કર્યા કરજો.

ગયાસબેગ—હું ધારૂં છું કે મ્હારા મિત્રો પણ એકલી તત્વજ્ઞાનની વાતોથી રંજુજ નહિં પામે ને ત્હેમને પણ રમત ગમતો જોઈશે ત્હેનો બંદોબસ્ત હું કરીશ

બેગમ—હું આ બાબત મિહાર-ઉન્-નિસાને વાત કરીશ. તે કેટલી બાહોશ છોકરી છે કે ત્હેને પૂછીએ તો સારૂ એમ મ્હને લાગેછે કહે છે કે હિન્દુલોકો પોતાની પુત્રીઓને પોતાની મેળે વર પસંદ કરવા દેતા.

ગયાસબેગ—હા, તેમ કરતા. પણ તે લોકોને પોતાની ભૂલ્ય જણાઈ, ને આખરે તે રીવાજ મૂકી દેવો પડયો એક જુવાન છોકરી ગુણ જોયા વગર રૂપથી મોહીને એક દયાહીન માણસને પસંદ કરે. અને આપણા રિવાજ પ્રમાણે તો છોકરીઓને પોતાનાં માબાપની પક્કી પસંદગીનો લાભ મળેછે. ન્હાની ને સમઝણ વગરની છોકરીઓ કરતાં ત્હેમનાં માબાપ કીયો માણસ પોતાની પુત્રીને વધારે લાયક છે તે વધારે સારી રીત્યે સમજી સકે છે. તેથી મિહાર-ઉન્-નિસાને આ વાત પૂછવાની કાંઈ જરૂર નથી. તે કહ્યાગરી છોકરી છે ને આપણે જ્યહાં ત્હેને પરણાવીશું ત્યહાં તે પરણશે.

બેગમ—ખરી વાત, પણ માબાપ, પોતાની છોકરીનું સારુ ઇચ્છવાને બદલે કોઇવાર બીજા વિચારોથી આડાં દોરાય છે. છોકરાનો પૈશો, આબરૂ અને પદવી ત્હેમના મનમાં ત્હેના ગુણો કરતાં પ્હેલાં આવે છે ને પોતાની છોકરીનું સુખ ત્હેમાં જતું રહે છે, ને તે આખી જીંદગી દુઃખમાં ને કંટાળાથી ગાળે છે; ને માબાપને ત્હેને માટે ઠપકો આપે છે. હિન્દુ રિવાજ પ્રમાણે તો છોકરી જો નઠારો વર પસંદ કરે તો તે પોતાને જ ઠપકો આપે છે.

ગયાસબેગ—તું કહે છે તે કેટલેક અંશે ખરું છે, પણ છોકરીને પોતાની મેળે વર સોધી લેવાનો રિવાજ મ્હને પસંદ નથી તે તો ગમે ત્હેવા સ્વભાવનો પણ સારા દેખાવનો હોય ત્હેને પસંદ કરે. માબાપ કેટલીક વાર પૈશા ટકાથી અંજાઈ જઈ ને નાલાયક વર સાથે પોતાની છોકરીને પરણાવે છે તે હું કબુલ કરૂછું. પણ હિન્દુઓને પોતાનો રિવાજ ખોટો લાગ્યો હશે. તેથી જ ત્હેમણે કહાડી નાંખ્યો હશે; નહિં તો તેમ ન કરત.

બેગમ—ત્હમારે એટલું તો કબુલ કરવું પડશે કે હિન્દુઓ સ્ત્રીઓને ડહાપણને ન્યાય શક્તિવાળી ધારતા હતા, ને ત્હમે તો ત્હેમને કશામાં એ ગણુતા નથી. તે લોકો આટલું બધું છતાં પુરૂષો ઉપર રાજ્ય કરી સકે છે ને તાબે રાખી સકે છે તે માટે પુરૂષોનો ઉપકાર નથી માનવાનો પણ ત્હેમના પોતાના કીમતી સ્વભાવનો ઉપકાર માનવાનો છે

ગયાસબેગ—હા મ્હારી રાણી, જે'મ તું મ્હારા જીગર ઉપર રાજ્ય કરે છે તેમ, પણ જો સ્ત્રીઓ પોતાની મેળે વર પસંદ કરવામાં ન્યાયશક્તિને ડહાપણ વાંપરતી હોત, સો હિન્દુઓ જે રિવાજને ચીવડ રીત્યે વળગી રહ્યા હતા તે કેમ છોડી દીધો ?

બેગમ—હિન્દુઓમાંથી જ્યહારે જ્ઞાન અને સત્ય ગયાં ત્યહારે હાલ જોઈએ છીએ હેવી ત્હેમની સ્થિતિ થઈ છે. રિવાજમાં કશી ખામીને લીધે છોડી દેવો પડયો એમ નથી, પણ મુસલમાન સૂબાઓનાં અવિચારી કૃત્યોથી છોડી દેવો પડ્યો. ત્હેમનાં કૃત્યોથી હિન્દુઓમાં, એટલાં તો દુઃખ, ત્રાસ, માઠી નિશાનો શક ને અનર્થ થયાં કે તેઓને પોતાનાં બેરાં છોકરાં

ને બીજા બારણે તેઓની આબરૂના રક્ષણાર્થે રાખવાં પડયાં.

ગયાસબેગ—હા પ્હેલ વ્હેલા મુસલમાનો હિન્દુસ્થાનમાં આવ્યા ત્હારે તે લોકો વિકાળ પશુની પેઠે વર્ત્યા હતા તે કબુલ કરતાં મ્હને શરમ આવેછે. ને નિર્દોષ પુરૂષો અને સ્ત્રીઓની ક્રુર કતલ તો મનને બહુ જ કમકમાટ ઉપજાવેછે. મ્હને લાગે છે કે તેઓનાં અંતઃકરણ પથ્થરનાં બનેલાં હશે. કારણ કે તે લોકો પોતે ફત્તેહની ખુશાલીમાં જે રીતની ઊજાણીઓ કરતા હતા ત્હેને માટે તેઓને બીલકુલ દુઃખ લાગતું નહિં.

બેગમ—શું શિકારીને તે જે હરણને ભાલો મારવાનો હોય છે ત્હેને માટે કાંઈ પણ લાગણી થાય છે ? ત્હેનું મન પોતાના સ્વાર્થમાં એટલું બધું હોય છે કે બીજાની પીડાની તે દરકાર કરતો નથી. તેજ જાતનું સ્વાર્થિપણુ જીતનારા મુસલમાનોમાં પ્રાબલ્યવાન હોવું જોઈએ.

ગયાસબેગ—હા તેમ જ હોવું જોઈએ. પણ પરમેશ્વરનો ઉપકાર માનો કે કેટલાક બ-રેબરા સારા રાજાઓ થઈ ગયાછે. તેઓ પોતાના નિષ્પક્ષપાતપણાથી ને ન્યાયવૃત્તિથી પોતાની પ્રજાને વ્હાલા થયાછે ને તે પ્રજાનું માન પામેલાછે.

બેગમ—તે તો કોણ જાણે. કારણ કેટલાક મુસલમાનો ત્હેમના ક્રુર રાજાઓ માટે મગરૂર છે. એક દહાડો હુ શેખ-ઉલ્લ-સદરની બેગમ જોડે વાત કરતી હતી ત્હારે તે ક્રુર રાજાઓને વખાણતી હતી ને આપણા ઉમદા ને વ્હાલા શેહેનશાહને પાખંડ મત માનનાર કહેતી હતી, હુ કેટલીક વાર સુધી તો આ ખમી રહી પણ આખરે મ્હારાથી રહેવાયું નહિં ને ત્હેના વિચારો માટેના મ્હારા અભિપ્રાય જણાવ્યા આ જગત જ હેવું છે કે આપણા શે-હેનશાહ અકબર જેવા સારા ને ન્યાયી માણસો પણ નિંદામાંથી બચી સકતા નથી.

ગયાસબેગ—આપણા શેહેનશાહને જે લોકો નિન્દે છે તે આપમતલબી હોવા જો-ઈએ. બ્હારના લોકો, આપણા શેહેનશાહ પોતાની પ્રજાના કલ્યાણાર્થે કેટલી મેહેનત કરે છે તે જાણતા નથી. ત્હેના મનમાં તો ઊચી જાત્યના જ વિચારો આવે છે, ત્હેવા વિચારો સા-ધારણ માણસોના મનમાં તો નહિં જ આવતા હોય. હેના કરતાં શું વધારે જોઈએ ? આ-પણા શેહેનશાહ પોતાને માટે નહિં પણ પોતાની પ્રજાને માટે રાજ્ય કરેછે. ત્હેણે બધી રાજ્યપદ્ધતિ બદલી નાંખીછે. તે ઘણીવાર કહે છે કે "પરમેશ્વરે મ્હને મ્હારી પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરવાને નહિં પણ મ્હારી પ્રજાની ઇચ્છાઓ તૃપ્ત કરવાને મોકલ્યોછે." ને તે વિજાતીય લોકોને એક કરવાને ઘણી મેહેનત કરેછે. આપણા શેહેનશાહ મોડા ઊંઘી જાયછે ને સ્હવારે વ્હેલા ચાર વાગે કામે મંડે છે ત્હેની કોને ખબર છે ?

બેગમ—આપણા શેહેનશાહે ધર્મચુસ્ત મુસલમાનો જોડેનો સંબન્ધ તોડયો તે ત્હેણે ખોટું કર્યું એમ ત્હમે નથી ધારતા ?

ગયાસબેગ—ત્હેમાં હેનો ઉપાય ન્હોતો. ત્હેણે ઘણા વખત સુધી તો સંબન્ધ કાયમ રાખવાનો પ્રયત્ન કર્યો, પણ શેખ-ઉલ્લ-સદર લોકોને પીડતો હતો તે હેનાથી ન ખમાયું. અને હેનાથી ઢોંગી પણ ન થઈ સકાયું, હેણે દરેક ધર્મમાંથી સારા સિદ્ધાન્તો ઢાળી કાઢયા ને તે બધા ઉપરથી પોતાનો ધર્મ રાખ્યો. હેની નજરમાં તો હિન્દુ અને મુસલમાનો સર-ખા જ છે. એક કુતરો પણ સ્વચ્છ છે, ને મદ્યપાન જેને કરવું હોય તે કરે ને ડુક્કરનું માંસ

ખાવું હોય તો ખાય, હેવો અભિપ્રાય છે. હેને જ્યહાં સુધી સત્ય અને સદ્ગુણનો રસ્તો કોઇ છોડે નહિં ત્યહાં સુધી ગમે તે કરે ત્હેની અડચણ નથી.

બેગમ—હેની સત્તા નિચે આખો દેશ કે'વો સુખી છે. એક જાદુગરની પેઠે હેના હાથ ફર્યાથી પ્રદેશ એક બગીચા જે'વો થયો છે. ને લોકો કહેછે તેમ હેના મનમાં સૂર્યનું કિરણ પેઠું છે. ત્હેને લીધે એ અસત્યમાંથી સત્ય સોધી કહાડેછે ને દરેક માણસની ખરી કીંમત જાણી સકે છે. આપણે ઘરબાર વિનાનાં ને રઝળતાં રખડતાં આવ્યાં ને હેણે ત્હમને ત્હમારે લાયક પદવીએ ચ્હડાવ્યાછે.

ગયાસબેગ—" હું કોણ છું તે મ્હને ખબ્બર છે. હું મ્હારા દેશમાં નિર્માલ્યપણા માટે પ્રખ્યાત હતો તે જ છું પણ શેહેનશાહ એક લોહચુમ્બકની પેઠે મ્હોટા માણસોને પોતાની તરફ આકર્ષેછે હેમાં તો શક નથી. અબુલફૂઝલ જે'વા મહા તર્કશાસ્રિ, ફૈઝી જે'વા કવિઓ, ટોડરમલ જે'વા, કોશાધ્યક્ષ, માનસિંહ જે'વા સૈનિકોને બિરબલ જે'વા મન્ત્રીઓ હેના દરબારને શોભાવે છે. પોતાના શેહેનશાહની પેઠે આ લોકોને મન પણ પોતાની પ્રજાનું નિસ્વાર્થપણે કલ્યાણ કરવું એ મુખ્યકામ છે. હાવા મહાન નરોવાળો દેશનુ ભવિષ્ય ખરેખર મ્હોટું જ હોવું જોઇએ. "

બેગમે—" મ્હેં ફૈઝીનાં બધાં કાવ્યો વાંચ્યાં છે. ત્હેના વિચાર ઘણા ઉન્નત છે ને ત્હેની વાણી બુલબુલના જે'વી મીઠી છે. "

ગયાસબેગ " ફૈઝી તો જન્મથી જ કવિ છે એક વખત ત્હેને કેદ કરીને શેહેનશાહ આગળ આણ્યો હતો, ને જ્યહારે શેહેનશાહે ત્હેને સવાલો પૂછ્યા ત્યહારે એકદમ નીચેનું રસિક કાવ્ય બોલી ઉઠયો. શેહેનશાહ એથી બહુ ખુશ થઇ ગયો ને તે દિવસથી ત્હેને પોતાના દરબારમાં રાખ્યો ને ત્હેનાથી કદી છૂટો પડયો નથી. "

(ઉપજાતિ.)

પૂર્યો મ્હને હે નૃપ પાંજરામાં,
કૃપા કરી દે ઉડવા હવામાં;
છું પંખી મોંઘો મધુ ભાષી;—ગાઉં
વિશેષ મીઠું, યદિ મુક્ત થાઉં.

બેગમે—ફૈઝી તો હેનાં કાવ્યો લખવાની ઢબમાં ખૂબીદાર છે. પણ ત્હેનો ભાઇ અબુલફૂઝલ તો કાબેલ તર્કશાસ્રી છે. તે મ્હને ગમતો નથી. તે પોતાના વિચારો અમર્યાદ રીત્યે દર્શાવે છે. ને ફૈઝી તો સાદી રીત્યે બોલે છે ને આપણા મનમાં તરત ઠસાવી દે છે. "

ગયાસબેગ—ફૈઝી તો કવિ છે. તે પોતાના ચાટલારૂપી હ્રદયમાં તાત્કાલિક જ્ઞાનથી બધી વસ્તુઓ જુવે છે. તે દરેક વસ્તુઓની અંદરની ખૂબીઓ જુવે છે ને ત્હેનું ચિત્ર આપણને અક્ષરના આકારમાં બતાવે છે. ને એ રીત્યે આપણી બુદ્ધિની પ્હોંચ ઉપરાંતની જે દુનિયાં છે તે આપણી આગળ પ્રદર્શિત કરે છે. અબુલફૂઝલની રીત અક્કલવાળી છે પણ ગુંચવાડાભરેલી ને કઠણ છે.

બેગમ—" એમ જ હશે ત્હમે હમણાં બિરબલને ધારાસભાનો સભાસદ કહ્યો પણ તે તો ત્હેના અક્કલભરેલા હાજરજવાબીપણા માટે ને ત્હેના મન મોજીપણા માટે પ્રખ્યાત છે. "

ગયાસબેગ—" શું તું એમ ધારે છે કે અકબર જેવા રાજા ફક્ત ત્હેના હાજર જવાબીપણા માટે જ રાખે. બિરબલ દીર્ઘદ્રષ્ટિવાળો માણસ છે, ને ત્હેની અક્કલને લીધે તે દરેક સવાલની બન્ને બાજુઓ જોઈ સકે છે ઘણીવાર બધા મંત્રીઓ કોઇ સવાલની બન્ને બાજુઓની તપાસ કરીને આખર નિર્ણય ઉપર આવે છે, ત્યહારે બિરબલ પોતાની મશ્કરી ભરેલી રીતયે તે બધું રદ કરી નાંખે છે ને ત્હેમાંની ખોડયો બતાવે છે. "

બેગમ ગયાસે મગરૂરીથી કહ્યું " તમે મ્હારા પતિ પણ શેહેનશાહનો દરબાર શોભાવનારાઓમાંના એક છો. "

ગયાસબેગ—" હુ મ્હારા કામકાજમાં શેહેનશાહની મરજી સાચવવાનું મ્હારાથી બનતું કરું છું પણ અફસોસ ! કે સલાહ, શાન્તિ, વ્હાલ અને ન્યાયનું મંદીર જે શેહેનશાહે બાંધ્યુંછે ત્હેનો પાયો રેતીમાંછે. ને જ્યહારે ત્હેને સંભાળનાર, ત્હેને હાવી ઊંચી પદવીએ ચ્હડાવનાર અને ત્હેનો બાંધનાર મરણ પામશે ત્યહારે ખચિત તે ભાગી પડશે ઉમદા મનનાં માણસોએ કરેલું શાન્તિને પ્રેમનું દેવાલય એક મહા પ્રલયથી નાશ પામશે. પરમેશ્વરે ત્હેવા લોકોને તાબામાં રાખવા જોઇએ ત્હેને બદલે આમ થવા દે છે તેથી મ્હને તો નવાઈ લાગે છે. "

બેગમ—" તે આપણા કરતાં વધારે જાણે છે. આપણી બુદ્ધિ અંતવાન છે તેથી આપણે ત્હેની અનંત બુદ્ધિથી કરેલાં કામો સમજી સકતાં નથી. ત્હેનો પ્રેમ પણ અનંત છે. અકબર બાદશાહ જે શિખવે છે તે હાલ લોકો શીખતા નથી પણ આખરે ત્હેનું સારૂં પરિણામ તે લોકોને જણાશે. "

ગયાસબેગ—વંશપરંપરાની રાજ્યપદ્ધતિ ખોટી છે, તેહમાસા રાજા મ્હારા પિતાને પોતાના ભાઇની પેઠે ચ્હાતા હતા, ને ત્હેના છોકરાએ મ્હને પોતાના રાજ્યમાંથી કહાડી મૂકયો. તેહેમાસાને સારાને ડાહ્યા માણસો પસંદ હતા ને ત્હેના છોકરાને તુરંગીને વિષયી માણસો ગમે છે, ત્હેને લીધે રાજ્યકારભારને નુકસાન થાયછે. પ્હેલાં હિન્દુઓ અમુક વખત માટે રાજાઓ પસંદ કરી સકતા હતા, ને તેથી તે લોકો રાજ્યને લાયક નર પસંદ કરી સકતા, અને લોકોનો પોતાનો સ્વાર્થ હોવાથી તે લોકો રાજ્યમાં ભાગ લઈ સકતા હતા ને સુખી થતા હતા.

બેગમ—હા, તમે કહો છો તે ખરી વાત છે હેવી પદ્ધતિ: હોય તો વંશપરંપરાની પદ્ધતિથી થતું અનિયમિતપણું અટકે મ્હેં સાંભળ્યું છે કે ઇંગ્લાંડમાં હેવી રાજ્યપદ્ધતિ છે તેથી કેટલા સૈકાથી તે લોકો સલાહ શાન્તિ અને સ્વતંત્રતા ભોગવતા આવ્યા છે, ને બીજા દેશોમાં એટલી બધી નથી. ઇંગ્લાંડના લોકો બહાદુર ગણાતા મ્હે સાંભળ્યા છે.

ગયાસબેગ—આપણો શાહજાદો સલીમ તો વંઠી ગયેલો ને તંરગી છે. હું પરમેશ્વર કને એટલું જ માગું છું કે તે ત્હેને ખરે માર્ગે ચ્હડાવે, એટલે અકબર અને ત્હેના મંત્રીઓએ કરેલાં કામની મેહેનત રદ જાય નહિં.

આ વાતો કરતાં હતાં ત્હેવામાં એક મ્હોટી ગર્જના થઈ. તે લોકો વાતોમાં એટલાં તલ્લિન હતાં કે વાદળાં આવ્યાં હતાં ને ચન્દ્રને ઢાંકી દીધો હતો ત્હેની તેઓને કશી ખબર પડી ન્હોતી, ને હવે વીજળી અને ગર્જના ને ઠંડા પવનના ઝપાટા સાથે વરસાદ આવ્યો. ગયાસબેગને ત્હેની સ્ત્રી ઘુંટણીએ પડી પરમેશ્વરની પ્રાર્થના કરી સુવા ગયાં.

પ્રકરણ ૫ મું.

મહા મહિનાના રવિવારની એક ખુશનુમા સ્હવારે બેગમ ગયાસ ને મિહાર-ઉન્-નિસા ત્હેમની સોના રૂપાના દાંડાવાળી, સુનેરી રૂપેરી ભરેલા અભ્રવાળી ને મુખમલથી મઢેલી પાલખીઓમાં બેઠાં, સોળ કચરમજી રંગના પોષાક પ્હેરેલા માણસો ત્હેમને બાદશાહી જનાનખાનામાં લઈ ગયા. મેહેલના બગીચા આગળથી પસાર થયા પછી બ્હારના ઝાંપા આગળ તે લોકો આવી પ્હોચ્યા. અહિંથી પુરૂષો ને બદલે સ્ત્રીઓએ પાલખીઓ ઉપાડી અને સ્ત્રીઓના ઓરડા આગળના ખંડમાં લાવ્યાં. અહિં તે લોકો પાલખીમાંથી ઉતર્યાં, ને આરસપ્હાણની જમીનવાળા ખંડમાં થઈને અકબરની રાણી જોધબાઇ બીજી જનાનખાનાની સ્ત્રીઓ સાથે બેઠી હતી ને વસન્તોત્સવ કરતી હતી ત્હાં ચોકમાં આવી પ્હોચ્યાં.

જનાનખાનામાં હમ્મેશ ગાન, તાન ને નૃત્ય ચાલતાં જ હતાં, પણ જ્યહારે મહા મહિનાનો મન્દ પવન બધી સૃષ્ટિમાં નવું યૌવન પૂરવા લાગ્યો, ને આકાશની સુન્દરતા બદલાઈ અપૂર્વ થઈ ને પવનના ઝપાટામાં ફડફડતાપાંદડાંવાળા આંબાઓની ડાળોમાં કોયલ મધુર સ્વરથી ગાતી હતી, ને બરોબર ખાવાનું ને પોષાક ન મળે હેવી ગરીબ ગામડાની સ્ત્રીઓ પણ ખુશીમાં ગાવા મંડી જતી હતી ત્યહારે તો જનાનખાનાના આનન્દનો તો પાર જ ન્હોતો.

તે દિવસનું સ્હવાર ઘણું રમણિય હતું. સુગન્ધમય પવન વાતો હતો. જનાનખાનાની રંગબેરંગી પોષાક પ્હેરેલી સ્ત્રીઓ જાણે આરસપ્હાણની જમીનમાંથી ઊગી નીકળેલાં ફૂલ હોય હેવી જણાતી હતી. ને સૂર્યના પ્રકાસવાથી આરસની ભીત્યો ઉપરની કોતરેલી વેલ્યોને બીજું નકશી કામ સરસ જણાતું હતું ત્હાં સ્ત્રીઓમાંથી કોઇ ગાતી હતી ને કોઇ વાતો કરતી હતી ને એક બીજા ઉપર ફૂલ નાંખતી હતી ને કોઇ વળી હિંચકા પણ ખાતી હતી ત્હેમના ભારથી હિંચકા ચુચુડ ચુચુડ બોલતા હતા.

જોધબાઇ એક સુનેરી કસબના લુગડાથી મ્હડેલા, સુનાના, રત્નજડીત મીનાકારી કોચ ઉપર સુતી હતી, કોચની ચારે બાજૂએથી મોતીની શેરો લટકતી હતી, ચાળીસ વર્ષ ઉપરની ઉમ્મર જોધબાઈની હોવા છતાં તે હજી ઘણી ખૂબસુરત હતી. ત્હેના શરીરનો ઘાટ ઘણો સરસ હતો. ત્હેનો ચેરો ખૂબસુરત હતો ત્હેના વાળ કાળા ભમર જેવા હતા; ને આંખ્યો પણ કાળી ને ઘણી સુન્દર હતી. શેહેનશાહ ત્હેને ખરા અંતઃકરણથી ચ્હાતો હતો. ને રાજ્ય કરતાં ત્હેની વધારે દરકાર કરતો હતો, સો ઉપર દાસીઓ ત્હેની હાજરીમાં હતી. કોઇ પ્હેરો ભુઓને પંખો નાંખતી હતી, કોઇ ગુલાબનું અત્તર છાંટતી હતી, કોઇ પાન તથા એળચી વ્હેંચતી હતી, ને બાકીની રમત ગમત કરતી હતી.

મિહાર-ઉન-નિસાએ ને ત્હેની માએ શેહેનશાહ બાનુને નમન કર્યું. બેગમગયાસ શેહેનશાહ બાનુ પાસે બેઠી. ને મિહાર-ઉન-નિસા ન્હાની છોકરીઓ જોડે રમવા ગઈ. ત્હેણે સતાર હાથમાં લીધો ને જેવાં આંગળાં સતારના તાર ઉપર ફર્યાં કે મધુર સુરો નીકળવા માંડ્યા. કોઇવાર તે કરૂણા જનક ગીત વગાડતી ને કોઇવાર આનન્દદાયક ગીતો વગાડતી હતી. પછી ત્હેણે સતાર મૂકી દીધો ને ઉમરખાનનાં કાવ્યોમાંથી એક ગાવા માંડ્યું. ને ત્હેની સાથે નાચવા પણ માંડ્યું, ત્હેના પગના કાંડાની આસપાસના ઝીણા ઝીણા ચાંદીના ઘુઘરા ગાયનના તાલ પ્રમાણે વાગતા હતા.

(હરિગીત.)

નવરંગ મધુર ગુલાબ સગે ગુમ થશે જ બહાર હા !
ને થશે બંધ જવાનીનાં પાનાં સુગન્ધીદાર હા !
તરૂ ડાળ માંહિં ગાતું મીઠું ગાન બુલબુલ હોણુ જે,
હા ! ક્યહાંથી આવ્યું ? ક્યહાં ઊડી ગયું પાછું ? જાણે કોણુએ ?—૧.

ઓ વ્હાલી ! કિસ્મત લઈ મદદમાં સોધતાં તું હું મળી,
આ કુલ જહાનની ગમ ભરેલી યોજના કળિએ કદી;
તો યોજનાએ તોડી ટુકડા કરી હજારો ને પછી;
શુ નવી ઘડી શું નહિ ફરી દિલ–હવસ લાયક એ રચી ?—૨.

ઓ ચંદ મુજ આનન્દની ! જે ક્ષય ન જાણે કો સમે !
આ ચંદ્ર જે આસ્માનનો ઊગે ફરી, ગગને રમે,
આ એ જ બાગ વિશે પ્રવેશી ઉગીને ફરી ચંદ એ,
મુજ ખોળ કરતો વ્યર્થ કેટલીવાર મથશે મન્દ એ ?—૩.

આ ગાયન તે વખત તથા જગ્યાને માટે દિલગીરી ભરેલુ હતુ, પણુ બધી સ્ત્રીઓ ત્હેના ગાવાનાં ને નાચવાના વખાણુ કરવા મંડી ગઈ. ત્હેના ગાયનના સાંભળનારાંઓમાં એક હતો તે પડદાની બીજી બાજૂએ આવેલી ઓયડીમાં બેઠો હતો, તે હર્ષથી ગાંડા જેવો થયો હતો. ત્હેનું અંતઃકરણુ છેક અંદરથી ધડકવા માંડ્યું. શાહજાદા સલીમે જેવી પાલખીઓ આવતાં જોઈ કે તે મ્હોટા ખંડ કનેની ઓયડીમાં આવીને બેઠો હતો. તે ત્યહાંથી બધું જોઈ સકતો હતો. મિહાર–ઉન–નિસાએ વગાડ્યું તે સાંભળીને તે બહુ ખુશી થયો, ત્હેણે ગાયું ને તે મોહિત થયો, ત્હેણે નૃત્ય કર્યું તે જોઈને ત્હેની ખુશાલીનો પાર જ રહ્યો નહિં. તે ગાઈ રહી પછી ત્હેના મધુર સુરોના સંસ્કાર થોડીવારે બંધ થયા પણ સલીમના હૃદયમાં તો તે ચાલુ જ રહ્યા. તે ત્યહાંથી ઊઠયો ને એક કોચ ઉપર જઈને પડયો.

જોધબાઈએ મિહાર–ઉન–નિસાને થાબડીને કહ્યુ. "ત્હારા ગાયનને લીધે મ્હારાં રોમે રોમમાં આનન્દ વ્યાપ્યો છે ત્હારો અવાજ બુલબુલના જેવો મધુર છે."

બીજી એક સ્ત્રીએ કહ્યું, બહુ જ મીઠો છે. હમે પણુ જાણે મંત્ર માર્યાં હોય તેમ ચુપ ચુપ બેઠાં હતાં. જાણે કે હમારા હૃદય અટકી જઈને ત્હેના મોહ પમાડે હેવા સુરોને લેવાને તૈયાર થયા હોય હેવુ લાગતું હતુ."

જોધબાઈએ મિહાર–ઉન–નિસાના ખુબસુરત ચ્હેરા તથા શરીર તરફ જોઈને કહ્યું, ગયાસબેગ પોતાની છોકરી માટે મગરૂરી ધરાવે ત્હેમાં કાંઈ નવાઈ નથી મ્હને વિચાર આવે છે કે ત્હેને પોતાના જેવો દેખાવડો વર મળશે કે કેમ ?"

બેગમ ગયાસે કહ્યુ, "શેહેનશાહબાનું, મ્હારા પતિએ ગઈ કાલ્યે રાતે મ્હને કહ્યું કે હેમણે શેહેનશાહના લશ્કરમાંના એક જુવાન ઇરાની અમલદારને મિહાર–ઉન–નિસા માટે વચન આપ્યું છે. ત્હેનુ નામ અલીકુલીબેગ છે. એ કહે છે કે અલીકુલીબેગ ઘણો સારો માણુસ છે."

જોધબાઈએ કહ્યું, " સારા સ્વભાવનો હશે પણ મિહાર–ઉન–નિસાને પસંદ આવશે ? તે હેને (મિહાર–ઉન–નિસ્સાને) ચ્હાશે ને પોતાની આંખ્યની કીકીની પેઠે સંભાળશે ? મ્હે પણ સાંભળ્યું છે કે તે ઘણો બહાદુર છે, પણ હેવા લોકો, ખૂબસુરતી, કળા ને કવિત્વની કદર નથી પીછાણી સકતા રાજ્યદરબારી માણસ હોય તે જ આ બધા વાનાં સમજી સકે છે. નક્કી કરતા પ્હેલાં મ્હને પૂછવું જોઈતું હતુ. "

બેગમ ગયાસે કહ્યું. " મહાન રાણી ! મ્હને કાલ્યે રાત્ર જ ખબર પડી. હુ ત્હમારો અભિપ્રાય શી રીત્યે પુછી સકુ ? મ્હને પણ એ પસંદ નથી પણ શું કરૂ ? હેમણે નક્કી કર્યું છે ને એ સમજુ છે ને હુ આશા રાખુ છુ કે સૌ સારાંવાંનાં જ થશે. "

જોધબાઈએ કહ્યું, " હું પણ તેમ જ ઇચ્છુ છુ કર્યું તે ન કર્યુ નથી થવાનુ પણ મ્હને આ વિવાહ (સગાઈ) પસંદ નથી મ્હને નાજુક મિહાર–ઉન–નિસા હેના જેવા અજ્ઞાન સીપાઈની સ્ત્રી થાય તે નથી ગમતુ બિચારી મિહાર–ઉન–નિસાને તો માબાપ જ્યહાં મોકલે ત્યહાં જવું પડવાનુ

બેગમ ગયાસે કહ્યુ, " આપણા દેશમાં હેવી રૂઢી છે. હિન્દુઓ જે પ્હેલા પોતાની છોકરીઓને પોતાની મેળે વર પસંદ કરવા દેતા હતા તેઓ પણ હવે તો આમ જ કરેછે "

જોધબાઈએ કહ્યુ, " હા, તે રીત્ય સારી હતી છોકરીને જે વર પસંદ આવતો હતો ત્હેના ગળામાં ફૂલનો હાર નાખતી હતી ને પછી ત્હેને પરણતી હતી "

બેગમ ગયાસ—" મ્હે હેમને એ જ કહ્યુ પણ ત્હેમને એ વિચાર પસંદ નથી. તે કહે છે કે જુવાન છોકરીઓ જુવાનીમા મોહાન્ધ થાયછે ને ગુણ અવગુણ જોઈ સકતી નથી.'

જોધબાઈ—હેમા હેમની ભૂલ્ય છે. મગજ કરતાં હૃદય વધારે સારી રીત્યે ન્યાય કરી સકે છે. પુરુષને સ્ત્રીના હૃદયની શી ખબર ? તે લોકો કદી આપણ કહેલુ સમજતા નથી. પુરુષ વિવાહ (સગાઈ) કરે એ વાત જ હસવા જેવી છે

બીજી સ્ત્રીઓ બોલી, " આપણને પુરુષો કશામાં ગણતા જ નથી ને જાણે કે આપણને હૃદય, લાગણી કે સમજણ ન હોય ત્હેવી રીત્યે ગણેછે તે આપણા ક્રુર કાયદાઓનુ પરિણામછે."

જોધબાઈ—" હેના કરતા શુ વધારે જોઈએ છીએ ? ને લોકો ધારે છે કે હૃદયને કહ્યાગરા પશુની પેઠે ગમે ત્હેની મરજી પ્રમાણે ચલાવી સકાય "

બેગમ ગયાસ—હા, એમ જ છે પણ આપણાથી શુ થઈ સકે ? રીવાજ જુનો છે તે ભગાય નહિં ! !

જોધબાઈ—" મ્હારી બાબતમાં તે ભંગાયો હતો પ્રેમ બધી વસ્તુઓને જીતી સકે છે."

અકબરની યુરોપિયન સ્ત્રી મેરી કહે "મ્હારા દેશમાં છોકરીઓ પોતાની મેળે વર પસંદ કરે છે. સ્ત્રીઓ પુરુષો સાથે ફરવા જાય છે, ને જેટલુ સુખ પુરુષો ભોગવે છે તેટલું જ સ્ત્રીઓ પણ ભોગવે છે. "

જોધબાઈએ નિશ્વાસ નાંખી કહ્યુ " ત્યહાંનાં રમણિય ખેતરો વેગેરે એકમેક સાથે જઈને જોવાનું કેવું મઝાનુ ? અહિ તો આરસની ભીત્યોથી બંધ થયેલા ખંડમાં રેહેવાથી બહાર શું થાય છે ને શુ બોલાય છે તે હમે કશુ નથી જાણતાં કે સાભળતા. "

બેગમ ગયાસ—" મ્હારા પતિ કહે છે કે સ્ત્રીઓએ પર પુરુષ સાથે બોલવું કે અજાણ્યા માણસને મ્હોં બતાવવું એ કાયદા વિરૂદ્ધ છે. "

મેરી—" તે તો કોણ જાણે હમારા દેશમાંની સ્ત્રીઓ અહિંના જેહવી જ સદ્‌ગુણી હોય છે અને અહિ પુરુષની હાજરીથી આવતા વિચારો તો ત્યા સ્વપ્નામા પણ નથી આવતા."

જોધબાઈ—એમ જ હશે. ત્હમારા દેશની સ્ત્રીઓ દૃઢ મનની હશે. તે પોતે પોતાની સંભાળ લઈ સકતી હોવી જોઈએ. હમે તો તદ્દન પુરુષની મરજીને જ તાબે છીએ. આત્મ નિષ્ઠાથી તો હમે તદન અજાણ્યાં જ છીએ. "

મેરી—હમારા કાયદા પ્રમાણે તો કોઇ પણ પુરુષ એક કરતાં વધારે સ્ત્રી ન કરી સકે, ને જો તેમ કરે તો ત્હેને કેદખાનામા મોકલી સકાય. રાજા પણ આ કાયદો તોડી ના સકે.

જોધબાઈ—" ત્હમારા દેશના લોકો સારા હોવા જોઈએ, ને ખરા પ્રેમની ગાંઠથી જ જોડાયલા હોય તો એક ઉપરાંત બીજી સ્ત્રી કરવાની જરૂર જ શી ! શેહેનશાહ વધારે સ્વતંત્રતા આપવાને અને કાયદાઓ સુધારવાને ઇચ્છેછે, પણ લોકો ના કહેછે. જ્યહારે તે જુદી જુદી જાત્યના લોકોને એક કરશે ને અસલી વિચારો અને વ્હેમોનો નાશ કરી સકશે ત્હારે કાઇક સુધારો કરવાની આશા રાખેછે "

મેરી—" શેહેનશાહ ખરા છે પણ એ સવાલ જ કોરે મુકવાની વાતમા તો હું ત્હેમના મતને મળતી નથી આવતી તે વિચારો લોકોને દર્શાવવા જોઈએ ને તે પોતાની મેળે જ ત્હેમને આકર્ષશે. "

જોધબાઈ—" ત્હમે કહો છો તે ખરીવાત છે ને હું પણ આશા રાખુ છુ કે શેહેનશાહને સુધારા કરવાનો વખત મળશે. ત્હેમને તો બધાની વિરૂદ્ધ થઈને કામ કરવાનું છે. એકલા પરમેશ્વરને જ ત્હેમના સારા ઇરાદાઓની ખબર છે ને તે જ ત્હેમને હાલા રૂઢિથી દબાઈ ગયેલા કદી ન બનેલા સુધારાઓ કરવાને શક્તિ આપે છે તોપણ તે કેટલીકવાર ઘણા ચિન્તાતુર ને નિરાશ જણાય છે. "

મિહાર-ઉન-નિસા જે સલીમની જોડેના પોતાના પ્રેમના ને ભવિષ્યના સુખના વિચાર કરતી હતી તે પોતાનો વિવાહ બીજા સાથે થયેલો સાભળતાવાંત જાણે વીજળીનો આચકો લાગ્યો હોય તેમ મડદા જેવી થઈ ગઈ. ત્હેના ગાલ ઉપરનો ગુલાબી રંગ એકદમ જતો રહી ધોળા થઈ ગયા ને થોડા વખત ઉપર જે રાતા હોઠ હસતા હતા, તે સફેદ થઈ ગયા ને બંધ થઈ ગયા તે સ્તબ્ધ થઈને ઊભી ને પોતાને વિશે જે વાતો થતી હતી તે સાભળવા લાગી. પછી હિમ્મત આણીને તે એક પાસેની ઓરડીમાં ગઈ ને નિરાશાથી મડદાની પેંઠ જઈને એક કોચ ઉપર પડી. ત્યહાં સલીમ પોતે હતો ત્હેની તો હેને ખબર જ ન્હોતી.

શાહજાદા સલીમે પોતાની મા અને બેગમ ગયાસ વચ્ચે થયેલી વાતો સાંભળી હતી, તે શબ્દો ત્હેને તીરની પેંઠ વાગ્યા હતા, ને નિરાશ થઈને તે પણ ત્યહાં પડયો હતો. જ્યહારે મિહાર-ઉન-નિસાને પડદો ઊચકીને અંદર આવતી જોઈ ત્યહારે ત્હેના શરીરમાંની એકે એક નસોમાં ખુશીનુ લોહી ફરવા માડયુ, ને તત્ક્ષણ તે દુ:ખને ભૂલી ગયો. પાસેના કોચ ઉપર જ્યહારે મિહાર-ઉન-નિસાને જોઈ ત્યહારે બહુ ખુશી થયો. તે પોતાના કોચ ઉપરથી ઊઠયો; ને મિહાર-ઉન-નિસાના કોચ આગળ આવી ત્હેની આગળ ઘુંટણીએ પડયો.

મિહાર-ઉન-નિસાએ ત્હેને એકદમ આવેલો જોઈ ચમકીને ઊઠવા જતી હતી, પણ ત્હેણે ના કહી. બન્નેએ એક બીજા સામુ થોડીવાર સુધી જોયા કર્યું, ને કશું બોલાયું નહિં, પણ ત્હેમનો બન્નેનો પ્રેમ આખ્ય ઉપરથી જણાઈ આવતો હતો.

સલીમે ગુંગળાતે અવાજે કહ્યુ. " ત્હારી હુ હજાર વખત માફી માગુ છુ. પણ મેહેરબાની કરી હું કહુ તે ઉપર થોડીવાર સુધી ધ્યાન આપ "

મિહાર-ઉન-નિસાએ બોલવાની હિમ્મત આવવાથી કહ્યુ ' શાહજાદા ત્હમને મ્હારે કશું માફ કરવાનું છે જ નહિ પણ ત્હમારે આજ ત્હમને રમુજ પમાડવાને કાંઈ રમત ગમત નથી ? "

" વ્હાલી, મ્હારા પ્રાણથી પણ વ્હાલી, ત્હને જ્યારથી મ્હે દીઠી છે ત્યારથી મ્હને આરામ નથી. ને ચેન નથી પડતુ. મ્હને ત્હારી કને જ રહેવાનુ મન થાયછે "

મિહાર-ઉન-નિસાએ મ્હેણુ મારીને કહ્યુ " પણ મ્હને શા માટે ત્હમે સોધો છો ? મ્હને એકલી રહેવા દો "

શાહજાદો—તું મ્હારી વેદનાનુ કારણ જાણે છે છતાં ન જાણતી હોય ત્હેવો ડોળ કરીને મ્હને વધારે દુઃખ કેમ દે છે ? હું જ્યારે ત્હને જોઉ છુ ત્યારે ત્હારે વિશે જે મ્હારો પ્રેમ ને દુઃખ વધે છે તે તુ ઓછા કરવાનો પ્રયત્ન કરતી નથી. કદાચ દુઃખ શું તે તું નહિ જાણતી હોય. "

મિહાર-ઉન-નિસાએ દુઃખી અવાજે કહ્યુ. મ્હારા સુખનો જથો જાણે વીજળીથી બળી ગયો હોય તેમ જતો રહ્યોછે, ને ત્હમે કહો છો કે દુઃખ વસ્તુ તુ જાણતી નહિ હોય. જાઓ ત્હમે ત્હમારી મેળે મઝા કરો ને જુઠી ખુશામદો કરી મ્હને ચ્હીડવો નહિ. "

સલીમ—મ્હેં મ્હારા અંતઃકરણને પ્રેમથી વિંધી નાખ્યુછે તોપણ મ્હારા પ્રેમને જુઠી ખુશામદો કહે છે. "

મિહાર-ઉન-નિસા—ત્હમે તો છાની વાતો સાંભળનાર છો મ્હારી મા અને શેહેનશાહબાનુ વચ્ચે થયેલી વાતો ત્હમે સાંભળી છે તેથી મ્હારા ઉપર દયા કરી પરમેશ્વરને ખાતર મ્હને જવાદો. "

સલીમ—બધી વાત મ્હે સાંભળી છે તે હુ કબુલ કરૂ છુ ને ત્હેનાથી મ્હને કેટલું દુઃખ થયું છે તે પરમેશ્વર જ જાણે છે. પણ તુ મ્હને ચ્હાય છે કે નહિ એટલું કહે પછી વચ્ચમાં આવતી બધી અડચણો કહાડી નાખીશ ને હુ ત્હને પરણીશ. "

મિહાર-ઉન-નિસા—(શરમાઈને) ત્હમને પ્હેલે જ દિવસે કહ્યુ હતુ. સ્ત્રીઓ પુરુષોની પેઠે અસ્થિર વિચારની નથી હોતી, જો તે ચ્હાય તો ત્હેમના પૂર્ણ અંતઃકરણથી ચ્હાય ને જીંદગીપર્યન્ત ચ્હાય. ને પુરુષો તો સ્ત્રીઓને રમકડા જેવી ધારે છે ને જ્યારે ખુશી પુરી થાય છે એટલે જાણે કે ફેંકી દેવાનાં.

સલીમે ખુશી થઈને મિહાર-ઉન-નિસાનો હાથ મ્હો આગળ લઈ જઈ ને કહ્યુ. ત્યારે તું મ્હને ચ્હાયછે હેં ! ત્હારા પ્રત્યેનો મ્હારો પ્રેમ ખાલી તરંગ નથી પણ અવર્ણનિય પ્રેમ છે, જે આખો દહાડો મ્હારા અંતઃકરણને બાળી નાંખેછે. હુ ત્હારાપિતાને ત્હારો અલીકુલી બેગ સાથે કરેલો વિવાહ ટાળવાનું કહીશ, ને જો એ નહિં ટાળે તો મ્હારા પિતાને કહીશ. "

મિહાર-ઉન-નિસાએ દૃઢ અવાજે કહ્યું " હું પણ મ્હારાં માબાપને કહીશ. તે લોકો કાંઈ હેવાં ક્રુર નહિં હોય કે મ્હને મ્હારી મરજી ઉપરાંત ત્હાં પરણાવે. "

સલીમ—વ્હાલી, ફિકર ના કરીશ, દુશ્મનોનાં કૃત્યો આપણને નડી નહિં સકે. જ્યારે પુરુષને સ્ત્રી એક જ વિચારના હોય તો પછી કાજી પણ શું કરી શકે ? "

" ત્હમે મ્હારા બાપનો સ્વભાવ જાણતા નથી. તે ઘણા હઠીલા ને સ્વમતાભિમાની છે."

સલીમ—મ્હને ના કેહેવાની ત્હેમની હિમ્મત નહિં ચાલે. મ્હને નાખુશ કરે ત્હેવો તે કાંઇ મૂર્ખ નહિ હોય

" તે તો કોણ જાણે વિચિત્ર છે. "

હું ત્હારા વગર રહી સકુ એ તુ શી રીતે ધારે છે ? જો હું જીવુ તો ત્હારે મ્હને પરણવું પડશે; ને હું જીવીશ ત્હા સુધી ત્હને બીજા કોઇને પરણવા દઇશ નહિં."

એમ કહીને આમન સામાન ઉપર મિહાર-ઉન-નિસા કને બેઠો ને ત્હેની પાતળી કમ્મરની આસપાસ હાથ નાખ્યો ને ચુમ્બન કર્યું

સલીમ—તુ મ્હને મ્હાય એ જ મ્હારી ઇચ્છા છે આ મ્હોટા રાજય કરતાં હું ત્હને વધારે પ્રસંદ કરૂ છુ કારણ ત્હારા સહીત એક ગામડું પણ સ્વર્ગ જેવું લાગે છે.

મિહાર-ઉન-નિસા- ત્હમે ધારો છો ત્હેનાથી ઊલટું જ થવાનુ નસીબમાં લખેલું લાગે છે. પ્હેલેથી નિર્માણ થઈ ચૂક્યુ છે, ને તે ફરવાનુ નથી. ત્હમે તો થોડા વખત પછી શેહેનશાહ થશો, ને ત્હમને સુખ પમાડવાને એટલાં બધા વાનાં મળશે કે મ્હને તો ભૂલી જશો. પણ હુ તો કદી ભૂલવાની નથી.

સલીમ—ત્હને ભૂલી જઈશ ? ત્હને ? અત્યારે જો બનવુ શકય હોત તો મ્હારૂં અંતઃકરણ ચીરીને બતાવત કે અંદર ત્હારી છબી પડી છે કે નહિં, હા, ત્હને ભૂલી જાઉ તો ત્હારા પ્હેલા હુ મ્હને પોતાને જ ભૂલી જઇશ જો પેલો જંગલી ઇરાની મ્હારા રસ્તામાં આવશે તો હેનું માથું ધુળમા ગબડશે.

મિહાર-ઉન્ન-નિસા જવાબ દેવા જતી હતી. પણ એટલામાં બારણું ઊઘડયુ ને બેગમ ગયાસને ગુસ્સાથી કાપતી ઊભેલી જોઈ ત્હેની આખ્યમાંથી ક્રોધ રૂપી અગ્નિ વરસતો હતો

ત્હેણે આગળ આવીને કહ્યુ " શાહજાદા ત્હમારે તો ત્હમારી પ્રજામાં સારો દાખલો બેસાડવો જોઇએ તે ત્હમે મ્હારી મૂર્ખ, નિર્દોષ મિહાર-ઉન-નિસાની લાગણીઓ જોડે રમત કરો છો, ને તે પણ આવે ધોળે દહાડે, ને ત્હમારી માના ઓરડાની પાસે જ. આ ત્હમને બિલકુલ છાજતું નથી. "

શાહજાદા—મ્હારૂ સાંભળો મેહેરબાની કરી સાંભળો.

બેગમ ગયાસ—સાહેબ ! કહેવાય છે કે આખ્યે જોયેલી વસ્તુનું પ્રતિબિમ્બ પાડવાને કાંઈ ચાટલાની જરૂર નથી. મ્હારે નથી સાંભળવુ, ચાલ્ય, મિહાર-ઉન્ન-નિસા.

સલીમ—બાનુ, મિહાર-ઉન-નિસા પોતે જ કહેશે કે મ્હેં ત્હેનું કશું અપમાન નથી કર્યું.

મિહાર-ઉન્ન-નિસા-" મા. "

બેગમ ગયાસ-" ચુપ, રહે દુષ્ટ છોકરી " ને પછી સલીમ તરફ જોઈને કહ્યુ "મ્હારી

છોકરીને લલચાવીને લઈ જવાનો તમોને કશો હક નથી. "

એમ કહીને મિહાર—ઉન-નિસાનો હાથ મજબુત રીતે ઝાલીને શેહેનશાહબાનુ જ્યહાં આરામ લેતાં સુતાં હતાં તે ખંડમાં લઈ ગઈ.

બેગમ ગયાસે જોધબાઈ કને આવીને આંસુથી ભરેલી આંખ્યે કહ્યુ " હે શેહેનશાહ બાનુ ! આ દુનિયા પાપીષ્ટ છે ને સારી ચાલ ચલગતવાળાં માણસોને પણ બગાડે છે. મ્હારી છોકરી પાસેની ઓરડીમા આરામ લેવા ગઈ હતી, ત્યા શાહજાદા સલીમ આવ્યા, ને મ્હે જ્યહારે જોયુ ત્યહારે બે જણા પાસે પાસે બેઠા હતા ને ગુપચુપ વાતો કરતાં હતા. એકવાર તોડેલું સદ્ગુણનું ફુલ ફરીથી ખીલતુ નથી. શાહજાદાએ તો પોતાના જે'વા જુવાનિયાઓ ઉપર સારી અસર કરવી જોઈએ ને ત્હેમના પોતાના કલ્યાણાર્થે ને લોકોના કલ્યાણાર્થે શા ઉપાય લેવા જોઈએ તે આપને વધારે ખબર છે. "

જોધબાઈએ પોતાના છોકરા માટે ખુશી દર્શાવનારી રીત્યે કહ્યુ, " મ્હારો કુવર ભરજુવાનીમા છે. ને જુવાની તે દાબમાં ન રાખી સકાય હેવી સ્થિતિ છે, પણ તે કોઇ મ્હોટો માણસ થશે એમ લાગે છે તો ખરૂં પણ એટલી ખાત્રી રાખજો કે ફરીથી હેવુ નહિ થવા દઈએ. ત્હેને હું ઠપકો દઈશ. પણ કોઇને કહેશો નહિ. એટલુ સારૂ હતુ કે ત્હમે એકલાંએ હેમને જોયાં છે. "

બેગમ ગયાસ નમન કરી–" ઠીક નહિં કહુ આપ જે કરશો તે યોગ્ય જ કરશો. "

જોધબાઈ—' શાહજાદા પોતાની વર્તણુંક સુધારશે, પણ આ વાત ત્હમારે તદ્દન છાની રાખવી '

બેગમ ગયાસ—હા તે માટે ત્હમે મ્હારા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખજો ત્હમે મ્હારી સાથે બહુ માયાળુ રીત્યે વર્ત્યા છો ને હજી પણ મ્હારી બેટીની આબરૂ સંભાળવાનો પ્રયત્ન કરો છો. "

જોધબાઈ—શેહેનશાહે કહાવ્યું છે કે સાંઝે તેઓ અહિં પધારવાના છે. એ આવશે ત્યહારે બહુ સારૂં લાગશે.

બેગમ ગયાસ—" ત્યહારે હવે હમે આપની રજા લઈએ છીએ આપને કામ હશે. "

જોધબાઈ—" હા, મ્હારે જોવું છે કે સાઝને માટે બધી તૈયારીઓ રાખી છે કે નહિ આવજો ત્યહારે. "

બેગમ ગયાશે નમન કર્યું ને શેહેનશાહબાનુના હાથ ઉપર ચુમ્બન કર્યું, ને પાછી ફરવાની તૈયારીમા હતી એટલામાં મિહાર–ઉન–નિસા ઘુટણીએ પડીને શેહેનશાહ બાનુને કહેવા લાગી, હે શેહેનશાહબાનુ ! મ્હારી પ્રાર્થના સાભળો, મ્હને ખાતરી છે કે ત્હમે મ્હારાં માબાપ જે'વાં કઠણ હૈયાના નથી આપનો કુવર મ્હને ખરા અંતઃકરણથી ચ્હાયછે, ને હું પણ ત્હેમના મતની વિરૂદ્ધ નથી. જ્યહારે ત્હેમણે મ્હને પ્હેલે દહાડે જોઇ ત્યહારથી જ હમારી બન્ને જણાં વચ્ચે પ્રેમ ઉત્પન્ન થયોછે. ને મ્હે ત્હેમને પરણવાનું વચન આપ્યુંછે. શાહજાદા એકદમ મ્હારી ઓરડીમાં આવ્યા ત્હેનું કારણ કે તેઓ મ્હને ચ્હાય છે ને હું ત્હેમને ચ્હાઉં છુ. આપને પ્રેમ તે શી વસ્તુ છે તે તો ખબર હશે જ તેથી હુ બધું ચોખ્ખે ચોખ્ખું કહુ છું તે માફ કરશો. પણ હું શાહજાદાને ચ્હાઉં છું ને ત્હેમનું સુખ ત્હમારા હાથમાં હશે જ. આપ જે હાવા મ્હોટા દેશનાં શેહેનશાહબાનું છો તેથી ત્હમને, આ દુઃખમાંથી

મ્હને બચાવવાની વિનંતી કરૂં છું. મ્હારાં માબાપ મ્હને, હુ નથી ઓળખતી, કે મ્હાતી ને મ્હાઈ સકતી પણ નથી, ત્હેવા માણસને પરણાવવાનાંછે. તેથી હુ આપને મ્હારાં માબાપ મ્હને જે દુઃખ કરવાનાંછે ત્હેમાથી છોડવવાની અરજી કરૂંછુ."

બેગમ ગયાસ આ બધું સ્તબ્ધ થઈને સાંભળી રહિ, અને મનમા બહુ જ ચીઢાઈ ગઈ, ને એકદમ ગોઈ જઈને ભોંય ઉપર પડીને કહ્યુ, હાવી માબાપને શરમાવે હેવી છોકરી થઈ ત્હેના કરતા પરમેશ્વરે ન જ આપી હોત તો સારૂ."

જોધબાઈ—"ઉતાવળા ન થાઓ તમે શુ મિહાર-ઉન-નિસાએ મ્હને બધી ખરી વાત કહી તેથી ચીઢાયાં છો? મ્હારા ઉપર શા માટે ભરૂસો ન રાખો? તે શું મ્હારી છોકરી પણ નથી? બેગમગયાસ! આ ત્હમારો સ્વભાવ મ્હને પસંદ નથી. ત્હમે પ્રેમ તે શી વસ્તુ તે નહિં જાણી હોય."

બેગમ ગયાસ—"હું જ્યહારે પરણી ત્યહારે બાળક હતી ને હું ત્હેમને મ્હાઉં છુ. ત્હેના કરતા બીજી કેઈ જાત્યનો પ્રેમ હોઇ સકે!

જોધબાઈ—"હ! તેથી ત્હમે ત્હમારી છોકરી તરફ નથી. ધીરજ રાખો, બધું સારૂં થશે, બધું મ્હને સોંપો.' પછી મિહાર-ઉન-નિસા તરફ ફરીને કહ્યુ, "ત્હેં ત્હારી બધી વાત મ્હને કહી તે સારૂ કર્યું. હું કોઇને નહિં કહુ તેથી શાન્ત થા, ને ઇશ્વિર ઉપર ભરૂસો રાખ્ય. તે બધુ સારૂં કરશે, એટલી ખાત્રી રાખજે કે હુ ત્હને સુખી કરવાને મ્હારૂં બનતુ કરીશ"

મિહાર-ઉન-નિસાએ ડસકા ખાઇને કહ્યુ "ઘણી મેહેરબાની. મ્હને હિમ્મત આણવા માટે તથા આશાવત કરવા માટે ઇશ્વર ત્હમારૂ કલ્યાણ કરો! મ્હારા ખરા મા ત્હમે જ છો."

પછી બેગમ ગયાસે ફરી નમન કર્યું ને મિહાર-ઉન-નિસાને લઈને પાલખીમાં બેશી ઘેર ગયાં.

પ્રકરણ ૬ હું.

સ્હવાર કરતાં સાંઝે વધારે ભપકો હતો. ન્હાના ન્હાના સુન્દર દીવાઓથી મંડપ ઘણો સરસ જણાતો હતો, ને આરસની ભીત્યો ઉપરથી તે દીવાઓના અજવાળાનુ પરીવર્તન થતુ હતુ. તે રોશની વાળી જગ્યા દૂરથી, ત્યહાંની જાળીને લીધે, પ્રકાશની નદીના જેવી જણાતી હતી. આરસ'હાણુની જમીન ઉપર વેરેલાં ગુલાબનાં ફૂલની વાસથી ઓરડો ભરાઈ ગયો હતો ને ત્હેવી જમીન ઉપર નાજુક બાંધાના શરીરવાળાં માણસો હીરામાણેકને મોતીથી ઝગમગતા પોષાક પ્હેરીને ચાલતાં હતાં. લાલ, ધોળા, વગેરે રંગબેરંગી ફૂલોથી ભરપૂર ડાળીઓ જેમ પવનની આગળ નમેછે તેમ તે લોકો એક પુરુષની સ્હામે નમતાં હતાં. તે પુરુષ તે આપણો શેહેનશાહ અકબર હતો. શેહેનશાહ અકબર ઘણો હળતો મળતો હતો, ને ઘણો પ્રફુલ્લ જણાતો હતો, ને ત્હેને જ્યહાં જાય ત્યહાં ગાન, તાન, ને નૃત્ય આવકાર આપતાં હતાં. જનાનખાનાની કેટલીક સ્ત્રીઓ દોડમદોડા કરતી હતી, કેટલીક કુડાળુ વળીને નાચતી હતી ને ત્યહાં જનાર પુરુષને મોહ પમાડતી હતી

શેહેનશાહ અકબર એક સુનાના કોચ ઉપર બેઠો હતો. ને ત્હેની જોડે ત્હેની રાણી જોધબાઈ બેઠી હતી. ત્હેણે બહુ સરસ વસ્ત્ર પ્હેર્યાં હતાં, ને ત્હેના પોષાકમાં ઘણા જ કીમ-

તી હીરા મોતી ઝગમગતાં હતાં. ગળામાં ઘણી જ કીમતી કંઠી પ્હેરેલી હતી. ચન્દ્રની આસપાસ પારદર્શક વાદળું જેમ હોય છે તેમ ત્હેની આસપાસ ઉત્તમ જાતના રેશમની આશમાની રંગની સાડી હતી. ત્હેમની સ્હામે હજારો જાતની વાનીઓ પીરશેલી થાળીઓ મૂકવામાં આવેલી હતી ત્હેમાં વળી દ્રાક્ષ તથા રસથી ભરેલાં દાડમ, કેળાં, સફરજદ અને જાત જાતનાં ફળો હતાં.

અકબરે પૂછ્યુ " તું આટલા બધા વખતથી વિચારમાં ગુથાયલી હોય હેવી કેમ જણાય છે ! ત્હારા ખુશ-મિજાજી સ્વભાવને હાવો બનાવનાર શી વસ્તુ છે ? "

જોધબાઈ—" ના કાંઈ ખાસ કારણ નથી પણ મ્હારૂં ચિત્ત આજ વ્યગ્ર છે ખરૂં "

અકબરે આતુરતાથી પૂછ્યુ " શી બાબત ? "

જોધબાઈ—" મ્હારે ત્હમારાથી કાંઈછાનુ છે જ નહિ, એક બાબત વિશે હુ ગુંચવાડામાં પડી છું. તે ત્હમને પણ સમઝાશે, ને આશા છે કે ત્હમે મ્હારો ગુચવાડો દૂર કરી સકશો. "

અકબર—" મ્હને મેહેરબાની કરી ટટળાવ્ય નહિ. ત્હને હાવી સ્થિતિમાં જોઉંછુ તો મ્હને દુઃખ થાય છે. "

જોધબાઈ એ હશી પડીને કહ્યું. તે પ્રેમની બાબત છે "

અકબર—" અહં સમઝ્યો. તું મ્હારી મશ્કરી કરવાનું ધારે છે.

જોધબાઈ "ના, ના, તેમ નથી, ત્હમે મિરઝા ગયાસ બેગમની ખુબસુરત છોકરી મિહાર-ઉન-નિસાને તો જોઈ છે ખરૂં કની ?

અકબર—" હા, પેલી તે દિવસે ત્હારી આગળ મધુર અવાજે ગાતી હતી, ને આપણા મીના બજારમાંની ન્હાની ન્હાની સુન્દર વસ્તુઓ જે બહુ ખપે છે તે ભરે છે તેજ કે ?

જોધબાઈ—" હા એજ ત્હેને માટે આપણા સલીમને પ્રેમ ઉત્પન્ન થયો છે. "

અકબર—" ત્હેમાં કાંઇ નવાઈ નથી. ઉમદા મનનો માણસ પણ ત્હેની ખબસુરતીથી મોહિત થઈ જાય તો સલીમ મોહિત થાય ત્હેમાં નવાઈ નથી તે રાણી થવાને લાયક છે. ને હાવી સર્વગુણ સંપન્ન વહુ મળે તો ત્હમારે પણ મગરૂર થવુ જોઈએ. હુ ત્હેને માટે પૂર્ણ ખુશીથી હા કહું છું ને આશા છે કે ત્હને પણ આ જોડુ પસંદ હશે "

જોધબાઇ—" ત્હમારી મરજી હોય તો મ્હારી મરજી પૂછ્વાની જરૂર જ નથી. પણ બીજી બાબતો ધ્યાનમાં લેવાની છે. "

અકબર—જો પ્રેમ સત્ય હોય તો લોખંડના હ્રદયવાળા માણસને પણ ફેરવી નાંખેછે. હું જ્યહારે ત્હારી સાથે મોહમાં પડ્યો ત્હારે ત્હારાં માબાપની હા આવશે ને તું મ્હારી રાણી થઈશ એ કોણ જાણતુ હતું ! ને તો પણ પ્રેમે બધી અડચણોને જીતી લીધી ને તુ આખરે મ્હારી થઈ છે. ત્હારાં માબાપની હા મેળવવી એ કાંઈ સ્હેલી વાત હતી ? છતાં મ્હેં ત્હેમને પ્રેમથી જીત્યાં છે. ને મ્હેં જ્યહારે ત્હેમને કહ્યું કે મ્હારી જીંદગીને મ્હારૂ સુખ ત્હેમના હાથમાં છે, ત્યહારે તો એ લોકોએ મ્હને સુખી કરવાને પોતાની સાંસારિક સ્થિતિનો ત્યાગ કરી, કઠણ હૈયાનાં ના થઈ, ત્હારે માટે હા કહી. અંત સુધી નિમકહલાલ, હેવા રજપુત લોકોછે, એકવાર ત્હમારે ત્હેમની સાથે મિત્રાચારી થઈ કે પોતાની નાત્ય જાત્યનો આપણે માટે ભોગ આપેછે. મ્હારે ત્યહાં તે લોકો મંત્રિ તરીકે ને સગા સ્નેહી તરીકે છે તેથી હું બહુ મગરૂર છું. "

જોધબાઈએ નિઃસાસો નાંખી કહ્યું " હવે થયું. તહમારાં કરેલાં વખાણ વાજબી છે. તે વખતે તહમે મ્હને હિંમત રાખવાનું કહેતા હતા પણ મ્હને બધું માયા જેવું લાગતું હતું. હું મ્હારાં માબાપને બરોબર રીતે ઓળખતી હતી, ને મ્હને દુઃખમાંથી છુટવાને માટે મરણ શિવાય બીજો રસ્તો જણાતો ન્હોતો પ્રેમ બધી વસ્તુઓને જીતી શકે છે તે ખરી વાત છે. તલવાર કરતાં પ્રેમ જોરાવર છે. જો તહમે તહમારી સત્તા વાપરી હોત તો તે લોકો શરણ ન થાત પણ (લડાઇનું કહેણ) " જોહાર " કહાવત; પણ પ્રેમ સામે લડવાને તેઓ અશક્ત હતાં. "

અકબર—" આ દેશ ઉપર પ્રેમથી રાજ્ય કરવાનો મ્હારો વિચાર છે. તે દરેક જણાના હૃદયમાં પ્રેમરૂપિ અગ્નિ ઉત્પન્ન કરી બાપ ને દીકરી અને ભાઇઓભાઇઓ વચ્ચેના વેરનો નાશ કરવાનો વિચાર છે. મ્હેં ત્હેમને કહ્યુ છે કે એક જ ઇશ્વર છે ને તે ઇશ્વર તે પ્રેમમય ઇશ્વર છે, ને ત્હેની પાસે જવાને એક જ માર્ગ છે ને તે માર્ગ તે ભક્તિ છે. જો કે ત્હેને ઘણી રીતે પૂજાય છે. મ્હારી શીખામણની અસર થાય ને આ વિજાતીય, ક્ષુદ્ર બુદ્ધિના, ખોટા વિચાર કરનારા અને મોહાન્ધ લોકો એક થઇ જાય ને હિન્દી પ્રજા એક જ જાત્યની થાય તો કેવું સારૂં !"

જોધબાઈ—તેમજ થજો. જે ઇશ્વિરે આ બધા લોકોને ઉત્પન્ન કર્યા છે, તે તહમારા વાવેલા બીજનું સારૂં ફળ નક્કી લાવશે.

અકબર—તો પણ મ્હને કોઇ કોઇવાર હેવું લાગે છે કે આ બધું મ્હારૂં કરેલું વ્યર્થ જશે. આ કમનસીબ ખંડના (ભરતખંડના) નસીબમાં કાંઇક હેવું લખેલું છે કે બુદ્ધ, ઝોરાસ્તર ને શંકરાચાર્ય જેવા મહાન્ પુરુષોની કરેલી મહેનત, પણ વ્યર્થ ગઇ છે. "

જોધબાઈ—ના તેમ નથી હમ્મેશાં નઠારૂં જતું રહેછે, પણ સારૂં તો અનંતકાળ સુધી રહેશે જ. આ તહમે જે મહાદેવાલયનો પાયો નાંખ્યોછે ત્હેની ચોકી રખાશે, ને તહમે નહિં હો ત્યારે પણ ત્હેને ઊંચી પદવીએ ચઢાવશે.

અકબર—હા તેમ થાય તો તો સારૂં જ તો. પણ હજી સુધી તો સલીમ ત્હેવી ઊંચી પદવીને લાયક જણાતો નથી. તે તો ફક્ત મોજમઝાનો શોકીન છે.

જોધબાઈ—તેતો હજી ન્હાનો છે. પણ હેનું મન મ્હોટું છે. તે જો પરણે તો ત્હેના બધા તરંગો જતા રહે, ને આખી જીંદગી બદલાઈ જાય.

અકબર—પ્રેમ બધું કરી શકે છે. મિહાર-ઉન-નિસા ત્હેને બચાવે, ને તેથી આખા દેશને જુલમ અને નઠારા રાજ્યથી બચાવી શકે.

જોધબાઈ—પણ તહમારે મિહાર-ઉન-નિસા જોડે સલીમને પરણાવવાની યુક્તિ શોધી કહાડવી જોઈએ. તહમે ને સલીમ કાંઇ એક નથી. ને જો તહમે ત્હેને મદદ નહિં કરો તો તે બધી અડચણોને શી રીતે દૂર કરી સકશે ?

અકબર—શી અડચણો છે ? મિહાર-ઉન-નિસા બીજા કોઇને ચ્હાય છે ? જો તે મ હોય તો તો હું કાંઇ નહિં કરી સકું, પણ મ્હને ખાત્રી છે કે એ સલીમને ચ્હાતી જ હશે. તે હેના જેવો જ ખૂબસુરત છે.

જોધબાઈ—તે તો સલીમને જ ચ્હાય છે. ત્હેણે મ્હારી આગળ તે વિશે ત્હેની મા દેખતાં જ કહ્યું છે. તે કાંઇ શરમાળ નથી. ત્હેણે આજ જ મ્હારા ખંડ પાસેની ઓસરીમાં

સલીમ જોડે વાતો કરી હતી. મ્હને લાગે છે કે આપણી પેઠે તે લોકોએ પણ ઘણીવાર છાની રીત્યે વાતો કરી હશે. ”

અકબર—ત્હારે શી અડચણ નડે છે ? ગયાસબેગ તરફથી તો વાંધો નહિં જ હોય ને ?

જોધબાઈ—ત્હેનો જ વાંધો છે. બિહાર-ઉન-નિસાની મા મ્હને કહેતી હતી કે ત્હેનો વિવાહ તો અલીકુલીબેગ જોડે કર્યો છે, ને તે કહાડી ન નંખાય.

અકબર—ત્હારે તું શું કરવું ધારે છે ? જો સલીમ પોતે જ પુછે તો ના નહિં કહે.

જોધબાઈ—તે તો કોણ જાણે તેથી તો હું ત્હમને કહું છુ.

અકબરે દ્રઢતાથી કહ્યું “ ના વ્હાલી, હું કાંઈ ત્હેમને ફરજ ન પાડી સકું. એટલું જ નહિં પણ હેમને તે બાબત આગ્રહ પણ ન કરી સકુ, કારણ મ્હારો આગ્રહ તે હુકમ જેવો જ ગણાય, ને હેવી બાબતમાં હુકમ ન થઈ સકે. હુ ન્યાયવૃત્તિનો પાયો નાંખનાર છું તો ત્હેનાથી મ્હારા છોકરા માટે પણ આડો નહિં જાઉં. મ્હારો નિયમ હું તોડી સકું તેમ નથી. આ માટે હું દિલગીર છું પણ મ્હારા કુંવરને માટે હું ગયાસબેગ અથવા અલીકુલીબેગને વિવાહ કાઢી નાંખવાનું કહી સકું એમ નથી. મ્હને પરમેશ્વરે આટલી બધી પ્રજા આપી છે, ને સલીમને માટે મ્હારો જેટલો પ્રેમ છે તેટલો જ તે લોકોને માટે છે. હું કોઈ પણ અન્યાય અથવા તો ક્રુરતાના કામથી મ્હારા રાજ્યને કલંક લગાડવાનું મ્હાતો નથી. હું કેટલીકવાર કલાકોના કલાક સૂધી બેસુંછું, ને પ્રાચીન પ્રજાઓનો ને પ્રાચીન સમયનો ઇતિહાસ વાંચું છું ને તે ઉપરથી જણાયછે કે મહાન નરો વિશે ત્હેમના પૌત્રાદિકો કેવા ખરાબ વિચાર આણેછે ને ત્હેમની નજીવી ભૂલ્યોને ગુન્હા તરીકે ગણેછે, ને સારામાં સારા માણસને પણ સમય જોઈને વર્તવું પડેછે તે ભૂલી જાય છે. મ્હારે પણ મ્હારી પ્રજાને માટે મ્હારી મરજી વિરૂદ્ધ કામ કોઇ વાર કરવું પડેછે. લોકો હમ્મેશાં નઠારાં કામો ખાસ ગણેછે. પણ સારાં તો ધ્યાનમા એ લેતા નથી. અને સારા માણસને જોઈને લોકો બળી જાયછે. તે સારાં કામોમાં નિશ્ફળ થાય હેવું ઇચ્છે છે. તેથી સારી અસર કરવા માટે દરેક માણસે સારા ને પ્રમાણિક રહેવું જોઈએ કે નઠારા માણસોને કાંઇ કહેવાનું કારણ જ ન મળે. લોકો મ્હને પૃથ્વિ ઉપર ઊતરેલા ઇશ્વરના અંશ તરીકે ગણે છે, ને મ્હારે પણ ત્હેમનું માન ને મ્હારા ઉપરનો ભરૂસો કાયમ રાખવા માટે પ્રયત્ન કરવો જોઈએ. ”

જોધબાઈ—ત્હમે બીજી બધી બાબતમાં ખરા છો પણ આ બાબતમાં હું ત્હમારા મતને મળતી નથી. મ્હને તો એટલી જ ખબર છે કે ત્હમારા ઉપર આપણા કુંવરના સુખ દુઃખનો આધારછે. ત્હમે એક શબ્દ બોલો તો તે કામ થઈ જાય ત્હેવુંછે.

અકબર—પણ હું કાંઇ ત્હેવું કરી સકું તેમ નથી. શાહજાદો પોતે પ્રયત્ન કરીને ત્હેને જીતી સકે તો મ્હારે ના નથી. પણ ત્હેનું કાંઇં નહિં ચાલે તો હું કશું કરવાનો નથી.

જોધબાઈ—તે વખતે ફત્તેહ પામે પણ ખરો; પણ ત્હમારે આ વાત વિશે કાંઇ વાંધો નથી એમ હેણે જાણવું જોઈએ.

અકબર—તું જાણે જ છે કે મ્હારે કશો વાંધો નથી એમ હું ખુલી રીત્યે કહીશ, પણ બીજું કશું નહિં થાય.

જોધબાઈ—ત્હમે ત્હેનાથી વધારે કરી સકો ખરા, પણ ત્હમે તે બાબત વધારે જાણો તો જ; કારણ જો સલીમને મિહાર-ઉન-નિસા નહિં મળે તો શાં પરિણામ આવશે તે કોણ જાણે.

અકબર—મ્હને ત્હેની બ્હીક નથી. સલીમ તો સ્વચ્છંદીછે. ને મ્હને લાગેછે કે ત્હેનો પ્રેમ તો ક્ષણભંગુર તરંગછે માટે ત્હેને માટે તું ચિન્તા ન કરીશ. નઠારા લોકોની સોબત રાખે છે તેથી મ્હને દુઃખ થાયછે. યુવાવસ્થામાં જ્યહારે ત્હેણે પોતે ભવિષ્યની મ્હોટી જગ્યા માટે તૈયાર થવુ જોઈએ, ત્હેવો સમય આમ નઠારા લોકોની સોબતમાં ગાળીને નઠારી કેળવણી મેળવે છે તે છાજતુ નથી. હેના ઉપર તો આખા રાજ્યના સુખનો આધાર છે. તોપણ હું ત્હેને પ્રેમ ને સખ્તાઇથી પાંશરો કરીશ.

જોધબાઈ—હાસ્તો, મીઠાસ તો વાપરવી જ જોઈશે, સૌથી પ્હેલાં એ વાપરવી જોઈએ. તે ઘણો નમ્ર છોકરો છે ને સુધરશે. સખ્તાઇથી ઉલટો બગડશે! ત્હમે કહ્યું તેમ લોકો તો રજનું ગજ કરે. લોકો કહેછે તે બધું ખરૂં હોય તેમ હુ માનતી નથી.

અકબર—હા તેમ પણ હોય. હમ્મેશાં રજ હોય તો ગજ કરે ને?

જોધબાઈ—ત્હેનો મિહાર-ઉન-નિસા ઉપરનો પ્રેમ સત્ય પ્રેમ હોય, ને વખતે ત્હેની આખી જીંદગી સુધારી દે ને ત્હેને પવિત્ર કરે!

અકબર—મ્હને નથી લાગતુ કે સલીમનો પ્રેમ સત્ય હોય તે તો બુલબુલ જેવો છે. ને દરેક નવી જાતનાં ફૂલ ચાખવાને આતુર હોયછે તેવો બુલબુલ જેવો છે. ને હું નથી ધારતો કે મિહાર-ઉન-નિસા ત્હેના જેવાને સત્ય પ્રેમવાળો કરી સકે.

જોધબાઈ—વખતે ત્હમારૂ ધારવું ખોટુ પણ હોય. મિહાર-ઉન-નિસા ત્હેના ઉપર રાજ્ય ચલવશે હું ત્હેને ઓળખુ છું ને ખાત્રી છે કે તે સલીમને તાબામાં રાખી સકશે.

અકબરે થોડો કંટાળો બતાવીને કહ્યું, તેમ પણ હોય. પણ હવે હાવા વિષયને જવા દો. તે મ્હને ગુચવાડામા નાંખેછે ને ઊંઘમાં ખલલ કરેછે. હુ ત્હમારી કને થાકથી તાજા થવાને માટે થોડા કલાક માટે આવ્યો, પણ અહિં પણ મ્હારા આરામને હેરાન કરનારી વસ્તુઓછે. રાજાને કદી નિરાંત કે ફુરસદ હોતી જ નથી."

જોધબાઈએ—દિલગીર થઈને કહ્યું, ત્હમે થાકયા છો. હું કેવી અવિચારી કે મ્હેં ત્હમને હેરાન કર્યા. હું ઘણી દિલગીર છું. મ્હને માફ કરો."

એમ કહીને ઊઠીને પોતાને હાથે અકબરને શરબત પીવાને આપ્યો જે ત્હેણે ઘણી ખુશીથી પીધો પછી જોધબાઈએ સતાર લીધો ને આંગળાં અડકતા વાંત આખા ખંડમાં મધુર સુરો ફેલાઇ ગયા તે આનન્દમાં ઉમેરો કરવાને ઝંઝીરાં પ્હેરેલી વારાંગનાની ટોળી આવી અને સતારના તાલ પ્રમાણે નૃત્ય કરવા તથા ગાવા મંડી ગઈ.

(ગરબી) ૧

પ્રેમે પીડિત ચંદ્રા જો આ એકલી,
મન્દ સરંતી છાની રજનીપંથમાં;
પ્રેમ તણી કંઇ શોધ કરંતી, ને વળી
પ્રેમે પાડયા તેજ તણી, એ ખંતમાં. ૧

કોયલડી રહી છાયાતરુના કુંજમાં,
'વ્હાલા ! વ્હાલા !' વદતી રસભર બોલતી;
કરતી વાતો પ્રેમ સનાતન સંગમાં,
નિઃશ્વાસોથી આત્મ ઊંડો નિજ રેલતી. ૨

(હરિગીત)

૨

વનમાં મળ્યું વનિતા તણું આ વૃન્દ ભર ઉલ્લાસમાં,
નવ કુસુમ કેરી માળ સરીખું દીસતું કંઈ હાસમાં;
સંગીતથી સત્કારતાં સહુ આજ રમ્ય વસન્તને,
સહકાર ડાળે ઝૂલતાં દોલા ઝુલાવી હસન્ત એ.

(ઇન્દ્રવજ્રા) ધીરો વસન્તાનિલ આમ આવે,
રામા વનો ગાન વડે ગજાવે.

(ગરબી)

૩

કોમલ અંગુલિ મધુરા સુર કંઈ છેડતી,
નિદ્રા–પોઢી વનરાજિને જગાડતી રે લોલ;
પંખીડાં ઉત્કંઠ બન્યાં સ્વરેલથી,
પાન કરંતાં સુર મધુરાનું લાડથી રે લોલ.

(સાખી) સ્વર્ગ લોકથી નીકળ્યા ખેલે શીત સમીર,
મધુરં હસતાં ખેતરો કુંજ અને નદી તીર,
સ્વપ્ન લીલાશી પ્રગટતાં !

(ઉધોર)

૪

વદતી બાલિકા સુણું આમ,
લોકો સ્વર્ગ કહે તે ઠામ
હોયે રમ્ય હાવું નાહિં,
મધુર વસન્ત સરીખું ક્યાંહિં ? ૧
ભમતી મોહની વનદેવી,
તૃણમય ક્ષેત્રભુમિ હેવી;
તે પર આજ ધરી ઉલ્લાસ,
રમિયે આપણે પણ રાસ. ૨
હળવા પાય ધરી રસભેર,
ફરિયે રમ્ય ફુદડી ફેર;
અથવા પ્રેમના સુરપૂર્ણ,
વેણુ વગાડિયે સુમધુરી. ૩

તે ગાયનના તથા ઝંઝીરાંના અવાજના સુરોથી ખંડ ભરાઈ ગયો ને શાન્તિ મળ્યાથી અકબરને ઊંધની લ્હેર આવી ગઈ. પછી રાત્રે મોડું થવાથી બધાં ઊંઘી ગયાં ને ઉત્સવ પૂરો થયો.

———:o:———

(પ્રકરણ ૭ મું.)

જ્હારે મિહાર-ઉન-નિસા પોતાની મા સાથે તે ખંડમાંથી ગઈ ત્હારે સલીમને જાણે સૂર્ય અસ્ત પામ્યો હોય ત્હેવું લાગ્યું. સૂર્યનાં કિરણો આરસની ભીંત્યોને અને જમીનને શોભાયમાન કરતાં હતાં પણ તેથી સલીમના પ્રેમાતુર હૃદયને કાંઇ શાન્તિ મળી નહિ; થોડીક વાર ઉપર થયેલી વાતોથી ત્હેનું મન એટલું બધું તો ખુશીથી ભરપૂર થઈ ગયું હતું કે તે નીકળવાને માટે આકાશ તથા પૃથ્વિ બહુ સાંકડાં જણાતાં હતાં. પણ હવે ત્હેને પ્રકાશવંત સ્વર્ગમાંથી જાણે કે ઘોર નરકમાં નાંખી દીધો હોય તેમ લાગ્યું. તે ઉભો થયો પણ ચાલવાને માટે ત્હેનાં ગાત્ર ઘણાં શિથિલ થઈ ગયાં હતાં. તે પાછો સુતો ને કલાકો સૂધી દિલગીરીને વિચારમાં પડયો. તે ભવ્ય મેહેલ ઉપર સાંઝ પડવાથી અંધારૂં વ્યાપી રહ્યું ને હજારો સુન્દર દીવાઓ તારાની પેઠે ચમકવા લાગ્યા, હવે સલીમ ઉઠયો ને પોતાના ખંડ તરફ દિલગીરીથી માથું નીચું નાંખીને અદબ વાળીને સ્હવારે જે ખુશમિજાજી શાહજાદો હતો તે અત્યારે હાવી સ્થિતીમાં પોતાના ખાનગી ખંડમાં પેઠો. ત્હાં ત્હેના આનંદી મિત્રો ત્હેની વાટય જોતા હતા. તે ખંડ ઘણો જ ભપકાવાળો કરી દીધો હતો. ત્હેમાં ચારે ખૂણેથી ફૂલનાં તોરણો લટકતા હતાં. વચમાં નાજુક ભપકાદાર ટેબલ ઉપર આરસના પ્યાલાઓમાં સુગંધીદાર ફૂલો હતાં; ને ત્હેની ઉપર મ્હોટું ભવ્ય ઝુમ્મર લટકતું હતું, ને ત્હેમાંથી નીકળતા પ્રકાશને લીધે ભીત્યોમાં જડેલાં રત્નો ને ભપકાદાર સામાન પ્રકાશી નીકળ્યાં હતાં. ત્હેના મિત્રોએ ત્હેને (સલીમને) હર્ષથી આવકાર દીધો, પણ તે તો દિલગીરી ભરેલે ચ્હેરે એક કોચ ઉપર જઈને બેઠો. તે કોચની પાસે એક સુનાના મેજ ઉપર ઉત્તમોત્તમ દ્રાક્ષારસ હતો.

સલીમની પાસે આવીને એક મિત્રે પૂછ્યું, " આપનો રોજનો તેજસ્વી ચ્હેરો આજ કેમ ફિકો પડી ગયેલો લાગેછે ? "

બીજાએ કહ્યું "આજે વસન્તપંચમીની રાત્રે આપને દિલગીર જોઇને હમને બહુ દિલગીરી થાયછે "

મિરઝા ઇબ્રાહીમ કોકા-" આપને માટે દારૂ, ગાનતાન વગેરે સર્વે તૈયાર છે. આપનો આજસૂધીની દિલગીરીઓ અને ભવિષ્યની ભીતીઓને દૂર કરનારો પ્યાલો ભરૂં ? "

સલીમ—" ગમે તેટલી દ્રાક્ષાનોરસ કહાડીને એક ઘુંટડે પીઉં તોપણ મ્હારા હૃદયમાં બળતો અગ્નિ ઠંડો નહિં પડે. "

ઈબ્રાહીમ—" આપ વ્યંગ્યમાં વાતો કરનાર છો. હમને એમ ટટળાવો નહિં. ચોખ્ખું કહો કે મ્હારે ચંન્દ્ર જોઇએ છીએ " તો હું તરત આકાશમાંથી ખુંચવી લઈ ને આપના ખોળામાં મૂકું. "

સલીમ—" હમે બરોબર અટકળયું, 'મ્હારે ચન્દ્ર જોઇતો નથી, પણ ચન્દ્રમુખી કન્યકા છે તે જોઈએ છીએ. પણ તે ચન્દ્ર જેવી બેપરવા નથી. તે છતાં પણ મ્હારા સુખનું ગ્રહણ કરનાર કાળું વાદળું વચ્ચમાં આવેછે. "

એક જણે પૂછ્યું " તે આપને ચ્હાતી નથી ? ના, ના તેમ તો ના જ હોય. "

સલીમ—"ના, ના તેતો મ્હને ખરા અંતઃકરણથી ચ્હાયછે. પણ—

ઈબ્રાહીમ—ત્યારે શી વાંધોછે ! મ્હને આજ્ઞા કરો ને આજ રાત્રે આપ ત્હેને અહિં મળશો."

સલીમ—ના, હેને મ્હારે કાંઇ આજ રાત્ય માટે જ નથી મળવું. હું હેને મ્હારી રાણી, મ્હારી શેહેનશાહબાનું બનાવીશ."

ઈબ્રાહીમ—ત્હમે મશ્કરી તો નથી કરતા ને ? કારણ જો ત્હમારે ત્હેને પરણવાની મરજી હોય તો ત્હેનો બાપ કોણ છે ? તે મ્હને કહો એટલે હું ત્હેને મળીને નક્કી કરૂં."

સલીમ—"ત્હેના બાપનું નામ મિરઝા ગ્યાસબેગ છે તે મ્હારા પિતાનો બહુ માનીતો છે."

ઈબ્રાહીમ અંહં ! મિહાર-ઉન-નિસાએ ત્હમને આંજી દીધા છે. હું ત્હેના બાપને ઓળખું છું. ને મ્હેં મિહાર-ઉન-નિસાને ગાતી પણ સાંભળી છે. ત્હેનો અવાજ તો જાણે બુલબુલનો જ અવાજ જોઈ લ્યો."

સલીમ—હા, તે બહુ જ મધુરૂં ગાયછે. ને જે ગાયનો તે ગાયછે તે પોતાનાં રચેલાં છે. ને સતાર અને લાયર (લાયર તે એક જાત્યનું તારવાળું વાદ્યછે) વગાડેછે એ બે-માંથી કીયામાં તે કાવ્યદેવી કરતાં ચડીયાતીછે તે સમઝાતું નથી. તે ખૂબસુરત પણ બહુ છે. મ્હારે જો હજાર જીભો હોત તોપણ ત્હેનું વર્ણન કરવાને ઓછી પડત."

બીજા એક મિત્રે કહ્યું "હા મ્હેં પણ ઘણા જણને મ્હોંએ સાંભળ્યું છે તે આકાશ-માંથી ઉતરી પડેલી અપ્સરા છે. મ્હને ખાતરી છે કે એના સારા નસીબને પરિણામે ભવિ-ષ્યનો શેહેનશાહ ત્હેની છોકરીને પરણવાનું ઇચ્છે છે, એમ ત્હેના બાપને ખબર કરીશ ત્યારે તે ઘણો ખુશી થશે ને ઉપકાર માનશે."

સલીમ—તે તો કોણ જાણે. ત્હેના બાપે તો ત્હેનો વિવાહ અલીકુલીબેગ સાથે કર્યો છે. ને તે બહુ દઢ વિચારનો કહેવાય છે. જો તે લોકો આ સંબન્ધ તોડી નહિં નાંખે તો પછી મ્હારૂં આવી બન્યું."

ઈબ્રાહીમ—"કેમ, વળી, શેહેનશાહ તે લોકોને તેમ કરવાનું કહી સકે ને શેહેનશાહની મરજી વિરૂદ્ધ નહિં થઈ સકે."

સલીમ— "ત્યારે તું મ્હારો સંદેશો લઈ જનાર થઈશ, ને ત્હેમનો વિચાર ફેરવી સકીશ ?"

ઈબ્રાહીમ—"તેમ હું ઘણી ખુશીથી કરત પણ જુવો ચન્દ્ર પ્રકાશે છે, રાતનો સમય વધતો જાય છે, તારારૂપી હીરા આકાશમાં પ્રકાશે છે વખત ચાલ્યો જાય છે ચાલો સુન્દર મિહાર-ઉન-નિસા અને શૃંખલાથી બંધાયલા શાહજાદા સલીમનું નામ દઈને પ્યાલો ભરીયે."

સલીમ— "ના, ના શૃંખલાથી બંધાયલો નહિં પણ વધારે દેખાવડો ને મુક્ત થયેલો, મ્હારા અંત:કરણમાં ઉત્પન્ન થયેલા પ્રેમે ત્હમે ભાગ ન પાડી શકો હેવા સ્વર્ગમાં મ્હને ચ્હડાવ્યોછે."

ઈબ્રાહીમે તે દરમ્યાન શાહજાદાના હાથમાં રત્નજડીત પ્યાલો મૂક્યો.

સલીમે પ્યાલો ખાલી કરીને કહ્યું કે હું ના નથી કહી સકતો. મિહાર-ઉન-નિસાનું નામ દઈને મ્હને વિષનો પ્યાલો આપો તો તે પણ અમૃત જેમ પીતો હોઉં તેમ પી જાઉં."

પ્યાલો લાવનાર માણસને બધાએ કહ્યુ "ભર્ય ભર્ય હમે હેવો આશીર્વાદ દઈએ છીએ કે ત્હારૂં પીઠું વર્ષો વરસ કાયમ રહે."

ને જેમ જેમ પ્યાલાઓ ભરતા ગયા તેમ તેમ મંડળી પ્રફુલ્લ થઇ. સલીમે એક બીજો પ્યાલો માગ્યો ને બીજાને પણ પીવાની ઇચ્છા બતાવી અને મદ્યપાન ખુબ ચાલ્યું. ઇબ્રાહીમ સલીમનો દૂધભાઈ હતો ને ત્હેનો ખાનગી કારભારી પણ હતો. ત્હેણે હાથ હલાવ્યો કે તરત પડદાની પાછળથી એક વારાંગનાની ટોળી આવી. ત્હેમાંની કોઇએ માથામાં ફૂલ પહેર્યાં હતાં, ને કોઇ કને સતાર હતો ને કોઇ કને લાયર નામનું વાજું હતું તો કોઇ કને પુષ્પના હાર હતા. ત્હેમણે પોતાની સાથે આણેલા ચાંદીના પ્યાલા મદ્યથી ભર્યાં અને નૃત્ય કરવા તથા ગાવા માંડ્યું. ત્હેમના ગાયનના સુરો આખા ખંડમાં ફેલાઈ ગયા ને નૃત્ય કરતે કરતે ને નીચેનું ગાયન ગાતે ગાતે તે પી ગયાં.

(૧)

(ગઝલ)

પ્રવાહી લાલ રત્નોશી
શરાબી રેલ વ્હેવા દે,
અને ઓ બાળ ! દિલમાંની
ગમી અતિ દૂર રહેવા દે.
ઝનૂની મૂર્ખ શું જાણો !
તમારા સ્વર્ગમાં ક્યહાં છે—
અમળ ઝરણું રુકન જેવું,
અને કુંજ મોઝિલે સાચે ?

(૨)

મધુર મુગ્ધે તું દેખા દે,
અને મુજ કંઠ વીંટી લે;
નાંખી સુકુમાર ભુજવલ્લી,
મ્હને જો એમ જીતી લે;
ગુલાબી ગાલ કમલ કરમાં,
જુવે કવિ સ્વપ્ન આનંદનાં,
ન દે જે ખઝાના બુખારાના,
બધાં રત્ન વા સમરકંદનાં.

(૩)

ફરેબી સુન્દરીઓ આ,
ઝિગરનાં છુપાં ઊંડાણોમાં;
નેન ફેંકે, અને મધુરાં,
ધરે ચારુ અંગ, કતલ કરતાં;
કટાક્ષો દરેક એ વીંધે
ઝિગર નાઝુક મુજ પ્યારો !

હરે આરામ ઝખમીં જાનનો,
ધરે જ્યમ શિકાર તાતીરો.

(૪)

વૃથા હઇડાં જવળે પ્રેમે,
નિસાસા—આંસુમાં ડૂબી,
મનોહર એહ અંગોમાં
શું કંઇ દીપશે નવી ખૂબી ?
પસારે પોતીકા કુદરત
જ્વલંતા રંગ જે ગાલે,
ગુલાબો જ્યહાં ખીલે તાજાં,
હુનરનો આપ તે ના લે.

(૫)

કરો ના વાત કિસ્મતની,
કરો વાતો જ બુલ્બુલની,
શરાબોની જ, ખુશબોની,
ખીલેલાં ખુશનવા ગુલની
શિહા છે સર્વ, છે સ્વપ્નું;—
ખુશી ઇશ્કમાં ખ્યાલ દે રોકી;
બધું આ પાક અંધારૂં,
મથે જોવા શું તે ભોકી ?

(૬)

ઝબર કેંવી સુરતખૂબી !
બધા ધસડાય એ પૂરે;
યહુદી નોજવાનને કાજે
મિસર બાનુ પાક પણ ઝૂરે.
અહા ! કારી ઘડી બાનુ !
સરિત નાઇલ કંઠ સંચરિયો,
યુવક જેહ વેળ રૂપાળો,
અને લાજે વળી ભરિયો.

(૭)

અહો ! પણ મીઠીં મુગ્ધાઓ !
શિખામણ સાંભળો મ્હારી;
વદે શાણા અનુભવી જે,
યુવકને તે સુણવું ધારી:—
શ્રવણ સંગીતથી મોહે,
ચમકતો શરાબ નયન રીઝે;
ત્યહાં સહુ મોજ માણી લ્યો,
ગુઝર્યાં ભલે ભરે ખીજે.

નમેરા આ જવાબો શા
સુણ્યા મ્હેં સંગદિલ! આજે!
ન વ્હે કશું ક્રૂર તુજ મુખથી;
તું તો છે વ્હાલી મુજ સાચે!
અરે! તો મિષ્ટ મધુ પીતા,
મધુરતાનાં ઝરણુ રેલે
હોઠ તુજ તે થકી ખરિયું
વચન કટુ આજ શી પેરે?

૯

અહો સાદી કવિતા મ્હારી!
ગમે તેમ ગૂંથ્યાં શું તુજ મોતી;
અકૃત્રિમ વ્હેતી સરલતાથી,
હિમતથી તું ચાલ્ય જગ જોતી;
વદે લલના તું છે મીઠી;
અહો! પણુ જેમને કાજે
ગવાયા સુર, પરીઓ તે
રીઝે તો તું મીઠી અધિક સાચે.

હવે ઇરાની વારાંગનાઓ નમન કરીને જતી રહી અને હિન્દુસ્તાની વારાંગનાની ટોળી આવીને ત્હેણે નૃત્ય કરતે કરતે ગાવા માંડ્યું.

ગરબી.

(શીખ સાસૂજી દે છે રે. એ ચાલ.)

અર્પું કમળ કુસુમ વ્હાલી! તું લેજે સ્વીકારી,
શોભતાં એ સરિત કંઠે મધુર ખીલ્યાં ભારી;
બોલી લહરી સરિતની રેઃ-"નહો હેમને સ્પર્શે;"
તોય અદય થઇ મ્હેં રે તું-કાજે ચૂંટ્યાં હર્ષે. ૧
હતાં તાજાં ઉષાસમ રે દીઠાં મ્હેં જે વારે,
પણુ કરમી ગયાં હવે રે ન દીપ્તિ કંઇ ધારે;
મન મલકતાંઃ—'અમ સમ રે-ન સુન્દર અહિં કોઇ;'
થયાં દીન કરમીને રે રૂપરાણી જોઇ. ૨
તુજ સુકુમાર ઉરપર રે રુચિર કુચ શિર મુકી
ભલે કુસુમ એ સૂતાં રે જુવે સ્વપ્નાં ઝૂકી;
સ્વર્ગસુખ કેરી વાનગી રે ચાખતાં એ કાંઇ
મ્હારાં મૃતસમ કુસુમો રે ભલે સુતાં ત્યાંહિ'. ૩
સર્વ ગુણુ અને રૂપની રે રાણી તું છે વ્હાલી!
તોય હૃદકું આ ધૃષ્ટ જ રે વદે—'તું મુજ રાણી.'

જ્હારે કમળકુસુમ આ રે પ્રેમપાત્ર તું કરતી,
અર્પ્યાં જેણે કુસુમ એ રે દાસ તે ન વીસરતી. ૪

સલીમ–બહુ જ સુન્દર મ્હારે કાલ્યે મિહાર-ઉન-નિસાને ફુલ થોડાં મોકલવાં જોઇયે.

ઈબ્રાહીમ—ના, ના પ્હેલાં મ્હને હેના પિતાને મળવા દો ને વિવાહ તોડવાનું કહેવા દો નહિં તો પછી જરાક પણ ભૂલ્ય થશે કે બધું ધુળ્યમાં. ગયાસબેગ બહુ સખત લાગણીનો માણસ છે. ને ત્હેને ત્હેની લાગણીઓ જોડે રમત રમોછો એમ લાગશે તો પછી થઇ રહ્યું.

સલીમ–ઠીક ત્હારે તહમે કહેશો તેમ કરીશ પણ મ્હને તહમારી ગયાસબેગ અને અલી-કુલીબેગની સાથેની મુલાકાતનું પરિણામ જાણવાને ઉતાવળ થઈ રહીછે.

ઈબ્રાહીમ–" કાલ્યે સ્હવારે પ્હેલ વ્હેલું કામ ગયાસબેગને મળવાનું રાખીશ. "

સલીમ—પણ ત્હારે મોડુ થશે માટે આપણે ઊંઘવા જઈએ. કારણ કાલ્યે તહમારે વ્હેલા ઊઠવાનુંછે ને મિરઝા ગયાસબેગ દરબારમાં જાય તે પ્હેલાં મળવાનુ છે.

તેથી સલીમ અને ત્હેના મિત્રો ઊઠયા ને પોત પોતાના ખંડમાં ઊંઘવા ગયા.

ઈબ્રાહીમ ઊઠયો ત્હારે જરાક મોડું થઈ ગયું હતું, સ્હવારના સૂર્યનાં કિરણો ત્હેની પથારી ઉપર આવતાં હતાં તે ઉઠયો ને બરફથી ઠંડો કરેલો શરબત પીધો ને પછી તૈયાર થઈ સરસ રથમાં બેશીને ગયાસબેગને ત્હાં જવા નીકળ્યો. ગયાસબેગે ત્હેને ઘણા માનથી આવકાર દીધો ને બરફ જેવા સફેદ પાથરણા ઉપરના સોનેરી કસબથી ભરેલા મખમલનાગાદી તકીયા ઉપર બેસાડયો, સોનાના હુકકાની નળી ત્હેની તરફ વાળીને પાન સોપારી આપ્યાં ને શરબતો પાયા અને પછી પૂછયું આપની મુલાકાતનું માન મ્હને શા કારણે મળ્યું છે. ?

ઈબ્રાહીમ—મ્હારા પ્રિય મિત્રે કેટલીક વાતોએ મ્હને વિકલ્પમાં નાંખ્યોછે ને ત્હેમાંથી છુટવાને માટે તહમારી મદદ લેવા આવ્યોછુ.

ગયાસબેગ–હું હમ્મેશાં આપની તાબેદારીમાં તૈયારછું. આપને હું ઉપયોગી થઈ પડ-વાને માટે ઘણો ખુશી છું.

ઈબ્રાહીમ—તહમારી સારી ઈચ્છાઓ માટે હું તહમારો ઉપકાર માનુછું. પણ આ વિષય જરાક બારીકછે. ને હું તહમારી આગળ ચોખ્ખું બોલુ તો મ્હને માફ કરશો.

મિરઝા ગયાસ—હા, કહોને મ્હને બધીવાત જણાવો.

ઈબ્રાહીમ—" શાહજાદા સલીમે મ્હને મોકલ્યોછે, ને તહમારી પુત્રી સુન્દર મિહાર-ઉન્ન-નિસ્સા માટે માગું કર્યું છે. "

મિરઝા ગયાસ–હું ત્હેમની માગણીથી બહુ મગરૂર થયો છું, પણ ત્હેનો તો મીરઝા અલીકુલીબેગ જોડે વિવાહ થઈ ગયોછે ને મને ખાત્રી છે કે આ વાત શાહજાદા સલીમ જ્હારે જાણશે ત્હારે પોતાનો વિચાર બદલશે.

ઈબ્રાહીમ—તે તો કયારના જાણેછે ને તેથી જ ત્હેમને વધારે મન થાયછે.

મિરઝા ગયાસ--ના ના, તેમ હોય જ નહિ. એ ફક્ત શાહજાદાના તરંગ જ છે ને મ્હારી આ વિષયમાં પરાધિનતાને લીધેની લાચારી તહમે જ્હારે ત્હેમને કહેશો ત્હારે તો તે માનેશેજ."

ઈબ્રાહીમ—મ્હને ક્ષમા કરો, પણ મ્હારે હવે તહમને ચોખ્ખું કહેવું જોઈએ કે શાહ-જાદાનો ત્હેની સાથે પ્રેમ બંધાઈ ચૂકયોછે ને તે બહુ પીડાયછે ને તેથી મ્હને આ વિવાહ તોડાવવાને મોકલ્યોછે.

મિરઝા ગયાસબેગ—હું ઘણો દિલગીર છું કે કાંઇ કરી શકતો નથી મ્હેં અલીકુલી

બેગને મ્હારૂં વચન આપ્યુંછે ને તે હું પાછું ખેંચી સકતો નથી."

ઈબ્રાહીમ—"હું ત્હમને આ વિષય ઉપર ફરીથી વિચારી જોવાની સલાહ આપું છું ને ત્હમારે જાણવું જોઈએ કે ભવિષ્યના શેહેનશાહનું સુખ ત્હમારા હાથમાંછે. સાહસ કરવાનાં ફળ શાં થાય છે તે તો આપને ખબર હશે જ."

ગયાસબેગ—મ્હેં બધાનો વિચાર કર્યોછે ત્હમને ખબર જ છે કે શાહજાદા તુરંગીછે, ને એ એક પળ ધારે છે કે હું ચ્હાઉંછું. પણ બીજી પળ સુધી તે પ્રેમ રેહેવાનો નહિં."

ઈબ્રાહીમ—ના, ના, એમ ધારવામાં ત્હમે ભૂલો છો. હું ત્હમારા કરતાં શાહજાદાને વધારે સારીરીત્યે ઓળખું છું. ને હું ત્હમને ખાતરીથી કહું છું કે ત્હેમના અંતઃકરણમાં ચિરકાળ પ્રેમરૂપી અગ્નિ બળેછે."

મિરઝા ગયાસબેગ—"હું ઘણો દિલગીર છું. પણ પૈસાના લોભે મ્હારી આબરૂને કલંક લગાડવા કરતાં હું એક ભિખારી થવું વધારે પસંદ કરૂં છું. મ્હેં અલીકુલીબેગને વચન આપ્યુછે ને હવે ત્હેમાંથી છોડવવાનો અધિકાર ત્હેને જ છે."

ઈબ્રાહીમ—આ શું ત્હમારૂં છેલ્લું કહેણુ છે? ત્હમે એટલું જાણજો કે પોતાનું ધાર્યું કરવાને શાહજાદા કને સત્તા અને ઉપાયો પણછે."

મિરઝા ગયાસબેગ—"ત્હેની હું ના નથી કહેતો અલબત હશે જ. પણ મ્હારે મ્હારૂં મ્હોં પરમેશ્વરને બતાવવાનું છે ને ત્હેને ગેરઆબરૂઅને અસત્યતાથી કાળું કરવા કરતાં મોત હું વધારે પસંદ કરૂંછું. મ્હારે માટે કદી એમ નહિં કહેવાય કે મિરઝા ગયાસબેગ ઐહિક સુખને માટે બેવચની થયો. પણ ત્હમે અલીકુલીબેગને મળજો ને જો તે મ્હને મ્હારા વચનથી મુક્ત કરશે તો હુ ઘણી ખુશીથી શાહજાદાની માગણી કબુલ રાખીશ."

ઈબ્રાહીમ—હું તરત જ અલીકુલીબેગને મળવા જઈશ. મ્હારી વાટય શાહજાદા જોતા હશે, સાહેબજી."

મિરઝા ગયાસબેગ—સાહેબજી. ઈશ્વર ત્હમને સહાય થાઓ. મ્હને આશા છે કે શાહજાદા મ્હને ક્ષમા કરશે."

ઈબ્રાહીમ જવાબ દીધા વગર ગાડીમાં બેશીને ચાલતો થયો. અલીકુલીબેગના ઝાંપા આગળ ગાડી ઊભી કે તરત તે આવ્યો ને પોતાના સાદા દિવાનખાનામાં લઈ ગયો ને કહ્યું. "આજ કાંઈ સિપાઈના ઘરને ત્હમારી મુલાકાતનું માન મળ્યુંછે. શાહજાદાની તબિયત કે'વીછે?"

ઈબ્રાહીમ—તે સારાછે. ત્હેમને જ કામે હું આવ્યો છું."

અલીકુલીબેગ—"મ્હારૂં ત્હેમને કામ છે? એમ હોય તો હું મ્હારી જીંદગી આપવાને તૈયાર છું."

ઈબ્રાહીમ—ત્હમે બહુ કામ કરી સકો એમ છે. ધારો તો ત્હમે તેમને સુખી કરી સકો ને ધારો તો ત્હેમને આખી જીંદગીભર દુઃખી રાખી સકો.

અલીકુલીબેગ—મ્હને સ્પષ્ટ કહો? મ્હારી તલવાર ત્હેમની સેવામાં હાજર છે.

ઈબ્રાહીમ—ત્હમારી તલવારની જરૂર નથી. જો કે શાહજાદા ત્હેની કદર પીછાણી સકે છે, આ તો હૃદય સંબન્ધી વાતછે.

અલીકુલીબેગ—એટલે શું તે સમઝાવશો?

ઈબ્રાહીમ—હું ઘણો દિલગીર છું કે એ વાતથી તમને દુઃખ થશે પણ મ્હારો ઉપાય નથી. શાહજાદા, મિહાર–ઉન–નિસ્સા જે'નો વિવાહ ત્હમારી સાથે થયો છે ત્હેની સાથે પ્રેમથી બંધાઈ ગયો છે–ને તે વિવાહ તોડી નાંખવાનું કહેવા મ્હને મોકલ્યોછે."

અલીકુલીબેગ તલવાર મ્યાનમાંથી ખેંચીને બોલ્યો, "સાહેબ ચુપ રહો. મ્હેં મ્હારૂં માથું વેચ્યુંછે પણ આબરૂ નથી વેચી. મ્હારૂં શરીર વેચ્યુંછે પણ મ્હારૂં અંતઃકરણ નથી વેચ્યું. જે કન્યા મ્હારી સ્ત્રી તરીકે લેખાઈ છે ત્હેને હું તજી સકતો નથી."

ઈબ્રાહીમ—"મેહેરબાની કરીને મ્હારૂં સાંભળો તો ખરા. જો તે કન્યા ત્હમને ચ્હાતી જ ના હોય ને શાહજાદાને વરવાને આતુર હોય તો, ત્હમે જે માણસ ત્હમને ચ્હાવાને બદલે ધિક્કારે ત્હેને ન પરણી સકો."

અલીકુલીબેગ—મ્હારાવાળી કન્યાની આબરૂ બદનામ કરનારો એક પણ શબ્દ બોલો ને પછી જૂવો કે ત્હમે જીવો છો કે કેમ? મ્હારા મનમાં ત્હેને વિશે હેવો વિચાર આવશે જ નહિં.

ઈબ્રાહીમ—પણ શાહજાદાની માગણી ન સ્વીકારવામાં જે ભૂલ્ય આપ કરો છો તે મ્હને બતાવવા દેશો?

અલીકુલીબેગ—મ્હારે પણ બણ જોઈતું જ નથી, મ્હારે શું કરવું તે હું સારી રીતે જાણું છું ને ત્હમારી સલાહ માટે ઉપકાર માનું છું સાહેબજી.

ઈબ્રાહીમે ઊઠતે ઊઠતે કહ્યું, "સાહેબજી, ઉદ્ધત માણસ, ત્હારા આ કૃત્ય માટે ત્હારે પસ્તાવું પડશે."

અલીકુલીબેગે કાંઈ જ જવાબ ન દીધો પણ નમન કરીને ઈબ્રાહીમને વદાય કર્યો.

ઈબ્રાહીમ ઘણા ઉદાસ મનથી શાહજાદાના મેહેલ તરફ ચાલ્યો.

ઈબ્રાહીમ જે'વો મેહેલમાં દાખલ થયો કે સલીમે કહ્યુ, 'તુ કાંઈ સારી ખબર લાવ્યો નથી. ત્હારા મ્હો ઉપરથી જણાઈ આવે છે કે જે કામ માટે તું ગયો હતો ત્હેમાં નિષ્ફળ થયો છે."

ઈબ્રાહીમ—આપે બરોબર અનુમાન કર્યું. હું નિષ્ફળ થયો છું એટલુ જ નહિં પણ પેલા જંગલી ઇરાનીએ મ્હારૂં અપમાન કર્યુંછે.

સલીમ—મ્હને બ્હીક હતી જ પણ ત્હારૂં અપમાન કર્યું છે ત્હેતું વેર ન વાળું તો મ્હારૂં નામ સલીમ નહિં.

ઈબ્રાહીમ—એ લોકો બહુ હઠીલા છે. હું ગયાસબેગને ત્હાં ગયો ને ત્હેણે પોતાનું વચન પાછું ખેંચી લેવાની ના કહી. મ્હેં અલીકુલીબેગને સમઝાવ્યો પણ ત્હેણે પણ ના કહી.

સલીમે પલંગ ઉપર પડીને કહ્યું, "ધિક્કાર છે મ્હારા જીવતરને. હવે શું કરવું તે મ્હને કહો. મ્હને બહુ પીડા થાય છે. ને બીજા કશા વિચાર આવતા જ નથી."

ઈબ્રાહીમે વ્હાલથી કહ્યું, હીમ્મત રાખ્ય, મ્હારા મિત્ર! હું હેના કરતાંએ ખૂબસુરત છોકરી લાવી આપીશ. એટલે હવે એ બાબતના વિચાર કહાડી નાંખો."

સલીમ—મ્હેં તેમ કરવાનો પણ પ્રયત્ન કર્યોછે. મ્હેં ત્હેના ઉપરનો મ્હારો પ્રેમ પણ અટકાવવાનો પ્રયત્ન કર્યોછે. મ્હારા મનને આશ્વાસન દીધું છે કે હેના કરતાં વધારે ખૂબસુરત ઘણીએ છોકરીઓછે,' પણ મ્હારૂં મન માનતું નથી. મિહાર–ઉન–નિસ્સા મ્હારા મનની રાણી થઈછે. ત્હેના વગર મ્હારી જીંદગી દિલગીરીભરેલી ને નકામી થવાની."

ઈબ્રાહીમે થોડી વાર વિચાર કરીને કહ્યું, "ત્હારે શેહેનશાહને લખી જૂવો તો ખરૂં.

બધી સાચી વાતથી ત્હેમને જાણીતા કરો ને વખતે તે કાંઇ કરી સકે ”

સલીમ—“ હા, એ બરાબર છે. હું ત્હેમને લખીશ ને મ્હને એ વખતે સુખી કરી સકે. હમણાં જ લખું ?” એમ કહી કલમ લીધી ને નીચે પ્રમાણે એક ચીઠ્ઠી લખી નોકરને આપી ને તે શેહેનશાહને હાથોહાથ આપવાનું કહ્યું.

“ મ્હારા વ્હાલા પુજ્ય પિતાજી, બન્ને દુનિયાના માર્ગદર્શક તારા, મ્હારૂં રક્ષણ કરવાને અનંતકાળ સુધી જીવતા રહો.

હું કલમ પકડવાને પણ શક્તિમાન નથી અને મ્હારા પત્રમાં કાંઇ પણ અયોગ્ય વર્ણન આવે તો મ્હારા વ્હાલા પિતા મ્હને ક્ષમા કરશો. મ્હને ખાતરી છે કે આ ચીઠ્ઠી વાંચશો ત્હારે મ્હારા તુરંગી સ્વભાવથી લખાયલી વાતો માટે ક્ષમા કરશો. પિતાજી ! આપે પણ મિહાર–ઉન્ન–નિસાને જોઇછે ને ત્હેને ગાતાં વગાડતાં પણ સાંભળીછે ને મ્હને લાગેછે કે પરમેશ્વર પોતે પણ હેના જેવી બીજી પૂરીથી નહિં કરી સકે ત્હેણે મ્હને મોહપાશમાં નાંખ્યોછે, તે તહમારાથી છાનું રાખવાની કાંઇ પણ જરૂર નથી. હું ત્હેને મ્હારા ખરા અંતઃકરણથી ચ્હાઉંછું ને મ્હારા પ્રેમનો ઉત્તર પણ મળેછે. મ્હારો પ્રેમ ત્હેના ઉપરથી ખસે હેવું કદી થવાનું નથી. ત્હેની પ્રતિમા મ્હારા હૃદયમાં કોતરાઈ ગઇછે તેથી મ્હારા વ્હાલા પિતાજી ! મ્હને એ વિચાર છોડી દેવાનું આપ કહેશો નહિં. મ્હારૂં સુખ કે દુઃખ આપના હુકમના પ્રમાણમાં થશે. આપ હમને બે જણાંને ઘણાં સુખી કરી સકો અથવા તો હમારી આખી જીંદગી દુઃખી કરી સકો એમ છે. હું ત્હેના વગર જીવી સકીશ નહિં. ને જો તહમે હા નહિં કહો તો આપના પ્રિય પુત્રને હમ્મેશને માટે દુઃખીને લાચાર કરશો. મ્હને ખબર પડી છે કે ત્હેનો વિવાહ અલીકુલીબેગ સાથે થયોછે, પણ તે વિવાહ તોડાવીને હમને બે જણાંને સુખી કરી સકો એમ છે.

લિ. આપનો અનુરાગી પુત્ર.

સલીમ.

પ્રકરણ ૮ મું.

ફત્તેહપુર સીક્રીના મહેલની અંદર મ્હોટા ચોગાનની સ્હામે, શેહેનશાહ અકબરના ઊંચા અને નિષ્કલંક વિચારો ઉત્પન્ન થયા હશે ત્હેની પદાર્થ સૂચક વસ્તુના આકારમાં એક વિચિત્ર મકાન છે.

જમીનની દસ ફીટની ઊંચાઈએ પ્હોચતા પ્હોળા સ્તમ્ભની ટોચ ઉપર ચારેબાજૂ છજાં છે ને વચમાં વિશાળ ખંડછે. આ જગ્યાએ તે તપાસ રાખનાર અને સંભાળનાર વચમાં ગલિચો પાથરીને બેસતો હતો ને ન્યાયશાસ્ત્રના તોફાનને શાન્ત કરતો હતો.

સલીમે મોકલેલો નોકર અહિં આવ્યો ત્હારે અકબર મ્હોટા દરવાજાની સ્હામે એક મ્હોટા કાળા પથરા ઉપર અબુલ ફૂઝલની સાથે બેઠો હતો.

અકબર—અરે ! છલામી, આ બધો કજીયો ક્યહારે બંધ થશે ? ધર્મ સંબન્ધી વિજાતીય લોકોનો કજીઆ ક્યહારે બંધ થશે. માણસ કોઇ પણ દહાડો નિષ્કલંકિત સ્વર્ગીય પ્રકાશ

જોઈ ને પોતાની આ દુનિયામાંની સ્થિતિ પિછાની સકશે ખરા? ત્હેમી વિચારો અને ઝનુની-પણું ક્ય્હારે જતાં રેહેશે, ને લોકોનાં મન ખુલ્લાંને નિર્મળ ક્ય્હારે થશે? આપણે મહા પંડિતોને એ ઘણા સારા સારા વિચારો દર્શાવ્યાછે પણ તે લોકોના મનમાં ઊતરતા નથી. તે લોકો મ્હને પાખંડ મત માનનાર નાસ્તિક, સૂર્યને પૂજનાર, ખ્રિસ્તિ અને બુદ્ધ ધર્મનો માને છે. કારણકે મ્હેં કહ્યુંછે કે કેટલોક ભાગ બાદ કરતાં બધામાં સત્ય તો છે જ. હું પવિત્ર હિન્દુની પેઠે ને ધાર્મિક ખ્રિસ્તિની પેઠે ને પરમાર્થી પારસીની પેઠે વર્તુંછું. કારણ કે એ બધા ધર્મનો ઉદ્દેશ એક જ છે, જો કે પૂજવાની રીત્યોમાં ફેરફારછે. તું ભૂતકાળનાં ખંડેરો ઉપરથી ભવિષ્ય જોઈ સકેછે તો મ્હને કહે કે આ બધા કજીઆ ક્ય્હારે બન્ધ થશે. પણ અફ્સોસ! ઇસ્લામી, ખ્રિસ્તી કે હિન્દુ, ધર્મને ટકાવવાનો પ્રયત્ન કરતા નથી પણ પોતાના વિચારોને આગળ પાડવાના પ્રયત્ન કરેછે.

અબુલફૂઝલ—અરે! તે લોકો ફક્ત તપાસ કરે અને હુંપદવાળા વિચારો છોડી દઈ ને જ્ઞાનને માર્ગે ચાલે તો તે લોકો તરત જ જોશે કે બુદ્ધિમાન સદી શરૂ થઇછે. દયા દાઝનું સ્વરૂપ લેશે, ન્યાયવૃત્તિ સામાન્ય બંધુતાનું સ્વરૂપ લેશે ને સહનશીલતામાંથી સત્ય પ્રેમ ઉત્પન્ન થશે ને પ્રજા સલાહ, શાન્તિ, સુખ ને અરસપરસ પ્રેમમાં રહેશે.

અકબર—તું મ્હારામાં આશા ઉત્પન્ન કરેછે. તું ભવિષ્યનું ચિત્ર ચળકતા રંગોવડે ચિત્રેછે, તો પણ આ બધાની આડે આવનાર એક કાળું વાદળું દેખાયછે. બધી પ્રજાઓના ઇતિહાસો ત્હેં મ્હને વાંચી સંભળાવ્યાછે, ને એ ઉપરથી જણાય છે કે મહાન પુરૂષોએ કરેલાં કામો ત્હેમના વારસોના હુંપદથી બધાં નિષ્ફળ ગયાંછે.

અબુલફૂઝલ—ના, ના. પ્રેમાળ શેહેનશાહ તેમ નથી. આ સદીનાં જે બધાં કામછે તે ભૂતકાળનાં કામોનાં પરિણામછે. થોડાં વર્ષ કે થોડી સદીઓ કે થોડા યુગોથી કાંઈ થતું નથી. ભવિષ્ય તો અનંત કાળથી બનતું આવેછે. જે લોકો સુફલિત થયેલાં કામો જોઈ સકે તેમનાં ધન્ય ભાગ્ય.

અકબર—મ્હારા ડાહ્યા મિત્ર, મ્હારા તર્કશાસ્ત્રી, દયાળુ વિધિએ ત્હને મ્હારી મદદે મોકલ્યો છે. મ્હારૂં કામ તો પ્રજાનું કલ્યાણ થાય હેવું કરવાનો પ્રયત્ન કરવાનુંછે. ને પછી બધું જે આ આખી પૃથ્વિને દોરે છે, ત્હેના હાથમાંછે. કૃષ્ણે કેવું સરસ કહ્યુંછે, કે 'આપણે કામ કરવું તે બદલાની આશા રાખ્યા વગર ને પ્રેમ અને ખરા અંતઃકરણથી કરવું,' ને તો પણ આ હું જ્યહારે લોકોને કહું છું ત્યહારે તે લોકો મ્હને પાખંડી મત માનનારો કહેછે.

અબુલ ફૂઝલ–તે લોકો હુંપદથી આંધળા થયાછે. બુદ્ધ ઈશુખ્રિસ્ત અને મહમદના જ્ઞાનોપદેશનો ટેકોછે તો પણ આંધળા ઉલ્મા અને સ્વમતાભિમાની બ્રાહ્મણો દરેક ધર્મના સિદ્ધા-ન્તોમાં કાંઈ પણ સરખાપણું છે તે કબુલ કરતા નથી. ફક્ત જુદી જુદી રીત્યે તે લખાયેલાછે.

અકબર—મ્હને તો સારા ધર્મી, ભક્તિમાન અને પરમાર્થી લોકો હાવા અજ્ઞાન લોકોનું માનેછે તેથી બહુ ખેદ થાય છે.

અબુલ ફૂઝલ—ત્હેમાં તે લોકોનાં પોતાનો જ વાંકછે. તે લોકો કહેછે કે 'કોઇ પણ જાત્યની પ્રતિમાની જરૂરછે ને લોકોને પણ ભાવવાચક સત્ય નહિં પણ મુર્તિઓની જરૂરછે ને તે રીત્યે તે લોકો પોતાની ભક્તિ બતાવવાનું કહેછે.

અકબર—મૂર્તિઓ, મૂર્તિઓ જ બસ અફસોસ આટલાં બધા સિદ્ધાન્તોછે પણ આખરે વાત પથ્થરને લોખંડ ઉપર જ. મ્હને એમ જણાય કે મૂર્તિઓ માણસોનું ભલું કરવામાં ભાગ લે છે તો તો ત્હેમને હું હાથ ન અડકાડું; પણ આ કાળા પડછાયાઓ સત્ય દર્શાવનારા માર્ગની વચમાં આવેછે. તે મ્હને પસંદ નથી. સત્ય પ્રદર્શિત કરો અને નક્કી સત્ય લોકોનાં અંતઃકરણમાં પેસવાનો માર્ગ સોધશે. સત્યને ચળકતું કરવાને તેના આત્મપ્રકાશ ઉપરાંત કશાની જરૂર નથી.

અબુલ ફૈઝલ—ત્હમારામાં પરમેશ્વર પોતે જ બોલેછે. ઊંચા વિચારોને નીચા લોકોની બરોબરીમાં આણવા એ મ્હોટી ભૂલ્યછે. પોતાની મેળે જ લોકોને ઊંચે ખેંચે હેવા વિચારો જ્યહારે લોકોને નીચા ઉતારી પાડેછે. ત્યહારે તે કલ્યાણ કરવાની શક્તિ ખોઈ બેસેછે.

અકબર—એ તો બધું હિન્દુધર્મના ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જણાયછે. પુરુષોત્તમે મ્હારા છજા આગળથી ગરૂડ ઉપર ઉડતાં, આકાશને પૃથ્વિની વચમાં અદ્ધર રહીને મ્હને વેદ અને ઉપનિષદોનું સત્ય જણાવ્યુંછે તે સત્ય ખરા બપારના તડકા જેવું તેજસ્વીછે. તે હાવુ તેજસ્વી હોવા છતાં લોકો કેમ જોઈ શકતા નથી એ મ્હને નવાઈ લાગેછે. બુદ્ધના દિવ્ય સિદ્ધાન્તો આ દેશમાંથી નિર્મૂળ શાથી થયા તે કાંઇ જણાતું નથી. મ્હારૂં અંતઃકરણ મ્હને બે જવાબો દેછે. પ્હેલો એકે આ સિદ્ધાન્તો સ્વીકારવાને લોકો તૈયાર ન્હોતા અને બીજું તો એ કે કોઇ મોટો માણસ સત્ય શિવાય બીજેમાર્ગે દોરી જનાર હતો. ને દોરી જઈને આખર મ્હોટા મ્હોટા વિચારોનું પરિણામ અફસોસ છે કે મૂર્તિઓમાં આવ્યું. આ મૂર્તિયોમાં કાંઈ પણ સત્ય રહ્યુ નથી ફક્ત તે તો લોકોને માયાથી આંધળા કરેછે.

અબુલ ફૈઝલ—હા ખરેખર તેમ જ છે. મહાદેવે પણ ગુપ્ત ને પ્રગટ રીત્યે કામ કરવા માડયું તો પણ તે નિષ્ફળ થયો ને ગુપ્ત રીત્યે કરેલાં કામો કરતાં પ્રગટ રીત્યે કરેલાં કામોને લીધે હજારો નિર્માલ્ય અને અર્થ વગરના ચાલો થયા.

અકબર—હા, હવે આપણે ડાહ્યા થયા છીએ, દિવ્ય ધર્મ આપણી પ્રજાને ખરે રસ્તે દોરી જાઓ ને ત્હેમનામાં એક સંપ કરાવો.

અબુલફૈઝલ—તથાસ્તુ ! મ્હે કહ્યુછે તેમ આપણા કામનું ફળ પેદા થયા વગર રહેવાનું નથી.

હવે સલીમે મોકલેલા નોકરના આવવાથી વધારે વાતો થતી બંધ રહી. તે નોકરે નમન કરીને અબુલફૈઝલને સલીમે આપેલી ચીઠ્ઠી આપી. અને અબુલફૈઝલે શેહેનશાહના હાથમાં આપી. શેહેનશાહે તે પરબીડીયુ ઉઘાડયુ ને નોકરને જતા રહેવાની આજ્ઞા કરી. તે નમન કરીને ગયો પછી શેહેનશાહે અબુલફૈઝલને તે ચીઠ્ઠી આપીને વાંચવાનું કહ્યું, ને તે ત્હેણે વાંચી.

અકબર—હા કાલ્યે રાતરે જ શાહેનશાહબાનુએ મ્હને વાત કરી હતી મ્હેં મિહાર –ઉન્ન–નિસાને જોઈછે ને હેના જેવી બીજી કોઇ ખૂબસુરત કન્યા મ્હેં જોઈ નથી. મ્હેં ત્હેને પોતાનાં જોડેલાં ગાયનો ગાતાં સાંભળીછે. તે ચાલાક, ખૂબસુરતને સ્વભાવની સારી છે, જો સલીમ ત્હેને ખરેખરો ચ્હાતો હોય તો સારૂં કારણ તે ત્હેને સુધારશે. પણ મિરઝા ગયાસબેગ શું કહેશે ત્હેની મ્હને ખબર નથી. તેમ મ્હારાથી ત્હેને તેમ કરવાની ફરજ પણ પાડી સકાય નહિં. પણ જો મિરઝા, સલીમને પોતાની પુત્રી દેવાનું મન બતાવે

તો હું બહુ ખુશી થાઉં. તેમ એ શાણી થવાને લાયક બનુછે.

અબુલફૈઝલ—મ્હારા માયાળુ શેહેનશાહ આ વિષય ઘણો બારીકછે ને વિચારવા લાયકછે આપે મિરઝા ગયાસબેગને પુછવું ને પછી જો ના કહે તો તે ધૈર્યથી સહન કરવું જોઇએ. ને શાહજાદાને ત્હેના તરંગો કાડી નાખવાનું કહેવું જોઇએ.

અકબર—શાહજાદો ત્હેને ખરા દીલથી ચ્હાયછે ને જો મિરઝાં ગયાસબેગ ના કહેશે તો વખત છે ને તે કાંઇ સાહસ કામ કરશે.

અબુલફૈઝલ—મ્હારા ભલા શેહેનશાહ ! મ્હને ક્ષમા કરશો પણ શાહજાદા પોતાની વર્તણુંકમાં હેવા ઢંગ ધડા વગરના છે કે થોડા વખત પછી આ બધી વાત ભૂલી જશે.

અકબરે ધીરે રહીને સૂચવ્યું કે 'શાહજાદો ભર જુવાનીમાંછે એટલે મોજશોક હેને ગમેછે. પણ થોડા વખત પછી એ બધી વાતો જતી રહેશે. ત્હેનાથી થાકી જશે, ને ત્હેના શિક્ષક તમારા ભાઇ ત્હેનાથી ખુશ થશે, તમારા ભાઇના શિખવેલા આચાર વિચારનાં ફળ આવશે જ તમે પોતે જ કહેતા હતા કે શાહજાદાને ડહાપણની તો ખોટયછે જ નહિં."

અબુલફૈઝલ હું મ્હારી જીંદગીને પણ મૂકીને કહું છું કે શાહજાદામાં સ્ફુરતાઇ ને ડહાપણ તો છે માત્ર કાંમ કરવાની અભિલાષા નથી.

અકબર—તે પણ વખત થયે આવશે, ને મિહાર–ઉન–નિસાને ચ્હાય છે ત્હેને લીધે હેના સ્વભાવમાં ફેરફાર પણ થાય.

અબુલ ફૈઝલ—અહા ! આ મિરઝા ગયાસબેગ અને અલીકુલીબેગ આવ્યા. હવે એ બાબતનો નિર્ણય થશે.

અકબર—મ્હને લાગેછે કે એ વિષય મ્હારે છેડવો ઉચિત નથી, માટે તમે તે વાત કહાડજો.

અબુલ ફૈઝલે નમીને કહ્યુ " જેવી આપની ઇચ્છા ! હું મિરઝા ગયાસબેગને ખુલ્લી રીતે જ સવાલ પૂછીશ. "

મિરઝા ગયાસબેગ અને અલીકુલીબેગ, માનપૂર્વ પોતાના કપાળને અડકીને જમીનને અડકયા ને ઊભા થઇને પોતાના શેહેનશાહ પાસે જઇ ઊભા.

અકબર—તમે આજ કાંઇ હમારી પેઠે વ્હેલા આવ્યાછો, પણ સારૂં થયું આપણને વાતો કરવાને વખત મળશે. શુરવીર અલીકુલીબેગને આજ શા કારણથી નીરસ તત્વજ્ઞાનના વાદવિવાદ સાંભળવાને મન થયુંછે. ?

અલીકુલીબેગે નમન કરીને કહ્યું "આપની દિવ્ય હાજરીના તડકામાં તપવાને મ્હેં હિમ્મત ધરીછે આપ જે સભાને પ્રમુખસ્થાને બિરાજો તે સભાનો વાદવિવાદ કદી નીરસ હોઇ સકે જ નહિ."

અકબર—અહો ! હવે તો તું પણ રાજ્યદરબારી રીત શીખ્યો જણાયછે. ભલે આવ્ય, ફક્ત મૂર્ખ લોકો જ હાવા વાદવિવાદને નકામા નીરસ ગણેછે. પણ એટલું તું ખાતરીથી જાણજે કે આ દુનિયામાં સારૂં કે નઠારૂં જે જે કામ થાયછે તે વિચાર કર્યા વગર થતું નથી. ઇશ્વરના ઉત્પન્ન કરેલાઓમાં, માણસ ઉત્તમ ગણાયછે, ત્હેનું કારણ એ જ કે ત્હેનામાં વિચાર કરવાની શક્તિ હોયછે. ને તેથી રાજ્ય કરી સકેછે ને પોતાનું બધાને મનાવી સકેછે.

મિરઝા ગયાસબેગ—વાહ ! આપે કેવી સરસ વિચારની વ્યાખ્યા આપી, તો પણ તે જ વિચારો તરંગો કહેવાયછે.

અકબર—હા, અને યોગ તે જ સાબીત કરવાનો પ્રયત્ન કરે છે. કહેવાય છે કે જો

વિચારને તાબામાં રખાય, કેળવાય, ને એક જ (એક જ જગ્યાએ એટલે સ્થિર.) રાખી સકાય તો આકાશને પણ ખશેડી સકાય.

ગયાસબેગ—"આપની જો આજ્ઞા હોય તો જ બોલું પણ હિન્દુઓ તો મ્હને શેખચલ્લી જ્હેવા જ વિચારવાળા લાગેછે. તે લોકો મ્હોટા મ્હોટા વિચારો કરેછે ને કૃત્ય કરતા નથી."

અબુલફૂઝલ—તમે આ જમાનાના હિન્દુઓ માટે કહોછો ને? પણ તત્ત્વજ્ઞાનમય વિચારો તે લોકોના નથી. અસલના હિન્દુઓએ તે વિચારો કર્યાં હતા. આ તો સુકાની વગરના વહાણની પેઠે પ્રાચીન હિન્દુઓના તત્ત્વજ્ઞાનમય વિચારોના ઊંડા મહાસાગર ઉપર તર્યા કરેછે. પણ એ વાત જ્યારે વાદવિવાદ શરૂ થશે ત્યારે કરીશુ. હમણાં તો તમારા સ્વાર્થની એક વાત કરવીછે.

મિરઝા ગયાસબેગ—કહો ત્યારે.

અબુલફૂઝલ—હું ચોખ્ખેચોખ્ખું બોલુ તો ક્ષમા કરશો. મ્હારે બધી વાત તમને કેહવી જોઈએ. સલીમે તમારી મનોહર પુત્રી મિહાર-ઉન-નિસાને જોઈછે ને તે દિવસથી ત્હેને માટે હેને પ્રેમ ઉત્પન્ન થયોછે.

મિરઝા ગયાસબેગ—હા પછી ચાલોને.

અબુલફૂઝલ—હવે મ્હારે કશું બાકી નથી રહ્યુ ફક્ત એટલુ જ કે તમે સલીમને સુખી કે દુખી કરી સકો એમછે શેહેનશાહ કાંઈ જબરી નથી કરવાના, પણ તમે જો માગણી કબુલ રાખશો તો તે બહુ ખુશી થશે. તમારી મરજી ઉપરાંત કશું પણ કરશો નહિ. હેવી શેહેનશાહની મરજીછે તેથી હવે તમે વિચાર કરી જુવો.

મિરઝા ગયાસબેગે નમન કરી કહ્યું "શેહેનશાહનું ન્યાયી રાજ્ય પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી અમર તપો. હું મ્હારી જીંદગી તેમને સારૂં અર્પણ કરીશ. પણ મ્હારી આબરૂ નહિં કરી સકુ હુ આ માગણીથી ઘણો મગરૂર થયોછું એટલું જ નહિં પણ એ માટે મ્હોટું માન ગણુંછુ પણ અફસોસ! હું પરાધિન છું મ્હેં અલીકુલીબેગને વચન આપ્યુંછે ને તે હુ પાછુ ખેચી સકતો નથી. એક વાર બોલ્યો તે ન બોલ્યો નથી થવાનું. પણ જો અલીકુલીબેગ મ્હને એ વચનમાંથી મુક્ત કરે તો શાહજાદા સલીમ (ખીઝરની જીંદગી જેટલી લાંબી જીંદગી ત્હેની હજો.) ને મ્હારી પુત્રી દેવાનું મ્હોટું માન ગણીશ.

અલીકુલીબેગ—જો મ્હને પૂછો તો હું ત્હેને છોડી દેવા કરતાં મરવું ઉચિત ધારૂંછુ.

અકબર—ત્યારે તમે દૃઢ છો એમ જ ને? જો કે મ્હારી મરજી તો તેથી ઉલટી હતી. હશે, હવે લગ્ન ઝટ થવા દ્યો.

મિરઝા ગયાસબેગ—હમે આજ વ્હેલા આવ્યા તે એટલા માટે કે શાહજાદા કાંઈ વિઘ્ન પાડે તો આપની મદદ જોઈએ ને તે માગવાને જ માટે આવ્યા છિયે.

અકબર—શાહજાદો કાંઇ નહિં કરે, ત્હેના ઉપર હું દેખરેખ રાખીશ તમે હવે જાઓ ને લગ્નની તૈયારીઓ કરો.

મિરઝા ગયાસબેગ અને અલીકુલીબેગે નમન કર્યાં, અને દિવાને-આમમાંથી જતી વખત એક અવાજે કહ્યું. "આપની કિર્તિનો સૂર્ય ચિરકાળ તપો '

અકબર—જોયું અબુલફૂઝલ, મ્હે કહ્યુ હતુ જ ને તે લોકો આબરૂદાર માણસોની પેઠ જ વર્ત્યાંછે. જો કે મ્હારી ઇચ્છા તો હા કહે હેવી હતી.

અબુલફૈઝલ—મ્હારી ઇચ્છા પણ હેવી જ હતી પણ મિરઝા ગયાસબેગ આબરૂદાર માણસછે. ને અલીકુલીબેગ ઝનુની સિપાઇછે.

અકબર—પણ ત્હારે હવે શાહજાદાની સાથે શી રીત્યે વર્તવું તે કહે. ત્હેને મ્હારે દુઃખ નથી થવા દેવું ને આ જવાબ કહેવોછે.

અબુલ ફૈઝલ—સલીમને માટે સૌથી સારો રસ્તો એ છે કે ત્હેણે થોડી મુસાફરી કરવી ને થોડા મહીના સુધી આગ્રાની બ્હાર રહેવુ. ઉદેપુરનો રાણો પાછો તોફાને ચડયોછે તો શાહજાદાના હાથ નીચે ત્હેના ઉપર સ્વારી મોકલવી, લડાઈના આવેશમાં તે મિહાર–ઉન–નિસાને ભુલી જશે. ત્હેને એ બાબતનો વિચાર કરવાનો વખત જ નહિ મળે. ને લડાઈ પુરી થશે ત્હારે તો તે ભૂલી પણ ગયો હશે. ને તે પાછો આવશે ત્હારે ત્હેને પરણેલી જાણશે.

અકબર—હા એ રસ્તો ઠીકછે, પણ જો શાહજાદો ત્હેને ખરા અંતઃકરણથી ચ્હાતો હશે તો તે વિફાળ થશે ને આપણા ઉપરથી હેત ઉઠી જશે. પણ આ જ રસ્તો ઠીકછે. ત્હારે તું મ્હારીવતી શાહજાદાને સ્વારી લઈને જવાનું લખ્ય.

અબુલ ફૈઝલે શાહી ને કલમ લીધી ને નીચે પ્રમાણે લખ્યું અને અકબરે સહી કરી બીડીને સલીમની ચીઠ્ઠી જે નોકરે આણી હતી ત્હેને આપીને મોકલ્યો.

મ્હારી આંખ્યોનું તેજ, મ્હારા હૃદયનુંસુખ પ્રાણપ્રિયપુત્ર શાહજાદા સલીમ, નસીબના કપાળ ઉપરનું ગુંછળું, મ્હોટાઈની આંખ્યોનું અંજન, ચિરંજીવી થા.

ત્હારા પ્રેમમય કાગળના વિષયથી હું અજાયબ થયોછું. કારણ મ્હેં ધાર્યું હતું કે ત્હારી હાલની ખુબસુરતને સારી રાણીથી તું સંતુષ્ટ હોઈશ, તોપણ મ્હેં ત્હને સુખી કરવાને પ્રયત્ન કર્યો પણ તું કહેછે તેમ મિહાર–ઉન્ન–નિસાનો વિવાહ થઈ ગયોછે માટે હવે એ વિચાર છોડી દેવાનું હું ત્હને કહુછું ત્હેનાં માબાપ ત્હેનો વિવાહ ટાળે તો જ તે ત્હારી થઈ સકે. હું ત્હેમને તેમ કરવાની ફરજ પાડી સકું પણ તે મ્હારી પદ્ધતિથી વિરૂદ્ધ થાય. ને મ્હને ખાતરી છે કે એક પણ અન્યાય ભરેલા કૃત્યથી મ્હારા રાજ્યને કલંકીત થયેલું જોઈને તું ખુશી નહિં જ થાય. હું મ્હારૂ બનતુ કરીશ પણ ત્હારે માટે દિલગીરછું કે ન્યાય માર્ગ હું છોડી સકું તેમ નથી.

હવે મ્હારે ત્હને એક બીજી બાબત લખવાનીછે. ઉદેપુરના રાણાએ બંડ ઉઠાવ્યુંછે, ને આપણા દેશને ખેદાન મેદાન કરવાનુ ધારેછે. સમય બહુ બારીકછે અને સખત પગલાં ભરવાની જરૂરછે. હુ હાલ લશ્કરની સરદારી લેવાને અશક્તિવાનછું. માટે હું ત્હને લશ્કર લઈ ને બંડ સમાવી આવવાનું લખુછું. લશ્કરની ત્રણ ટુકડીઓ આજ જશે, પણ તું એક બે દિવસ પછી જઈશ ને ત્હેમને મળીશ તો અડચણ નથી; પણ મોડું કરવામાં લાભ નથી. કહેવાય છે કે ન્હાનું ઝાડ હોય ત્હારે આંગળીની ટોચ વડે ત્હમે ઉખેડી નાંખી સકો પણ મ્હોટું થાય ત્હારે હાથી પણ જડ મૂળથી કાડી ન સકે. તેથી શરૂઆતથી જ બંડ શમાવવું જોઈએ. માટે દૃઢ ને બહાદુર થજે. ને લોકોને ત્હારી હિન્દુસ્થાનના ભવિષ્યના શેહેનશાહ તરીકેની લાયકાત બતાવજે. ત્હને ફતેહ મળો ને કોઇ પણ નુકસાનથી મ્હારા આશીર્વાદથી બચો. એ જ.

લિ. ત્હારો અનુરાગી પિતા અકબર.

પ્રકરણ ૯ મું.

સલીમને જ્યહારે તે પત્ર મળ્યો ત્યહારે ત્હેણે તે બે ત્રણવાર ફરી ફરીને વાંચ્યો. મનો. વિકારનો ઊભરો આવવાથી તે ખાલી જગ્યાઓમાં જોવા લાગ્યો અને ભવિષ્યના વિચાર કરતો હોય હેવું જણાયું. ત્હેની આંખ્યોમાંથી બોરે બોર જેવડાં અશ્રુનાં બિન્દુ પડયાં, ને ત્હેના ગાલ ઉપર ટપકવા માંડયાં. ત્હેની બધી આશાઓ વ્યર્થ ગઈ. ત્હેના ભવિષ્યના સુખના વિચારો રદ થયા ને કાળજુ બળવા માંડયું. તે સમઝી ગયો કે ત્હેના બાપે ત્હેને વચમાં ન આવવા દેવા માટે આ રસ્તો કાડયોછે પણ ત્હેનો હુકમ ઉલ્લંઘી સકાય ત્હેવો નહોતો. તે માનવો જ જોઈએ, શક્તિ હોવા છતાં તે પાંજરામાં પકડાયલા સિંહ જ્હેવો હતો. ઘડીકમાં તે નિરાશ થતો ને ઘડીકમાં આશાવત થતો, ત્હેણે કહ્યું જો મિહાર-ઉન-નિસા મ્હને ચ્હાતી જ હશે તો ત્હેને ફ્હરાણે બીજા સાથે પરણાવી સકશે જ નહિ. મ્હારે જતા પ્હેલાં ગમે તે રીત્યે ત્હેને મળવું જોઈએ. હું મ્હારી જીંદગી ત્હેના હાથમાં અર્પણ કરીશ. ને જો તે નઠારી હશે તો મ્હને દુ:ખ દેશે તો પછી હું આ જીંદગીનો અંત આણીશ, ને જો ને સારી ને વચન પાળનારી હશે ને મ્હને ચ્હાવાતું વચન આપશે તો પછી પૃથ્વિને આકાશ મળી જશે તો પણ હમે છુટાં નહિં પડીએ.'

હાવા હાવા વિચારો સલીમ કરતો હતો. ત્હેને વળી હેવો વિચાર આવ્યો કે જો હું લડાઈમાં ફત્તેહમદ થઈશ તો વખતે મ્હારા પિતા પોતાના વિચાર બદલે ને ગયાસબેગને વિવાહ તોડી નાંખવાનું કહે.

પાછળથી કોઇક બીના અવાજે પૂછયુ દીકરા! ત્હને શું દુખ છે કે તું રૂવે છે! ત્હારી મા આગળ તુ ત્હારી બધી વાત કહોને ત્હારૂ મન ખાલી કર્ય, તે ત્હને સુખી કરવાને આકાશમાંના તારા પણ ચુટી ફહાડશે."

સલીમ—દાઈ, વ્હાલી ઘરડી દાઈ, ત્હેં જ મ્હને ન્હાનપણમાં ખોળામાં લઈ ને રમાડયોછે ને હાલરડાં ગાયાંછે તો ત્હારા શિવાય બીજું કોણ મ્હારૂં કહેલું છાનુ રાખી સકશે ને મ્હને મદદ કરી સકશે?

તે ઘરડીદાઈ—"તુ મ્હારી આંખ્યોની કીકીછે. ત્હારે શી પીડાછે? તે મ્હને કહે કારણ ત્હને હાવી સ્થિતિમાં જોઇને મ્હને દુખ થાયછે. હુ મ્હારા દીકરાની (ત્હારી) કશી પણ વાત ઉઘાડી નહિં પાડું. લે વચન જોઈતું હોય તો. હવે મ્હને કહે કે ત્હારા ખુશમિજાજી સ્વભાવને દિલગીર કરનારી શી વસ્તુછે? હુ ત્હારી આશાઓ પાર પાડીશ. "

સલીમ—"ઘણી મ્હેરબાની, મિહાર-ઉન-નિસાએ મ્હને મોહાન્ધ કર્યોછે, ને ત્હેનો વિવાહ બીજે થયેલોછે. મ્હારી ગેરહાજરીમાં ત્હેનું લગ્ન થઈ જાય હેવા વિચારથી મ્હારા પિતાએ મ્હને કામસર ગામ જવાનુ લખ્યુછે. પણ મ્હારે જતા પ્હેલાં ત્હેને એકવાર જોવીછે ને વાતો કરવીછે કે મ્હારૂં નસીબ ત્હેના મ્હોથી જ સાંભળુ.

તે દાઈએ પૂછ્યું, તે શી રીત્યે થાય? મ્હને પ્હેલેથી જ કહ્યું હોત તો સારૂં થાત હું ત્હેનો વિવાહ થતો અટકાવત. તે ત્હમને ચ્હાયછે? ત્હમારે ત્હેની સાથે વાતચિત થઈ છે?

જો એમ હોય તો હું ગોઠવણ કરી સકું."

સલીમ—મ્હે ત્હેને જોઇછે, ત્હેની સાથે વાતચિત કરીછે, ને ત્હેને પોતાને મ્હોએ સાંભળ્યુંછે કે તે પણ મ્હને ચ્હાયછે. મ્હારે ફક્ત તમારૂં એટલુ જ કામછે કે હું ચીઠ્ઠી આપું તે લઈ જવી અને ત્હેનો જવાબ લાવવો.

દાઈ—" ઓહો ! તેતો સ્હેલાઈથી થઈ સકશે. લાવો ચીઠ્ઠી ને ત્હેનો જવાબ હું આંખ્યના ના પલકારામાં લઈ આવું."

સલીમ—તું ઘણી માયાળુછે. પછી ત્હેણે નીચે પ્રમાણે ચિઠ્ઠી લખી.

" મ્હારી પ્રિયા, મ્હારી હમ્મેશની પ્રિયા; સુખ કરતાં દુઃખમાં વધારે સાંભરતી, પ્રાણ-પ્રિયે-મ્હારા બાપે મ્હને ઉદેપુર જવાનું કહ્યુછે ને પેલી બાબતમાં કાંઇ પણ કરવાને ના ફ્હેછે. મ્હારે ત્હેમનો હુકમ પાળવો જોઈએ. જો હુ ફત્તેહ પામીને પાછો આવીશ તો હુ ત્હેમનું વલણ બદલાવવાની આશા રાખુંછું પણ મ્હારી ગેરહાજરી દરમ્યાન ત્હારૂં લગ્ન થઈ ગયું તો ત્હારા ઉપરના મ્હારા પ્રેમના અને આપણે પ્હેલ પ્હેલાં મળ્યાં તે દિવસની યાદગિરીમાં હું સોગન ખાઇને કહુછું કે મ્હારા પિતાના રાજ્યનું હુ બેદાન મેદાન કરી નાંખીશ. ને જડ મૂળથી ત્હેની ગાદીનો નાશ કરીશ. હવે મ્હારે ફ્હેવાનુછે કે હુ જાઉં તે પ્હેલાં તુ મ્હને એક વાર મળ્ય, કે મ્હારાથી મ્હારે પોતાને મ્હોએ ત્હને છેલ્લી સલામ ફ્હેવાય. મ્હને મળવા-ની મેહેરબાની કર્ય, ને મ્હારીવાત સાંભળ્ય કે હું આશા ભર્યો ને વિશ્વાસ રાખીને જાઉં. તું ત્હને ચ્હાનાર તરફ દયાળુ નહિં થાય ? કારણ જો કે તે નીચામાં નીચા કુળનો હોય તો પણ ત્હેના હૃદયમાં ત્હારા જેવા ગુલાબની સુગંધ ફેલાઇ રહીછે ને ત્હેને પવિત્ર કર્યુંછે, આશા ઉત્પન્ન કરીછે. મ્હારૂં હૃદય ત્હારા ઉપરના વહાલને લીધે ઉછળેછે ને જે આ બધું લખુછું તે ત્હેનું પરિણામછે. હું જવાબની વાટય જોઉંછું, ને જે પળે ત્હને મળીશ તે પળને હું ધન્ય પણ ગણીશ. હવે છેલ્લી સલામ ! આ કાગળ ત્હારા હાથને અડકશે, અક્ષરો ત્હારી દૃષ્ટિએ પડશે–તો ત્હેના લખનાર કરતાં તે વધારે ભાગ્યશાળી ગણાશે ! ફરીથી એકવાર છેલ્લી સલામ !

શાહજાદાએ તે એક સુગંધીદાર પરબીડીયામાં બીડીને તે દાઇને આપીને કહ્યું કે જેમ બને તેમ જલદી મિહાર–ઉન–નિસાને હાથોહાથ આપી આવ્ય, તે દાઇએ ઝટ પાછાં આ-વવાનું વચન આપ્યું ને પાલખી તૈયાર કરાવી મિરઝા ગયાસબેગને ત્હાં જવા ઊપડી, દસ પંદર મિનિટમાં તે ગયાસબેગના જનાનખાનામા બેગમ અને ત્હેની છોકરી મિહાર–ઉન–નિસા જોડે વાતો કરતી બેઠી.

તે દાઈ—વાહ રે ! તમે મિહાર–ઉન–નિસાને અલીકુલીબેગ સાથે પરણાવવાનું નક્કી કર્યુંછે ને મ્હને તો એક શબ્દ પણ કહ્યો નહિં.

બેગમ ગયાસ—પણ મ્હેં નથી નક્કી કર્યું. પણ મ્હારા પતિએ નક્કી કર્યુંછે, ને ત્હેમણે મ્હને પણ કેટલે દહાડે કહ્યું તેથી હું ઠપકાને પાત્ર નથી હું તો તમારી સલાહ જરૂર લત.

દાઈ—હાસ્તો; કારણ પુરૂષો સ્ત્રીઓના વિચાર વગેરે શી રીતે જાણી સકે ?

બેગમ ગયાસ—ખરી વાત, પણ પરમેશ્વરે જ આપણને ત્હેમના હાથ નીચે મૂક્યાંછે, પછી સારૂં કે નઠારૂં આપણે ત્હેમની મરજી પ્રમાણે ચાલવાનું.

દાઈ—પણ તે માટે આપણે કાંઈ આપણી સત્તા ખોવી ? ખરેખર મ્હારી પ્રિયબ્હેન,

તું બહુ નરમ સ્વભાવની અને કહ્યાગરીછે. વિવાહ કરવો. તે કાંઇ તારા પતિનું કામ હતું? એતો આપણું કામછે ને ત્હેમાં પણ ત્હેં ત્હારી સત્તા ખોઈછે.

બેગમ—મ્હેં ખોઈછે, પણ હુ તો ધારતી હતી કે આપણાં છોકરાંના સારા માટે જ આ કરૂં છુ.

તે દાઈએ કટાક્ષથી પૂછ્યું, "ત્યારે ત્હારો પતિ આ છોકરીને તજી દેવાનો હતો તે પણ ત્હેના સારાને માટે જ હશે ખરૂં કે? જો ત્હને ત્હેને માટે વ્હાલ ન હોત તો તે બિચારી ત્યાંને ત્યાં જ મરી જાત! પુરુષોનો હમ્મેશાં દરેક કામમાં સ્વાર્થ હોયછે ને તે બ્હારના સારા અર્થ બતાવી ઢાંકેછે. હજી તું કાંઈ દુનિયાદારીની રીત જાણુતી નથી."

બેગમ ગયાસ—મા, ત્હમે ઘણાં ડાહ્યાંછો મ્હારી છોકરીનું સારૂં થવા માટે શું કરવું તે મ્હને કહેશો?

દાઈ—ત્હમે મ્હને પૂછ્યું તે સારૂ કર્યું થોડા વખત સુધી થોભો અને અલીકુલીબેગ ત્હમારી પુત્રીને લાયકછે કે નહિં તે જૂવો ને પછી નક્કી કરો.

બેગમ ગયાસ—ત્હમારી ઘણી મહેરબાની ત્હમે આવ્યાં તે સારૂં થયુ. હું ત્હેને જોઈશ ને પછી નક્કી વિચાર કરીશ.

દાઈ—મ્હારો ઉપકાર માનવાની કાંઇ જરૂર નથી. પછી મિહાર-ઉન્ન-નિસા તરફ ફરીને કહ્યું, "દીકરા, ત્હેં મ્હને ત્હારૂં નવુ ભરત કામ, ત્હારાં ફૂલ વગેરે નથી બતાવ્યાં, તું એમ ધારે છે કે હેવી વસ્તુઓ જોવા જેટલી હું જુવાન નથી?"

મિહાર-ઉન્ન-નિસા—ના, મા, હું જાઉછું ને મ્હારી વસ્તુઓ લઈ આવુંછું.

દાઇ—ના દીકરા, હું ત્હારી જોડે આવીશ અને ત્હારા નાજુક હાથથી શણગારેલી ઓરડી જોઈશ.

મિહાર-ઉન્ન-નિસા—ચાલો, મા ત્હમને બતાવવાથી હુ ઘણી ખુશી થઈશ.

તે ઘરડી દાઈ ઊઠી બેગમ ગયાસે પણ જોડ જવાની ઇચ્છા બતાવી પણ તે દાઈએ આનાકાની કરી ને ત્હેમને ત્યાં જ રાખ્યાં. ને મિહાર-ઉન્ન-નિસાએ શણગારેલી સુન્દર દેખાતી ઓરડીમાં દાખલ થઈ, ત્હેને વખાણી અને ધીમે રહીને સલીમની પત્રિકા મિહાર-ઉન્ન-નિસાના હાથમાં સરકાવી દીધી.

તે કન્યકાએ ચમકીને પૂછ્યું "આ શુ? હાનો શો અર્થ?"

દાઈ—ચુપ, ચુપ, દીકરા તે વાંચ્ય. ને પછી મ્હોં ફેરવીને બારણાંમાંના રેશમી ભરત કામના પડદા વખાણવા મંડી ગઈ.

મિહાર—ઉન્ન-નિસા કાગળ વાંચીને ફીક્કી પડી, ને પછી રાતી રાતી થઈ ગઈ અને આંખ્યમાંથી આંસુ પડવા માંડયાં. ત્હેણે તે પત્રિકાને ચુમ્બન કર્યું ને ત્હેને છાતી સરસી ચાંપીને પછી નીચે પ્રમાણે લખ્યું:—

"પ્રાણપ્રિય, મ્હને સાંઝે બગિચામાં આવીને મળજો. હુ સૂર્યાસ્ત પછી ત્યાં હોઈશ. ત્યાં સુધી છેલ્લી સલામ."

પછી ત્હેણે તે બીડીને દાઈને આપી, દાઈએ પૂછ્યું. "ત્હમારે બીજું કાંઇ કહેવાનુંછે?" મિહાર-ઉન્ન-નિસાએ કહ્યુ, 'ના વ્હાલી મા, ના.'

તે ઘરડી દાઈ બોલી "આ કાગળ લઈ જનારનો તે ઉપકાર માનશે."

આથી મિહાર-ઉન્ન-નિસ્સા શરમાઇ ગઈ ને કાંઇ જવાબ દીધો નહિ.

દાઈ—અહ ! એટલે ત્હમે હેને મળવાનું રાખ્યુંછે. સારૂં કર્યું. ને પછી ઓરડીની બ્હાર આવી જ્યહાં ગયાસ બેગમ હતાં ત્હાં બેઠી. ને પ્હેલાંની પેઠે વાતો કરી. થોડીવાર પછી આતુરતાથી રાહ જોતા સલીમની ઓયડીમાં બ્હારોબ્હાર આવી પ્હોચી.

સલીમ—"વ્હાલી મા, હું ત્હારો શી રીતે ઉપકાર માનું ?"

દાઈ—ત્હમને ખુશી ઉત્પન્ન થઈ છે તેથી મ્હારો ઉપકાર મનાઈ જ ગયોછે.

મોહ પામેલા શાહજાદાએ તે દાઈને વારવાર તે થોડી મુદતની મુલાકાતમાં થયેલી વાતોના દરેક શબ્દો બોલાવ્યા ને પોતાની:પ્રિયાનો ચ્હેરો કે'વો હતો તે ઘડીએ ઘડીએ કહેવડાવ્યું ને ત્હેના ઉપર શી અસર થઈ હતી તે બોલાવડાવ્યું. એ પ્રમાણે કલાકો વહી ગયા ને જ્યહારે સલીમના મિત્રો આવ્યા ત્યહારે ત્હેણે દાઈને જવા દીધી. આખો દહાડો પોતાના ખંડમાં રહ્યો હતો ત્હેને માટે ત્હેના મિત્રોએ ત્હેનેઠપકો દીધો ને ગાયન સાંભળવાને અને મદ્યપાન કરવાને બ્હાર આવવાનું કહ્યું પણ ત્હેણે ના કહી અને કહ્યું, "જનાનખાનામાં મ્હારે કાંઈ કામ છે" તે થોડીવાર સુનો ને પછી ઊઠીને, મ્હોટો ડગલો પ્હેરીને ત્હેની પ્રિયાના ઘર તરફ ચાલ્યો. તે બગિચાની દિવાલ આગળ આવી પ્હોચ્યો. ત્યહારે સૂર્યાસ્ત થયો હતો, ત્હેને અડચણ નડી. તે ભીંત્ય દશેક ફીટ ઊંચી હતી. બાગને એક બારણુ હતુ ત્હેને અંદરથી તાળું હતું તે આસપાસ ફર્યો ને જ્યહારે ત્હેણે એક વડના ઝાડનાં મૂળો પગથીયાની પેઠે રહેલાં જોયાં ત્યહારે તે બહુ ખુશી થયો તે તે રસ્તે થઈને ચઢયો ને બગિચામાં ઊતરી પડયો.

તે ઘરડી દાઈના ગયા પછી મિહાર-ઉન-નિસા વિચારસાગરમાં પડી ત્હેણે પોતાના પોષાકની માંહિંથી તે પત્રિકા કહાડી,.ત્હેની દરેક લીટીને ચુમ્બન કર્યાં, પણ પોતાનો વિવાહ થયેલો સાંભરી આવતાં તે કમકમી. જેમ જેમ સૂર્ય અસ્ત થવા માંડયો તેમ તેમ ત્હેનું અસ્વસ્થ પણ વધતુ ગયુ. ત્હેને એમ થયુ કે પાછલું બારણુ ઉઘાડી બગિચામા સટકી જવું, પણ ત્હેને બ્હીક લાગતી હતી. સલીમની ચિઠ્ઠીનો જવાબ લખીને ત્હેને જોખમમાં નાંખ્યો હતો. તેથી તે દિલગીર થઈ. ત્હેના અંત:કરણે કહ્યુ 'જા" તે ઊઠી, બારણું ઉઘાડયું ને એકવાર પાછળ નજર નાંખીને તે બગિચામાં આવી. હજી ચન્દ્રનો પ્રકાશ પૂરો પૂરો પ્રસર્યો ન્હોતો, પણ તે સલીમ જ્યહાં સંતાઈ રહ્યો હતો ત્હાં આવી પ્હોચી. ને પછી તે સલીમના હાથમાં હતી અને મનોવિકાર ઊભરાઈ આવવાથી તે કાંઈ બોલી સકી નહિં, તથા ત્હેની છાતી ધડકતી હતી, પણ સલીમના બોલવાથી તે બધી બ્હીક વીસરી ગઈ.

સલીમ—અહિં આવી ત્હેં કેટલી બધી મેહેરબાની કરી ? મ્હને નવી હરકતો ને નવાભય સામે થવા જતા પ્હેલાં ત્હને મ્હારી છાતી સરસી રાખવાનુ કે'વુ સુખ મળ્યુંછે. મિહાર-ઉન-નિસાએ કાંઈ જવાબ દીધો નહિં તે બન્ને જણ પાછાં થોડીવાર સૂધી બોલી સકયાં નહિં. આખરે પોતાને ધીરે રહીને છોડવીને પોતાના પ્યારા તરફ જોઈ મિહાર-ઉન્ન-નિસાએ કહ્યુ, "અરે મ્હારા વ્હાલા સલીમ, મ્હારા દુશ્મનના હાથમા મૂકીને ત્હમે શા માટે જાઓ છો. ?" ત્હેણે ઉપર જોઈ ને કહ્યું, "અરે આકાશ દેવતા, મ્હારા નબળા હૃદય ઉપર દયા કરો ! પાછું ત્હેણે સલીમને કહ્યું, "ત્હમે શેહેનશાહને મ્હારી બાબત લખવાનું વચન આપ્યું હતું પણ મ્હને લાગેછે કે ત્હમે ભૂલી ગયા હશો. મ્હને આમ શા માટે પીડો છો ?"

સલીમ—મ્હારી વ્હાલી મિહાર-ઉન્ન-નિસા ! મ્હેં ત્હારો વિવાહ તોડવા બાબત મ્હારા પિતાને લખ્યુ હતું ને ત્હેનું પરિણામ એ થયું કે મ્હને શેહેર છોડવાની આજ્ઞા થઈ છે.

મ્હારી જોડે ચાલ્ય, અને આપણે એકાદ સારી જગ્યાએ જઇને રહીશું ને ત્હાં પ્રેમથી અને સુખથી જીંદગી ગાળીશું.

મિહાર-ઉન્ન-નિસા—"શાહજાદા, તમે મ્હારૂં અપમાન ન કરવાનુ વચન આપ્યુંછે.'

સલીમ—ત્હારૂં અપમાન! ત્હેના કરતાં હું મરવું બેહેતર ધારૂછું. હું ત્હને ચ્હાઉંછું ને ત્હારાથી જ હુ દોરાઇશ. શેહેનશાહ કહેછે કે ન્યાયી રીત્યે તે વિવાહ તોડાવી ન શકે. ત્હારા પિતા આપણા પ્રેમની વિરૂદ્ધછે ને હવે શું કરવું તે સુઝતું નથી.

મિહાર-ઉન્ન-નિસા—ન્યાય! જે કૃત્ય શેહેનશાહને ન્યાયી લાગેછે તે વખતે અન્યાય પણ હોય. આ વિષયમાં બે જણાછે જે એક બીજાને ખરા અતઃકરણથી ચ્હાયછે ને પરમેશ્વરે પણ હેવું જ નિર્માણ કર્યું છે તો ત્હેમની આશાઓ ભંગ કરી ત્હેમને દુઃખી કરવાં ત્હેને શેહેનશાહ ન્યાય કહેછે? અસ્તુ. મ્હને બીજાબધા જેવું નિરંકુશ હૃદય અને સ્વતંત્રપણું ઇશ્વરે આપ્યુછે તો પછી મ્હને કશામાં ન ગણવાનો કોંનો હક છે?

સલીમ—"ખરી વાત પણ આપણી દેશી રૂઢિ હેવીછે કે સ્ત્રીઓનું કાંઈ ચાલતું જ નથી ને ત્હેમનામાં કાંઈ ન્યાય કરવાની શક્તિ નથી એમ પુરુષો ધારેછે. તે લોકો તો કહે છે કે તમે ફક્ત તરંગથી જ દોરાઓ છો."

મિહાર-ઉન્ન-નિસાએ હસીને કહ્યુ, તરંગ? તરંગ કરતાં હૃદય ત્હેમને દોરેછે. ને એકલી અક્કલ કરતાં હૃદય અને અક્કલથી દોરાયલો માણસ હું વધારે પસંદ કરૂંછું. શેહેન-શાહને હુ કહી સકું તો કેવું સારૂં."

સલીમ-હા, હું પણ હેવું જ ધારૂંછું ને ત્હારા મધુર હોઠમાંથી નીકળેલી માગણી કોણ કબુલ ન રાખે! પણ હું જઈશ ત્હારે તુ એકલી. માટે મ્હારે જવાની ના કહેવી.

મિહાર-ઉન્ન-નિસા-ના ના, હેવું ના કરશો. તમારી વિરૂદ્ધ હજાર જણ શેહેનશાહને ભ્હડાવશે ને ખોટું સમજાવશે ને જો તમે ફત્તેહ સહિત પાછા ફરશો તો વખતે તે આપણને પરણાવે.

સલીમ-હા, તું કહેછે તે ખરૂંછે. ને મ્હને ખાત્રીછે કે ત્હારી મરજી વિરૂદ્ધ મ્હારી ગેરહાજરીમાં પરણાવી નહિં સકે. ને જો તેમ કરે તો કહેજે કે હાંતું બહુ સખત રીત્યે વેર વાળશે.

મિહાર—ઉન્ન-નિસા-હું મ્હારૂં બનતું કરીશ. મ્હને લાગેછે કે હવે મ્હારે જવું જોઇએ. વખત છે કોઇ મ્હને જુવે.

સલીમ-તું મ્હને છોડવાને એટલી બધી આતુરછે? તું જઈશ પછી મ્હને ચન્દ્ર અસ્ત પામ્યા જેવું લાગશે. ફરીથી મ્હારી સાથે બોલ્ય. તું મ્હને ભૂલી તો નહિં જાયને?

મિહાર-ઉન્ન-નિસા-તમને ભુલી જઈશ! મ્હે તમને હજારો વખત મ્હારા પ્રેમ બાબત નથી કહ્યુ? પણ મ્હારા વ્હાલા, તે પ્રેમની તમે હવે પરીક્ષા કરી સકશો.

શાહજાદો—"ખરી વાતછે, ને તે છતાં આ બધું મ્હને માયા જેવુ લાગેછે. આ પૃથ્વિ ઉપર બનવા જહેવો બનાવ નથી લાગતો. આતો સ્વર્ગીય બનાવ જેવો લાગેછે.
મિહાર-ઉન્ન-નિસા, તું મ્હને ભૂલી જઈશ?

મિહાર-ઉન્ન-નિસા-તમે આમ કેમ બોલો છો? મ્હારા હૃદયમાં જે સ્વર્ગીય પ્રેમનું કિરણ પેઠુ છે તે આ હૃદય જ્યહારે ધડકતુ બંધ થશે ત્હારે જ નાશ પામશે.

સલીમ—હાવી મજબુત રીત્યે જોડાયલાં હૃદયને કોણ છૂટાં પાડી સકશે ? અબુલ ફુઝલની ભાષણ કરવાની વિદ્યા પણ હારા પ્રેમને અસત્ય પ્રેમ નહિં કહી સકે.

મિહાર-ઉન્ન-નિસા-અસત્ય પ્રેમ ? ના ઉલટું આ બે હૃદય જે છૂટાં પાડશે તે જુલમી કહેવાશે. મા બાપને ત્હેમનાં છોકરાંના કલ્યાણાર્થે પોતાની મરજી પ્રમાણે કરવા દેવું એ વાત ખરીછે, પણ જ્યહારે મનુષ્યની જીંદગીનો નાશ હાવી રીત્યે કરે ત્યહારે તે વાજબી ના ગણાય ને ત્યહારે તો કાયદાને પણ પડતો મૂકવો જોઈએ ને રાજ્યે જોવું જોઈએ કે ન્યાય થાય છે કે અન્યાય.

સલીમ—તું ધારા શાસ્ત્રી તરીકે હુશિયાર ગણાઈ સકે ખરી, અને અબુલફૂઝલને પણ કોરે બેસાડી સકે ખરી, કોણ જાણે શા કારણથી અબુલફૂઝલની મ્હારી તરફ અરૂચિછે. તે મીઠા બોલો રાજપુરુષ, મ્હારા પિતાનો માનીતો થઇ ગયોછે. ને બહુ મગરૂર થઈ ગયોછે. મ્હારે કોઇક દહાડો ત્હેની મગરૂરી કહાડી નાંખવી પડશે.

મિહાર—ઉન્ન-નિસા-અબુલફૂઝલ સારોને વિદ્વાનછે ત્હેણે આ રાજ્યના બંધારણમાં અને તે મ્હોટું કરવામાં જેટલી મદદ કરીછે તેટલી કોઈએ નથી કરી અને ત્હેની ઝીણી ઝીણી ભૂલ્યો માટે તો આંખ્ય આડા કાન કરવા જોઈએ. તે પવિત્ર માણસછે ને તેથી ત્હમારો તરંગી સ્વભાવ ત્હેને ગમતો નહિં હોય.

સલીમ—પણ હું ત્હને મળ્યો ત્યહારથી મ્હેં મ્હારા તરંગી વેડા ઓછા નથી કર્યાં ? શું હું સુધરવાનો પ્રયત્ન નથી કરતો ? અલબત્ત હું મોલવીની પેંઠે હજી બોલી સકતો નથી.

મિહાર—ઉન્ન-નિસા-ત્હમે અબુલફૂઝલની વિરૂદ્ધછો ત્હેનું કારણ મ્હને જડતું નથી.

સલીમ—તે બહુ ખૂલ્લા દિલનોછે. તે પોતે શેહેનશાહનો માનીતોછે તેથી જીભ તાબે નથી રાખતો.

મિહાર—ઉન્ન-નિસા-મ્હને લાગેછે કે હવે આપણે છૂટાં પડીએ. હમારો જમવાનો વખત થવા આવ્યોછે તેથી તે લોકો મ્હને સોધશે. એમ કહી તે ત્હેને ભેટવા અને ચુમ્બનો કરવા લાગી.

સલીમ—ચન્દ્ર તો હમણાં જ ઊગેછે ને ત્હમે મ્હને અડધો કલાક જ મળ્યાં.

મિહાર—ઉન્ન-નિસા-અડધો જ કલાક ? મ્હેં મ્હારી આખી જીંદગી ત્હમને આપીછે.

સલીમ નિશ્વાસ સહિત—" જા ત્યહારે, મ્હારી પ્રાણપ્રિયે, આપણે ફરીથી કયહારે મળીશું તે તો પરમેશ્વર જાણે. "

મિહાર-ઉન્ન-નિસા-જલદી અને હમ્મેશાંને માટે મળીશું ને કદીએ છૂટાં નહિં પડીએ.

સલીમ-તથાસ્તુ આપણે ફરી મળીશું ત્યહારે આમ છૂપી રીત્યે નહિં; પણ પતિ અને પત્નિ તરીકે મળીશું, અથવા તો ત્હારા બચાવને માટે લસ્કરની સરદારી ઉપર મ્હને આવતો જોઈશ. ફરીથી એકવાર ચુમ્બન કરવા દે ને પછી છેલ્લી સલામ.

પછી મિહાર-ઉન્ન-નિસા પોતાના ઘરમાં ગઈ અને સલીમ પોતે જે રસ્તે આવ્યો હતો તે રસ્તે પાછો ગયો.

પ્રકરણ ૧૦ મું.

તે દહાડો અંધકારવાળો હોવાથી શોકાતુર લાગતો હતો. માથે વાદળાં ઝઝુમી રહ્યાં હતાં. ને વાદળાની ઘટાથી થતો કઠારો ઓછો કરવાને પવન પણ બીલકુલ ન્હોતો. હાવે સમયે સલિમ કુમળમિરની ટેકરીઓ તરફ જવાને ઉપડયો. મિહાર-ઉન્ન-નિસા તે દહાડે વ્હેલી ઊઠી હતી ને ઘરની અગાશીમાંથી સલીમને તથા ત્હેના મિત્રોને ઘોડે સ્વાર થઈને જતા જોયા. જ્હારે તે સરઘસ ત્હેની દૃષ્ટિ પાર થયુ ત્હારે નિર્જીવ પદાર્થની પેઠે જઈને પડી. વિચારમા ને વિચારમા તે એટલી બધી તલ્લિન થઈ ગઈ હતી કે ત્હેની મા આવ્યાની પણ ત્હેને ખબર ન પડી જો કે તે તો નોકરો ચાકરોને ધાગાપાડીને હુકમો આપતી આપતી આવી હતી

ત્હેની માએ પૂછ્યુ તુ શા વિચારમા છે? ત્હારા દિવસના સ્વપ્નો તારી માને નહિં કહે?"

મિહાર—ઉન્ન-નિસાએ ચમકીને કહ્યુ. મા તુ આવી તે મ્હને ખબર જ ન પડી. હુ વિચારસાગરમાં હતી.

બેગમ ગયાસ—વિચારસાગરમા! ને તે વળી તુ? કેવી નવાઈની વાત! એક પળ પણ સ્થિર બેશી ન રહી સકે તે વિચારસાગરમાં? તુ તદ્દન બદલાઈ ગઈ લાગેછે. વિચારસાગરમા પડવાનુ કારણ મ્હને કહે

મિહાર—ઉન્ન-નિસા-કાંઇ ખાસ કારણ નથી નીચે બહુ ગરમી લાગેછે તેથી હું પવનની આશાએ ઉપર આવી તો અહિ પણ હેવુ જ છે. એક પણ પાંદડું હાલતું નથી ને ઓરડીમાં ને અહિં બધે સરખું જ છે.

બેગમ ગયાસ—"મ્હારી દીકરી, તુ મ્હને છેતરીશ નહિં, ત્હારૂ મન, અસ્વસ્થ રહેવાનુ બીજું કાંઈ કારણછે ત્હારી ચિત્તપણુ લઈ લેનારૂં કાંઈ કારણછે તે મ્હને કહે"

મિહાર—ઉન્ન-નિસા-મ્હને કશુ પણ નથી થયુ હુ તાપને લીધે અસ્વસ્થ છું થોડા વખતમાં સારી થઈશ

બેગમ—"મ્હારી પુતળી, તુ ધારેછે ત્હેવી હુ મૂર્ખ નથી. હું આ દુનિયામા ઘણા લાંબા વખતથી છુ ને માણસનો સ્વભાવ પારખી સકુછુ ને ત્હારી મુખમુદ્રા ઉપરથી ત્હારા મનમા શુ છે તે જણાઈ આવેછે, ત્હારો વિવાહ થયો ત્હારની તુ બદલાઈ ગઈ છે. પ્હેલાંની મ્હારી ખુશ મિજાજીને હસમુખી પુત્રી હવે વિચારમા ને વિચારમાં ગુથાયલી ને શાન્ત રહેછે ત્હેનુ કારણ કાંઇક છે."

મિહાર—ઉન્ન-નિસા મન તે સમુદ્ર કરતાં પણ ઊંડુ છે. ત્હેની અથાગ ઊંડાઈ કોણ માપી સકે! ત્હેની સપાટી જ જણાતી નથી.

બેગમ—પણ પાણીની સપાટી ઉપર થતાં કુંડાળામાંથી ત્હેને તળીયે શું થાય છે તે સમઝી સકાય. હું ત્હારા મનના વિચારો જાણુંછુ. ઠીક, પણ હવે ત્હારૂ લગ્ન આવતા પખવાડીઆની આ તિથીએ થવાનું છે, માટે ખુશ મિજાજી થા, ચાલ્ય!

વીજળીનો આચકો લાગ્યો હોય તેમ ઊઠીને મિહાર--ઉન્ન--નિસાએ કહ્યું, લગ્ન! ત્હારે શું મ્હને આમ કચરાની પેઠે નાંખી દેવાની? હુ ત્હમને વિનતી કરૂંછુ કે લગ્નનુ નામ ન દેશો."

બેગમ ગયાસ—"જો હું કહેતી હતી ને કે ત્હારા વિચારો હુ જાણુ છું. ત્હારા બીજા

તરંગોને લીધે તું અલીકુલીબેગ સાથે પરણવાને ખુશી નથી. હું ત્હને ડાહી છોકરી જાણતી હતી પણ તુ બીજી છોકરીઓ જેવી મૂર્ખ નીકળી. અલીકુલીબેગ જેવો સારો ને ઉમદા માણસ જે ત્હને ફુલે પુજશે, હેવાને મૂકીને શાહજાદા જેવા તરંગીમાણસને તું ચ્હાય છે ! શાહજાદા તો ત્હેમની મરજી હશે ત્હાં સુધી ત્હારી સાથે સારી રીત્યે વર્તશે પછી થયુ !"

મિહાર—ઉન્ન-નિસા—મા ત્હમે બધુ જાણો છો કે હુ સલીમને ચ્હાઉંછુ. ને પછી બસ, મ્હારે બીજુ કાંઇ નહિ જોઈએ. હું જેવીછું ત્હેવી જ રાખવાની વિનંતી કરૂંછું. પરમેશ્વરની ખાતર મ્હને દુખના ખાડામાં ન નાખશો. હુ ખાતરીથી કહી સકુછુ કે સલીમ મ્હને ખરા અંતઃકરણથી ચ્હાયછે.

બેગમ ગયાસ– બસ, બસ, હવે ત્હારા તરંગો છોડી દે એતો શાહજાદાની ઘેલાઈ છે અને તું ત્હેનાથી લોભાઈ છે.

મિહાર—ઉન્ન-નિસા—મા ત્હમે કદી પ્યાર નથી કીધો ? મ્હેં શાહજાદાને મ્હારૂં અંતઃકરણ અર્પણ કર્યુંછે. તો ભલે હવે એ નજી દે કે ગમે તે કરે, મ્હે તો આત્માર્પણ કર્યોછે ને તેથી હુ મ્હને સુખી માનુછું.

બેગમ ગયાસ—પ્રેમ ? હુ મ્હારા પતિને ચ્હાઉછું તુ જેને પ્રેમ કહેછે તે અધમોહ શિવાય બીજું કાંઇ નથી, ને તે ડાહ્યા માણસોનું લક્ષણ નથી.

મિહાર—ઉન્ન-નિસા—ને ત્હેની શક્તિ, ત્હેન માધુર્ય ને ત્હેનુ સુખ હેમાંજ છે એ બધાની અસરથી હ્રુદયનો કાળો ફુવારો સુકાઈ જાયછે ને તે માણસોને પૃથ્વિ ઉપરથી સ્વર્ગમાં લઈ જાયછે ત્હમારે મ્હને દુખો અને પીડાઓની વાતો કહેવી હોય તો કહો, પણ તે પ્રેમ દુખને સુખ કરી દછે, ને પીડાઓથી ભરેલા માર્ગને પણ ગુલાબથી જ ભરેલો તે કરી દેછે. મા, વાહાલી મા ! પ્રેમની કાંઇ પણ વ્યાખ્યા આપી સકાય એમ નથી તે આ પૃથ્વિ ઉપર નથી. મનુષ્ય જાતિની ભાષા ત્હેનુ વર્ણન કરતાં થાકી જાયછે એ તો ઓળખવો ને મનમાં લગવો જોઈએ. પ્રેમ રૂપી અગ્નિ બધા બુરખાને બાળી નાખેછે ને પોતની પ્રિયાનુ મ્હોં બતાવેછે ને બેનાં અતકરણો જોડી દેછે. પૃથ્વિ ઉપરની કોઇ પણ સત્તા મ્હને હેનાથી છુટી નહિ પાડી સકે

બેગમે દ્રઢતાથી કહ્યું, "અરે મૂર્ખ છોકરી, હાફીઝનાં કાવ્યો વાંચવાથી ત્હારૂં મગજ ફરી ગયુ લાગેછે. મ્હને એ ચોપડી ત્હને વાંચવા દેવાની મનાઈ હતી, કારણ કહેવાય છે કે એકસો વાર હાફીઝ વાચે તો માણસ ગાંડો થઈ જાયછે પણ મ્હેંજ મૂર્ખાઈ કરી કે ત્હને તે વાંચવા દીધી ને તેથી મ્હારે શિક્ષા ભોગવવી જોઈએ ન્હાની છોકરીઓએ આ પ્રમાણે પ્રેમ વિશે વાતો જ ન કરવી જોઈએ."

મિહાર—ઉન્ન-નિસા—મા, વ્હાલી મા, હાફીઝ તો અંતઃકરણમાં પેશી નીકળ્યોછે ને ત્હેની આશાઓ, વિચારો ને તરંગો દર્શાવેછે. જો એ ન હોત તો તે બધાનું વર્ણન કોઇ કરી સકત નહિં. તે બહુ જ મધુર રીત્યે વર્ણવેછે તેથી ત્હેને લોકો ગૂઢ બાબતોનો પ્રગટાવનાર ને અદૃશ્ય વસ્તુની જીભ કહેછે.

બેગમ ગયાસ—તે બધે મદ્ય, સ્ત્રીઓ અને રમત ગમતની જ વાતો કહેછે ને મ્હને ખાત્રી થઈ છે કે ન્હાનાં છોકરાંને વાંચવા લાયક ત્હેનાં પુસ્તકો નથી.

મિહાર—ઉન્ન–નિસા–વ્હાલી મા, હાફીઝની વિરૂદ્ધ એક પણ શબ્દ બોલશો નહિં, ત્હેનાં ગાયનો દેખીતાં ઘણાં નજીવાં લાગેછે, પણ ત્હેમા ઊડા અર્થ સમાયલાછે. મૂળમાંથી જે કાંઈ સારી વસ્તુછે ત્હેનુ સારાપણુ લીધેલુછે તે બતાવવાને જ હાફીઝ જુવાનીના મોજશોખનુ વર્ણન કરેછે. તે ગુલાબ, મંદ શીતળવાયુ, બુલબુલ અને પ્રિયાને એક જ જાતનાં ગણેછે, ને દરેકને પ્રેમની કિર્તીના થોડા થોડા અંશની પ્રતિમા બતાવનારાં ચાટલાંની પેઠે ગણે છે.

બેગમ ગયાસ—તેમ હશે, પણ ઘણા લોકો ત્હેનાં કાવ્યોના ઉચ્ચ અર્થો બાજુએ મૂકી દઈ ત્હેમાંથી વ્યભિચારી અર્થો સોધી કહાડેછે.

મિહાર—ઉન્ન–નિસા–સૂર્ય તો બધા ઉપર એક સરખી રીત્યે પ્રકાસેછે, પણ ત્હેનાં કિરણો જે વસ્તુમાં થઈને જાયછે તે વસ્તુનો રંગ લેછે. નઠારા લોકો ત્હેમની નઠારી કેળવણીથી હાફીઝનાં કાવ્યોની મધુરતા અને ઉમદાપણાને બગાડી નાંખે હેમાં હેનો શો વાંક ?

બેગમ ગયાસ-હશીને "દાખલા તરીકે, હાફીઝનાં કાવ્યોએ ત્હારા જંગલી તરંગોને ઉત્તેજન આપ્યુછે, ને ત્હને ગાંડી બનાવીછે ને તેથી જ તુ ત્હારી મા સાથે અમર્યાદ રીત્યે વાતો કરેછે."

મિહાર– ઉન્ન–નિસા–ત્હમે બધુ મ્હને કહેવાનુ કહ્યુ. મા! તો પછી મ્હને જરૂર કહેવુ યોગ્ય લાગ્યુ. મા, મ્હારે ત્હમને કહેવુ જોઈએ કે મ્હે સલીમને પરણવાનુ વચન આપી દીધુછે ને હું ત્હેની એકલાની જ છું મા! હુ ત્હારી તરફની મદદની આશા રાખુછું. મ્હને તુ નહિ બચાવે!

ને પછી ઘુટણીયે પડી હાથ જોડીને વિનતી કરતે અવાજે આંસુથી ભરેલી આંખ્યે કહ્યું " પરમેશ્વરની ખાતર મ્હને તજી દેશો નહિ હું ઘણી દુખી છુ ને ત્હેમાં હુ જે'ને નથી ચ્હાતી એવા પુરૂષ સાથે લગ્ન કરાવીને ઉમેરો કરશો નહિ માટે મ્હને બચાવવાની વિનતી કરૂંછું."

બેગમ ગયાસ–તું જંગલી છોકરીછે ત્હને સુખી કરવાની બધી ગોઠવણ હમે કરીછે તે તુ નથી જાણતી?

મિહાર—ઉન્ન–નિસાએ રોતે અવાજે કહ્યું, "મા, હુ ત્હમને વિનંતી કરૂછું કે ત્હમે આવાં ક્રુર ન થશો. મ્હને આ ઘરમાંથી ત્'હાં ખશેડશો તો હું મરી જઈશ "

બેગમ ગયાસ–"વ્હાલી દીકરી, છેક જંગલી ન થા! હુ આ વિશે ત્હારા બાપને કહીશ."

મિહાર—ઉન્ન–નિસા-ઘણો ઉપકાર, વ્હાલી મા, હું જાણતી હતી જ કે માનાં અંતઃકરણ સખત નથી હોતાં.

મિરઝા ગયાસબેગે આગળ આવીને કહ્યુ, " ને મ્હારૂં તો પથ્થરનુ બનેલુ હશે, કેમ? હુ અકસ્માત અહિ આવી ચ્હડયો ને મ્હારી પ્રિયપતિ અને પુત્રી વચ્ચે જે વાતો થઈ તે મ્હે સાંભળી, ત્હને માંહિં દીઠી નહિં તેથી હુ અહિ આવ્યો ને ત્હને મિહાર–ઉન્ન–નિસાએ કહેલી વાતોમાંની થોડીક સાંભળીછે પણ મ્હારે બધી સાંભળવાની ઇચ્છાછે

મિહાર—ઉન્ન–નિસાએ દૃઢતાથી કહ્યું, "પિતાજી, હુ અલીકુલીબેગની સ્ત્રી નહિ થઇ સકું કારણ હુ બીજાને ચ્હાઉં છું. માટે ત્હમારા મિત્રનું હિત ઇચ્છીને ત્હેને અત્યારથી કહેવાની વિનતી કરૂંછુ"

મિરઝા ગયાસબેગ—ત્હેને એ બધી ખબરછે ને તેથી જ તે ત્હારી સાથે પરણવાને વધારે આતુરછે પણ ત્હારા જે'વી ડાહી છોકરીને આવી હઠીલી જોઈને નવાઈ લાગે છે. તું એમ ધારેછે કે સલીમ ત્હને ચ્હાયછે ને તે ત્હને પોતાની રાણી બનાવશે! મૂર્ખ છોકરી.!

સલીમ તો બુલબુલના જેવોછે. જે ફૂલ થોડા દહાડા સુધી પસંદ પડછેત્હેને તે રાખે છે ને પછી ફેંકી દેછે. જો તે ત્હને પરણે તોપણ તુ ત્હેના જનાનખાનામાં પાંજરામાં પૂરેલા પક્ષીની પેઠે કેદી જેવી રહીશ ને અંત સુધી દુ:ખી થઈશ ને અલીકુલીબેગને ત્હાં તો તું ત્હેના અંતઃકરણની ને ત્હેના ઘરની રાણી થઈશ.

મિહાર—ઉન્ન–નિસા–પિતાજી બધુ વ્યર્થછે. હું સલીમને જ ચ્હાઉ છું ને ત્હેને જી ગીભર ચ્હાઇશ.

મિરઝા ગયાસબેગ—પુત્રી ! તુ મૂર્ખછે અલીકુલીબેગ ત્હને સુખી કરવાને ત્હેનું બનતું કરશે ને શાહજાદો સલીમ તો ત્હને ત્હેના જનાનખાનામાં પૂરી રાખશે પુત્રી ! ત્હારા સુખ કરતાં મ્હને બીજું શું વધારે વ્હાલુછે ? ને હું ત્હને દુ ખી કરનારા–જીંદગીભર દુ:ખી કરનારાને ઊંઘ વિનાની રાત્યો ને સુખ વિનાના દહાડા બતાવનારા તરંગો છોડી દેવાની વિનંતી કરૂછું. થોડી ગરમી આપે હેવા અંગારા તે બહુ દઝાડે હેવા અંગારાથી સારાછે. તું શું એમ ધારેછે કે તરંગી, ગર્વિષ્ટ સલીમ -

મિહાર—ઉન્ન–નિસાએ મગરૂરીથી કહ્યુ,"પિતાજી બસ કરો મ્હનેખીજવુ હોય તો ખીજો પણ હુ જેને ચ્હાઉં છું ત્હેને ગાળો દઈ ને મ્હારૂ તહમારે માટેનુ માન ઓછુ કરશો નહિ."

મિરઝા ગયાસબેગે ચ્હાઈને કહ્યુ, "શું એક શીખામણનો શબ્દ ત્હને ખોટું લગાડેછે ? હું ત્હને કહુંછું કે સલીમ ત્હને ચ્હાયછે એમ ધારતી હોય તો તુ છેતરાયછે ને દુ ખી થઈશ "

મિહાર—ઉન્ન–નિસા–દુ ખીથઈશ તો હુ થઈશ ત્હેમા વચ્ચે પડવાનો કોઇને હક્ક નથી.

મિરઝા ગયાસબેગે દઢતાથી કહ્યું, "ત્હને સુખી કરવી એ હમારી ફરજ છે. હમે ત્હને જીંદગીભરના દુ:ખમા નહિ નાખીએ ને જો તું અલીકુલીબેગને પરણીશ તો શરૂઆતમાં તો જરા ત્હને દુઃખ થશે પણ જેમ જેમ તુ, ત્હેને ઓળખતી જઈશ ને ત્હેનુ મન જીતતી જઈશ તેમ તેમ ત્હને પણ સારૂ લાગશે. સલીમ જરા ખીજવાશે તો ખરો, પણ ત્હારી ગેરહાજરીથી તે બધુ ભૂલી જશે. તુ જાણતી નથી કે ભૂલી જવું કેવુ સ્હેલુછે."

મિહાર—ઉન્ન–નિસા–ભૂલી જવુ ? ત્હેને કદી ભૂલવાની નથી. મ્હારા અંતઃકરણના બળતા અગ્નિને દુનિયાની કોઇ પણ વસ્તુ હોલવી સકવાની નથી. ગમે તે કહો પણ મ્હને ખાત્રી છે કે સલીમ મ્હને ખરા દિલથી ચ્હાયછે. ને હું ત્હેને મળીશ નહિં ત્હાં સુધી તે જંપવાનો નથી એમ મ્હને કહ્યુ હતુ ને તેમ કરશે જ.

મિરઝા ગયાસબેગ-ઠીક છે. હમને નુકસાન કરશે તો ત્હારા સુખને માટે હમે ખમીશું. અલીકુલીબેગ બહાદુરછે ને ત્હને પરણવાથી સલીમ ત્હેનો દુશ્મન થશે ને કંઈ પણ કરશે તો તે સાંખવાને તે હિમ્મત વાળોછે, ધારો કે હું વિવાહ તોડુ તો પણ તે કબુલ નહિં કરે તે શાહેનશાહની ભર દરબારમાં ત્હારે માટે માંગણી કરશે. તેથી મ્હારે હવેત્હારૂં લગ્ન આવતા- મહિનાની દશમે કરવુછે.

મિહાર—ઉન્ન-નિસા- તહમે મ્હારી મરજી વિરૂદ્ધ તે જંગલી ઈરાની સાથે મ્હને નહિં પરણાવી સકો. જો પરણાવશો તો તહમે તે માટે પસ્તાશો.

ગયસબેગ—મૂર્ખ છોકરી, તુ શું કરવાની હતી ? હું બરોબર બંદોબસ્ત રાખીશ ને ત્હારૂં લગ્ન થયેલુ જોઈશ.

મિહાર—ઉન્ન–નિસા- શાહેનશાહ જે પોતાને પૃથ્વિ ઉપર આવેલો ઇશ્વરનો પડછાયો કહેછે ત્હેને હુંઅરજીકરીશ. હું ત્હેના રાજયાસનકને ઘુંટણીયે પડીશ ને દુ ખમાંથી બચાવવાની વિનંતીકરીશ

મિરઝા ગયાસબેગ—ત્હારાથી હેવું કાંઈ થવાનું નથી ! ત્હને બ્હાર જ જવા નહિં દઉં. અને વળી શેહેનશાહનુ હેમાં કાંઇ ચાલશે નહિં. આપણા દેશના કાયદાઓ પ્રમાણે તું હમારા હાથમાંછે.

મિહાર-ઉન-નિસાએ નિરાશાથી કહ્યુ, " ભલે એમ હોય, પણ શેહનશાહે દેશના જુના નઠારા કાયદાઓ સુધારીને નવા ને સારા કર્યા છે. ત્હેમને ત્હમારા કૃત્યનું ગેરવાજબી પણ જણાયા વિના રહેશે જ નહિં. "

ગયાસબેગે ઘાંટો પાડી પૂછ્યુ, " મ્હારાં કૃત્યનું ગેરવાજબીપણું ? હમે ત્હારે લાયક વર સોધી કહાડયોછે ત્હેના કરતા વધારે હમે શુ કરીએ ? "

મિહાર-ઉન્ન-નિસા-હા ત્હમારા કૃત્યનુ ગેરવાજબીપણુ ! ત્હમે ત્હમારા હાથમાં પરમેશ્વરે મૂકેલા માણસના સુખનો નાશ કરવાને તૈયાર થયાછો. પરમેશ્વરે તો ત્હેને સુખી કરવાને માટે ત્હમારા હાથમાં આપ્યુછે ને સ્વાર્થી થઈ ત્હેના સુખનો નાશ કરોછો. મ્હારૂ સુખ જો ત્હમે ઇચ્છતા હો તો મ્હને શામાટે બોલવા દેતા નથી ? હુ મ્હારા અંતઃકરણથી જેને ધિક્કારૂ છુ ત્હેની સાથે શા માટે પરણાવો છો ? ને ત્હમે મ્હારી વિનતી નથી સ્વીકારતા, કારણ મ્હારા કરતા તમે માનની વધારે દરકાર કરોછો.

મિરઝા ગયાસબેગ—તુ હજી બરોબર વિચાર કરી સકતી નથી, તેથી ત્હારાથી બોલાય જ નહિં છોકરૂ ગમે એટલુ રોઈ ને સર્પ માગે તો તે કાંઇ બાપ આપે ખરો કે ! મ્હને ખાતરી છે કે આખરે તુ હમારો ઉપકાર માનીશ જ ને ત્હને હવે હું કહી દઉછું કે આવતા મહિનાની દશમે ત્હારૂ અલીકુલીબેગ સાથે લગ્ન થવાનુછે.

મિહાર—ઉન-નિશા-તેમ નહિં થઈ સકે. જો ત્હમે જુલમથી કરશો તો હું આ જીદગીનો નાશ કરીશ

મિરઝા ગયાસબેગ—અહ ! હેવો પવન ભરાયો છે કે ? પ્હેલેથી ખબર પડી તે સારૂં થયુ ! હેવુ કાંઇ બનશે નહિં. એમ કહી તાળી પાડીને એક નોકરને બોલાવ્યો અને મિહાર-ઉન—નિસાને કેદમાં રાખવાનો હુકમ આપ્યો.

મિહાર—ઉન નિસાએ મગરૂર રહી ત્હેને પોતાને અડકવા ન દીધો ને પોતે ઓરડી તરફ ચાલીગઈ અને ત્ય્હાં સ્હામે પેલો નોકર બેઠો.

બેગમ ગયાસ—વ્હાલા, ત્હમે બહુ ઉતાવળાછો મિહાર-ઉન-નિસા ઠેકાણે આવે ત્ય્હાં સુધી લગ્ન મુલતવી રાખીયે તો કેમ ? આટલી બધી ઉતાવળ શી છે ?

ગયાસબેગે ગુસ્સાથી કહ્યું, " તુ પણ તે નઠારી છોકરીની તરફની જણાયછે. લગ્ન કરવું તો હમણાં જ કરવું નહિં તો કદી નહિં. શાહજાદો કોઇ પણ દહાડો આવી ચ્હડે ને પછી લગ્ન થઈ ન શકે. "

બેગમ ગયાસ—પણ વ્હાલા, શાહજાદો પોતે જ ત્હેને પરણે તો તે કે'વી સુખી થાય. ત્હમે જે રસ્તો લીધોછે તે યોગ્ય છે કે નહિં તે જરા વિચારી જોજો.

મિરઝા ગયાસબેગે કહ્યું, " છટ ! તેમ બને જ નહિ. ગમે તે થાઓ મ્હે નિશ્ચય કર્યોછે. હવે દરબારમાં જવાનો વખત થયોછે. ખુદા હાફીઝ ! " એમ કહી તે જનાનખાનામાંથી ઝપાટાબંધ ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૧ મું.

સલીમ મ્હોટા લશ્કરની સરદારી લઈને ઉદેપૂરના શૂરવીર રાણાને હરાવવાની ઇચ્છાથી રજપૂતાનાના રેતાળ મેદાનોમાં થઇને વાવાઝોડાની પેઠે ચાલ્યો ગયો. તે ઉદેપૂરનો રાણો આપારાવળનો પૌત્ર કોઇને પણ નમવુ એ વિચારને જ ધિક્કારતો હતો. તે જે લોકોને પોતાના જ ગણતો હતો ત્હેના ઉપર મોગલ રાજા રાજ્ય કરે એ ત્હેના દૃઢ સ્વતંત્રપણાને લીધે ત્હેને અસહ્ય હતુ. ને તે રાજાના રાજ્યમાંથી મુક્ત કરવાના અથવા તો પ્રયત્ન કરવામાં મરવાના ત્હેણે સોગન લીધા હતા. ત્હેની સ્હામેના લોકો બહુ હતા, તે જે લોકોને બચાવવાનું ધારતો હતો તે જ ત્હેની સ્હામે હતા પોતાના દેશનાં હથિયારો તેની સ્હામે જ વપરાવવાનાં હતાં, એટલુંજ નહિં, પણ ત્હેનાં સગાં પણ ત્હેની વિરૂદ્ધ પક્ષમાં હતાં. ત્હેનો સગો ભાઈ જ દુશ્મનના લશ્કરમા હતો. ને ત્હેના વંશનો રાજા માનસિંહ પ્રતાપના વ્હાલા ને શૂરવીર રજપૂતોને ત્હેની (પ્રતાપની) સ્હામે કરતો હતો, પણ જેમ જેમ ભય વધતો ગયો તેમ તેમ રાજવંશી પ્રતાપની હિમ્મત અને દૃઢતા વધતી ગઈ, ત્હેણે ભાટ ચારણોના કહેવા પ્રમાણે પોતાની માનું દુધ નિષ્કલકિત રાખવાના સોગન લીધા હતા. ત્હેણે આરાવલિના ડુંગરોમાં સરસ રક્ષણવાળી જગ્યા સાધી રાખી હતી. તે જગ્યાની ચારે બાજુએ ડુગરી પ્રદેશ આવ્યો હતો કુમળમેરથી રામનાથ ને મીરપૂરથી સીતોળા એમ થઈને હેશી માઇલનો ઘેરાવો હતો. હલદીઘાટના, ડુંગરો, જંગલ, ખીણો ને વ્હેળાઓથી બે ભાગ થતા હતા. તે સાંકડી ખીણો ને સીધી પર્વતની કરાડો અને કુદરતી કિલ્લાઓથી ત્હાં આવવાના રસ્તાઓ રક્ષિત હતા ને હલદીઘાટની ખીણ બે ઉંચા પર્વતની વચ્ચે હતી ત્હેને લીધે ત્હાં કોઇથી આવી સકાય હેવું ન્હોતું આવી જગ્યાએ ઉદેપૂરનો રાણો સતાયો હતો.

આ જગ્યાએ મોગલાઈ લશ્કર સાથે પોતાના ૨૫૦૦૦ રજપૂતો અને તે ઉપરાંત થોડા જગલી ભીલોથી લડવાનો રાણાનો વિચાર હતો. તે જે જગ્યાએ હતો તે જગ્યાએ સૂર્યનાં કિરણોની પેઠે ચારે તરફ હથિયારબંધ માણસો ત્હેનુ રક્ષણ કરવાને તૈયાર હતા. નિમકહલાલ ભીલો પર્વતની દરેક ટોચ ઉપર ત્હેમનાં તીર ને કામઠા લઈને તૈયાર હતા. ને દુશ્મનના લશ્કર ઉપર ગબડાવવાને મ્હોટા પથરા પણ તૈયાર રાખ્યા હતા.

પોતાની પ્રિયા મિહાર–ઉન–નિસાને જલદી પાછો મળવાને તત્પર થયેલો સલીમ બહાદુરીથી તે ખીણમાં ધસ્યો. ભીલોએ વરસાદની પેઠે, દુશ્મનના આગળ વધતા લશ્કર ઉપર તીરનો મારો ચલાવ્યો ને ત્હેમના કેળવાયલા હાથમાંથી ગયેલુ દરેક તીર એકેક જણને મારી નાંખતું જ, પણ શાહેનશાહના તોપખાનાં સ્હામે તે લોકોનું બધું વ્યર્થ હતું. કારણ તે ચારે બાજુ અગ્નિ વરસાવતું હતુ ભીલ લોકો નિમકહલાલીથી ઝનુની બનીને લશ્કર સ્હામે ધસ્યા પણ તોપોથી તે લોકોની હિમ્મત હારી ગઈ અને ત્હેમણે સ્વતંત્રતા ને કિર્તીની દેવી આગળ પોતાના જીવનનું બલિદાન આપ્યુ.

રાણાએ સંધ્યાપૂજન પૂરાં કર્યા ને પોતાના લશ્કરના કુલ વીસ હજાર રજપૂતો જોડે સ્હવારના અગિયાર વાગે જમવા બેઠો. રાણાએ ચીતોડની ખુવારી પછી સોનાની થાળીમાં

ન જમવાના અને પથારી ઉપર ન સુવાના સોગન લીધા હતા.અને ત્હેમની ભાગ્યહીનતા દર્શાવવાને ઢોલ વગાડનારા રજપૂતો હયદળની આગળ ન ચાલતાં પાછળ ચાલતા હતા. રાણા અને ત્હેના સાથીઓ સ્હામે પ્હોળાં કેળનાં પાંદડાંમાં ખાવાનું પીરસાયુ રાણાએ પોતાનુ પીરસેલુ પાંદડું ઝાલાના મુખ્ય અધિકારીને માનની નિશાની તરીકે મોકલ્યુ તે ત્હેણે ઘણા માનથી સ્વીકાર્યું. તે જ ક્ષણે એક તોપનો ગોળો રાણાની સ્હામે આવીને પડયો પણ રાણો ગભરાયો નહિં ને ખાવાનું ચાલુ કર્યું, પણ તરત જ ત્હેની પાસે થઈને સુસવાટો કરીને એક બીજો ગોળો ગયો. હજી પણ ત્હેને ઉઠવાનો વિચાર ન થયો ને ધાર્યું કે 'જમીને ઉઠીશ." પણ હવે તો ત્હેના પતરાળામાં જ એક આવીને પડયો.

હવે તે શૂરો રાણો સાંખી ન સકયો. દુશ્મન સાથે લડયા વગર આ દુનિયા તજી દેવાનો વિચાર ત્હેના હિમ્મતવાન આત્માને ગમ્યો નહિં તે ઉઠયો, ને હાથ ધોયા. ત્હેના નિમકહલાલ વીસ હજાર રજપૂતોએ પણ તેમ કર્યું ને બધુ પૂરૂ થયા પછી શંખો વાગવા માંડયા અને પડઘમોના અવાજો થઇ રહ્યા રાણાએ પોતાના રજપૂતો સ્હામે જોઈને કહ્યું:—

" મ્હારા મિત્રો, સાથીઓ અને છોકરાં ! આજે આપણે જે રણક્ષેત્રમાં જઈએ છીએ ત્હાંથીપાછા હઠવાનું નથી મોગલ રાજાના હાથમાંથી આપણા પ્રાચિન દેશને જીતી લેવાનોછે, નહિં તો મરવાનુંછે. આપણા કાયદાઓ ખડિત થયાછે, આપણા ઘર ઉપર હુમલા થયાછે, આપણાં દેવાલયો ભ્રષ્ટ થયાછે, આપણા મ્હોંમાંનો કોળીયો લઈ લેવાયોછે, આપણા અધિકારીઓએ પોતાનાં માન અને આબરૂ આપણા કુળના બજારના દલાલને વેચ્યાંછે તેઓ દેશનો અને ધર્મનો ભોગ આપી નામોશી ભરેલી રીત્યે વિશ્રામ લેછે રાજસ્થાન પોતાના બચાવને માટે ત્હમારી તરફ નજર નાંખેછે ને ઈશ્વર ત્હમને ત્હેને બચાવવાને જીવતા રાખો ! આપણા ચુલાઓને અપવિત્ર કર્યાછે, આપણું રાજ્ય ખેદાન મેદાન કર્યુંછે ને આપણાં ઘર તાર્તર લોકોના જમવાના ખંડને ઠેકાણે વપરાયાંછે. હાવુ બધુ જોવાં કરતાં મરવુ વધારે સારૂં છે. હમ્મેશાં હું જે લડાઇમાં હુકમો આપુછુ તે જ હુકમો આજે પણ આપુછું. ત્હમારી કુળભૂમિના છુટકારા માટે, ત્હમારી સ્ત્રીયોની આબરૂ માટે, ત્હમારા દેશના ધર્મ અને કાયદાઓ માટે લડો, ક્ષત્રીને ધર્મ સંબંધી લડાઈ કરવી ત્હેના કરતાં બીજું શું વધારે વહાલુ હોય ? તે લડાઈ તો ત્હેને માટે સ્વર્ગદ્વાર ઉઘાડેછે. ધન્ય ભાગ્ય એ ક્ષત્રીનાં જે ત્હેનું હાવું નસીબ હોય. જો ત્હમે જીતશો તો પૃથ્વિ ઉપર રાજ્ય કરશો ને જો મરી જશો તો સ્વર્ગમાં ત્હમને આવકાર દેવાને અપ્સરાઓ તૈયાર ઊભી જ હશે. હવે એકદમ ધસારો કરો અને દરેક કલગીવાળાં માથાં કાપી નાંખો, પણ જે ત્હમારે શરણ થાય ત્હેને જીવતા રાખજો. જુવો સાંભળો ! દુશ્મનોની તોપોના અવાજ આવવા માંડયા વાવટા ઉઠાવો ! પડઘમ વગાડો ! સ્વાર થઈ જાઓ ! પરમેશ્વર આપણને કિર્તિવંત જય અથવા તો કિર્તિવંત મોત આપો. ચાલો મ્હારા શૂરવીર મિત્રો ! "

એમ કહી તે પોતાના ઉત્તમ ઘોડા ઉપર કુદીને સ્હડી બેઠો ને પોતાની ઘણી વખત ઘાસની પેઠે માથાં કાપતી તલવાર ફેરવવા મડયો, કયરમજી વાવટો હવામાં ઉડવા લાગ્યો. ત્હેના મ્હોં ઉપર સુનેરી છત્ર છાંયડો કરતુ હતું ને શંખના પડઘાના છેલ્લા સંસ્કાર પૂરા થતા પ્હેલાં તો સૂર્યવંશી રજપૂતો સુક્કા જંગલમાં બળતા અગ્નિની પેઠે દુશ્મનોના લશ્કરમાં થઈને ધસ્યા. ત્હેમની ચળકતી તલવારો પ્રકાશિત જણાતી હતી, ને માણેકની પેઠે તે તલવારો

ઉપરથી રાતા રંગનાં ટપકાં ટપકવા લાગ્યાં મોગલ લશ્કર ગભરાટમાં પડયું ને ન્હાશભાગ કરવા માંડયુ. કેટલાકે તો હથિયારો નાખી દઈને જ ન્હાસવા માંડયું અભિમાની ને રાજ્ય ભક્ત મુલાં બદૃનિ જે શાહેનશાહના લશ્કર સાથે આવ્યો હતો અને રજપૂતોને મારીને માન મેળવવાને બહુ આતુર હતો તે પણ ન્હાસવા મંડયો ને રજપૂતો અને પોતાની વચ્ચે ત્રણ માઈલનુ છેટું રહ્યુ ત્હારે જ થોભ્યો ઝાડીવગરનાને પહોળા રસ્તા ઉપર લોહીના વ્હેળાઓમાં થઈને અને માથા વગરના ને અંગરહિત શરીરો ઉપર થઈને શરવીર રાણો અને ત્હેના શૂરવીર રજપૂતો કતલકરતા ગયા બધા કરતાં રાણો બહુ વિક્રાળ જણાતો હતો. ત્હેનો ભાલો હાલતો કે તલવાર ફરતી કે જીન ઉપરથી ગદા ઊંચકાતી ત્હારે રસ્તામાં જે કોઈ આવતું ત્હેના ભોગ મળતા. મુસલમાનો રાણા સ્હામે ધસ્યા પણ ત્હેની પથ્થર જેવી દ્દતા આગળ બધું નકામું હતું. ને તેથી બમણા જોરથી પોતાના લોકોને જ મારતા તેઓ પાછા હઠ્યા, રાણો ધીરે ધીરે આગળ વધ્યો ને સલીમ જે હાથી ઉપર બેઠો હતો ત્હેની સ્હામે આવી પહોચ્યો, શાહજાદાના અંગરક્ષક સિપાઈઓ પ્રતાપના આવવાથી ન્હાસવા મંડયા ત્હેના બ્હાદુર ઘોડા ચેતકે હાથીના માથા ઉપર પગ મૂકયો કે તરત જ પ્રતાપે મ્હાવતને ભાલાવડે મારી નાંખ્યો ને અંબાડીને અથડાઈને પ્રતાપનો ભાલો ભાગી ગયો. ને હાથી મસ્તીએ ચઢયો અને સલીમને લઈને નાઠો, આમ જો ન થયું હોત તો શુરવીર રાણા પ્રતાપના ભાલાથી અકબરનો ગાદી વારસ મરણ પામત હવે બહુ કતલ ચાલવામંડી શાહજાદાની હાવી સ્થિતિને લીધે શાહજાદાના અંગરક્ષક સિપાઈઓએ પ્રતાપને ઘેરી લીધો, પણ તે વીજળીની પેઠે તેમાંથી છટકી ગયો ને જ્હાં જતો ત્હાં સાફ કરતો હતો જ્હારે માનસિંહ ત્હેના "રજપૂત" ઘોડા ઉપર આવ્યો ત્હારે મોગલ સૈન્ય ન્હાસ ભાગ કરતું હતુ

હજી પણ રાણાનું જોર ઘટયુ ન્હોતુ, ત્હેની આસપાસ આવી ગયેલા લોકોની સંખ્યા મ્હોટી હોવા છતાં ત્હેના હાથમાં હજી કયરમજી વાવટો ઉડતો ને ત્હેની તલવાર કાળાં વાદળામાંની વીજળીની પેઠે ચમકતી હતી હજી પણ ત્હેનો ઘોડો જેવો ને તેવો અલમસ્ત હતો. ને શરતના ઘોડા જેમ દોડે તેમ દોડતો હતો. જેવું રાણાની તલવાર અને ગદાની સ્હામે થવાનું અશકય હતુ ત્હેવું જ આ ઘોડાની સ્હામે થવુ પણ અશકય હતું રાણા પ્રતાપની ગદા, જેમ પથરો માટીનુ વાસણુ ભાગે છે તેમ માણસોનાં માથાં ભાગતી હતી, રાણા પ્રતાપે ઘાંટો પાડી ને કહ્યુ " માનસિંહ ક્'હાંછે ? પેલો રાજ્યદ્રોહી ક્'હાંછે ? મ્હારી સ્હામે કેમ નથી આવતો કે હું ત્હેનું રાજ્યદ્રોહીનું માથું છટકાવી નાંખું ? "

પાછળથી કોઈએ કહ્યુ. " હું અહિંછું. રાજા માનસિંહને સોધો તે પ્હેલાં મ્હારીસાથે લડો. "

રાણો—જતો રહે, જતો રહે ! હું મ્હારા ભાઈને મારવાને ઇચ્છતો નથી.

શુકતે ધીમે રહીને કહ્યું, "ના, તેમ નથી, મ્હારા સાહેબ ત્હમે મ્હારૂં અપમાન કર્યું હતું ત્હેનો બદલો વાળવા હું ત્હમારો આશરો છોડી ગયો ને "મોગલ લશ્કરમાં ભળી ગયો હતો."હવે બધા વિચારો છોડી દે. મ્હારૂં મન ત્હારે માટે દુઃખાયછે પણ પ્રેમ કરતાં માન મ્હોટી ચીજછે. માટે તૈયાર થા ! "

રાણા પ્રતાપે પોતાની તલવાર મ્યાનમાં મૂકી દઈને કહ્યું, "માર્ય ! ત્હારી મરજી હોય તો માર્ય ! હું મ્હારા બન્ધુના લોહીથી મ્હારા હાથને કલંકિત કરીશ નહિં. "

શુક્ત ને આથી બહુ લાગ્યું. ને તે નમ્ર થઈ ગયો ને રાજા માનસિંહ હાથી ઉપર બેસીને આવ્યો હતો ત્હેના ઉપર ધસવાને રાણાને માર્ગ આપ્યો.રાજા માનનો હાથી ત્હેના હુમલો કરનાર ઉપર ધસ્યો, પણ ચેતક અચળ રહ્યો. ને ત્હેના સ્વારના એક ઝટકાથી

હાથીનો માવત પડી ગયો હાથી પાછો ફરવાની તૈયારીમાં હતો એટલામાં **માનસિંહ** પોતે માવતની જગ્યાએ જઈને બેઠો ને તેને આગળ ચલાવવાનો પ્રયત્ન કર્યો જયને માટે આતુરતાવાળા રજપૂતો આવી પ્હોંચ્યા ઘોડાના પગનો અવાજ, તલવારોનો ખણખણાટ ને તીરોના સુસવાટા ઉપરથી જણાતુ કે **રાણો** હજી લોહી લોહાણ રસ્તો કાપતો હતો ગીધની પેઠે મુસલમાન લોકોનુ લશ્કર આવતુ હતુ હવે લડાઈ કહેવાય એવુ રહ્યુ નહિ **રાણો** અસંખ્ય માણસના લશ્કરને પાછુ હઠાવી શક્યો હોત તો દરિયાને પણ હઠાવી શક્યો હોત ત્હેના રજપૂતો પોતાના અધિકારીને બચાવવાને એક પછી એક રાણાની બ્હાદુરીની બરોબરી કરતા મરણ પામ્યા **રાણા**નાં કેસરી લુગડાંના ચીથરા થઈ ગયા હતાં ને ત્હેને થયેલા સાત ઘામાથી લોહી વહેવા લાગ્યુ, તોપણ હજી **રાણા**નુ શર જેવુ ને ત્હેવું જ હતુ ને ત્હેનુ મન હજી બીજાં કિર્તિવત કામો કરવાને આતુર હતુ હજી ત્હેણે મજબુત રીત્યે કયરમજી વાવટો ઝાલી રાખ્યો હતો ને ત્હેનાથી મોગલ લશ્કરને ત્હેની સ્હામે થવાનુ શર વધતુ હતુ હજી **રાણો** તે લશ્કરમાં ધસારા કરતો ને દરેક ધસારે ત્હેમને પાછા હઠાવતો પણ પાછા ત્હેની આસપાસ તે લોકો આવી જતા બ્હાદુર રજપુતો ને નિમકહલાલ અધિકારીઓ જો કે સખ્યામાં ઓછા થઈ ગયા હતા, પણ લડતા ગયા ને ત્રણવાર દુશ્મનોના હાથમા જતા **રાણા પ્ર**તાપને બચાવ્યો. પણ હવે તે લોકોની બમણી સખ્યા આવવાથી તેઓ નાઈલાજ હતા અને આ વખતે જો **ઝા**લાના અધિપતિએ પોતાના જીવનો ભોગ આપીને રાણાને બચાવ્યો ન હોત તો ત્હેની જીંદગીનો પણ અત આવત

રાણા **પ્ર**તાપની કને આવીને ઘણા માનથી ઝાલાના અધિપતિએ કહ્યુ, " હવે બધુ ગયુંછે "

રાણા **પ્ર**તાપ—" ના જ્યહાં સુધી આપણે જીવીએ છીએ ત્યહાં સુધી નહિ જ્યહાં સુધી મ્હારી નસોમા લોહી વહેછે ને મ્હારાં ફેફસામા શ્વાસ છે ત્યહા સુધી નહિ. "

ઝાલાધિપતિ—ખરી વાત છે આપના ઉપર દેશનો આધારછે આપ પોતાને બચાવો કારણ હજી પણ રાજસ્થાનની કિર્તી પાછી મેળવી શકશો હજી ન્હાસવાનો વખત છે "

રાણો—" **પ્ર**તાપ તેની સામે એક પણ દુશ્મન હશે ત્યહાં સુધી રણક્ષેત્રમાંથી જીવતો નહિં ન્હાસે મ્હારી કિર્તીને કલંકિત કરવાનુ મ્હને કહીશ નહિ "

ઝાલાધિપતિ—" હુ આપને, આપના ઉપર દેશનો આધાર છે તે માટે ન્હાસવાનું કહુંછુ આપના દેશના કલ્યાણાર્થે, આપણી સ્ત્રીયોની આબરૂના રક્ષણાર્થે હુ આપને આ રસ્તો બતાવુછુ આતો ફક્ત એક જ લડાઈ હાર્યા છીએ ને જો આપ જીવતા રહેશો તો આ મુસલમાનોને હરાવીને બદલો વાળી શકશો હમે ત્હમારૂ ન્હાસવાનુ જણાવવા નહિ દઈયે "

રાણા—" હિમ્મત રાખ્ય. હજી પણ આપણે ત્હેમને હરાવી શકીશુ ત્હમારા શિવાય બીજા કોઈએ મ્હને આવી સલાહ આપી હોત તો ત્હેને હુ ત્યહાંનો ત્યહાં ઠાર કરત "

ઝાલાધિપતિ—" મ્હારા રાણા, મ્હારા મુરબ્બી આપની સાથે આજ મ્હવારે કેટલા રજપૂતો આવ્યા હતા ને અત્યારે બાકી કેટલા રહ્યાછે તે જરા જુઓ, ને દુશ્મનનુ લશ્કર જુઓ. આપણે શું **સ**લીમને પાછો નથી હઠાવ્યો ? શુ પાડવો રણક્ષેત્રમાંથી ન્હાઠા ન્હોતા ને પાછા ન્હોતા આવ્યા ! આપના દેશ ઉપર દયા આણો. ને આપની પ્રજા, ને સ્ત્રીયોની આબરૂ અને શૂરવીર પ્રજાની જીંદગી બચાવવા માટે આપની જીદગી બચાવો, ન્હાસવું હેમાં શું છે ? શુ શ્રીકૃષ્ણ પણ ન્હાશી ન્હોતા ગયા ! "

પ્રતાપ—" ખરી વાત મ્હારે જીવવું જોઈએ ને આ જગલી તાર્તરોને રીત્મભાત્ય જરા શીખવવી જોઈએ, ને હુ જ્હારે ફરીથી આવીશ ત્હારે એ લોકોને ધૂળયની પેઠે ઝાટકી કહાડીશ હવે છેલ્લી સલામ "

ઝાલાધિપતિએ કરમજી વાવટો પોતાના હાથમાં લઈને બાદશાહી છત્રી પોતાના માથા ઉપર ઊઘાડીને કહ્યુ "છેલ્લી સલામ આપણે સ્વર્ગમાં મળીશુ "

" સ્વર્ગમાં " એમ કહી જોત જોતામા રાણો દુસ્મનોના લશ્કરમાં થઈને ઝપાટાબધ પોતાના ડુગરી પ્રદેશ તરફ ચાલ્યો ગયો ને ઝાલાધિપતિએ પોતાની ઉપર રાજ્ય ચિન્હો ધરાવિને લડાઈનો સખ્ત ભાગ ખમ્યો ને પ્રતાપ ન્હાશી ગયો તે કોઈને ખબર પડવા દીધી નહિં ત્હેની તલવારથી તોફાનથી જેમ ફુલો ખરી જાયછે તેમ માથાં ખરવા મંડયાં પણ દુશ્મનોની સખ્યા વધારે હોવાથી ત્હેનુ કાંઇક-ચાલ્યુ નહિ અને આખરે તે અને ત્હેના નિમ-હલાલ નોકરો, આ ફાનિ દુનિયાનો ત્યાગ કરી સુન્દર સ્વર્ગમાં લઇ જવાને વાટય જોતી અપ્સરાઓના રથમાં બેશીને ચાલ્યા ગયા આ કૃત્યની યાદગિરી તરીકે હજી પણ ઝાલાધિપતિઓ મેવાડના રાજાઓના રાજ્ય ચિન્હો રાખેછે ને મેવાડના રાણાઓની જમણી બાજુએ બેસેછે

કેટલાક મોગલોએ રાણાને તીરની પેઠે ન્હાસતો દીઠો હતો ને ત્હેની પૂઠ લેવાનો નિશ્ચય કર્યો પણ ઉમદા ચાનક જમીનને બહુ ધિક્કારતો હતો ને પવનને વેગે જતો હતો

શુક્તનુ મન ત્હેના ભાઈના ઉમદાપણાથી બદલાઈ ગયુ હતુ તેથી ત્હેના મનમાંથી વેરભાવ જતો રહ્યો ને ત્હેના બન્ધુના ઘોડાને એકલો ન્હાસતો જોયા ત્હારે પ્રિતીભાવ ઉત્પન્ન થયો ને તે ઘોડાની પૂઠ પકડી પણ પોતાના બન્ધુને મારવાને નહિ પણ ત્હેની પાછળ પડેલા મોગલોને મારવાને તે દોડયો ને ભાલાવડ ત્હેમને માર્યા ને પ્હેલીજવાર બે બન્ધુઓ અરસ-પરસ પ્રેમભાવથી ભેટયા આ વખતે ચાનક (ઘોડાનુ નામ) જમીન ઉપર પડયો ને જહેવો રાણાએ ત્હેના ઉપરથી આંકરરાવ (ઘોડાનુ નામ) ઉપર માડવાને સામાન ઊતાર્યો કે તરત ઊમદા પ્રાણીએ પ્રાણ છોડયો

બે ભાઇઓનો મેળાપ દિલ પીગળાવે હેવો હતો પણ ટૂંકી મુદત માટેજ હતો કારણ રાણાએ ઘોડા ઉપર બેશીને ન્હાસવુ જ જોઇએ હેવુ હતું.

શુક્ત—" મ્હને ક્ષમા કર્ય. હું ત્હને વિનંતી કરૂંછું જો હું મોગલ લોકો ભેગો ભળી ન ગયો હોત ને અહિ ન આવ્યા હત તો ઉદેપૂરના રાણાને આમ એકલા ન્હાસવાની ફરજ પડત જ નહિં. "

પ્રતાપ—" ત્હારો વાંક ન કહાડય આપણે તો ફક્ત કોઈકિ આશાથી દોરાઇયે છિયે મ્હારા કર્મે (નસીબે) મ્હને બચાવ્યોછે ને તે કાંઇ મ્હોટા કામ માટે જ હશે. "

શુક્ત મશ્કરીમાં—" માણુસ પોતાની જીદગી બચાવવાને ન્હાસે ત્હારે ત્હેને કે'વું લાગતું હશે. "

પ્રતાપ—" શૂરવીર લડવૈયા પાછા ફરવાને માટે જ ન્હાસેછે, ને ટટળાવનારા ભવિષ્ય ઉપર આશા રાખેછે. "

શુક્ત—" ઇશ્વર ત્હને સલામત રાખો ને પાછો આવીશ ત્હારે આ લુચ્ચાને ત્હારી તરફથી જ લડતો જોઇશ. "

પ્રતાપે કહ્યું—" હવે છેલ્લી સલામ ત્હેં મ્હને આશા આપીછે ને ત્હેને માટે પરમેશ્વર

ત્હને ત્હેનો બદલો આપજો." એમ કહીને ફર્યો ને એક પળમાં દોડતે ઘોડે ચાલ્યો ગયો.

રાણો પ્રતાપ બહુ દૂર નહિં ગયો હોય એટલામા સલીમ માનસિંહ જોડે ત્હાં આવ્યો.

સલીમે પૂછ્યુ.—"પ્રતાપ ક્યાં છે? કેટલે દૂર ગયો હશે?"

શુક્તે ગંભીરતાથી કહ્યુ—"ત્હમારી પ્હોચની બ્હાર. હવે ત્હેને નહિ પકડી પાડી શકો એક કલાક પ્હેલાં તે મ્હારી ઉપર ને ત્હેની પાછળ પડલા મોગલો ઉપર ધસ્યો આવ્યો હતો જુઓ, એ રહ્યાં ત્હેમના માથાં વગરનાં શરીર"

સલીમ—"શુક્ત તું જુઠું બોલેછે એનો ઘોડો તો અહિં મરેલો પડ્યોછે તે બહુ દૂર નહિ ગયો હોય સાચે સાચું કહે ને હું ત્હને માફી આપવાનુ મ્હારા માનની ખાતર વચન આપુછું"

શુક્તે હિમ્મતથી કહ્યુ "ત્હારે શાહજાદા સત્યવાત જાણવી તે એ છે કે મ્હેં મ્હારો ઘોડો ત્હેને આપ્યોછે આખા રાજ્યનો આધાર મ્હારા ભાઈ ઉપર છે ને ત્હેને ભયમા જોઈને મ્હને સારૂ લાગ્યુ નહિ મ્હે ત્હેની પાછળ પડલા મોગલોને મારી નાંખ્યા ને મ્હારો ઘોડો ન્હાસવાને ત્હેને આપ્યો"

સલીમ—"ત્હારે ત્હે વિશ્વાસઘાત કર્યો એમ? પોતાના ભાઈને વિશ્વાસઘાત કરી છેતર્યો હતો હેવા માણુસ કનેથી શેની આશા રખાય? અરે મ્હે ત્હને માફી આપવાનું વચન આપ્યુ છે, તેથી જવા દઉછુ જા, ત્હારા ભાઈ સાથે. મ્હારી છાવણીમાં હવે ત્હને નહિ રાખુ."

શુક્ત—"માયાળુ શાહજાદા મ્હારે એ સિવાય બીજી કશાની આશા ન્હોતી, મ્હારે એટલુજ જોઈતુ હતુ" એમ કહી ઘોડાને એડી મારી ડુંગરો તરફ દોડાવી મૂક્યો

સલીમ—"રાજા માનસિંહ આપણે આગળ જઈશુ? હજી પણ આપણે તે અગ્નિ સળગાવનારને પકડી મારી શકીયે તો સારૂ નહિ તો મ્હોટો ભભુકો થશે"

રાજા માનસિંહ—"હુ આપ શાહજાદાના અભિપ્રાયને તદ્દન મળતો જ છુ" પણ ત્હેના મનમા રાણાની ભયભરેલી સ્થિતિ જોઈને દયા આવીને ત્હેનુ કરેલુ અપમાન ભૂલી ગયો ત્હેણે ફરીથી કહ્યુ "બરોબર છે પણ ત્હેની પુઠ પકડવી બહુ કઠણ છે રસ્તા ગુચવાયલા ને અજાણ્યા છે તેથી જરા ભય છે. રાણો ત્હેની સતાવાની જગ્યામાથી એકાએક નીકળી જીતની હાર્ય કરી દે માટે જો કાલ્ય ત્હેની પાછળ જઈએ તો સારૂ"

સલીમ, રાણો પ્રતાપ એકદમ ધશી આવે એ વિચારથી જરા ગભરાયો ને વળી ત્હેને લડાઈની અડચણો કરતાં મોજશૉક વધારે ગમતા હતા તેથી ત્હેણે કહ્યુ "ત્હમે કહો છો તે બરોબર છે ચાલો આપણે પાછા જઈને આપણુને મળેલી કિર્તીને માટે પરમેશ્વરનો ઉપકાર માનીયે" એમ કહી શાહજાદો ત્હેની કતલના પરિણામથી ભરપૂર, મેદાનમાંથી પોતાની છાવણીમાં ગયો ને પરમેશ્વરનો ઉપકાર માન્યો.

પ્રકરણ ૧૨ મું.

મિહાર-ઉન્-નિસા ત્હેની ઓરડીમાં બેઠી હતી સ્હવારમાં સૂર્ય ઊગ્યો ને આ ન્હાની ને સુગંધીમય ઓરડીમાં ત્હેનો પ્રકાશ આવ્યો, પણ ત્હેનાથી આ પ્રેમથી ગાંડી થયેલી છોકરીને કાંઈ શાન્તિ ન મળી ત્હેની બેદરકારી ભરેલી રીત્યથી પ્હેરેલાં વસ્ત્રો ઉપરથી ત્હેના

મનની સ્થિતિ જણાઈ આવતી હતી. ત્હેના સુંદર વાળને એક ગાંઠ્યવાળીને રાખ્યા હતા. ત્હેનો સ્હવારનો ઢીલો ઝબ્બો કમ્મરેથી નાજુક સુનાની સાંકળીથી બાંધેલો હતો ને સ્હવારના મંદવાયુથી તે દરિયાના મોજાની પેઠે ઊંચો નીચો થતો હતો. ત્હેની સ્હામે સદીનું બોસ્તન પડયું હતું, ને તે, તે વાંચતી હતી ને હજી પણ તે વિચાર કરતી પોતાના મન સાથે બોલી.

"આ તે પ્રેમ કહેવાય? મ્હારા અંતઃકરણને બાળેછે એવો સ્વાર્થિ પ્રેમ તે પ્રેમ કહેવાય જ નહિ. મ્હારે મજબુત થવુ જોઇએ ને આત્મ ભોગ આપતાં શીખવું જોઈયે. અમર સદીએ તે કે'વા રૂપમાં મુકયુ છે 'પતંગિયાએ મીણબતીને પુછ્યુ "તું કેમ આસું પાડેછે ઊલટુ મ્હારે ત્હારામાં પડીને ત્હને ખોરાક આપવો જોઈયે" તે મીણબતીએ કહ્યું "જા, જા મૂર્ખ, ત્હારા જ્હેવા માટે પ્રેમ વસ્તુ છે જ નહિ ત્હારામાં તો ધીરજને આત્મ સંયમ નથી તું તો તીવ્ર ભડકો જોઇને ન્હાશી જાયછે. ને હું તો પુરેપુરી બળી જાઊં છું ત્હાં સુધી ઊભી રહુ છુ. અગ્નિરૂપી પ્રેમે ત્હારી પાંખોને તો આંચ જ લગાડી છે ને જો અહિ હું તો પગથી તે માથા સુધી બળુ છુ જો ત્હારે પ્રેમ એ શું છે એ શીખવુ હોય તો આત્મભોગ આપતાં શીખવું જોઈયે."

પાછળથી કોઈયે કહ્યુ. "દીકરી ત્હને શી વાત પીડે છે?"

મિહાર-ઉન્-નિસાએ ચમકીને કહ્યુ "કોણ મા, તું છે કે હું તો વિચારમાં હતી તેથી ત્હને આવતી ન દીઠી. હું ઘણી ખુશી થઈછું."

તે ઘરડી દાઈ એ—"દીકરી! મ્હે થોડા દહાડા ઉપર જ સાભળ્યુ કે ત્હને પરણાવવાની છે ને તેથી ત્હને કાંઈ કામ આવુ કરીને આવીછું મ્હે ન્હોતુ ધાર્યુ કે તું હા કહીશ પણ હું જાણીને ખુશી થઈછું કે તે મ્હારૂ ધારવુ ખોટુ હતું"

મિહાર-ઉન્-નિસા—"બહુ સારૂ થયુ કે તું આવી મ્હોટી મ્હેરબાની પણ તું શી રીત્યે આવી સકી! મ્હને તો કોઇને પણ મળવાની રજા નથી" એમ કહી ત્હેણે તે ઘરડી દાઈના કરચોલી પડી ગયેલા હાથ ઉપર ચુમ્બન કર્યું

તે ખટપટી દાઈ—"મ્હે ત્હારી ભલીને મૂર્ખ માને બહુ બહુવાનાં કર્યાં ને ત્હને મળવાની રજા મ્હને આપવા માટે ત્હેને કહ્યું ને શાહજાદા માટે શોચ કરવાનુ મૂકી દેવાનુ ત્હને કહીશ એમ કહ્યું એટલે મ્હને રજા મળી"

મિહાર—ઉન્-નિસાએ પૃછયુ "પણ મા, તે લોકોએ મ્હને પરણાવવાનો નિશ્ચય કર્યો છે ને તે અમલમાં આણુશે એ ખરી વાત છે?"

દાઈ—"હા એમ જણાય છે તો ખરૂં બધુ તૈયાર છે ને વખતે આજથી પણ બધી વિધિઓ શરૂ થાય ને લગ્ન બે ત્રણ દહાડા પછી થઈ જાય."

મિહાર—ઉન્-નિસા ત્હેની પથારીમાં બે ભાન થઇને પડી. તે ઘરડી દાઈ તરત ઊઠી ને મિહાર-ઉન્-નિસાના કપાળ ઉપર ગુલાબજળ છાંટયુ, પખાવડે પવન નાંખ્યો ને પગે હાથ ફેરવ્યો. થોડા વખત પછી મિહાર-ઉન-નિસાને શુદ્ધિ આવી, ત્હેણે આંખ્યો ઊઘાડી, ને પીવાનું પાણી માગ્યું.

દાઈ—"શોક મૂકી દે વ્હાલી દીકરી હજી તો ત્હારાં લગ્ન થાય ત્હારે ને. શાહજાદા હજી પણ અટકાવી સકે ત્હેને લખ્ય."

મિહાર-ઉન-નિસા—"અરે! હા, તું ખરેખર મ્હારી સ્વર્ગમાંથી મોકલેલી સલાહકાર

છે." એમ કહી કાગળ ને કલમ લઈ આવેશમાં નીચે પ્રમાણે લખ્યુ

" મ્હારા શાહજાદા—

તે લોકોએ મ્હારૂં લગ્ન કરવાનો નિશ્ચય કર્યો છે ને તે બે ત્રણ દિવસમાં થશે જો બને તો મ્હને બચાવજો, નહિ તો તમે પાછા આવશો ત્યહારે તમને ખરા અંતઃકરણથી જે ભલી છોકરી ચ્હાતી હતી ત્હેને નહિ મળાય

દેહાંત સુધી સત્યશીલ તમારી.

મિહાર–ઉન્–નિસા.

પછી ઘડી કરીને તે દાઈને આપ્યો " તુ તે જલદી મોકલજે એક પણ પળ ખોવાની નથી."

દાઈ એ ઊઠતે ઊઠતે કહ્યુ " હા. હુ શાહજાદા ઉપર એકદમ મોકલી દઈશ."

મિહાર–ઉન્–નિસા—" ઘણો ઉપકાર વ્હાલી દાઈ. તુ બહુ માયાળુ છે."

દાઈ મિહાર–ઉન્–નિસાને કપાળે ચુમ્બન કરીને—" વ્હાલી દીકરી ! શાહજાદાને હુ ચ્હાઉં છુ ને તે જે'ને ચ્હાતા હોય તે મ્હને અપ્રિય કદી હોય જ નહિ. હવે જાઉંછું. ઇશ્વર તને સલામત રાખો."

એમ કહી તે દાઈ ડગમગ ડગમગ કરતી તે ઓરડીમાંથી ગઈ ને થોડીવાર બેગમ ગયાસ જોડે વાતોચીતો કરી પોતાની પાલખીમાં બેશી ઘેર ગઈ એકવાર નિશ્ચય કર્યા પછી તે દાઈ કરે ત્હેવી ન્હોતી ઘેર જઈ તરત ત્હેણે એક સ્વારને બોલાવ્યો ને પોતે એક કાગળ લખ્યો, ને તે અને મિહાર ઉન્–નિસાવાળો કાગળ શાહજાદાને હાથોહાથ પ્હોચાડવાનું કહ્યું. ને પછી પોતાની ઓરડીમાં ગઈ

મિરઝા––ગયાસ બેગને ઘેરથી દાઈ જતી હતી એટલામાં તો પાલખીઓની હાર્યની હાર્ય આવી ને ત્હેની આગળ ઢોલ ને શરણાઈ ઓ વાગતી હતી તે પાલખીઓમા જુવાન સ્ત્રીયોને ત્હેમની દાસીઓની ટોળીયો હતી ગયાસબેગના ઘરના આગણામાં તે લોકો પાલખીઓમાંથી ઉતર્યા ને બેગમગયાસ ને ત્હેની બ્હેનપણીઓએ ત્હેમને ગાતે ગાતે આવકાર આપ્યો ને મિહાર–ઉન્–નિસાની ઓરડીમાં સચીક–સકાકની ક્રિયા કરવા લઈ ગયાં મિહાર ઉન્–નિસા ઉદાસ થઈને ત્હેના ખોળામાં પડેલુ બોસ્તન વાંચતી બેઠી હતી

અલીકુલીબેગની બ્હેન સુપરારા બોલી, કે " કે'વી–સુન્દર છોકરી છે ?"

અલીકુલી બેગની ભત્રિજી વળી—" કે'વી વ્હાલી લાગે હેવી છે. આંખ્યો કે'વી સુન્દર ને સ્વર્ગીય છે. ?"

મિહાર–ઉન્–નિસા કને જઈને કહ્યું —" બ્હેન કેમ તુ બોલતી નથી ?"

બેગમ ગયાસ વચ્ચમાં બોલી—" તે બહુ મર્યાદશીલ છે. તે એટલી બધી શરમાળ છે કે પ્હેલીવાર મળો ત્યહારે તો બોલતી જ નથી. આપણે આપણુ કામ શરૂ કરો "

અલીની બ્હેન—" હા, ખરી વાત શરમાળ જણાય જ છે મ્હને આવાં ભાભી મળ્યાં તેથી હું બહુ ખુશી થઈછું."

ઘરની સ્ત્રીયો ને દાસીઓના આવવાથી આગળ વાતો થતી અટકી, તે દાસીઓને માથે કીમતી લુગડાં, સુન્દર ઘરેણાં, સ્વાદિષ્ટ મિઠાઈ ઓ, સુગધીદાર અત્તરો, માથામાં નાંખવાના તેલની બાટલીઓ, ને ફૂલના હારોથી ભરેલી ટોપલીઓ હતી. તે ટોપલીઓમાંથી ફૂલના હાર

લીધા ને વિધી પૂર્વક મિહાર–ઉન્ન–નિસાને પ્હેરાવ્યા. ને ત્હેના કાનમાં બે સુન્દર હીરાનાં ઇયરરિંગ પ્હેરાવ્યાં કે તરત આખી ઓરડી મુબારકબાદી ને આશીર્વાદના અવાજોથી ગાજી રહી પછી મિહાર–ઉન્–નિસાની બ્હેનો અને ભત્રિજીઓ રમનમાં ફૂલથી ભરેલી રૂપાની લાકડીવડે અલીકુલી બેગની બ્હેનને અને ભત્રિજીને મારવા મડી ને સુનેરી ને રૂપેરી કસબનો ઝીણો ભૂકો ત્હેમના ઉપર વેર્યો ને ગુલાબ ને ચદનનાં પાણી છાંટયાં

મિહાર–ઉન્–નિસાના મનને આ કશુ પસદ ન્હોતુ. ત્હેને ઘરને ઇયરરિંગ કહાડી નાખીને ફેંકી દેવાનુ મન થયુ, ને બેગમ સુપરાગને ઓરડીમાંથી હાંકી કહાડવાનુ મન થયુ પણ તે કાંઇ પણ બોલી સકે તેમ ન્હોતુ. દિગ્મૂઢ થઇને બેઠી હતી ને જાણે કે કાઇ જાદુ કર્યો હોય તેમ કાઇ બોલતી ન્હોતી આખરે ગાતા ને પૈસા વેરતાં તે લોકો વદાય થયાં આથી મિહાર–ઉન્–નિસ્સાને બહુ ખુશી થઇ કારણ તે લોકોનાં ગીત ત્હેના અત.કરણને ચીરી નાખે ત્હેવી છરીઓ જેવાં લાગતાં હતાં

હિન્દુસ્તાનના લગ્નોમા વિધિઓ એકવાર શરૂ થઇ ચૂકા હોયતો તે લગ્ન પરૂ થતા સુધી ચાલુ જ રહેછે સ્ત્રીયો તે વખતે ત્હેમની સભ્ય રીતિ ભૂલી જઇ, ધાંધળ મચાવવા, ગમત કરવા, નાચવામાં ને હશા ઠીઠી કરવામાં એક બીજાની હરીફાઇ કરેછે

બેગમ ગયાસને વરને પઝા મોકલવાનુ હતુ તેથી તે બહુ કામમાં હતી ત્હેણે તે ખબ ભપકાથી મોકલ્યુ. રૂપાનાં ને ચદનનાં આસનો હતાં ને તે ઉપર સુનાની બનેલી શૃગારના કામમાં આવે એવી વસ્તુઓ હતી રૂપાના કોતરણી વાળા લોટાઓ ને વાડકયાઓ, સુના રૂપાના તારની પાનની ડબ્બીઓ એક સુનાનો ને એક ઘણાજ કિમતી હીરાની વિટીઓ, સરસ મઝલીનનો ઝબ્બો, સુનેરી કસબથી ભરેલો બનારસનો કમ્મરબધ, જરીયાન પાયજામો, એક અમુલ્ય શાલ, ને મોતીનાઝુમખાના લટકણીઆવાળો હીરાનો સિરપેચ હતાં આ બધુ સરસ રીત્યે ટોપલીઓમાં ગોઠવેલુ હતુ ને તે ટોપલીઓ આસનો ઉપર મૂકેલી હતી તે આસનો જાબુડી રગના પોષાક પ્હેરેલા મજુરોએ ઉચકયા હતાં હજારો ટોપલીઓ મેંદીનાં પાંદડાથી ને ઝીકને કસબના તારથી, સુગધીદાર ફૂલો ને કલગીઓથી ભરેલી હતી. ને તારાની પેઠે ચમકતા કાગળનાં હજારો ફાનસો હતાં, આ વરઘોડો સાંઝ પડતે પડતે અલીકુલી બેગની હવેલી આગળ આવ્યો ન આવ્યો કે ફટાણાં, ગીતો, ને મશ્કરીઓથી ત્હેમને વધાવી લેવામાં આવ્યા ચબેલીનાં ફૂલની માળાઓના છત્ર નીચે બેશીને ઘરના સ્ત્રી વર્ગથી ઘેરાઈ ને અલીકુલી બેગે, હવેલીના અદરના ચોકમાં આ બધી ભેટો લીધી સ્ત્રી વર્ગે બેગમગયાસે મોકલેલાં સુગધીદાર તેલો અલીકુલીબેગને ચોળ્યાં ને તે સમયને છાજતાં ગાયનો ગાયાં, પછી ત્હેને ગુલાબજળથી ન્હવડાવ્યો ને ત્હેના સસરા તરફથી ભેટ તરીકે આવેલો લગ્નનો ઝબ્બો પ્હેરાવ્યો તે શરો ઇરાની કાંઇ પણ બોલ્યા વગર સ્ત્રીવર્ગ જે કાંઇ કહેતો તે કરતો ત્હેની આંગળીઓ મેંદીથી રંગી ને હાથમાં લગ્નનુ કકુ પ્હેરાવ્યું ને પાઘડી બાંધીને ત્હેના બદલામાં તે સ્ત્રીવર્ગને સોનાની મોહરો ને કિમતી ઘરેણાં મળ્યાં ને અલીકુલીબેગ જ્હારે છત્રની બ્હાર નીકળ્યો કે ભડાકા થવા મંડયાને આકાશમાં સરસર કરતી હવાઇઓ જવા લાગી અને વિધિ પૂરી થયેલી જણાવવાને પડઘમોના અવાજો થયા.

બીજે દહાડે સાંઝે ઘણા ભપકાથી તે વરઘોડો ઊપડયો. ઘણી કિમતી ઝુલોવાળા હાથીઓ અને ઘોડાઓ, ને સ્વારો ને કયરમજી રંગના પોષાક પ્હેરેલા પડઘમચીઓને શર-

ણાઈવાળાઓ હતા. સૌથી આગળ સુના રૂપાની છડી લઇને ચોબદારો ચાલતા હતા ને સુંદર વસ્ત્ર પ્હેરેલી વારાંગનાની ટોળી નૃત્ય કરતી જતી હતી કેટલાક જુવાનીયાઓ ધૂપ બાળતા હતા ને કેટલાક ગુલાબજળ છાંટતા હતા થોડી થોડીવારે ભડાકાઓ થતા હતા ને હવાઈઓ આકાશમાં જઈને રંગ રગના તારાઓ થઈને પડતી હતી

અલીકુલીબેગે ઘુટણ સુધીનો હલકો કેસરી રગનો ઝબ્બો પ્હેર્યો હતો, ને કમ્મરે રેશમનો પટ્ટો બાંધેલો હોવાથી ત્હેના શરીરનો બધો આકાર જણાઈ આવતો હતો લગ્ન વખતે પ્હેરવાના મોતીના ખુપની સેરોથી ત્હેનુ સિહ જેવુ મ્હોં ઢકાઈ ગયુ હતુ ત્હેના મિત્રો ત્હેના ઉપર સુના રૂપાના શિક્કાઓ વેરતા હતા ને તે શિક્કાઓ વરઘોડાની પાછળ આવનારા લોકો વીણી લેતા હતા રસ્તાની બન્ને બાજુનાં ઘરોમાથી બધા લોકો પુરૂષો તેમજ બુરખાવાળી સ્ત્રીયો આ વરઘોડો જોતાં હતાં કન્યાવાળાને ત્હાં આ વરઘોડો રાત્ય પડતા સુધી ન્હોતો આવ્યો પુરૂષોની એક ટોળી ત્હેમને આવકાર દેવા આવી અને ત્હેમને પરોણાઓ માટે ઊભા કરેલા તબુઓમાં લઈ ગયા આ તબુઓમા પૈશાથી મેળવાય ને કળાથી કરાય એટલા સુખ સાધનો હતા અહિ તે લોકોને ઠડાને સુગંધીદાર શરબતોને ફળ વગેરે આપવામાં આવ્યાં

રાત્યના દસ વાગે વર રાજાને જનાનખાનામા બોલાવ્યા તે પોતાના ઘોડા ઉપર ચ્હડયો ને બારણા આગળ બધી એકઠી થયેલી સ્ત્રીયોએ ત્હેને આવકાર આપ્યો ને મિહાર-ઉન્ન નિસાનુ ન્હાએલુ પાણી જે ખાસ એટલા માટે રાખી મૂકયુ હતુ તે ત્હેના ઉપર છાંટયું. પછી ઘોડા ઉપરથી ઊતાર્યોને અદરની ઓરડીમાં ગયા મિહાર-ઉન્-નિસા જે ચોતરા ઉપર ન્હાઈ હતી તે ઉપર ત્હેને બેસાડયો, ને મિહાર-ઉન્ નિસાનો પાલવ ત્હેના ગળાની આસપાસ વીટીને કહ્યુ "લ્યો હવે તહમે ફસાઈ ગયાછો તહમને કોણ છોડવી શકશે ?" અલીકુલી બેગે પોતાની આસપાસ સુનાની મોહરો વેરી, પછી ત્હેને મુખમલના ગલીચા ઉપર બેસાડયો ને બધા ત્હેની આસપાસ બેઠાં.

પઝામાંથી આવેલી વસ્તુઓમાંથી કાન્તિવર્ધક લેપ રાખ્યો હતો ત્હેનાં ન્હાની છોકરીઓએ સિહ ને બકરી બનાવ્યાં ને એની વચ્ચે ચાદીનો દીવો મૂકીને અલીકુલીબેગને "હુ બકરી છુ ને મિહાર-ઉન્ન-નિસા સિંહ છે એમ કહેવાનું કહ્યું.

અલીકુલબેગ—"પણ હું શાવાસ્તે તેમ કહુ?"

એક છોકરી—"તહમારે તેમ કહેવું જ જોઈયે."

અલીકુલીબેગ—"જો કે મધુર હોઠમાંથી નીકળેલી માંગણીની ના કહેવી પડેછે તો પણ હું ના કહીશ જ "

એક કન્યકા—"બહુ વખાણુ થયા બસ હવે હમે તહમને એટલા બધા હેરાન કરીશુ કે તહમને તે જીદગીભર યાદ રહેશે.—મિહાર-ઉન્-નિસાના જોડાના ગુલામ છો એમ બતાવવાને માથે મૂકવા પડશે. "

બીજી—"તે બધુંએ બોલ્યા ચાલ્યા વગર કરશે. હાવી સરસ કન્યા લેવી તે કાંઇ સ્હેલી વાત છે કે?"

તે શરા ઈરાનીથી હવે રહેવાયું નહિં ને—અપ્સરાઓની મરજીથી વિરૂદ્ધ કોણુ ચાલી શકે છે ? લ્યો આ કહુ કે-હું બકરી છું ને એ સિહ છે. થયું. ખુશી થયાં ?"

એક કન્યકા હશી પડી અને—"જો આખરે કહેવું પડયું ને."

બધી વિધીઓ પૂરી થઈ ત્હારે મધરાત્ય થઈ ગઈ હતી. ને લગ્નનો વખત હવે કને આવ્યો. પછી અલીકુલીબેગને કન્યાની ઓરડીમાં લઈ ગયા ને લગ્નવિધિ કરવા એક કાજીને બોલાવ્યો

ગયાસબેગ મિહાર–ઉન–મિસાની અલીકુલી બેગ સાથે પરણવાની સમતિ ન્હોતો મેળવી સકયો તેથી ત્હેણે તે વખત ત્હેને અફીણ ખવડાવ્યુ હતુ. જ્યહારે બધી વિધિઓ શરૂ થઈ ત્યહારે મિહાર–ઉન–નિસા બેભાન હતી બેગમ ગયાસના ખોળામા તે સુઈ રહી હતી. કાજીએ ઘણી ગંભીરતાથી બધી વિધિઓ કરી અને જ્યહારે વર વહુને પૂછવાનુ આવ્યુ ત્યહારે અલીકુલીબેગ તરફ ફરીને પૂછ્યુ " દીકરા, મ્હને ખાતરી છે કે તુ કન્યાને ચ્હાયછે, પણ મ્હારે વિધિ ખાતર પૂછવુ પડે છે કે તુ મિહાર–ઉન–નિસાને, આંધળી, અપગ કે કાંઇપણ ખોડવાળી હોય તોપણ ત્હારી પત્નિ તરીકે સ્વીકારે છે ? "

વરરાજાએ દૃઢતાથી કહ્યુ " હા હુ સ્વીકારૂ છુ "

પછી થોડીવાર રહીને મિહાર–ઉન–નિસા તરફ ફરીને પૂછ્યુ. "ને તુ દીકરી "? એમ ત્રણવાર તે બોલ્યો પણ કાંઇપણ જવાબ ન મળ્યો

મિરઝા ગયાસબેગે અધીરા થઇ ને કહ્યુ " ત્હેની હા છે. તે બહુ શરમાળ ને ગભરાઈ જાય હેવી છે ને આટલા બધા લોકો છે તેથી બોલતી નથી મૌનનો અર્થ જ સમ્મતિ છે "

કાજીએ વિધી પૂરી કરી દીધી ને—" ખરી વાત છે " પછી ત્હેણે વરકન્યાને આશિર્વાદ દીધા ને જાહેર કર્યું કે મિરઝા ગયાસબેગે કન્યાદાનમાં મિહાર–ઉન–નિસાને બે લાખ સોના મ્હોરો આપી છે, ને પછી ત્હેને બહુ ઇનામ વગેરે મળ્યાં ને કાજી સાહેબ ઘેર ગયા

કાજી ગયા કે તરત સ્ત્રીયોની વિધીઓ શરૂ થઈ. ત્હેમણે વરકન્યાની મ્હામે મ્હોટું આટલું મૂકયુ ને મિહાર–ઉન–નિસાના સુન્દર મુખ ઉપરથી બુરખો કહાડી નાંખ્યો અલીકુલીબેગે પ્હેલીજવાર પોતાની પત્નિનુ સુન્દરતાથી ઉભરાઈ જતુ મુખ આટલામાં ખીલી નીકળતું જોયુ. ત્હેણે પ્હેરેલી મોતીની હીરા મઢેલી ચાંપથી બધ થતી માળા પણ જાણે ત્હેના મુખમાંથી સુન્દરતા લેતી હોય એવુ જણાયું અલીકુલીબેગે આંખ્યો નીચી નાંખી દીધી હતી તેથી મિહાર–ઉન–નિસાની બધ આંખ્યો ને ત્હેના ચ્હેરા ઉપરની અસાધારણ મુખમુદ્રા ત્હેણે દીઠી નહિ લગભગ સ્હવાર થયુ ત્યહારે બધી વિધિઓ પૂરી થઈ ને અલીકુલી બેગ ઊંઘવા પોતાના તંબુમાં ગયો

બીજે દહાડે સ્હવારે બધા કન્યાદાનમાં આપેલા દાગીના, કપડાં, વસ્તુઓ વગેરે બતાવવામાં આવ્યા તે બહુજ સરસ ને ઘણી કિમતનાં હતાં સોનાં રૂપાનાં હીરા જડીત ને મોતીના હાથનાં, પગનાં, કાનનાં, નાકનાં, ને ગળા વગેરેનાં ઘરેણાં હતાં ખરા સુનેરી કસબનાં લુગડાં, મખમલના ગલીચાઓ, સોનારૂપાની રકાબીઓ, વાસણો પલગો ને પથારીઓ, ખુરશીઓ, ને રાચ રચીલું વગેરે હતાં વરરાજાને માટે તે ત્હેના મિત્રો અને સંગા સ્નેહીઓ માટે સોનેરી કસબના ઝભ્ભા, ને મિહાર–ઉન્ન–નિસા માટે ચાંદીની પાલખી વગેરે હતાં. મિરઝા ગયાસે પોતાની પદવી ને સ્થિતી ઉપરાંત બધું કર્યું હતું, લોકોમાં ને પરોણાઓમાં ત્હેની ઉદારતા માટે ત્હેની વાહવા થવા લાગી વરરાજા તરફના એકાદ પુરૂષને આ બધું દાગીના વગેરે સોંપી દીધું અને પછી બહુ સ્વાદિષ્ટ ભોજનની મિજબાની કરી તે લોકો ગલીચા ઉપર સફેદ લુગડાં પાથરીને જમવા બેઠા ને સરસ પોષાક પ્હેરેલા જુવાન ગુલામો ચાંદીના વાડકયામાં સુગંધીદાર પાણીને સરસ જાત્યના રૂમાલો દરેક પ્હેરોણાઓને આપતા. બધી વાનીઓ ગુલાબ

જળથી રાંધેલી હતી. ને કસ્તુરીથી સુગંધીદાર કરેલી હતી. જમણુ ચાલતુ હતું તે દરમ્યાન વારાંગનાઓની એક ટોળી સુન્દર ગાન ગાઈને નૃત્ય કરતી હતી. જમણુ પૂરૂ થયું કે પાન સોપારી વ્હેચાયાં ને બધાં પોત પોતાને ઘેર જવા ઉઠયાં. મિહાર-ઉન્ન-નિસા હજી પણ અફીણના ઘેનમાં જ હતી. ત્હેને પાલખીમાં બેસાડીને સ્ત્રીયો છુટાં પડતી વખતનાં ગીતો ગાતી હતી, ને બધી સ્ત્રીયોની આંખ્યમાં અશ્રુ આણતી હતી. આખરે બધી વદાય લેવાની વિધિ પૂરી થઈને અલીકુલીબેગ ત્હેની નવોઢા સાથે પોતાની હવેલી તરફ ચાલ્યો. તે મિહાર-ઉન્ન-નિસાની પાલખી ઉપર સોના રૂપાના શિક્કાઓ વેરતો હતો. આકાશમાં હવાઈઓ છુટતી હતી બંદુકોના અવાજો થતા હતા. અલીકુલીબેગની હવેલી આવી કે તરત ત્હેને માટે તૈયાર કરેલા એક સુન્દર ખડમાં મિહાર-ઉન્ન-નિસાને લઈ ગયા ને ત્હ્યાં ત્હેને સુંવાળી ને નરમ પથારી ઉપર સુવાડી ને ત્હેને શુદ્ધિમાં આણવાના ઘણા પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. તેથી તે લોકોએ અલીકુલીબેગને ખબર કરી, તે માંહિં આવ્યો, ને પોતાની પત્નિને મળવાને આતુર દેખાયો, ને બધાંને થોડીવાર માટે બ્હાર જવાનુ કહ્યું ત્હેના કહ્યા પ્રમાણે, ટીકાઓ કરીને, સર્વેએ કર્યું ખરૂ.

એક સ્ત્રીએ કહ્યુ " અંહ ત્હમે કેટલા ઉતાવળા છો. હવે એ ત્હમારી પાસે જ રહેશે ને ?"

બીજીએ કહ્યું "હેણે પોતાનુ કાળજું વેચી નાંખ્યું છે."

ત્રીજીએ ઉમેર્યું. "ને શરમ પણ,"

પણ અલીકુલીબેગ કાંઇપણ બોલ્યો નહિં. અને એકલો રહ્યો એટલે પછી બારણું બધ કર્યું ને ત્હેને શુદ્ધિમાં આણવાના પ્રયત્ન કરવા મડયો. બહુ વારે ત્હેણે આંખ્યો ઊઘાડી ને આસપાસ નવાઇથી જોવા લાગી, આંખ્યો ચોળીને ઊઘાડી ને પાછી બધ કરીને પથારીમા બેઠી થઇને કહ્યુ. "હુ શુ સ્વપ્ન જોઉ છુ હું કય્હાં છું?"

અલીકુલીબેગે આગળ આવીને કહ્યુ. "ત્હારા પોતાના ઘરમાં, ત્હને ચ્હાનારા ત્હારા પતિના ઘરમાં"

મિહાર-ઉન્ન-નિસા ઊઠીને બારણા તરફ ધશીને કહ્યું. "પતિ!"

અલીકુલીબેગે ત્હેનો હાથ ધીમે રહીને ઝાલ્યો ને રોકીને કહ્યું. "પ્રિયે શાન્ત થા."

મિહાર—ઉન્ન-નિસાએ હાથ છોડવીને ત્હેની સ્હામુ જોઈને ક્રોધમય આંખ્યોથી કહ્યુ "ત્હમારી ટોપી જ કે'વી વિક્રાળ જણાય છે."

અલીકુલીબેગે—"કે'વી સુન્દર! શી ખુબસુરતી! પ્રિયે મ્હને ક્ષમા કર્ય"

મિહાર—ઉન્ન-નિસાએ પોતાના લુગડામાંથી સતાડેલો છરો કહાડયો ને કહ્યુ. 'મ્હને અડકો. એટલે હું મ્હારો નાશ કરૂ."

અલીકુલીબેગ વિનતી કરતા અવાજે-"ગમે તો મ્હને માર્ય, મ્હારા રૂધિરથી ત્હેને રંગ્ય પણ ત્હારા શરીરની એક રૂવાટીને અડકીશ પણ નહિં."

મિહાર—ઉન્ન-નિસાએ-"જો ત્હમે મ્હને ચ્હાતા હો તો ૭ મહિના સુધી મ્હને અડકશો નહિં. ને તે માટે વચન આપો."

અલીકુલીબેગે કહ્યું. "હે નિર્દય સ્ત્રી ત્હને વચન આપુછું. હાંના કરતાં ત્હેં મ્હને મરવાનું કહ્યું હોત તો ઘણી ખુશીથી તેમ કરત."

મિહાર—ઉન્ન-નિસાએ પૂછ્યું. ત્હ્યારે ત્હમે ત્હમારા માનની ખાતર ઇશ્વર સન્મુખ રાખી, ને મક્કા તરફ મ્હોં કરી વચન આપો છો?"

અલીકુલીબેગ—" હા. હું તેમ કરૂં છું. "

મિહાર—ઉન-નિસા પોતાનો હાથ ચુમ્બન લેવાને માટે લંબાવીને—"ત્હારે આપણે મિત્રો છીએ.

અલીકુલીબેગે ચુમ્બન કર્યું ને જાણે કે તે ચુમ્બનમાં અમૃત પીધું હોય તેમ ખુશી થતો બ્હાર ગયો.

પ્રકરણ ૧૩ મું.

ચન્દ્રનુ મૃદુ અજવાળુ રણક્ષેત્ર ઉપર ગમ્ભીરતાથી પડતુ હતુ સલીમના દરબારમાં શીરાઝના મદ્યના બીલોર કાચના પ્યાલા ઉપર પ્યાલાઓ ઠલવાઇ જતા હતા, આ દરબાર પોતાનો જય થયો તે ખાતે હતો, ને સલીમ પોતાની પ્રિયાને થોડા વખતમાં મળશે એમ ધારી ખુશી થતો હતો ને તે ખુશીમાં ને ખુશીમાં હજારો જીવોનો નાશ થયેલો ને હજારો જીવો માબાપ વગરના થયેલા હતા તે ભુલી જ ગયો હતો. પોતાનુ સારૂ નસીબ જોયુ કે થયું. આસપાસ ઘવાયલા લોકોની ચિચિયારીયો, ને મરણ પથારીએ સુતેલાના ઉંકારાઓથી, વાતાવરણ ભરપૂર હતુ, ત્હેની કાંઇ પણ દરકાર ત્હેને ન્હોતી તંબુમાં તો ગાનતાન ચાલી રહ્યાં હતાં, પણ ઘવાયેલા તો રણક્ષેત્રમાં રઝળતા રખડતા પડેલા હતા ને ત્હેમની કોઇ પણ પરવાજ ન્હોતુ કરતું

સલીમે મદ્યપ્યાલો મ્હોં આગળ લઈ જઇને કહ્યું "કેવી મ્હોટી ફત્તેહ? ઇશ્વરે આપણા ઉપર કૃપા કરી છે."

એક દરબારીએ—"સાહેબ ખુદા પોતે જ આપનામાં પ્રકાશી નીકળે છે પેલા દુષ્ટ રજપૂતે મ્હાવતને મારીને પોતાના ઉપર જ બધી હાર આણી દીધી તે મ્હાવત વગરના ઝનુની હાથીએ ત્હેનાં જ માણુસોને કચરી નાંખ્યાં ને ત્હમારો જય કરાવી આપ્યો."

સલીમે ઉદારતાથી—" ના, રાણા પ્રતાપસિંહ જેવો બ્હાદુર આપણી પ્રજાનો મિત્ર થઈ જાય તો સારૂ "

બીજો દરબારી—" હેના જેવા તો બીજા ત્હમારા પગની ધળને અડકવાને હજારો આતુર છે. ત્હમારી સ્હામે થવાનો રાણાનો વિચાર જ મૂર્ખાઈ ભરેલો હતો."

ત્રીજો દરબારી—" ત્હેણે પોતાના બધા માણુસોને રણક્ષેત્ર ઉપર રાખ્યા છે ને પોતે પવિત્ર ગગામાં પડી આપઘાત કરવા ગયો છે "

સલીમે હશીને કહ્યું "સ્વર્ગમા જવાને ટુંકા રસ્તો લેવાને? ભલે હેનું કલ્યાણ થજો."

એક ધર્મી મુસલમાન—"તથાસ્તુ તે તો નરકની અગ્નિની ભઠ્ઠીમાં બળી મરવા ગયોછે."

શાહજાદા સલીમ—"ત્હમારા સ્વર્ગ ને નરક બાબતના વિચારો હું શાહેનશાહને કહીશ."

પેલા ધર્મી મુસલમાને ઘુંટણીયે પડીને અને હાથ જોડીને કહ્યું. " મ્હેરબાની કરીને ના કહેશો. પેલા દુષ્ટ પાખંડી મત માનનાર બિરબલે શાહેનશાહને પેગંબરનો ધર્મ ભૂલાવી દીધો છે. પ્રણુ હેમની ચ્હડતીનો વખત હતો, હવે શિક્ષાનો વખત પણ કાંઇ દૂર નથી."

શાહજાદો સલીમ ઉત્તર દેવા જતો હતો એટલામાં એક નોકર આવ્યો ને ઘુંટણીયે પડીને કહ્યું. " આગ્રેથી એક કાસદ પત્ર લઇને આવ્યો છે ને આપ શાહજાદાની હજુરમાં આવવાને માટે આતુર છે."

સલીમ—' ત્હેને વાટચ જોવાનું કહો. કાલે હું ત્હેને બોલાવીશ."

તે નોકર નમન કરીને—"સાહેબ, તે કહે છે કે બહુ જરૂરનું કામ છે ને તરત જ આપ સાહેબને મળવું જોઇયે."

સલીમ—"કોનો પત્ર છે? તે તપાસ કરો. હવે હમે ફતેહ મેળવી છે, એટલે **શેહેનશાહ** તરફની સુચનાઓની કાંઈ જરૂર નથી." પછી એક છોકરા તરફ જોઇને કહ્યુ. "મદ્યનો પ્યાલો ફેરવ્ય બધાં પાપ ને સ્વાર્થિપણાં ધોઈ નાંખવાને અર્થે પરમેશ્વરે મોકલેલુ અમૃત કહાડ્ય.'

મદ્યના પ્યાલા ઉપરા ઉપરી ખાલી થવા મડયા ને બીજીવાર તે કાસદ **શાહ**જાદાની હજુરમાં આવ્યો ત્યહારે બધાને ખબ દારૂ ચ્હડયો હતો

સલીમ—"અરે! તું કોણ છે?

કાસદ—"આપનો આજ્ઞાંકિત સેવક આ પત્ર **શહેન**શાહ તરફથી નથી પણ એક સ્રીનોછે ને તે આપને હાથોહાથ આપવાનુ કહ્યુછે"

એક દરબારીએ માનપૂર્વક પૃછ્યુ "આપ તે પત્ર વાંચશો?"

સલીમ—"પત્ર! કોનો પત્ર? કાળુ થાય આ કાસદનુ. હું જ્યહારે મ્હોટી ફતેહ મેળવીને મોજશોકમા બેઠો છું ત્યહારે વળી કામ લઇને આવે છે."

હવે **શાહ**જાદાને બહુ જ ચેન ચ્હડયુ હતુ. તેથી બધા દરબારીઓએ કાસદને હશી કહાડયો ને બ્હાર મોકલી દીધો પરોઢ થવા આવ્યું હતુ તેથી **શાહ**જાદાને લઈ જઇને પથારીમા સુવાડયો ને બીજા દરબારીઓ પણ પોતપોતાના તંબુમાં ગયા.

બપોર થયા ને તડકો ખુબ વધી ગયો ત્યહારે **શાહ**જાદાએ આંખ્યો ઊઘાડી, માથું દુખવાને લીધે વધારેવાર ઉંઘ ન આવી, તેથી ઊઠયો, ને પોતાના માનીતા નોકરને પથારી કને જ ઊભેલો જોયો, ત્હેણે (**સલીમે**) બગાસુ ખાતે ખાતે કહ્યુ. "સ્હવારે પીવાનો ખાલો ભરી આપ્ય. હજી મ્હારૂ માથું દુખે છે ને આળસુ લાગુછુ."

તે નોકરે એક સોનાના પ્યાલામાં સ્વાદિષ્ટ મદ્ય રેડયો ને ટાંડો કરવા બરફવાળો શરબત્ત ત્હેમાં નાંખ્યો. **શાહ**જાદો તે પી ગયો ને તેથી ત્હેને જાગૃતિ આવવા મંડી. ત્હેણે પોતાનું ઓડવાનું કહાડી નાંખ્યુ ને પૃછ્યું "કાંઈ ખબર? રાણો જડયો કે નહિં?"

તે નોકરે કહ્યુ. "ના સાહેબ. આપણાં માણસો પાછાં આવ્યાં છે ને કહે છે કે ત્હેને પકડી ન પાડી સકયાં"

શાહજાદાએ કહ્યું. "અહ એમ છે તે પાછો છટકી ગયો? વારૂ બીજી કાંઈ ખબર?"

આપનો એક આગ્રેથી કોઇ ઊંચી પદવીની સ્રીનો પત્ર હતો તે મ્હેં કાલ્યે રાત્યે આપની હજુરમાં આણ્યો હતો પણ આપ **શાહ**જાદા—"

શાહજાદાએ—"ઘણા ચેનમાં હતા, ? કંઈ નહિ. તે કાઇ બહુ જરૂરિયાત નહિં હોય. લાવ્ય જોઇએ. મ્હારૂ મન જરા બીજા વિચારોમાં જશે."

તે નોકર નમન કરીને ચાલ્યો ગયો ને થોડીવારમાં પછી **શાહ**જાદાના હાથમાં તે ચિઠ્ઠી મૂકી. **શાહ**જાદાએ ધીમે ધીમે તે ઊઘાડવા માંડી પણ સુગંધીદાર કાગળ જોઇને જ તે ચમકયો ને ફીકકો પડી ગયો. ત્હેણે તે સંભાળથી વાંચ્યો અને પથારીમાંથી એકદમ ઊઠીને બોલ્યો. "હુ મ્હારી પ્રિયાને મેળવવા માટે આખું રાજ્ય ફુંજાવી નાંખીશ." તે તંબુમાં ગુસ્સાથી આંટા મારવા લાગ્યો, ને વચમાં વચમાં સોગન ખાવાને ઊભો રહેતો.

મિરઝા ઈબ્રાહિમનો ખભો હલાવીને સલીમે કહ્યું "જો, તે લોકો મિહાર-ઉન-નિસાનું અલીકુલીબેગ સાથે લગ્ન કરવાના છે. મ્હારા પિતા આ બાબતમાં આંખ્ય આડા કાન કરતા હોય એવું જણાયછે. પણ ત્હેનું આખું રાજ્ય જો હું ધ્રુજાવી ન નાખું તો મ્હારૂં નામ સલીમ નહિં, "

ઇબ્રાહિમ ખરી લાગણીવાળી મુખમુદ્રાથી—" હું ઘણો દિલગીર છુ કે આવું થાયછે પણ શેહેનશાહ તો આગ્રામાં નથી તો આપને શી રીત્યે ખબર પડી કે લગ્ન થયું. ? "

સલીમ—"શી રીત્યે ? વળી જોને મ્હારી પ્રિયાનો પોતાનો જ પત્ર છે. ત્હેમા ગમે તે દહાડે લગ્ન થઈ જશે એમ લખે છે હુ ધારૂંછું કે વખતે લગ્ન થઈ પણ ગયું હશે.

ઇબ્રાહિમ—હજી કાંઇક આશા છે. શેહેનશાહને સંદેશો મોકલો તો કેમ ?

સલીમ—ત્હારી સલાહો બહુ થઈ, બસ કર્ય. શુ શેહેનશાહ જાણતા નથી કે હુ મિહાર ઉન-નિસાને ચ્હાઉં છું ? ના લખવામાં માલ નથી. મ્હારા લશ્કરને આગ્રા ઉપર ચ્હડાઇ લઈ જવાનો હુકમ આપ્ય. હું ત્હેને (મિહાર-ઉન-નિસાને) મ્હારા દુશ્મનોના હાથમાંથી ઝુંટવી લઇશ ને પંજાબમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપીશ હુ કોઇને ગાંઠવાનો નથી."

એક બીજો દરબારી—" ત્યહારે આપનુ જે હોય તે હકથી શા માટે લેતા નથી ? રાજ્ય થોડા વખત માટે ભાગી જશે ને પાછુ ત્હમારા રાજ્યમાં તો તે એક થઇ જશે. ને વખતે શેહેનશાહ પણ ત્હમને સ્વતંત્રતા આપે. "

સલીમ—મ્હારાથી શૃંખલાબંધન સહન નથી થઈ સકતુ. આગ્રા ઉપર ચ્હડાઈ કરી ત્હેમાં શેહેનશાહના આવતા પ્હેલાં દાખલ થવાનો મ્હેં નિશ્ચય કર્યો છે."

ઈબ્રાહિમ—ત્યહારે માનસિંહનું કેમ કરવુ ? તે વિક્રાળ રાજા આપણી સાથે ઘણું કરીને નહિં આવે. મ્હને લાગે છે કે ત્હેના જાત ભાઈઓને મારવાને માટે ત્હેને અહિં જ રાખવો, આપણને મુસલમાનો મદદ કરશે, અહિં મોજશોક ને ગાનતાન વગર રહીને શું કરવુછે ? "

સલીમ—ખરી વાત છે. અહિ બહુ શોકાતુર લાગે છે. ને ત્યહાં તો દુનિયામાં સુંન્દરમાં સુંન્દર કન્યા મ્હારી વાટય જુવેછે. ઘોડા તૈયાર કરવાનું કહે.

ઇબ્રાહિમ—પણ માનસિંહનું શું ? "

સલીમ—ત્હેને અહિં બોલાવો. "

ઈબ્રાહિમ—શાહજાદા આપણી બધી ગોઠવણનો નાશ થશે.

સલીમ- ત્હારી ગોઠવણો ને તું બધુ ખાડમાં પડો. મ્હે ધાર્યુ છે તેમ હુ કરવાનો.

રાજા માનસિંહને બોલાવ્યો ને તે તરત આવ્યો. શાહજાદો ઉઠયો ને ઘણા માન પૂર્વક રાજાને આવકાર દીધો. ને ભપકાવાળુ રૂપ ધારણ કરી કહ્યું. " મ્હેં ત્હમને ત્હમારી ગઈ કાલની મેળવેલી ફતેહ માટે ઉપકાર માનવાને બોલાવ્યા ને તસ્દી આપી. હવે ત્હમે પૂરેપૂરી ફતેહ મેળવો એવું હું ઇચ્છુંછું. હું ઘણો દિલગીર છું કે જરૂરનું કામ આવ્યાથી મ્હારે આગ્રે જવું પડશે. "

રાજા માનસિંહે—"મ્હારા ખાવિંદ, રાણાની સ્હામે એકલા લડવું અશક્ય છે, ને વળી શેહેનશાહ-"

શાહજાદો વચ્ચમાં બોલ્યો. મ્હારે શું કરવું જોઈએ તે હું જાણું છું. ત્હમારે રહેવું ને ત્હમારા રાજાનો હુકમ છે તે પ્રમાણે કરવું. હું મ્હારો પોતાનો રાજા છું."

રાજા માને કહ્યું. "ખરી વાત. પણ હું ધારૂં છું કે આ કામ કરતાં પ્હેલાં શેહેનશાહની પરવાનગી આપ લ્યો તો ઠીક. નહિં તો ઇતરાજી થશે.

સલીમે—ઇતિરાજી કો'ની ? ત્હમારા ઉપર કે મ્હારા ઉપર ?"

રાજા માનસિંહ—"આપ શાહજાદા આપને ફાવે તેમ કરો. હું તો ફક્ત આપને વિનંતી કરૂં છું પણ ત્હમારા સારા માટે—"

સલીમ—"મ્હારે શું કરવું ને શુ ન કરવુ તે હું ત્હમારા કરતાં વધારે સારી રીત્યે જાણું છું. સલામ સાહેબ હવે"

રાજા માનસિંહ ધીમે ધીમે ગયો તે પોતાના તબુમાં પેઠો ને પોતાના ભાણેજ સુરજસિંહને બોલાવ્યો ને કહ્યુ. "મ્હારે શું કરવુ તે સુઝતું નથી. શાહજાદા આગ્રા ઉપર ચ્હડાઇ લઈ જવાનું ધારે છે ને મ્હને અહિં રહેવાનું કહે છે. તે કાંઇ સાહસ કરશે ને પછી શેહેનશાહ અકબરનો ગુસ્સો જોઈ લ્યો, શાહજાદા બંડ મચાવવાનું ધારે છે."

સુરજસિંહ—ત્ય્હારે હમણાંથી જ ત્હેને તાબામાં રાખીયે તો કેમ ? ને પછી શેહેનશાહ કને લઈ જાઈએ."

રાજા માનસિંહ—"તે વખતે યોગ્ય હોય કે અયોગ્ય હોય. શેહેનશાહ ત્હેને એટલા ચ્હાય છે કે આવો સખત ઉપાય લઈએ તે નએ ગમે ને વળી ગાદીના વારસને આપણી વિરૂદ્ધ કરી મુકીયે તો આપણુને નંડ"

સુરજસિહ—"ત્ય્હારે હવે કીયો રસ્તો ત્હમને યોગ્ય લાગેછે ? કારણ જે કાંઇ કરવું હોય તે તરત કરવુ જોઈએ."

રાજા માનસિંગ—"હું મ્હારા બંગાળાના પરગણામાં જઈને રહીશ ને શેહેનશાહના હુકમની વાટચ જોઇશ. મ્હેં સાંભળ્યું છે કે અબુલફૂઝલ હાલ દક્ષિણમાં ગયોછે તો હું ત્હેની સલાહ પૂછીશ."

સાંઝે બધી છાવણી ઊઠવા મંડી. શાહજાદો પોતાની હકુમત નીચે જેટલુ લશ્કર હતું તેટલું લશ્કર લઈને આગ્રા તરફ ગયો ને રાજા માન બાકીનુ લશ્કર લઈને ત્ય્હાં જ રહ્યો.

સલીમ આગ્રે આવીને જુએછે તો કિલ્લાનાં બારણાં બંધ ને દરેક બુરજ ઉપર હથિયારબંધ માણસોને દીઠાં. ત્હેણે પોતાના સરદારોમાંના એકને રણશીંગાવાળા જોડે જઈને બારણાં ઉઘાડવાનો હુકમ કરવાનું કહ્યું.

શહેરના રક્ષકના ઉપરી ખીલજીખાને કહ્યુ. "જે કોઇ લશ્કર હથિયાર, વાવટા, અથવા રણશીંગડા સહીત આવે ત્હેમને દાખલ ન કરવાને હુકમછે. શાહજાદાને કહો કે લશ્કર વગેરેને પાછું મોકલે તો પછી ત્હેને ઘણી ખુશીથી આવકાર આપીશું."

તે સરદારે પૂછ્યું. "આવા ઉદ્ધત માણસો કો'ના છે ?"

ખીલજીખાને બ્હાદુરીથી કહ્યું. "મ્હારા."

તે સરદાર પાછો ફર્યો ને આ બધા જવાબ સલીમને કહ્યા. હવે શાહજાદાના ક્રોધનો પારો રહ્યા નહિં ને તે બોલ્યો. "પાછા જાવ ને કહો કે મ્હારે માટે ને મ્હારા લશ્કરને માટે બારણાં નહિં ઉઘાડે તો તે મગરૂર સરદાર પોતાને લોહીમાં રગદોળાવશે." તે સરદારે

આ સ દેશો કહ્યા પણ એનો એ જ જવાબ મળ્યો. શાહજાદો ક્રોધથી ધ્રુજતો હતો, ને પોતાના સરદારોને જબરીથી બારણાં ઊઘાડવાનું કહ્યું. શાહજાદાનું લશ્કર લોખંડી ભીતની સ્હામે ધસ્યું પણ બુરજ ઉપરથી છુટતી બંદુકો ને તોપો આગળ ત્હેમની હિમ્મત હારી ગઈ. આખરે જ્યહારે લશ્કર બધુ એકઠુ થયું ને શાહજાદો ઠંડો પડયો ત્યહારે એક સભા ભરીને શું કરવુ તે વિશે વિચાર ચલાવવા મંડ્યા. કોઇએ લાહોર ઉપર ચ્હડાઈ કરવાનુ કહ્યું તો કેટલાકે છુટા થઈ જઈ શહેરમાં દાખલ થઈ પાછા એકઠા થઈને શહેર કબજ કરવુ એમ કહ્યુ.

સલીમ—"હુ કાંઇ ચોર નથી કે શહેરમાં છાનોમાનો દાખલ થાઉ, ને પંજાબ ઉપર સ્વારી લઈ જવામાં કાંઇ માલ નથી. એટલેબધે દૂર જાઉ તો મ્હારી બિહાર-ઉન-નિસાને શી રીત્યે બચાવું."

ઈબ્રાહિમે—"ત્યહારે અલ્હાબાદ લઈએ તો કેમ? ત્યહાં આપણુને ધન મળશે ને આપણી બધી ગોઠવણ કરવાનો વખત મળશે"

એક દુતે આગળ આવીને કહ્યુ. "બેગમ સાહેબ તરફથી સ દેશો આવ્યા છે."

સલીમે ક્રોધથી પૂછ્યું. "ત્હારે શુ કહેવાનુ છે?"

તે દૂતે કહ્યું. "આપ શાહજાદાની દાદી મીરીયમ મકાનીએ કહાવ્યું છે કે ત્હેમના મ્હેલ આગળથી આપ પસાર થયા ને ત્હેમને મળ્યા નહિં તેથી ઘણી નવાઇ પામ્યાં છે. પણ તે બેગમ સાહેબ હવે આપને જોઈ પોતાની આખ્યોને તૃપ્ત કરવા પોતે જ પધારે છે."

સલીમ—"હ. તે મ્હને રોકવાને આવે છે. ના. હુ ત્હેમને નહિં મળુ." એમ કહી તે એક હોડીમાં કુદી પડયો ને અલ્હાબાદ જતો રહ્યો ને તે ઘરડાં દાદી નિરાશ થઈ ઘેર પાછાં ગયાં. અલ્હાબાદ પ્હોચીને શાહજાદો શેહેરમાં દાખલ થયો. બધું ધન પોતાને કબજ કર્યુ ને પોતાના નામના શિક્કા પડાવ્યા.

આ બધા બનાવોની અકબરને ખબર પડી પણ ત્હેણે પોતાનું ધૈર્ય છોડયુ નહિં. ત્હેને લોહી વ્હેવડાવવું ગમતુ ન્હોતું. તે પોતાના બડખોર છોકરાને પ્રેમથી જીતવાનું ધારતો હતો. ત્હેણે ત્હેની દુસ્મનાઈ ભરેલી વર્તણુક ન ગણકારી ને ત્હેને બંગાળાની સરદારી લેવાનો હુકમ કર્યો. દરમ્યાન ત્હેણે અબુલફઝલને બોલાવ્યો કે વખતે ત્હેની શીખામણથી સલીમ સુધરે.

શાહજાદો પોતાની નિરાશા ને દિલગિરી જણાય નહિં માટે ખૂબ મદ્યપાન કરતો હતો. ને શેહેનશાહ તરફનો કાસદ જ્યહારે આવ્યો ત્યહારે તે સલાહ કરવાને આતુર હતો. ત્હેણે એક પોતાનું નિર્દોષપણુ બતાવનારો કાગળ લખ્યો ને દરબારમાં આવવાની ઇચ્છા બતાવી પણ અકબર માયાળુ તેમ દૃઢ પણ હતો તેથી ત્હેણે સલીમને ત્હેના બધા ભાઈ-બંધોને છોડીને એકલા દરબારમાં આવી પોતાનું નિર્દોષપણું બતાવવાનું લખ્યું.

શાહજાદાની પોતાના બાપનો હુકમ ઉલ્લંઘન કરવાની હિમ્મત ચાલી નહિં. ત્હેના સોબતીઓએ બંડમાં ફતેહ મળવાની આશા છોડી દીધી. પણ શાહજાદાને મન ગાદીની વાટચ જોવી બહુ કઠણ લાગતું હતું. આખરે ત્હેણે અકબર કને જઈને માફી માગવાનું નક્કી કર્યુ ને અલ્હાબાદથી ઉપડ્યો, તે અલ્હાબાદથી એક ટપ્પા જેટલે છેટે ગયો એટલામાં અબુલફઝલ દરબારમાં જવાને દક્ષિણથી ઉપડ્યો છે હેવી ખબર મળી.

થોડાક વખત સુધી તો સલીમ કે ત્હેના સોબતીઓ કાંઇ બોલ્યા નહિં. પણ આખરે સલીમે કહ્યું. "મ્હારા પિતાને મસ્કરી ગમે છે ને તે આ મ્હારી વર્તણુંકને ત્હેવી જ ગણશે પણ અબુલ ફઝલ, તો ત્હેને ગુન્હાનુ રૂપ આપશે, વિવાદ કરશે. ને માફી આપશે તો ખોટું કર્યું એમ કહેશે."

કોકાએ કહ્યુ "એ માથા ફરેલ માણસ ખોટા ખોટા તર્ક કરનાર, વાદવિવાદ કરશે. પણ આપણે એ પ્રસંગ જ ન આવવા દઈએ તો કેમ?"

સલીમ—"તુ શુ કહે છે તે હુ સમજતો નથી"

કોકા—"હું કહુછું કે હેને દરબારમાં 'હોચતાં પ્હેલાં જ સ્વર્ગ તરફ જ વદાય કરાવી દઈએ એ વિશે તે બહુ જાણેછે."

સલીમ—"હેવું કૃત્ય કોણ કરશે? ત્હેને હું જ્યારે ગાદીએ આવીશ ત્ય્હારે પાતાળમાંથી સ્વર્ગમાં ચ્હડાવી દઇશ"

બીરસિંગદેવ નામના એક લુટારાનો ઉપરી સલીમના સોબતીઓમાં હતો ત્હેણે કહ્યુ. "હુ કરીશ. હું ત્હમારા દુશ્મનનુ માથુ મ્હારા જીનની પછવાડે બાંધીને લાવીશ."

સલીમ—"જા ત્ય્હારે પરમેશ્વર ન્હને ત્હારાં ઉમદા કામમાં સહાય કરો."

તે લુંટારો દક્ષિણ તરફ રવાના થયો ને સલીમ ધીમે ધીમે આગ્રે આવ્યો ને અકૂબરની હજુરમા આવી પોતાનુ શીર ત્હેના પગ આગળ મૂકયુ. અકૂબરે ત્હેને ઘણા વ્હાલથી સ્વીકાર્યો ને ત્હેની આગળની વર્તણુક માટે માફી આપી ને કહ્યુ કે. "કદી ઉતાવળાં થવું નહિં કારણ આખર રાજ્ય તો ત્હને જ મળવાનું છે."

અબુલ ફઝલ, પોતાના મિત્ર અને શહેનશાહને મળવાને આતુર હોવાથી થોડાક સોબતીઓ લઈ જલદી જલદી પાછો આવતો હતો. ગ્વાલિયરની કને આવેલો હોવાથી ત્હેણે એક દહાડો વ્હેલાં સ્હવારે મુકામ બદલ્યો ને સ્હવારનો ઠંડો પવન ખાતો ખાતો જતો હતો તે બધા શેખચલ્લીના વિચારો કરતો જતો હતો. એટલામાં એક લુંટારૂની ટોળીએ ત્હેના ઉપર હુમલો કર્યો, ને તલવાર અને ભાલાવડે ત્હેને ઘાયલ કયો, તે જમીન ઉપર પડયો કે બીરસિંગે આવીને કહ્યુ. "પરમેશ્વરે આપને માનપૂર્વક તેડૂ મોકલ્યું છે." પણ અબુલ ફઝલે મ્હોં બીજી તરફ ફેરવી દીધુ નરત જ બીરસિંગે માથું કાપી નાંખ્યું ને રૂમાલમાં બાંધી જીનની પછવાડે બાંધીને ચાલતો થયો

આ બનાવની ખબર આગ્રે 'હોચી ત્યારે કોઇની અકબરને કહેવાની હિમ્મત ચાલી નહિં. આખરે અબુલ ફઝલનો માણસ હાથે કાળો રૂમાલ બાંધી અકબરની હજુરમાં આવ્યો.

અકબરે કાળો રૂમાલ બાંધેલો જોઈને પૃછયું. "હાંનો શો અર્થ, મ્હારા વ્હાલા શેખને શું થયું છે?"

અબુલ ફઝલના નોકરે કહ્યુ. "તે ડાહ્યો શેખ બિચારો જીવતો નથી. ત્હેને રસ્તામાં લુટારા મળ્યા ને ત્હેને મારી નાંખ્યો." ને પછી ડસકાં ભરવા લાગ્યો

અકૂબરે ગાદી ઉપર પડીને કહ્યુ. "લુટાયો ને મરાયો. મ્હારો શેખ! મ્હારો શેખ! મ્હારો શેખ મ્હને પાછો આણી આપો." તે ઊઠયો ને બોલ્યો. "જો સલીમને રાજ્ય જોઈતું હતું તો મ્હને મારવો હતો પણ હેને બચાવવો હતો." બધા પાછલા દહાડાઓનો વિચાર કરીને ત્હેણે કરેલી મદદો યાદ આણીને અકૂબર દિલગીરી પ્રદર્શિત કરવા લાગ્યો. તે ઊઠયો ને જતે જતે બોલ્યો. "જ્ય્હારે મ્હારો શેખ મ્હને મળવાની આતુરતાથી વખત

ન સુઆવતાં આણી તરફ આવવા નીકળ્યો ત્યારે બિચારો મરાયોને ?" ઘણા દહાડા સુધી અકબર પોતાના મ્હેલમાં જ રહ્યો ને કોઇને મળ્યો પણ નહિ કે કોઇ સાથે વાતચિત પણ ન કરી. પણ અકબરનો પણ હવે સમય આવ્યો હતો તેથી તે પોતાના વ્હાલા મિત્રના મૃત્યુનું વેર ન વાળી સક્યો.

પ્રકરણ ૧૪ મું.

મહાન્ અકબર એક ભાગેલા વ્હાણની પેઠે, પથારી ઉપર પોતાના ખંડમાં સૂર્ય સ્હામે મુગો મુગો જોતો સુઈ રહ્યો હતો. ત્હેની ગાદીની આસપાસ ઊભાં રહેનારાં રત્નો બધાં મૃત્યુના અંધકારમાં ચાલ્યાં ગયાં હતાં. રાક્ષસી બાંધાનો ટોડરમલ, બુલબુલ જે'વા મધુર સ્વરવાળો ફૈઝી, રમુજી ને હાજર જવાબી બીરબલ ને વિદ્વાન અબુલ ફઝલ, જે લોકોએ ત્હેને રાજ્ય કારભારમાં સલાહ આપી હતી; જ્હેણે ગાયનો ગાઈને ત્હેના મગજને હલકું કર્યું હતું, જ્હેણે રમુજી વાતોથી ત્હેને આનંદ પમાડયો હતો, ને જ્હેણે ત્હેને પોતાની વિદ્વત્તાથી છક કરી નાંખ્યો હતો, તે બધા મૃત્યુવશ થઈ ગયા હતા. નવા જમાનાના જુવાનીઆઓ ચ્હડતીમાં આવતા હતા, પણ ત્હેમને તે ઓળખતો ન્હોતો. હવે તો ફક્ત પોતે કરેલા કામના અત્યાર સુધીમાં જે ફાયદાઓ થયા હતા તે જોવાના જ હતા. બીજું કાંઈ કામ થઈ સકે તેમ ન્હોતું. વિજાતીય લોકોનું એકત્રપણુ કાંઈક અંશે થયેલું હતું. પણ ત્હેની જીંદગીનું મુખ્ય કામનું જે સ્વપ્ન હતું તે પણ હવે જતું રહેવા મંડયું. સલીમે બંડ મચાવ્યું હતું ને સ્હામા થવાના જ સોગન લીધા હતા. અલબત ત્હેણે માફી માગી હતી પણ તે કાંઇ કામની ન્હોતી. સલીમનો પુત્ર ખુશરૂ પોતાના દાદાની ચાકરી બહુ કરતો હતો. પણ સલીમ હેને રાજ્ય મળ્યાથી કાંઈ ખુશ થશે ? જો નહિં થાય તો માંહોમાંહે કજીયો કંકાસ થશે, ને જે બધો બંદોબસ્ત પોતે કરીને શાન્તિ ફેલાવી હતી ત્હેનો ભંગ થશે, હાવા બધા વિચારો વૃદ્ધ અને મરણ પથારીએ સુતેલા શેહેનશાહને આવતા હતા. હજી પણ શાન્ત ને નિર્મળ મનથી પોતાના રૈયતનું શી રીત્યે કલ્યાણ થાય તે વિશે પથારીમાં તરફડીયાં ખાતો શેહેનશાહ વિચાર કરતો હતો. હજી પણ ત્હેની આસપાસ ત્હેના વૈદ હકીમ અલી, ત્હેનો દુધભાઈ અઝીઝ કોકા, લગ્નથી ને લાંબી ને વફાદાર નોકરીથી બંધાયલો માનસિંહ, કાદર જહાન ગુફતિ જ્હેવા વિશ્વાસુ મિત્રો હતા. અકબરને ખાતરી હતી કે ત્હેની છેલ્લી મરજી જે હશે તે આ લોકો પોતાનો જીવ ખોઈને પણ અમલમાં આણશે.

મ્હેલની બ્હાર પણ દુઃખ ભરેલી લાગણીવાળાં ને ચિંતાતુર લોકોનાં ટોળાં હતાં. ને અંદર પણ બહુ ગભરાટ હતો.

બધા લોકો સ્ત્રી તેમજ પુરૂષ, અકબરની તબીયત સુધરવા માટે પ્રાર્થના કરતાં હતાં, ને દરવાજા આગળ ખબર પૂછતાં ત્યારે આંસું આવી જતાં ને ગદ્ગદ્ કંઠે શેહેનશાહ સારા થઈ જાય એવી પ્રાર્થના કરતા.

એક ધર્મી હિન્દુ—" ઇશ્વિર ત્હેને બચાવો. ત્હેનાં છોકરાંનું રક્ષણ કરવાને તે જીવતા રહો. ત્હેણે કેટલા બધા સુધારા કર્યા છે, કેટલા બધા લોકોને ત્હેમના સારા ગુણોનો બદલો આપ્યો છે ને રાજ્ય કેટલું બધું વધાર્યું છે."

બીજો—" તે તો દેવાવતાર છે. તે ત્હેની પ્રજાનો બાપ છે, ઇશ્વિરની પઠે માફી બક્ષનારો છે, ને માતા જ્હેવો પ્રેમાળ છે."

ત્રીજો —"હું ત્હેની જીંદગી બચાવવા મ્હારી જીંદગી અર્પણ કરવાને તૈયાર છું, પણ અફ્સોસ! મોત કાંઇ કોઇને કોઇની બદલ સ્વીકારતુ નથી."

"અફ્સોસ! હવે પેલો દારૂડીયો કુંવર ગાદીએ આવશે ને દેશમાં ખાનાખરાબી કરી નાંખશે"

"વખતે તે સુધરે પણ ખરો, ને ત્હેના બાપને પગલે ચાલે. તે ધારે છે તે વખત સારો થઈ સકે છે."

"એ તે કાંઇ કામને માટે ગમત છોડી દેશે કે હેના સોબતીઓ કાંઇ હેને સારો માર્ગ બતાવશે?"

"પરમેશ્વર જે બધાનું ભવિષ્ય જાણે છે તે વખતે ત્હેને સદ્બુદ્ધિ આપે ને વખતે તે જાગૃત થાય."

"મ્હને માફ કરો પણ ઇશ્વિરી રસ્તા જુદા જ છે. આ કાંઇ ઇશ્વિરીસ્વભાવ છે જ નહિં. જો એમ હોત તો આવો થાત જ નહિ"

આપણે કાયદાઓનુ ઉલ્લધન કરીએ તો આપણે ખમવું જ પડે. ઇશ્વિર આપણને સ્વર્ગીય રાજ આપે પણ આપણે ત્હેની કદર ન પીછાણીએ તો પછી આપણો જ વાંક"

'હા એમ હોય પણ અકબરને જુવો તે આવ્યો ત્હારે દેશ અજ્ઞાન, વ્હેમ અને અંધાધુંધીમા હતો ત્હેમાથી ત્હેણે જ્ઞાન, સારા વિચારો, ને શાન્તિવાળો દેશ બનાવી દીધો. ને જાણે કે આ બધુ કરનાર જાદુગર જતો રહે છે ત્હારે જાણે કે આ બધાનો પાયો રેતાળ જમીનમાં નાખ્યો હોય તેમ ભાગી પડે છે કાળા રૂપી નદીમાં ફક્ત ચળકતા પરપોટા જહેવુ જણાય છે."

તે તો મોજાંમાંથી ઉડેલા એક છાંટાની બરાબર છે. તે આપણને રસ્તો બતાવે છે પણ દુનિયા તે જોઈ શકતી નથી, હમણાં આમ જોતાં તો ત્હેનુ કરેલુ બધું ભાગી પડતું જણાશે પણ ત્હેના સારા રાજ્યની અસર અનતકાળ સૂધી રહેશે"

મ્હેલ બહાર આ પ્રમાણે વાતો થતી હતી ને પ્રાર્થનાઓથતી હતી, ત્હારે માંહિં શાહજાદો સલીમ ત્હેના પ્રેમાળ પિતાના મૃત્યુની ખુશ ખબરની આતુરતાથી વાટય જોતો હતો.

સલીમ—'હમણાં એક પળમાં આપણને ખબર પડશે. મ્હે ખ્વાજા શરીફને ખબર મેળવવા મોકલ્યોછે, કારણ ત્હેના ઉપર મ્હારો બહુ વિશ્વાસછે."

એક મિત્ર—"તે, એ આવે, જો તે કે'વો ઝપાટાબધ ચાલે છે હુ આપને શાહેનશાહ તરીકે મુબારકબાદી આપું છું. તે ખચીત કાંઇ સારી ખબર લાવ્યો લાગે છે."

સલીમ ધડકતી છાતીએ—"કાંઇ વળી વચ્ચમાં અડચણ ન આવે. તે ઘરડામાં હજી શક્તિ હોય એમ લાગેછે, ને વખતે બચે પણ ખરો. બિચારા ખુશરૂએ ત્હેની સારી ચાકરી કરી છે. મ્હને બહુ ચિંતા થાય છે."

દરબારીઓ —"આપ નામદારને ફતેહ મળશે."

સલીમ—"હું જે કહો તે કરવાને તૈયાર છું. હુ તે જુવાનીયાને ગાદી ઉપર બેશી ત્હેનાં મૂર્ખાઈ ભરેલાં કામોથી ધર્મનો નાશ નહિં કરવા દઉં."

"આપ સત્યધર્મરક્ષક છો. શેહેનશાહે કદી ત્હેને પોતાનો વારસ ઠરાવ્યો જ ન્હોતો., મરણપથારીએ સુતેલા શહેનશાહની સમક્ષ આપના હાથીએ ત્હેના હાથીને હઠાવી માર્યો હતો તે કાંઇ સારા શુકન ન્હોતા?"

સલીમ--" ખરી વાત. અને વળી **શ**હેનશાહના હાથીને મ્હે ત્હેના મગરૂર પૌત્રના હાથીને મદદ કરવા દેવાની ના કહી ત્હારે જરા **શે**હેનશાહ ચ્હીડાયા પણ હતા પણ હેમણે એમ પણ કહ્યુ હતુ કે " બધા હાથીઓ થોડા વખતમાં ત્હેના જ થશે "

દરમ્યાન **સ**લીમને ત્હેની વાટય જોતો દેખી ને ખ્વાજા ભપકા છોડી દઈને દોડયો તે નીચેના દરવાજામાં દાખલ થઈને ઝડપથી દાદરો ચ્હડયો ને હાફ્તો હાંફ્તો **સ**લીમ કને આવ્યો.

સલીમ--ખ્વાજાને ઓરડીની અંદર દાખલ થતો જોઈને કહે "હવે આપણને ખબર પડશે " પછી સવાલ ઉપર સવાલો થવા મડયા ને ઓરડીમાં ગરબડ થઇ રહી.

ખ્વાજા--" રાતે **શે**હેનશાહ અસ્વસ્થ રહ્યા હતા ને ઊંઘ ન્હોતી આવી. બે એક કલાકમા પણ મૃત્યુ થાય. હકીમ **અ**લીને આશા નથી પડતી. "

સલીમ--"હકીમો જાણતા નથી. બે ત્રણ દહાડા સુધી મૃત્યુ ન થાય તો કે'વુ કમનસીબ ?"

ખ્વાજા--' તે બહુ નહિં જીવી શકે. રાત્યે બિલકુલ આરામ મળ્યો નથી ને અશક્તિ વધતી જાય છે. "

સલીમ--" હા. પણ આપણે તૈયારીઓ રાખવી જોઈએ મ્હારા નોકરોને બોલાવવા જોઈએ કે તે ગુજરી જાય કે તરત મ્હેલ બંધ કરી દે ને બધુ તાબામા લઈ લે "

ખ્વાજા--ત્હેની કાંઇ વાર નથી. આપને માટે ગાદી વાટય જુવે છે. "

સલીમે--" ઠીક ઠીક, પણ તે વૃદ્ધ માણસ મ્હારો હક ડુબાવી નહિં શકે. ત્હેનો વખત ગયો. "

અકબર જે ઓરડીમા સૂર્યના તડકાથી પ્રકાશીત થયેલી પથારી ઉપર સુતો હતો ત્હેમાં બધું શાન્ત હતુ **મા**નસિંહ અને મિરઝા **અ**ઝીઝ એક બાજુ ઊભા ઊભા નીચા સાદથી વાતો કરતા હતા. ને હકીમ **અ**લી, **અ**કબરની પથારી ઉપર બેશી ત્હેને બચાવવાની આશાથી કાંઇ દવાઓ મેળવતો હતો. પણ તે બધુ નિષ્ફળ હતુ. અકબર ભરનિદ્રામાં પડયો ત્હેની આંખ્યો બંધ થઈ ને છાતી ફુલવા માડી ને માંહિનો આત્મા સ્વર્ગમાં જવાને ઉતાવળ કરતો હોય એવુ લાગ્યુ.

ખાન અઝીમ--" ભાઈ, **શ**હેનશાહ બહુ જીવે એવુ લાગતુ નથી. આપણુ ભવિષ્ય, કોણ જાણે કેવુ હશે. આપણે ત્હેના બીજા દરબારીઓની પેઠે ત્હેમના પ્હેલાં મૃત્યુવશ થયા હોત તો કે'વું સારૂ થાત ? "

માનસિંહે દિલગિરીથી કહ્યુ. " આપણા નસીબમા કમોતથી મરવાનુ હશે તેથી જ જીવ્યા હઇશુ. શાહજાદા **સ**લીમની ચાલચલગત તો પ્રખ્યાત જ છે ને જો બદલાશે નહિં તો આપણુ આવી બન્યુ જાણજો "

ખાન અઝીમ--" આપણે વાનપ્રસ્થાશ્રમ ભોગવી સકીયે તો કે'વું સારૂં, ને જો બોલાવે તો આવીએ "

રાજા માન--" તે તદ્દન અશક્ય છે. આપણે સુલતાન ખુશરૂને ત્હેના દુશ્મનોના હાથમાં મૂકી જઈએ ? "

અઝીમ--" ખરી વાત તેમ ન જ બને તે બહુ સારો **શા**હજાદો છે, ને **શ**હેનશાહનો

વારસ થવાને લાયકછે. આપણે ત્હેને ગાદી મેળવવા માટે મદદ કરીએ તો કેમ ?"

રાજા માનસિંહ—"હુ ત્હેને માટે મ્હારૂ બનતુ કરવાને તૈયારછું. શેહેનશાહને પણ સલીમ પસંદ નથી "

અઝીમ—" તે કરવુ બહુ સહેલુ છે. આપણે સલીમને કેદખાનામાં નાંખી ત્હેના પુત્ર સુલતાન ખુશરૂને શેહેનશાહ તરીકે ગાદી ઉપર બેસાડીએ. "

રાજા માનસિંહ—" આહા એ ઠીક રસ્તો છે ને સલીમના રાજ્યથી ઉત્પન્ન થવાના બખેડા ને અધાધુધી પણ નહિં થાય પણ ત્હેના બધા સોબતીઓ અને આપણી મ્હામેના પક્ષના મુસલમાનો ત્હેની તરફ જ થશે "

અઝીમ—" હા, ત્હેનો પણ વિચાર કરવો જોઈએ. આપણે સલીમને છાનોમાનો કેદ કરીએ તો હુલ્લડ થતુ અટકે કારણ મહા પ્રતાપિ અકબર બાદશાહ જહેવાના રાજ્યનો લોહીલુહાણ ને મારામારીથી અંત આવે એ સારૂ નહિ "

હકીમ અલીએ અકબરને કાંઇક દવા આપી તેથી તે પાછો જાગૃતિમાં આવ્યો. અકબરે આંખ્યો ઉઘાડી ને માનસિંહ અને અઝીમને કને બોલાવ્યા ને ધીમે પણ દૃઢ અવાજે કહ્યુ. " મિત્રો ત્હમારી વચ્ચે થયેલી વાતો મ્હેં સાંભળી. ઘણા દહાડાથી આ પથારીમાં સુતે સુતે મ્હને પણ એ જ વિચારો આવતા હતા ને આખર હુ બધુ જહેણે મ્હને મોકલ્યો છે ત્હેના હાથમા સોપુ છુ ને ત્હેને જેમ ગમશે તેમ થશે આપાણું કાંઇ ચાલવાનું નથી અને ત્હમે પણ એમ જ કરો સલીમ મ્હારો હક્કદાર વારસ છે, ને ત્હમે ત્હેને શેહેનશાહ તરીકે સ્વીકારો હુ મ્હારો પુત્ર લડે એવુ ઇચ્છતો નથી બધા અધિકારીઓ, રાજાઓ, અને સલીમને બોલાવો કે હમેશને માટે આંખ્યો બંધ કરતાં પ્હેલાં ત્હેમને જોઉં "

માનસિંહે આસુ ટપકાવતે ટપકાવતે કહ્યુ " આપનો હુકમ માથે ચ્હડાવુ છું. હમને આમ કેમ તજી દ્યો છો, હવે હુ મિત્ર વગર ક્યહા જઈશ ? મ્હારે હવે નવાં માણસોમાં, નવા રાજ્યમાં ને નવા મનના માણસોમાં રહેવુ પડશે "

અકબરે નિસાસો નાંખી—" મિત્ર ! તુ ફકર ન રાખ્ય હમ્મેશાં જુનુ બદલાઇને નવું આવે છે ઇશ્વિર સભાળનાર છે આપણે આપણી ફરજ બજાવી છે. "

માનસિંહ ને અઝીમથી ન રહેવાવાથી તેઓ રોઈ પડયા ને અકબરે ત્હેમની સ્હામુ માયાળુ મુખમુદ્રાથી જોયુ.

દરમ્યાન સલીમ, સુલતાન ખુશરૂ ને બીજા બધા રાજ્યાધિકારીઓ માનપૂર્વક પથારી આગળ આવ્યા. અકબરે ફરી આંખ્ય ઉઘાડી ને માનસિંહને સલીમને માટે તૈયાર કરેલા પાઘડી ને ઝભ્ભો પ્હેરાવવાની નિશાની કરી. ને પોતાના વારસ તરીકે સલીમ આગળ માથું નમાવ્યુ તરત બધાએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી સલીમને પોતાના શેહેનશાહ તરીકે સ્વીકાર્યો. ને તેજ ક્ષણે મહા પ્રતાપિ શેહેનશાહ અકબરનો આત્મા આ દુનિયાનો ત્યાગ કરી ચાલ્યો ગયો. બ્હાર પ્રકૃતિ-વાદળ વગરનુ સ્વચ્છ આકાશ, ઝાડ પાન ને ખેતરો પૂર્ણ જોસથી પ્રકાશી રહ્યાં. સલીમ બ્હાર ગયો માનસિંહ ને અઝીમ જાણે કે વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એક બીજા સ્હામુ જોતા સ્તબ્ધ ઊભા રહ્યા. જનાનખાનાનાં દ્વાર ઊઘાડયાં ને ત્હેમાંથી બધી રાણીઓ ફીંદાયલે વાળે ને દિલગીરી ભરેલા અવાજે

કરતી કરતી આવી. ત્હેમાંની સૌથી સુન્દરમાં સુન્દર ને અકબરની માનીતી રાણી જોધબાઇ આગળ આવી અને અકબરનું માથું પોતાના ખોળામાં મૂકીને કહેવા લાગી. “ મ્હારા રાજા, મ્હારા સ્વામિ, મ્હારી સાથે ફરી એકવાર બોલો. તહમે નહિં પાછા આવો તો હુ આવું છું. આપણે કદી છુટાં નહિં પડીયે. હુ આ દુનિયામાં રહી સકતી નથી હુ આવુ છુ. ” એમ કહી માથું ધીમે રહીને પથારીમાં મૂક્યુ. ને પોતાની ઓરડીમાં ગઇ.

ને કહ્યું. “ મ્હારાં ધરેણાં ને લુગડાં લાવો. આજ મ્હારો છેલ્લો લગ્નનો દહાડો છે ને પેલી ચિતા ઉપર મૂકો કે વાર ન થાય. જલદી કરો, છોકરીઓ અને મ્હારૂ આ છેલ્લુ કામ કરો ” ત્હેણે પોતાનાં જુના વસ્ત્ર કહાડીને જાણે પરણવા જતી હોય તેમ સરસ વસ્ત્રાલંકાર ધારણ કર્યા ને અકબરની તલવાર ખોળામાં મૂકી ચન્દનની ચિતા ઉપર ચ્હડીને ચિતા સળગી કે બોલી “ હાશ હવે આપણે આખરે એકઠાં થયાં. ” એમ કહી દુ:ખની કાંઇ પણ ફરિયાદ કર્યા વગર અગ્નિશયન ઉપર મૃત્યુવશ થઇને પડી બધી દાસીઓની દુ:ખની ચિચિયારીઓથી આખી ઓરડી ગાજી રહી ને તે લોકોએ પુષ્પનો વરસાદ વરસાવ્યો.

દરમ્યાન અકબરનુ શબ ત્હેની એકાન્ત ઓરડીમાં હતું ત્હેની કને બેશીને ત્રણ મોલવીઓ કુરાન વાંચતા હતા. બધા રાજ્યદરબારીઓ નવા શેહેનશાહની મ્હેરબાની મેળવવાને ખુશામદો કરવામાં રોકાયલા હતા. અકબરે જ્હેમને પૈશે ટકે સુખી કર્યા હતા તે પણ સલીમના દરબારમાં હતા. પછી અકબરના શબને સુગધીદાર પાણીવડે ન્હવડાવ્યુ ને ધોળા લુગડામાં વીંટયું ને ત્હેના ઉપર કિમતી શાલો મૂકીને ત્હેને પેટીમાં મૂકયુ ને નવાણુ દરવાજાઓમાંથી બાગેબ્હેસ્ત અથવા સ્વર્ગના બગિચામાં લઇ ગયા, તે બાગ આગ્રાથી છ માઇલ ઉપર આવેલા સેકાન્દરા ગામમાં હતો ત્હા અકબરે પોતાને માટે કબર બધાવેલી હતી. ત્હેને લઇ જતા હતા ત્હારે રસ્તામાંથી દરેક પદવીના હિન્દુ ને મુસલમાનો દિલગીરી ભરેલે ચ્હેરે તે સરઘસમાં દાખલ થયા જહેવો અકબર રાજાઓમાં સારો, ભવ્ય, ને અપૂર્વ હતો ત્હેવી જ ત્હેની કબર હતી લીલોતરીવાળા મેદાનની ઉપર સૂર્યના પ્રકાશમાં પ્રકાશતા આરસના ઘુમ્મટો ને પાતળા મિનારા જણાતા હતા જે બાગમાં તે કબર હતી ત્હેની આસપાસ લાલ પત્થરની ભીત્ય હતી. ત્હેમાં કૃત્રિમ ફૂવારો ને જળધોધ હતા ધીમે ધીમે તે લોકોએ અકબરનું શબ આણ્યુ ને ધીમે રહીને પૂર્વ તરફ મ્હો કરીને કબરમાં મૂક્યુ. ને મુસલમાની ધર્મના નિયમ પ્રમાણે મક્કા તરફ મ્હોં ન કર્યું હિન્દુઓએ પોતાના ધર્મ પ્રમાણે મરણક્રિયા કરી ને મુસલમાનોએ પોતાના ધર્માનુસાર પ્રાર્થના કરી તે કબર કને એક મોલવી ને એક પડિત રહ્યા ને હજી પણ ત્હેમના વશજો મહાપ્રતાપિ શેહેનશાહ અકબરની કબરનું રક્ષણ કરે છે.

પ્રકરણ ૧૫ મું.

અકબરના મરણની ખબર આખા દેશમાં દાવાનળની પેઠે ફેલાઇ. ખેડુતે ખેડવાનું બંધ કર્યું. વાણીયાઓએ દુકાનો બંધ કરી, ને બધા જાણે પોતાનો બાપ ગુજરી ગયો હોય તેમ દિલગીરી ભરેલે ચ્હેરે ને આંસુથી ભરેલી આંખ્યોએ ચોરા આગળ એકઠા થઇને બેઠા.

એક ખેડુત—" અકૂબર બાપ જ્હેવો હતો ત્હેના અમલમાં આપણે સલાહ શાન્તિ ભોગવ્યાં છે, ને જ્હારે આપણા ખેતરોમાં પાક નિષ્ફળ જતો ત્હારે ખોરાક પણ આપતો ને ન્યાયી પણ બહુ હતો "

બીજો ખેડૂત—" અરે ! ત્રણ વર્ષ ઉપર જે દુકાળ પડયો હતો તે વખતે રાજાએ આપણને બચાવવા પોતાનો કોઠાર ઉઘાડયો હતો. "

એક બ્રાહ્મણ—"રાજા એ પ્રજાનો બાપ અને રક્ષણ કર્તા નહિં તો શું છે ? આપણું રક્ષણ કરવામાં તે તો ફક્ત પોતાની એક ફરજ બજાવે છે "

એક વૃદ્ધ માણસ--" પણ પોતાની ફરજ જાણનારા રાજાઓ તો થોડાક જ હોય છે એક સમય એવો હતો, કે જ્હારે હિન્દુને કુતરાના જ્હેવા ગણતા, ને રાજ્ય કરનારી જાત્ય ત્હેના ઉપર થુંકતી તોએ ત્હેને તે ખમી રહેવુ પડતુ, શીપાઇઓ પણ પગે ચાલવુ હલકાઈ ભરેલું ગણતા ને ચાર હિન્દુઓને એકઠા કરીને ત્હેમની પાસે પોતે ખાટલા ઉપર બેશીને તે ઉંચકાવતા. ને મુસલમાન અધિકારીઓને લીધે વહુઓ, ને છોકરીઓની આબરૂ પણ ભયમાં હતી. અકૂબરે બધાને સરખા ગણીને કેટલો બધો સુધારો કર્યો છે ? "

બીજો ગામડીયો નિસાસો નાંખી—" મારા ભાગ્યે સલીમ સોઝનુની ને નઠારો ગણાય છે. ને હવે પાછો દુખ વેઠવાનો વખત આવશે "

એક વૃદ્ધ માણસ—" ઇશ્વિર ત્હેને ત્હેની જવાબદારી સમજવાની સદ્બુદ્ધિ આપો. તે આખી પ્રજાને સુખી કરશે અથવા તો કંગાળ અને દુખી કરશે "

કેટલાક જણાઓ એકે અવાજે " કોણ જાણે આપણા ભવિષ્યમાં શુંએ હશે. આટલાં વરસ સુખ, શાન્તિ ભોગવ્યાં છે તેથી હવે જરા પણ દુખ પડશે તો ખમાશે નહિ. પોત પોતાના રાજ્યકર્ત્તાઓ હોય તે લોકો સુખી તો રહે ખરા "

એક બ્રાહ્મણ—"આપણું કરમ નઠારૂ છે. પણ આપણે તે મરદાઇથી સહન કરવુ જોઇએ."

કેટલાક—" હાસ્તો, જ્હેનો ઉપાય નથી તે ખમવું જ પડ. પણ અકૂબરના મરણની વાતથી બહુ દિલગીરી થાય છે "

" આપણા સગાં કરતાં અકૂબરના મરણથી આપણને વધારે લાગે છે પણ ઇશ્વિરેચ્છા ને તાબે રહેવુ જોઇએ આપણા પંડિતે ત્હેને માટે પ્રાર્થના કરવી જોઇએ. આપણે ત્હેને પૈશા આપીશું અકબરનો આત્મા અનંત કાળ સુધી શાંતિમાં રહો ! "

એક પક્કા વાણીયાએ પોતાના છોકરાને કહ્યુ " દીકરા આપણે આપણું ધન કાંઇ દાટી દઇશુ ને મેલા લુંગડાં પ્હેરીને ફરીશું વખત બદલાયા છે ને કોણ જાણે છે કે શું થવાનુ હશે. આપણને રીબાવશે તોએ ધન દાટેલી જગ્યા નહિ બતાવીએ "

તે છોકરાએ પોતાના તેલ નાખેલાં ગુંછળાં હલાવતે હલાવતે ને સુગંધીદાર રૂમાલ પોતાને નાકે અરકાડીને કહ્યુ " બાપા ! હવે તમે તો ઘયડા થયા છો ને અક્કલ ખોઈ બેઠા લાગો છો હવે હું મેલાં લુંગડાં નહિં પ્હેરૂ "

તે વૃદ્ધ માણસ ધ્રુજતે ધ્રુજતે—" દીકરા ત્હારે લીધે આપણા બધાનો નાશ થવાનો છે. ત્હારી નવી ઓરડી મ્હને તોડી પાડવાનું બહુ મન થાય છે. તે જ આપણને સંકટમાં નાંખશે. તો સમઝય. હવે તો લઢાઈઓ થશે. જે માણસ ગાદીએ આવશે ત્હેને તો લોહીના ઝરાઓમાંથી કુચ કરવી પડશે. ને પોતાની તીજોરી ભરવાને લુંટફાટ ને કતલ

કરાવડાવશે. લોકો કહે છે હિંદુસ્થાન સોના, રૂપા, હીરા ને રત્નોથી ભરપુર છે પણ જોતા નથી કે અહિ કે'વાં લુગડાં પ્હેરીયે છીએ ને એક વખત પણ પેટ ભરીને ખાવાનું મળતુ હોય તો ભાગ્ય "

તે છોકરાએ કહ્યુ. " ખરી વાત બાપા. પણ **અ**કબરતો ઇશ્વરી અવતાર હતો ને હેના રાજ પછી મારામારી ને કતલ ન થાય.

તે વૃદ્ધ વાણીયો—" તો તો સારૂંસ્તો પણ આપણે તો સાવચેતીના ઉપાયો લેવા જોઈએ કે વખત થાય તો આપણે સલામત રહીએ "

તે છોકરો—" બાપા ત્હમે ડાહ્યા છો ને કહેશો તેમ કરીશુ."

અકબરના મરણ પ્રસગે લોકો બધા દિલગિરીમા ગમગીન થયા હતા ત્યારે આગ્રામાં ધામધુમ ને ઉત્સવો ચાલતા હતા.

મરણ પ્રસગે થનારી ક્રિયાઓ પુરી પણ ન્હોતી થઈ ને **સ**લીમે ઈ સ. ૧૬૦૫ ની સાલના ઑકટોબર મહિનાની ૧૨ મી તારીખે સ્હવારે ગાદી ઉપર બેસવાનો નિશ્ચય કર્યો જોશીએ નક્કી કરેલી શુભ ઘડીએ **સ**લીમે સુનાની ઝગમગતી ગાદીના પગથીયાં ઉપર પગ મૂકયો ને બધી બાજુથી સલામતીની તોપોના ધડાકા થયા તે દહાડાનો ઉત્સવ અપૂર્વ હતો. **આ**ગ્રામાં પણ દિવાને આમ ઉપર નજર પડતા અમીર ઉમરાવો પૂર્ણ ભપકામા હાજર થયેલા જણાતા હતા. અહિ આખા હિન્દુસ્થાનના પૈશાવાળા ને, ભણેલા ગણેલા લોકો, એલચીઓ, ઉમરાવો ને દરિયાને પેલેપારથી પણ લોકો આવ્યા હતા **સ**લીમે પોતાની ગાદીની બે બાજુ ઉપર ઉભેલા અધિકારીઓને જોયા કે તે બહુ ખુશી થયો. હીરાજડીત સરપેચોના હાલવાથી, જવાહીરથી ભરપૂર ઘરેણાંના ઝગમગવાથી, કસબી લુગડાના ચમકવાથી, વાવટાઓના ફફડાટથી ને ભાટ ચારણોના ગાવાના સ્વરોથી બધું રમ્ય હતુ. આ દરબારમા ભપકો ને સત્તા જણાઈ આવતા હતાં. **ફ્રા**ન્સ, ઈંગ્લાંડને ઈરાનથી પ્રતિનિધીઓ અને બીજાં ન્હાનાં રાજ્યોના અમીર ઉમરાવો આવ્યા હતા નવા **શે**હનશાહનો કુવર શાહજાદો **ખુ**શરૂ પણ તે દરબારમા હાજર હતો થોડા વખત ઉપર તો તે પોતે રાજા થશે એમ ધારતો હતો. મગરૂર, બહાદૂર ને ડાહ્યો **રા**જા **મા**નસિહ પણ હાજર હતો ત્હેને આ બધો દેખાવ બહુ દુઃખ આપતો હતો, તોપણ હસ્તે મ્હોએ ને કાંઇ પણ બોલ્યા વગર ઉભો હતો. **અ**કબરની મરણપથારી આગળ જ **સ**લીમને ગાદી માટે ના લાયક ઠરાવનાર ખાન **અ**ઝીમ પણ હાજર હતો ને **શે**હેનશાહના હુકમ માથે ચ્હડાવવાને તૈયાર હતો.

શેહેનશાહ **સ**લીમ મ્હોટાઇ માયાળુપણા ને ચાલાકીથી ભરપૂર હતો ત્હેણે પોતાના પુત્ર **ખુ**શરૂને માફી બક્ષી બંગાળાના સુબા તરીકે **મા**નસિંહને કાયમ રાખ્યો. **ખા**ન **અ**ઝીમને દક્ષિણનો સુબો બનાવ્યો એક નકીબે આગળ આવીને જાહેર કર્યુ કે શાહજાદા નૂર–ઉદ્–દીન જહાંગીર (દુનિયાનો જીતનાર) તખ્તનશીન થયા છે ને પછી ગમ્ભીર અવાજે કહ્યું. જ્યારે બીજા કીરાન સાહેબ જહાંગીર વૈભવ ન્યાય, મર્યાદશિલતા, વિજય ને ધનની ગાદીએ બેઠા ત્હારે જય ને ભપંકા ત્હેમની ચાકરી કરવા માટે તૈયાર થયાં. આજ વર્ષમાં તે બનાવ બન્યો હતો " તે નકીબ પોતાની જગ્યાએ પાછો જઈને ઉભો. બધા ઉમરાવો એક પછી એક એમ આવીને કિંમતી ભેટોના થાળ લઇને આગળ આવ્યા, તે થાળ **શે**હેનશાહની ગાદી આગળ મૂકયા ને સાષ્ટાંગ દડવત્ કર્યા, **શે**હેનશાહે ત્હેમને કબુલ રાખ્યા કરીને હાથ અડકાડયો ને તે લઇને પાછા ગયા.

આ બધું થઈ રહ્યા પછી એક નકીએ શેહેનશાહ કને સોનાના થાળમાં કેટલાંક ફળ આણ્યા, ત્હેમણે એક સફરજન ચાખ્યુ ને બાકીનાં ફળ પોતાને હાથે ઉમરાવોને વ્હેચવા મંડયા તે તે લોકોએ નમન કરીને માનપૂર્વક લીધાં ને જાણે કે અમૃત ખાધુ હોય ત્હેવા જણાવા લાગ્યા શેહેનશાહે ત્હેમને કાશ્મિરી શાલો, મોતીના સરપેચો હીરાના કડાં ને મોતીની કંઠીઓ, ને સુન્દર ઝબ્બાઓની ભેટ આપી. આ બધુ પૂરૂ થયા પછી ફરી નકીબ આવ્યો ને જાહેર કર્યું કે " આપણા શેહેનશાહ જહાગીર દુનિયાંના શેહેનશાહ થાઓ " બધા દરબારીઓએ કહ્યુ. " તથાસ્તુ. " પછી પાછા નકીબે કહ્યુ. " શેહેનશાહે ત્હેમના રાજ્યાભિષેકના સ્મરણાર્થે પોતાના રાજ્યમા એક લાખ કુવા ખોદાવવાનો ને મુસાફરોની સગવડ માટે પચાસ હજાર ધર્મશાળાઓ બધાવવાનો હુકમ કરવાનુ ફરમાવ્યુ ને વેપારની ગાંસડીઓ ઉપર જકાત ન લેવાનો અને છ મહિના સુધી બધા કરોની માફી બક્ષેલી જણાવવાનો હુકમ કર્યો છે. વળી મદ્યની દુકાનો બધ કરી દેવાનો, ખેડુતોના હક્ક સાચવવાનો, ને માંદા ને ગરીબને માટે રાજાને ખર્ચે દાક્તરો રાખવાનો હુકમ કર્યો છે શેહેનશાહને જ્હારે કોઇને કાંઈ પણ અરજ કરવી હોય તો ત્હેના . ખડમા રાખેલા સુનાના ઘટોનુ ઝુમખુ હલાવીને ખબર કરવી તે ઉપરાંત જે લોકો લે તે લોકોને એક મહિના સુધી ખોરાક મફત વ્હેચવો. શેહેનશાહ આખી પૃથ્વિ જીતો ! " એમ કહી તે નકીબ જતો રહ્યો. ને આ બધી છુટયો માટે થયેલા હર્ષનાદથી ખંડ ગાજી રહ્યો.

શેહેનશાહ જહાંગીર ગાદી ઉપરથી નવા વજીર શરીફખાનનો ટેકો લઈને ઉતર્યો કે બધા દરબારીઓએ સાષ્ટાંગ દડવત્ કર્યા. તે ધીમે ધીમે દિવાને આમની બ્હાર ગયો ત્હાં ભપકાદાર ઝુલવાળો હાથી હતો તે હાથી સલામ કરતો હોય તેમ સૂઢ ઊચી કરીને ઢીચણીએ પડ્યો, ત્હેની એક બાજુએ સોનાની નીશરણી લટકતી હતી, ને ગોઠવીને શેહેનશાહ તે ઉપર ચ્હડયા તતુડાંના અવાજે ને તોપોના ધડાકા થયા કે બધા પોતપોતાના વાહન ઉપર જઈને બેઠા ને સરઘસના આકારમાં ગોઠવાઇને શેહેનશાહની મસજીદને રસ્તે શેહેનશાહની પાછળ ચાલ્યા. જહાંગીર લોકોમા સોના રૂપાના શિક્કા ને હીરા મોતી વેરતો હતો મસજીદની બ્હારના દરવાજા આગળ જહાગીર ઉતર્યો ને બધા દરબારીઓ સહીત અદર ગયો, ત્હાં શેખ–ઉલ્લ–સદરે પ્રાર્થના કરી ને તે થઈ રહ્યા પછી જાહેર કર્યું કે " શાહજાદા નૂર–ઉદ્દ–દીન સલીમ, જહાગીર (દુનિયાનો જીતનાર)નુ નામ ધારણ કરી ગાદીએ આવ્યા છે. ને પછી ધર્મના ખરેખર પ્રકાશક થશે એવી આશા બતાવી. " શેહેનશાહે પચાસ હજાર સોનાની મ્હોરો મસ્જીદમાં ચ્હડાવી, ને આવ્યા હતા તે જ ઠાઠથી પાછા મ્હેલમાં ગયા.

માનસિંહે ખાન અઝીમને એ લોકો એકલા હતા ત્હારે કહ્યુ. " તે બ્હાદુર જણાય છે, તે વખતે સુધરે ને મહાન્ અકબરનો લાયક પુત્ર જણાઈ આવે "

ખાન અઝીમે—" હુ પણ એવી આશા રાખું છુ પણ ત્હેનો આ સ્વભાવ ચાલુ નહિં રહે, તે દારૂને અડકશે તે ઘડીથી બગડશે. "

માનસિંહ—" ત્હારે આપણે જે થાય તે જોયા કરવુ. કારણ આખરે સલીમનામાં કાંઇક મ્હોટાઈ ને સારાપણું છે ને તેથી વખતે ત્હેની ખોડયો ઢંકાય. "

ખાન અઝીમ—"જે થાય તે જોયા કરવું ત્હારે તો તુમને ફરી એવી તકમળી રહી."

માનસિંહ—"તેમ ભલે હોય. પણ મ્હારે મ્હારા **શેહે**નશાહનો છેલ્લો હુકમ માનવો જોઈએ."

ખાન અઝીમ—" તે તો હુ પણ માનીશ. પણ આપણે આગ્રામાં ન રહેવું જોઈએ કારણ મ્હને પહેલાનુ બધુ સાંભરી આવે છે ને દુઃખ થાય છે. "

માનસિંહ—હું ઘણું કરીને હમ્મેશને માટે જતાં રહેવાને કાબ્ય ઊપડીશ. **અ**કબરના રાજ્યમાં જ બીજાની પેઠે આપણે પણ મરણ પામ્યા હોત તો કેવુ સારૂ થાત. "

ખાન અઝીમ—" ખરી વાત. કોણ જાણે છે કે આ દયા કેટલીવાર ટકશે ને પછી શુ થશે ત્હેની કાંઈ ખબર નથી "

માનસિંહ—" સમય બદલાયો છે. ને સલામતી ખાતર આપણે સાવચેત રહેવું જોઈએ ને ચારે તરફ નજર રાખવી જોઈએ."

ખાન અઝીમ—" હવે મિત્ર છેલ્લી સલામ હવે વખતે કદી પણ ન મળી સકીએ "

અને તેમ જ થયું કારણ થોડા વખત પછી **ખાન અ**ઝીમ ઉપર રાજ્યદ્રોહનો આરોપ આવ્યો ને જીવતાં ત્હેની ચામડી ઉતેડી લેવામાં આવી.

* * * *

(**સ**લીમ)**જ**હાંગીર પોતાના ખંડમાં વિચારમા ને ગભીરાઇથી બેઠો હતો ત્હેવામાં સોનાના ઘંટ વાગ્યા.

એક મંત્રિને કહ્યુ. " જાઓ ઘંટ કોણે વગાડ્યો તે જુવો ને ત્હેને મ્હારી આગળ લાવો."

તે મંત્રિ ઊઠયોને નમન કરીને ચાલ્યો ને એક ચીથરે હાલ વૃદ્ધ પુરૂષ અને સ્ત્રીને લઈને આવ્યો. તે વૃદ્ધ પુરૂષ અને સ્ત્રીએ સાષ્ટાંગ દંડવત કર્યા ને કહ્યું. " ન્યાય! ન્યાય! દયા કરો હે રાજા દયા કરો!"

જહાંગીરે—" શું છે તે કહો શાન્ત થાઓ. હુ ત્હમને ન્યાય આપીશ. "

તે વૃદ્ધ સ્ત્રીએ કહ્યું. " આપ અનત કાળ સુધી જીવો. આપે જે મદદ આપવાનુ વચન આપ્યું છે તે માટે ઈશ્વર ત્હમને સલામત રાખો."

એક દરબારીએ—" ત્હારૂ શુ દુઃખ છે તે ટુકામાં કહે **શ**હેનશાહ બહુ લંબાણથી કહીશ તો નહિં સાંભળે "

જહાંગીર—" ત્હેને બોલવા દ્યો હુ સાંભળીશ."

તે વૃદ્ધ સ્ત્રી—" ખાવિંદ! હુ છેક **બ**રદ્વાનથી આવુ છુ ને **બ**રદ્વાનના સુબા, **સઇફ**-ઉલ્લાએ મ્હારૂ સાટું ન વળે એવુ નુકસાન કર્યુ છે. તે રસ્તા ઉપરથી હાથી ઉપર બેશીને જતો હતો ત્યારે મ્હારા બાળકને કચરી નાંખ્યુ. હમે ત્હેના મ્હેલ આગળ ગયાં ને મ્હાવતને સજા કરવાની અરજી કરી પણ ત્હેણે ના પાડી, ને હમને હાંકી કહાડ્યાં પછી હમારી જીભ તાબે ન રહી ને હમે ગાળો દીધી એટલે હમને ઘરની બ્હાર હાંકી કહાડયાં ને ઘરબાર વિનાનાં કર્યા. "

જહાંગીર ક્રોધમય આંખ્યોથી—મ્હારા રાજ્યમાં હાવો જુલમ કરવાની મગદૂર કો'ની છે? ખડીયો, કલમ ને કાગળ લાવો." તરત એક નોકરે તે આંણ્યાં ને **જ**હાંગીરે લખ્યું.

" મ્હારા વ્હાલા **સઇફ**, ત્હમે આ લોકોના બાળકને બેદરકારીથી કચરી નાખનાર મ્હાવતને સજા નથી કરી તે જાણી હું દિલગીર થયો છું. એવું ન થવા દેશો. માવતને સજા કરો. આ લોકોને ઘરબાર ને માલમતા સોંપી દ્યો ને તે લોકોના નુકસાનનો બદલો આપો. આ મ્હારો હુકમ તરત અમલમાં આણવો પડશે. **જ**હાંગીર.

તે હુકમ ઉપર પોતાના શિક્કાની છાપ મારી અરજદારોને આપ્યો અને તે સુબા કને લઈ જવાનું કહ્યું, ને કહ્યું કે બદલો આપશે. ને પછી મુઠીભરી સોના મ્હોરો ત્હેમને રસ્તાના ખરચને માટે આપી.

તે ડોસો ડોશી બરદ્રાન હરખાતાં હરખાતાં ગયાં અને સુબાના મ્હેલ આગળ ગયાં ને ત્હેને ઉપલ્યો કાગળ આપ્યો. સુબાએ તે વાંચ્યો ને ઘણો જ ચ્હીડાયો. કાગળ ફેંકી દીધો અને પોતાના શિપાઈને આ ડોસો ડોશી શેહેનશાહ કને ગયાં તે ભૂલ્ય કરી એમ કબુલે નહિં ત્હાંસૂધી કેદમાં રાખવાનુ કહ્યું.

તે ડોસા ડોશીને એક અંધારી કોટડીમાં પુર્યાં. દરરોજ સ્હવારે દરોગો આવીને તે લોકો તાબે થવાને ઇચ્છે છે કે નહિ તે પૂછતો, ને તે લોકો માથું ધુણાવતાં. આખરે ભૂખમરાથી તે લોકોને તાબે થવું પડયુ.

તે લોકો પાછાં પોતાને ઝુંપડે ગયાં ને આડોશીપાડોશીની સંભાળથી સાજાં થયાં. બરોબર ટટાર થયાં એટલે તરત તે લોકોએ આગ્રા તરફ ચાલવા માંડયું હાંની ખબર સુબાને પડી ત્હેણે પોતાના મિત્રને લખ્યુ કે આ લોકોને શેહેનશાહ કને ન જવા દે. તેથી તે લોકો આવ્યાં ત્હારે ઘટ વગાડવાની દોરી હતી ત્હાં જવામા રસ્તાના ઝાંપા બંધ દીઠા પણ તેઓ નિરાશ ન થયાં. ત્હેમના હૃદયમાં વેરરૂપી અગ્નિ બળ્યા કરતો હતો. જ્હારે શેહેનશાહ શિકારે જતા ત્હારે ત્હેની પાછળ પાછળ જતાં એમ મહિનાના મહિના ચાલ્યા ગયા પણ શેહેનશાહની હજુરમાં ન જઈ શકયાં. આખરે એક દહાડો જ્હારે શેહે-નશાહ યમુના નદીના શીતળ પાણીમાં હોડીમાં હવા ખાવા નીકળ્યા ત્હારે તે લોકો પાણીમાં ચાલીને હોડી કને ગયાં ને બુમ પાડી "ઓ શેહેનશાહ ન્યાય ! ન્યાય !" ત્હેમના અવાજ શેહેનશાહને કાને પડ્યા તેથી ત્હેણે પોતાની હોડીને લોકો તરફ હંકરાવી અને ફરિયાદ સાંભળતાં પહેલાં જ ત્હેમને જીંદગી પર્યંતનુ પેનશન બાંધી આપ્યુ. જ્હારે ત્હેણે બધો વૃતાન્ત સાંભળ્યો ત્હારે તે કાંઇ બોલ્યો નહિં પણ સુબાને દરબારમાં એકદમ આવવાનો હુકમ કર્યો.

સઈફ-ઉલ્લાએ તરત હુકમ માન્યો શેહેનશાહના ઈરાદાની ત્હેને કે બીજા કોઇને ખબર નહોતી તે જુવાન સુબો પોતાના નોકરો ચાકરો સાથે રાતો રાત્ય આવ્યો, ને યમુના નદીને સ્હામે પાર મુકામ કર્યો, અને પોતે આવ્યાની ખબર શેહેનશાહને કહાવી જહાંગીરે પોતાનો એક હાથી બીજે દહાડે સ્હવારે તૈયાર રાખવાનો હુકમ કર્યો અને તે વૃદ્ધ પુરૂષ ને સ્ત્રીને હાજર રહેવાનું કહાવ્યું. પોતે બીજે દહાડે સૂર્યોદય પ્હેલાં ઊઠયો ને પેલાં ડોસા ડોશીને હાથી ઉપર બેસાડયાં ને પોતે સ્હામે પાર ગયો ને સુબો હજી ઊંઘતો હતો. ત્હેને બાંધી લાવીને હાથી આગળ નાંખવાનો હુકમ કર્યો. મ્હાવત અચકાયો પણ શેહેનશાહે હુકમ કર્યો ને જુવાન સુબાને કચરાવી નાંખ્યો. જહાંગીર ઘેર મુગો મુગો આવ્યો કારણ તે સુબાને તે ઘણો ચ્હાતો હતો. પોતે ઘણીવાર પોતાની જોડે બેસાડતો હતો. ત્હેંણે સુબાને ઘણા ભપકા ને ગંભીરાઇથી દાટવાનો હુકમ કર્યો અને આખા દરબારને બે મહિના સૂધી શોક પાળવાનો હુકમ કર્યો. જહાંગીરે કહ્યું.

"હું ત્હેને ચ્હાતો હતો પણ ન્યાય રાજાઓને બાંધી લેછે. રાજા તેમજ રંકને રાજ્યા-સન આગળ સરખો ન્યાય મળવો જોઈએ."

પ્રકરણ ૧૬ મું.

જહાંગીર હવે જે ગાદીની આતુરતાથી વાટય જોતો હતો તે ગાદી ઉપર બેઠો હતો, પણ નવાઈની વાત એ હતી કે ત્હેને તે ગુલાબના ફુલની પથારી જ્હેવી ન લાગી પણ ઘણી ચિંતાઓનું મૂળ લાગ્યું, ત્હેનો પોતાના બાપને પગલે ચાલી ન્યાયથી રાજ્ય કરવાનો નિશ્ચય હોવાથી ત્હેના પ્હેલાના સાથીઓએ ત્હેને મૂકી દીધો ને ત્હેના છોકરાને હુલ્લડ કરવાને ઉશ્કેર્યો. સલીમ જ્હેવા મોજશોક ચ્હાનારને મન આખો દહાડો બેશી ફરિયાદો સાંભળવાનું કામ કાંઇ રમત ન્હોતી પણ એટલું તો ખરૂં કે બે વર્ષ સુધી ત્હેણે પોતાના મનોવિકારને દાબી રાખ્યા ને પોતાનું કર્તવ્ય કરવાને બહુ પ્રયત્ન કર્યો પણ કામ અને વખત પણ ત્હેના મનમાંથી મિહાર-ઉન્ન-નિસાને કહાડી ન નાંખી સકયાં. રાત્ય દહાડો ત્હેને હેના વિચારો આવતા ને ઘણીવાર તે પોતાને પોતાનાં બેવચનીપણા માટે ઠપકો દેતો હતો. ટાડે ઠુંઠવાતા, આંથરે હાલ્ય, ભિખારી કરતાં પણ મખમલની પથારી ઉપર સુનાર શેહેનશાહ બેચેનીમાં રાત્ય કહાડતો. ત્હેના અવાજના ભણકારા પોતાના કાનમાં પડતા ને હેનું સ્વરૂપ પોતાની આંખ્ય આગળ આવતુ ને ત્હેને પોતાની રાણી બનાવવાનું મન થતું. આ બધુ રોકવાને બહુ ફાંફાં માર્યાં પણ નિષ્ફળ. આખરે એક દહાડો અલીકુલીબેગને બોલાવ્યો ને નીચે પ્રમાણે વાતો થઈ.

જહાંગીર—" ત્હમારૂં ઘરતો સુખી હશે ખરૂને ? મ્હેં ત્હમારી સ્ત્રીને ન્હાની છોકરી હતી ત્ય્હારે દીઠેલી યાદ છે ને હું ત્હેની બોલવા ચાલવાની રીત્યથી ઘણો છક થઈ ગયો હતો."

અલીકુલી બેગે—" હા પરમેશ્વરે મ્હને આવી સ્ત્રી આપીને સુખી કર્યો છે. તે તો મ્હારા ગરીબ ઝુંપડાને શોભા આપવાને આવેલી સ્વર્ગમાંની અપ્સરા જ છે. "

જહાંગીર જરા ચ્હીડાઈને—" હું ધારૂં છું કે તે ફક્ત ત્હમારા ઝુંપડાને જ શોભાવે છે. ત્હમારી જોડે સ્વર્ગમાંથી ઊતરે તે બહુ અસભવિત છે."

અલીકુલી બેગે—" સાહેબ મ્હને માફ કરો. તે મ્હારા હૃદયની અંદર પ્રવેશીત થઈ છે. ને ત્હેણે મ્હને પૃથ્વિ ઉપરથી સ્વર્ગમાં ચ્હડાવ્યો છે. "

જહાંગીર તાબે ન રહેવાવાથી—" હેનો અર્થ શો ? મિહાર-ઉન્ન-નિસા ત્હમને ચ્હાય જ નહિં. "

અલીકુલીબેગ—" હું મિહાર-ઉન્ન-નિસાને પૂર્ણ અંતઃકરણથી ચ્હાઉં છું ને મ્હારા પ્રેમે ત્હેનું કઠણુ હૈયું પીગળાવ્યું છે. "

જહાંગીર ગુસ્સાથી—" સાહેબ ત્હમને ખબર છે કે એક વખત હું મિહાર-ઉન્ન-નિસાને ચ્હાતો હતો ને તે પણ મ્હને ચ્હાતી હતી ? "

અલીકુલી બેગ મગરૂરીથી—" હા. મ્હને તો એટલી ખબર છે કે તે મ્હારી સ્ત્રી છે ને તે મ્હને ચ્હાય છે. થોડોક વખત ત્હેને લાગ્યું હશે પણ હવે તો તે મ્હને જ ચ્હાય છે."

જહાંગીર—" અહા. ત્હમે છુટાછેડા કરો તો કે'વું સારૂં તે ત્હમારા જે'વા શિપાઈની સ્ત્રી થવાને લાયક નથી. "

અલીકુલીબેગે ચ્હીડાઈને પૂછયું " આપની આ વ્યંગ્યોક્તિનો શો અર્થ છે ? જ્હાં સૂધી મ્હારી દેહમાં શ્વાસ છે ત્હાં સૂધી તો તે મ્હારી જ છે."

જહાંગીરે—" ત્હમને કાંઇ પણ ત્હેનાથી છુટા નહિં પાડી સકે ? ત્હમે જાણોછો કે હું ત્હેને ચ્હાતો હતો."

અલીકુલીબેગ દૃઢતાથી—" કાંઈપણ નથી."

જહાંગીરે—હું જાતે કહુ છું તોપણ કાંઇ નથી ? જરા વિચારી જુવો."

અલીકુલી બેગ—" હેમાં વિચારવાનુ કશું છે જ નહિં. મ્હેં મ્હારી જીંદગી આપને વેચી છે પણ આબરૂ નથી વેચી. હું મોતને દરવાજે લશ્કરને લઈને કુચ કરી જવાને તૈયાર છું. ને જો આવી સુચના કરનાર આપ શેહેનશાહ શિવાય બીજું કોઇ હોત તો ત્હેને ત્હાંને ત્હાં જ નરકનો રસ્તો દેખાડી આપત "

જહાંગીર—" ત્હારે સાહેબજી. મ્હારે કેટલુક જરૂરનું કામ છે." અલીકુલીબેગ નમન કરીને બાદશાહના ખંડમાથી ચાલ્યો ગયો ને મ્હેલના દરવાજાની બ્હાર નીકળી ગયો.

જહાંગીર ગાદી ઉપરથી ઊતર્યો ને બબડયો. " મ્હારી વ્હાલી, મ્હારી વ્હાલી. " અને પગથી તે માથાસૂધી ક્રોધથી કપવા લાગ્યો, પછી પોતાના મનોવિકારને દાબી નાંખીને તે બોલ્યો. " ગમે તે થાય પણ હું હેને મેળવવાનો જ તે મ્હને ચ્હાતી હતી. એમ હેણે જ કબુલ કર્યુ હતુ. પેલો જ ગલી ઈરાની કહે છે કે પૈશા અને દુનિયાને લગતા સ્વાર્થિપણાથી જ હેણે પોતાનો વ્હાલ કબુલ્યો હશે, એ ખોટી વાત છે. આ ઈરાનીએ હેના મન ઉપર કાંઇક અસર કરી હશે, પણ મ્હારી મિહાર-ઉન્-નિસા કાંઈ અસ્થિર મનની નથી તેમજ બેવફા પણ નથી માટે જે કરવુ તે જલદી કરવું જોઈએ," એમ કહી અબનુસના મેજ ઉપરની ચાંદીની ઘટડી વગાડી તરત ત્હેનો ખાનગી કારભારીને મિત્ર નાઝીર અહમદ આવ્યો.

જહાંગીર—" મ્હારા નિમકહલાલ મિત્ર મ્હારે મ્હારા સુખને લગતા જરૂરના વિષયમાં ત્હારી સલાહ લેવી છે. "

નાઝીર અહમદ—" આપ કહો તે કરવાને હું તૈયાર છુ. મ્હારા માયાળુ શેહેનશાહને કાંઈ પણ ઉપયોગનો થવાથી હું બહુ મગરૂર થઈશ. "

જહાંગીર—" ત્હને યાદ છે, કે હું મિહાર-ઉન્-નિસાને ચ્હાતો હતો, તે રાણી થવાને લાયક નથી ? .મ્હારી કનેથી તે લોકોએ ત્હેને ખુંચવી લીધી છે. તે ઘા હજી મ્હને દુઃખ દે છે. "

નાઝીર અહમદ—" અહા ! મ્હારા મનમાં આપ તે વાત ભૂલી ગયા હશો આપનું મન બદલાયું જોઈને હું છક થયો હતો."

જહાંગીર—" હેને મ્હારા મનમાંથી કહાડી નાંખવાનો પ્રયત્ન કરતે મ્હને કેટલું દુઃખ થયું છે ત્હેની ત્હને કાંઈ ખબર નથી."

નાઝીર અહમદ—" આપના દુશ્મનો નરકમાં પડો. આપ ફક્ત કહોને હું ત્હમને જે કાંઇ જોઈતું હોય તે આણી આપું."

જહાંગીર—" રાજાઓથી પણ મનનું ધાર્યું કોઈવાર થઈ સકતું નથી. પેલા મગરૂર ઈરાનીએ જાણે કે હું એક ભિખારી ભીખ માગતો હોઉં તેમ તે સુચનાની ચોખ્ખીના કહી. તે હજી પણ ના જ કહે છે. હવે હું બધું ત્હને સોંપી દઉં છું."

નાઝીર અહમદ—" મ્હારા ઉપર ભરૂસો રાખ્યો તેથી આપનો આભાર માનું છું. રાજાને કો'ની બ્હીક છે ?"

જહાંગીર—" તે તો ખરી વાત પણ મ્હારે મ્હારૂં રાજ્ય જુલમ અને કતલથી શરૂ કરવું ન્હોતું. જો બીજો કોઇ રસ્તો ન જ હોય તો તો અલીકુલીબેગને વચ્ચમાંથી કહાડવો પડશે. તે ઘણો વફાદાર છે ને તેથી ત્હેને ફાયદો થાત પણ તે ઘણો હઠીલોને મૂર્ખ છે તેથી ત્હેને ખમવું પડશે. હું અલીકુલીબેગને વખાણું છું પણ ઉપાય નથી. કાંઈ પણ શક આવે હેવી રીત્યે ન કરીશ "

નાઝીર અહમદ—" આપ યુક્તિ સોધી કહાડવાનુ મ્હને સોંપો. આપ મ્હને તે લુચ્ચો ક્યહાં ગયો છે એટલુ કહો એટલે હું મ્હારૂં કામ કરૂં, કારણ તે પુરૂ થતા સુધી હું ખાઈ સકવાનો નથી."

જહાંગીર—હજી તો આટલામાં જ હશે. હમણાં જ થોડીવાર થઇ ગયો છે. પણ હુમલો કરીશ નહિં. જો જે. તે ફક્ત મરી જવો જોઈએ ને ત્હેનું કારણ અકસ્માત હોવું જોઈએ. "

નાઝીર અહમદ—" હા સમઝયો' આપ કહો છો તેમ કરીશ, હમણાં જ મ્હને એક યુક્તિ જડી છે, ગાંડા હાથી તળે તે ચગદાઈ જવો જોઈએ."

જહાંગીર—" હા, એ ઠીક રસ્તો છે. તુ બહુ હુંશિયાર છે. પણ હાથી ગાંડો થઈને દોડવો જોઈએ ને ત્હેની તળે એ ચગદાઈ જશે "

નાઝીર અહમદ—હા એમ સ્તો. વારૂ હવે હું બંદોબસ્ત કરવા જાઉં છું નાઝીર અહમદ ઢીલ કરે હેવો ન્હોતો. ત્હેણે દરવાનને કેટલાક સવાલો પૂછ્યા ને તે ઉપરથી જાણ્યું કે અલીકુલીબેગ થોડીવાર ઉપર જ ત્હાંથી ઘણા ગુસ્સામાં ગયો હતોં ને પાલખીમાં બેશીને ઘેર જવા ઊપડયો હતો

નાઝીર અહમદે લડાઈના હાથીઓમાંથી એક મ ગાવ્યો ને ત્હેના ઉપર સ્વાર થઈ અલીકુલીબેગ જે રસ્તે ગયો હતો તે રસ્તે હાંકયો દરમ્યાન અલીકુલીબેગ એક સાંકડી ગલીમાં થઈને જતો હતો, તે ઘણો ચ્હીડાયલો હતો, તે મૂછ મરડીને બોલ્યો. " મ્હારી સ્ત્રી બાબત પૂછ-વાનો રાજાને શો હક્ક હતો, ને વળી છુટાછેડા કરવા, તે ત્હેને ચ્હાતો હતો પણ મ્હારા મનમાં તે ભૂલી ગયો હશે. તે મ્હને લાખોવાર કહેશે તોપણ હું ત્હેને (મિહાર-ઉન્ન-નિ-સાને) છોડવાનો નથી. મ્હારૂં ઘરબાર છોડીશ દેશ છોડીશ પણ હેને નહિ. શેહેનશાહ મ્હને મારી તો નહિ જ નંખાવે. પણ હવે તે ફરી અપમાન કરશે તો એક શિપાઈનું અપમાન કર્યાનુ ફળ જોશે. " અલીકુલીબેગ સિંહના જે'વો બ્હાદુર હતો ને જાણતો હતો કે શેહેનશાહ મિહાર-ઉન્ન-નિસાને ચ્હાય છે તે છતાં ત્હેને પરણ્યો હતો. ઉપલા બધા વિ-ચાર કરતો હતો એટલામાં ત્હેણે હાથીનાં પગલાં સાંભળ્યાં પણ ત્હેને કાંઈ નવાઈ લાગી નહિં. પણ જ્યહારે હાથી ત્હેની તરફ ધસ્તો આવ્યો ત્યહારે ત્હેને ભય જણાયો. તે પાલખીમાંથી ઊતર્યો ને આસપાસ આશરા માટે જોયુ પણ કાંઈપણ દીઠું નહિં. તોપણ તે હિમ્મત હાર્યો નહિં ને હાથીની સાથે લડવાનો વિચાર કર્યો. એક પળમાં તે હાથી ત્હેની ઉપર આવ્યો. અલીકુલીબેગ જરાક ખસ્યો ને ત્હેની તલવાર ચમકી અને હાથીની સુંઢ ઉપર પડી તે જાણે કે કાકડી કાપી નાંખી હોય તેમ તે સુંઢ કાપી નાંખી. હાથી પાછો હટયો પણ પાછો ઘણા ક્રોધથી ધસ્યો પણ અલીકુલીબેગ હાથમાં ભાલો લઈને પથ્થરની માફક સ્થિર ઊભો રહ્યો. ત્હેણે તાકીને તે ભાલો હાથીના કુંભસ્થળમાં ભોકયો તે ઘામાંથી લોહીનો ઝરો વહેવા

લાગ્યો ને હાથી પાછો ફરીને નાઠો. અલીકુલીબેગે પોતાની તલવાર લોહી નાંખી મ્યાનમાં મૂકી દીધી ને જાણે કે કાંઇ બનાવ બન્યો નહોય તેમ ઘેર ગયો.

મિહાર-ઉન્ન-નિસાએ આતુરતાથી પૂછ્યું.

"ત્હમારાં લુગડાં ઉપર લોહી છે હેનો અર્થ શો ? શું થયું છે તે મ્હને કહો "

અલીકુલીબેગ—કાંઇ નહિં પ્રિયે. એ તો એક ગાંડો થયેલો હાથી છુટયો હતો તે મ્હારા ઉપર ધશી આવ્યો હતો ત્હેની જોડે લડવુ પડયુ હતું."

મિહાર-ઉન્ન-નિસા—"ઇશ્વરની સ્તુતિ થાઓ ત્હમારી જીંદગી બચી તે ખાતે હું એક હજાર ભિખારીઓને જમાડીશ."

અલીકુલીબેગ નિસાસો નાંખી—"હુ મરી જાઉં તો ત્હને લાગે ખરૂં ? મ્હારા કરતાં વધારે સારો વર ત્હને મળશે."

મિહાર-ઉન્ન-નિસા—"ત્હમે હાવો સવાલ પૂછીને નિર્દયતા બતાવો છો. ત્હમને શું દુઃખ છે તે મ્હને કહો એટલે તે મટાડવાનો પ્રયત્ન કરૂં"

અલીકુલીબેગ—"મ્હને શુ દુઃખ છે તે તુ પૂછેછે ? મ્હારી છાતી ચીરીને બતાવુ તો તરત તુ જોઈ સકે જહાંગીરે મ્હને આજ છુટાછેડા કરવા બાબત કહ્યું. તે હજી ત્હને સભારે છે ત્હને પણ ત્હેના હાથમાં જઈને પડવાનુ મન થાય છે ખરૂં ! મ્હને સાચું કહે."

મિહાર-ઉન્ન-નિસા નિસાસો નાંખી—"વ્હાલા ! હું સલીમને ચ્હાતી હતી તે આપને ખબર જ છે ને ત્હેની મ્હે બહુ વાટય જોઈ પણ તે શેહેનશાહ થયો ને મ્હારી શી હાલત છે તેની કાંઇ દરકાર પણ રાખી નહિ ત્યહારે જ મ્હે ત્હમારી સાથે પરણવાની હા કહી હવે તો મરતા સૂધી હુ ત્હમારી જ છું."

અલીકુલીબેગ ત્હેને પોતાના હાથમાં લઈને—"પ્રિયે ઈશ્વર ત્હને સલામત રાખો. ત્હેં મ્હને નવી જીંદગી આપી છે. ને હવે પરમેશ્વર આપણને છુટાં પાડશે તો જ પડીશું. સલીમની તો ફક્ત ઘેલાઈ જ હોવી જોઈએ. હુ ત્હને ચ્હાઉ છુ કે નહિં તે હેને જાણવુ હશે ને હવે હુ ધારૂ છું કે તે આપણને હેરાન નહિ કરે તે ઘણો બદલાયો છે ને ન્યાયી થયો છે. તેથી કાંઇ બ્હીક નથી"

મિહાર-ઉન્ન-નિસા—"તે તો ફક્ત જાણવા માટે જ હશે કારણ નહિં તો જે વખત ત્હેને મળી સકત તે જ વખત પ્રયત્ન ન કરત ! પણ વ્હાલા ત્હમે સંભાળજો. વખતે અદેખાઈને લીધે તે કૃર થાય."

અલીકુલીબેગ—"ત્હે મ્હને શક્તિ આપી છે. ત્હારો પ્રેમ મ્હને સંભાળશે ને મ્હારી સ્હામે સો માણસો હશે તોપણ તું જોઈશ કે ત્હારો પતિ કે'વો તે બધાને કાપી નાખેછે ને તે ત્હારી કને આખરે આવશે."

તે શૂરા શિપાઈના ખડબચડા ગાલ ઉપર ચુમ્બન કરીને મિહાર-ઉન્ન-નિસા—'હા વ્હાલા તે જાણુંછું. અને મ્હને ખાતરી છે કે લડાઈના ખુલ્લા મેદાનમાં ત્હમારી સ્હામે થવાની કોઇ હિમ્મત નહિં ધરે પણ મ્હને કાવત્રાની બ્હીક બહુ લાગેછે."

અલીકુલીબેગ—"ના, પ્રિયે ના. બ્હીશ નહિં. સૌ સારાં વાંના જ થશે. કાવત્રાંથી મ્હને કાંઇ નુકસાન નહિં થાય ને જ્યહાં તે કાવત્રાંઓ ઉત્પન્ન પામશે ત્યહાં જ લય પામશે."

"ઇશ્વર તમારૂં રક્ષણ કરો."

આ પ્રમાણે પતિ પત્નિ વચ્ચે વાતો થતી હતી ત્મ્હારે સલીમ ત્હેના ખંડમાં અધિર હથી રાઈથી આંટા મારતો હતો ને નાઝીર અહમદની યુક્તિનું પરિણામ જણાવવાની વાટય જોતો હતો. આખરે કલાકના કલાક વહી ગયા પણ અહમદ આવ્યો નહિં તેથી ત્હેણે એક નોકરને બોલાવવા મોકલ્યો.

નાઝીર અહમદ આવ્યો કે સલીમ બોલ્યો. "કેમ નાઝીર સાહેબ કેમ મોડું થયું ?"

"સાહેબ આપે સોંપેલું કામ પુરૂં કર્યા વગર આવવું ન્હોતુ."

"ત્મ્હારે તું બેસી નથી રહ્યો. ત્હારા ગયા પછી મ્હેં કશું ખાધું પણ નથી ને મિહાર-ઉન્ન-નિસાને જોવાની આતુરતા વધતી ગઈ છે. ત્હે શું કર્યું ?"

મ્હેં મ્હારૂં કામ કર્યું છે. હાથી ગાંડો થઈને દોડયો ને અલીકુલીબેગ ઉપર હુમલો કર્યો પણ તે બ્હાદુર શિપાઈ ત્હેની સાથે લડયો ને ત્હેને હરાવ્યો. આપ સમજશો જ કે હાંમાં મ્હારો કાંઈ વાંક નથી."

"મ્હને તો લાગતું હતુ કે તુ સફળ થઈશ. પણ નાઉમેદ નહિં જ થયો હોય કારણ ત્હારામાં ખત ને ધીરજ છે."

"ત્હમે ઘણા માયાળુ છો, પણ મ્હંને મ્હારી ખાતરી નથી."

"ગમે તે રીત્યે મિહાર-ઉન્ન-નિસા મ્હને મળવી જોઈએ. મ્હને આબરૂની દરકાર નથી. હવે આટલાં વરસનો બધો જકડાઈ રહેલો પ્રેમ છૂટયો છે. ત્હેં મ્હારી પ્રિયાને જોઈ નથી. તે રાણી થવાને લાયક જ છે."

"તેમ હશે જ. તે ત્હમે જે માન આપો છો ત્હેને લાયક તે હશે, જ."

"માન ! હું તો ત્હેની ચાલેલી જમીનને ચુમ્બન કરવામાં માન માનુ છું તો હૂ તેને માન આપનારો કોણ ?"

"ખરી વાત. ભૂલ્ય થઈ. ક્ષમા કરશો."

"કાંઇ અડચણ નહિં. મ્હેં તે પેલા મૂર્ખ ઈરાનીને કહ્યું પણ ત્હેણે મ્હારૂં માન્યું નહિં. તે શેહેનશાહનો હુકમ માનવામાં હલકાઈ ગણેછે."

"સાહેબ ત્હેને આટલી બધી મગરૂરી ને મિજાજ ક્મ્હાંથી આવ્યાં ? તે નોકરીમાં દાખલ થયો ત્મ્હારે તો ભિખારી હતો.".

"તે દહાડા એ ભૂલી ગયો લાગે છે, ને મ્હારૂ માનતો નથી તો હવે બે રસ્તા છે."

"તે બે રસ્તા કીયા ?"

સલીમે નાઝીર અહમદની પાસે જઈ કહ્યું "જો સાંભળ્ય. મિહાર-ઉન્ન-નિસા ગમે તે થાય પણ મ્હને મળવી જોઈએ. તે જંગલી ઈરાની કહે છે કે "મ્હને વ્હાય છે." તે જુઠી વાત છે. મિહાર-ઉન્ન-નિસાએ મ્હને જ વ્હાવાનુ વચન આપ્યું હતું. ત્હેને લગ્ન વખતે જ ધિક્કારી કહાડયો હતો ને."

નાઝીર અહમદે —"લગ્ન પછી કેટલાક દહાડા સૂધી ત્હેની જોડે બોલી ન્હોતી, પણ પછી હેના મનમાં આપ બેદરકાર છો એમ આવ્યું હશે તેથી ત્હેને વ્હાવા લાગી હશે. હેને ખબર પડેકે આપ ત્હેને વ્હાઓછો તો તે અત્યારે ત્હમારી કને આવવાને તત્પર થાય."

જહાંગીર—"ગમે તેમ હો મ્હારે મિહાર-ઉન્ન-નિસા જોઈએ. યુક્તિ કરો કે પ્રયુક્તિ કરો ગમે તો અલીકુલીબેગને ફરી એકવાર છુટાછેડા કરવા બાબત પૂછો. જો એ

હા કહે તો તો ઠીક. નહિં તો પછી—જો છુટાછેડા કરાવવામાં તું સફળ થઈશ તો ત્હને બહુ ઇનામ ને માન મળશે. ગમે તે રીત્યે મ્હારૂં કામ કર્ય, એ હું ત્હારા ડહાપણ ઉપર રાખુંછું. પણ જલદી કર્ય."

નાઝીર અહમદ—"આપને જ ના કહી છે તો મ્હારૂં એ માનવાનો હતો? પણ હું પ્રયત્ન કરી જોઈશ ને વફાદારીથી કામ કરીશ."

જહાંગીર—"ત્હને કહ્યું છે કે જે રસ્તો યોગ્ય લાગે તે રસ્તો લેવાને ત્હને પૂર્ણ અધિકાર છે. મ્હને મ્હારી પ્રિયા વગર ઊંઘ નથી આવતી ને મ્હારા દુશ્મનના તાબામાં એ હોય તે મ્હને ગમતુ નથી."

નાઝીર અહમદ—"વીજળીની ઝડપે હું કામ કરીશ."

જહાંગીર—"વારૂ ત્હારે હવે જા ને ખુશીના સમાચાર લઈને આવજે."

નાઝીર અહમદ નમન કરીને ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૭ મું.

જહાંગીરના ખંડમાંથી નાઝીર અહમદ બ્હાર નીકળ્યો ત્હારે ઘણો પ્રફુલ્લિત હતો ને છાતી કહાડીને ચાલતો હતો. તે મૂછો ઉપર તાવ દઈને મનમાં બોલ્યો "શેખ નાઝીર અહમદ સાહેબ તહમે હવે ઝટ સાત હજાર ઘોડેસ્વારની ટુકડીના સરદાર થઈ જશો. બાદશાહ જહેવાને પોતાના ખાનગી કામમાં તહમારી મદદની જરૂર પડેછે. હવે બન્ને બાજુ તહમારા હાથમાંછે. પણ પેલો મગરૂર ઈરાની મ્હારી આગળથી ખુબ મગરૂરીમાં ચાલ્યો ગયો ને મ્હારી સલામ પણ ન લીધી. શેહેનશાહના તરંગ ને ઈરાનીની હઠીલાઈએ એની વચ્ચમાં નાઝીર અહમદની અક્કલ દોડાવવાની ખૂબ જગ્યા છે ને બધુ નાઝીર અહમદને ફાયદાકારક થશે. ને જો અલીકુલીબેગ ધુંટણીએ પડીને માફી નહિં માગે તો હેની જીંદગી આપવી પડશે."

આમ વિચાર કરતો કરતો તે એક અંધારી ગલીમાં થઈને ગયો ને એક ઘર આગળ આવીને દરવાજા ઉપર ત્રણ ટકોરા માર્યા. તરત એક ઘરડી ડોશીએ તે બારણું ઊઘાડયુ ને નાઝીર અહમદ અંદર ગયો કે તરત પાછું વાશી દીધું. તે એક મ્હોટા ખંડની અંદર ગયો ત્હાં ચાળીસેક જણા મદ્યની બાટલીઓ ને પ્યાલા લઈને બેઠા હતા

તે બધા હેને આવકાર દેવાને ઊભા થયા ત્હારે નાઝીર અહમદ બોલ્યો. "મ્હારા ખુશમિજાજી મિત્રો શી ખબર છે?"

એક કોદાળ માણસે કહ્યું. "ખબર શી હોય? તહમને ઘણે વખતે જોયા. કાંઇ ખબરો છે?"

નાઝીર અહમદ—"સારી ખબરો છે, તહમે શેહેનશાહની નોકરી બજાવીને ઇનામ મેળવો એવો પ્રસંગ આવ્યો છે."

બધાએ કહ્યું. "શેહેનશાહની નોકરી! હમે કદી પણ આળસુ રહ્યા છીએ? હમે શેહેનશાહની નોકરીમાં હાજર જ છીએ."

નાઝીર અહમદ—"ખરી વાત છે. પણ આતો તહમારે હેની વતી એક કામ કરવાનું છે, ને તહમને તેથી કિર્તી મળશે. જહાંગીર અલીકુલી બેગની સુન્દર સ્ત્રીને ચ્હાયછે ને

તે મગરૂર ઈરાની શેહેનશાહનું સાંભળતો નથી તેથી સેવકને જે યોગ્ય લાગે તે કરવાનું (મારી નાંખવાનું.) કહ્યું છે."

એક કાળા જાડા માણસે કહ્યું "એતો બહુ બ્હાદુરીનું કામ છે અને તેથી હું કહું છે કે ચાલો."

બધા બોલ્યા. " ચાલો "

નાઝીર અહમદ--"મ્હારા શૂરા મિત્રો આપણે બધા સાવચેતીના ઉપાયો લેવા જોઈએ. આપણે ત્હેની ઓરડીમાં જઈશુંને શેહેનશાહના કાસદ તરીકે બધી શરતો ત્હેને કહીશું. "

એક પાતળા માણસે કહ્યું. " એ કામ મ્હને સોંપો ત્હમે કહેશો તે વખતે હું ત્હમને બધાને મળીશ "

નાઝીર અહમદ—" તુ ઘણો સારો માણસછે. યાદ રાખજે" બરોબર રાત્યના બાર વાગ્યે ત્હારે ઘેર હમે આવીશુ. મ્હને અંધારી રાત્ય બહુ પસંદ છે તે વખત તારા જાણે કે જુએ છે પણ નહિં ચાડી ખાઈએ એમ કહેતા હોય એવુ લાગે છે. "

બરોબર મધરાત્યે નાઝીર અહમદ અને ચાળીસ ખુનીઓ કાળાં લુગડાં પ્હેરીને, હથિયારબંધ ને મ્હોં પ્હેરીને ઓરડીમાંથી એક પછી એક નીકળ્યા. રસ્તામાં પકડાય નહિ હેવી રીત્યે એક પછી એક જઈને અલીકુલી બેગના ઘરની આગળના એક અંધારા ખુણામાં પાછા એકઠા થયા. ત્હાં થોડીવાર તે લોકો ઊભા પછી નાઝીર અહમદે અમુક સુરની શીશોડી સાંભળી. પછી ધીમે રહીને બોલ્યો " મ્હારા મિત્રો બધુ બરોબર છે હવે ચાલો. " તે લોકો ધીમે ધીમે ખુણામાંથી નીકળ્યા ને તે ઈરાનીના ઘરના બાગની ભીંત્ય આગળ આવ્યા, ને ન્હાનું બારણું ઉઘાડું જોયું ને માંહિં પેઠા, અને એક પગદંડીથી આગળ જઈને માળીની ઓરડી બ્હારથી બંધ કરી અને બીજા નોકરોની ઓરડીઓ પણ એ લોકોમાંના એક જણે બંધ કરી પછી બધા એકઠા થયા, ને દરવાજા આગળ છ સાત માણસોને રાખી અલીકુલીબેગ જે ખંડમાં બ્હારી બારણાં ઊઘાડાં મૂકીને સુતો હતો તે ખંડ તરફ ગયા, માંહિં પેઠા અને અલીકુબીબેગના પલંગની આસપાસ તલવાર કહાડીને ઊભા, દરમ્યાન બીજા ચાર જણાઓ મિહાર-ઉન-નિસાનો ખાટલો ઊચકી બીજી ઓરડીમાં મૂકી આવ્યા ને તે ઓરડી બ્હારથી બંધ કરીને પાછા અલીકુલીબેગના પલંગ પાસે આવીને ઊભા.

નાઝીર અહમદ કાંઇ બ્હીકણ ન્હોતો ત્હેણે પોતાના છરાની અણી ઊંઘતા ઈરાની ઉમરાવની છાતીએ અડકાડીને ત્હેને ઊંઘમાંથી જગાડયો.

અલીકુલીબેગ અડધી ઊંઘમાં —" કોણ છે ? અહિં કેમ આવ્યો ? "

નાઝીર અહમદ અવાજ બદલીને—"હમે ત્હારા જહેવા માણસ છીએ ને ત્હારૂં જરૂરનું કામ છે."

અલીકુલીબેગ પાસુ બદલતાં—"કામ છે તો વાટય જુઓ." હજી તોતે અફીણની લ્હેરમાં હતો.

નાઝીર અહમદે જરા જોરથી અણી ભોંકીને—" તેમ થવું અશકય છે. જો તું મિહાર-ઉન્ન-નિસા સાથે છુટાછેડા નહિં કરે ને મ્હને દસ હજાર સોના મ્હોરો નહિં આપે તો હું ત્હને અનંતકાળ સૂધીનો આરામ આપીશ. "

અલીકુલીબેગે કટાર નાઝીરના હાથમાંથી ખુંચવી લીધી ને ઓરડીના ખુણામાં ફેંકી દઈને ક્રોધથી બોલ્યો, "અલીકુલીબેગની સાથે કરારો કરાવવાની કો'ની મગદૂર છે? અહિંથી જા નહિંતો મર્યો જાણજે."

નાઝીર અહમદ —"મૂર્ખ ! મરણ તો ત્હારે અશીકેછે, તકરાર કરવી છોડી દે. ત્હારી જીંદગી પૂરેપૂરી હમારા હાથમાં છે. મિહાર–ઉન–નિસા સાથે છૂટાછેડા કર્ય ને ત્હારી સોના મ્હોરોની પેટી બતાવી દે તો હજી પણ જીવીશ."

અલીકુલીબેગ ધ્રુજી ઉઠી–"મ્હારા અંતઃકરણની રાણી સાથે છૂટાછેડા કરૂં? મ્હારામાં જીવ છે ત્હાં સુધી તો નહિં જ બને એક હજારવાર, ના." એમ કહીને ધીમે રહીને પોતાની કને તલવાર હતી તે પકડી. ચળકતી તલવાર અને ભયથી ત્હેની ઊંઘ ઉડી ગઈ ને તે એકદમ ઊઠ્યો ને ત્હેના ખુનીઓની સ્હામે દૂર જઈને ઊભો.

નાઝીર અહમદ નાગી હલવાર લઈ અલીકુલી ઉપર ધસ્યો ને બોલ્યો "હેના ઉપર હુમલો કરો" અલીકુલીબેગ ઉપર ચાળીસ તલવારો એકદમ ધસી આવી પણ ત્હેણે ઘણી ચપળતાથી બધાના માર ચુકાવી દીધા ને માતેલા સાંઢની પેઠે બધા ઉપર ધસ્યો ને પલંગની બીજી બાજુએ જઈને ઊભો. આ હુમલાથી જાણે હોલવાઈ ગયેલો જ્વાળામુખી સળગી ઉઠ્યો હોય ત્હેવુ જણાયું. તે ગાંડા સિંહની પેઠે ખુનીઓ ઉપર ધસ્યે. ને પૂર જોસમાં ચાળીસ જણાની ટોળી ઉપર પડ્યો પ્હેલે જ ઝટકે એ ટોળીમાંના આગલા માણસનો અંત આણ્યો. બીજાનુ માથું ત્હેના પગ કને પડયું ને આંખ્યના પલકારામાં તો દશેક માથાં તે શેતરંજી ઉપર પડયાં. તરત તે બીજે ખુણે જતો રહ્યો ને ત્હેના ખુનીઓ પાછા ગોઠવાય તે પ્હેલા તો પાછો ધસ્યો ને બીજા દશેક જણને મારી નાંખ્યા. નાઝીર અહમદ નિરાશ થયો. પણ પાછો હઠ્યો નહિં. ને પોતાનાં માણસો સહીત નાગી તલવાર લઈને અલીકુલીબેગ ઉપર ધસ્યો. અલીકુલીબેગ ભયંકર સ્થિતિમાં હતો એટલામાં બારણું ઊઘડયું ને નોકરોનુ ટોળુ અંદર આવ્યુ. નાઝીર અહમદ પાછો ખસ્યો ને ખડમાંથી કુદકો મારી બગીચામાં થઇને બારણું બંધ કરીને જોત જોતામાં જતો રહ્યો.

અલીકુલીબેગે ને નોકરોએ ખુનીઓ માટે બહુ તપાસ કરી પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. તેથી આખરે બીજી ઓરડીમાં જઈને સુતો ને મડદાં કહાડી નાંખવાનું કહ્યું.

આ હુમલો થઈ રહ્યા પછી મળ્યાં ત્યારે મિહાર–ઉન–નિસા બોલી. "ઈશ્વરની સ્તુતિ થાઓ. મહાન્ ઈશ્વરે ત્હેની દયાથી તમને મ્હારે માટે બચાવ્યાછે. પણ વ્હાલા હવે આગ્રામાં રહેવું એ ઠીક નથી"

અલીકુલીબેગ—"પ્રિયે હેમાં કાંઇ બ્હીવાનું નથી. હવે ફરીથી આપણને આ લોકો હેરાન નહિં કરે ફક્ત એક લુંટારાઓની ટોળી સાથે ઝપાઝપી થઈ ત્હેમાં ન્હાશી જવું એ અલીકુલીબેગ માટે નામોશી ભરેલુ કહેવાય."

મિહાર-ઉન-નિસાએ સુચવ્યું "વખતે આપણા શત્રુઓએ તો આ લોકોને નહિં મોકલ્યા હોય? વ્હાલા ! ત્હમે બહુ બેદરકાર છો"

અલીકુલીબેગ—"પ્રિયે મ્હારી ફિકર ન કર્ય. આપણા ગુપ્ત શત્રુથી કાંઇ હું બ્હીતો નથી. તે લોકો તો વિચાર આણવા લાયક પણ નથી. હવે એ વાત જવા દ્યો." એમ કહીને તેઓ આરામ લેવા ગયાં.

અધરાત્ય વીતી ગઈ હતી તોપણ હજી જહાંગીર જમવાના ઓરડામાં બેઠો હતો. દુર્વ્યસનથી ત્હેને રાત્યે જાગવાની ટેવ પડી હતી, ને વળી નિષ્ફળ ગયેલા પ્રેમરૂપિ અગ્નિના અંગારાથી હજી હેને ગાન, તાન ને મદ્યપાન છતાં આરામ મળતો નહિં. આ વખત

પણ વારાંગનાઓની એક ટોળી હાજરીમાં હતી જ, પણ ત્હેનાથી શેહેનશાહ કાંઈ ખુશ થયો નહિં ને જાણે કે કાંઇ સોધતો હોય તેમ આમ તેમ જોવા લાગ્યો. આખરે થાકીને તે ઊઠયો કે તરત જ મંડળીએ આશિર્વાદના નાદ કર્યા. પછી જહાંગીર આરામ લેવા ગયો.

જહાંગીરે નાઝીર અહમદને આવતો જોઈને પૂછયું. "નાઝીર અહમદ શું થયું છે ? મ્હને લાગે છે કે તુ નિષ્ફળ થયો હોઈશ. અફસોસ ! નસીબ જ મ્હારી વિરૂદ્ધ છે."

નાઝીર અહમદે થોડીવાર સુધી શેહેનશાહ સ્હામે જોયું પણ કાંઈ બોલ્યો નહિં. કને ઉભેલા એક નોકરના હાથમાં સોનાનો પ્યાલો મદ્યથી ભરેલો જોઈને તે ત્હેના હાથમાંથી લીધો ને પી ગયો ને પછી શેહેનશાહના ખડમાં ગયો.

નાઝીર અહમદે—"સાહેબ મ્હને માફ કરજો તે વખત મ્હને ભાન ન્હોતું, પેલા જંગલી ઈરાનીએ જો હું ન્હાશી જઈન સકયો હોત તો મ્હને મારી નાંખ્યો હોત. વીશેક બ્હાદુર માણસોએ આપની સેવામાં જીવ આપ્યો છે."

જહાંગીરે—"તું શું બોલે છે ? હેણે એકલાએ શી રીત્યે એટલા બધાને મારી નાંખ્યાં ?"

નાઝીર અહમદ—"તે તો રાક્ષસછે પણ જો ત્હેના નોકરો વખતસર ન આવી પ્હોચ્યા હોત તો હમે ફાવી જાત. અફસોસ ! બિચારા બ્હાદુર મિત્રોએ ફોગટની જીંદગી આપી. મ્હારી તરફથી જરાક નિશાનીએ તલવાર કહાડવાને તૈયાર હતા."

જહાંગીર દાંત પીશીને—"અલીકુલીબેગને જંપવા નહિ દઉં. મ્હારી સાથે કાંઇ જેમતેમ નથી વર્તવાનુ." "ચાલ્ય હવે કાંઈ કહે મ્હારી આશા પાર પાડવાની કાંઇ યુક્તિ જડે છે ? વારૂ પણ આ જે લોકો મરી ગયા ત્હેમનાં કુટુંબોની બરોબર સંભાળ લેવાશે"

નાઝીર અહમદ—"હમણા જ મ્હારા મનમા એક વિચાર આવેછે, જેથી તે સર્વનો નાશ થશે ને કોઇને માથે તહેમત નહિ આવે."

જહાંગીર—"તે શો વિચાર છે ? મ્હારે બધા ડોળ કરવા જોઈએ બાકી તો હમણાં મિહાર-ઉન-નિસા મ્હને મળે."

નાઝીર—"સાહેબ ! અલીકુલીબેગ જ્યહારે આપના દરબારમાં કાલ્ય સ્હવારે આવે ત્યહારે ત્હેની પટાબાજી ને હિમ્મતને વખાણજો ને હેને હેના જોર વિશે ખૂબ ફૂલાવી મૂકજો. પછી હું એક ભૂખ્યો વાઘ લઈને બ્હારના ચોગાનમાં આવીશ, ને પછી બધુ થઈ રહેશે."

જહાંગી—"બરોબર કહે હુ સમઝયો નહિં."

નાઝીર—"તે તો બહુ સહેલુ છે હુ વાઘ લઈને આવીશ ને ત્હેની (અલીકુલી-બેગની) શક્તિની મશ્કરી કરીશ, અને વાઘ સાથે એક તલવાર લઈને લઢવાને તૈયાર થઈશ, એટલે તે વગર હથિયારે લઢવાને તૈયાર થશે ને વાઘ ત્હેને મારી નાંખશે."

જહાંગીર—"યુક્તિ તો સારીછે પણ જોઈએ શું ફળ આવે છે. વારૂ હવે સાહેબજી," એમ કહીને ઊંઘ વનાની રાત્ય ગાળવાને શેહેનશાહ પથારીમાં સુતો ને તારા ગણવા મંડયો.

જહાંગીર બીજે દહાડે સ્હવારે વ્હેલો ઊઠયો ને યમુના નદી અને મ્હોટા મેદાનની સ્હામે આવેલા મકાનની અંદરના ચોગાનમાં ગાદી ઉપર જ્યહાં પોતાનો પિતા મહાન્ અકબર હાથીની સાઠમારી જોવા બેસતો ત્યહાં બેઠો. દરબારના બધા અમીર ઉમરાવો ત્યહાં હાજર હતા. અલીકુલીબેગ જરા મોડો આવ્યો. તે કાંઈ બ્હીક કે શકને લીધે મોડો

ન્હોતો પણ ભોડા ઊઠવાથી મોડો પડયો હતો.

જ્હારે તે આવ્યો ને શેહેનશાહને ઘુંટણીએ પડીને સલામ કરતો હતો ત્હારે જહાંગીરે મોડા આવવાનું કારણ પૂછ્યુ.

ત્હારે અલીકુલીબેગે કહ્યું, "સાહેબ, ગઈ કાલ્યે મ્હારા ઉપર બહુ વિપત્તી આવી હતી પ્હેલાં તો મ્હારા ઉપર ગાંડા હાથીએ હુમલો કર્યો હતો, ને વળી રાત્યે લુટારાઓની ટોળીએ મ્હારા ઘરમાં આવીને સોના મ્હોરો માંગી ને મ્હને મારી પણ નાંખત પણ ઈશ્વર કૃપાથી લઢાઈમાં ત્હેમાંના અડધા એક મરી ગયા, ને બાકીના ન્હાસી ગયા, ને હું બચી ગયો. તેથી આજ સ્હવારે આપની દિવ્ય હાજરીમાં આવતાં વાર થઈ."

જહાંગીર—"તું બહુ અદ્દભુત માણસ છે આખા દરબારમાં ત્હારા જેવું કોઇ નથી ગાંડા હાથીને લુંટારૂઓની ટોળી સ્હામે એકલા એક તલવારથી લઢવુ કાંઇ રમત વાત નથી."

નાઝીર અહમદ જે હાજરીમાં હતો તે બોલ્યો. "સાહેબ મ્હને માફ કરજો. પણ અલીકુલીબેગ એક લુટારાઓની ટોળી સ્હામે લઢયો ને ગાંડા હાથીને ઘાયલ કર્યો ત્હેમાં કાંઈ બહુ ચમત્કાર નથી મ્હારા દાદા હાથીની પુંછડી પકડી રાખતા ને ત્હેને બીલકુલ ખસવા દેતા નહિં, ને વળી વાઘ સ્હામે પણ વગર હથિયારે લઢતા."

જહાંગીર—"તોપણ અલીકુલીબેગની બ્હાદુરી પ્રશંસનીય છે ને મ્હને ખાત્રી છે કે એ પણ વાઘ સ્હામે વગર હથિયારે લઢી સકતો જ હશે."

નાઝીર—"સાહેબ હું વચ્ચમાં બોલુ છું તે માફ કરશો, પણ આપના ઈરાની ઉમરાવે આપના જહેવા કનેથી શાબાશી મેળવવા જહેવુ કાંઇ કર્યુ નથી."

અલીકુલીબેગે નાઝીર અહમદ તરફ જોઈને ક્રોધથી કહ્યું "સાહેબ શેહેનશાહની હજુરમાં ત્હમે ત્હમારી જીભને આમ છુટથી ચલાવશો તો મ્હારે ત્હમને પાછા બ્હાર મળીશુ ત્હારે બતાવી આપવું પડશે."

નાઝીર અહમદ—શસ્ત્રવિદ્યાથી અજ્ઞાન માણસને માર્યાથી કાંઇ ત્હમારી કિર્તીમાં વધારો નહિ થાય માટે શેખી કરવી વ્યર્થછે. જો ત્હમે ખરેખરા બ્હાદુર હો તો હથિયાર વગર વાઘ સ્હામે લઢો અથવા હાર્ય કબુલ કરો હુ કહો તો અબઘડી મેદાનમાં જઈ વાઘને મારી નાંખું."

અલીકુલીબેગ—"નોકર કાંઈ વાઘ સ્હામે લઢે નહિં પણ અત્યારે મ્હારી સ્હામે સિંહ આણશો તો થોડીવારમાં ત્હેને ધુળમાં રગદોળાતો જોશો."

નાઝીર અહમદ—"એમ પતરાજી ન કરો વાઘ કને જ છે. એક ચોરોની ટોળી સ્હામે લઢયા ત્હેમાં તો સિંહ મારનારનું માન માગો છો."

અલીકુલીબેગ ક્રોધથી—"ત્હમારો વાઘ આણો ને પછી શું કરૂં છું તે જુવો. હું કાંઇ પતરાજીખોર નથી."

નાઝીર—"ત્હમારી બ્હાદુરીની પરીક્ષા લઇશ હોં, ત્હમે ખરેખર તૈયાર છો?"

અલીકુલીબેગ—"ત્હારે વળી? જો વાઘ નહિં આણો તો ત્હમારી સ્હામે લઢીશ."

નાઝીર અહમદ—"જોઈએ ત્હારે" એમ કહી કને ઊભેલા નોકરના કાનમાં કાંઇક કહ્યું. એક ઓરડીમાંથી એક ભૂખ્યો વાઘ ઘશીને મેદાનમાં આવ્યો. ત્હેને ભૂખ્યો રાખ્યો હતો, ને તે આમતેમ વિક્રાળ થઇને ફરવા લાગ્યો, પણ અલીકુલીબેગ બ્હીન્યો નહિં. ત્હેણે

શેહેનશાહને સલામ કરી અને દરવાજો ઊઘાડયો ને મેદાનમાં ગયો, પોતાની તલવાર ફેંકી દીધી ને ક્રોધમય ચ્હેરાથી વાઘ સ્હામુ જોયું. વાઘે અલીકુલીબેગ ઉપર છલંગ મારી પણ ચપળતાથી તે ખશી ગયો વાઘને પાછળથી પકડીને ઊંચકયો ને જમીન સાથે પછાડયો, તે વાઘ મરી ગયો ત્યહાં સુધી પછાડે જ ગયો, તરત જ બધાએ હર્ષનાદ કર્યો. પાછા આવીને અલીકુલીબેગે શેહેનશાહને સલામ કરી અને બાજુ ઉપર જઇને ઊભો. જહાંગીર બહુ જ નવાઈ પામ્યો, ને ઝખવાણો પડી ગયો, પણ તરત ઠેકાણે આવીને તે શૂરવીર ઉપર સોના મ્હોરોનો વરસાદ વરસાવ્યો અને હેને આવકાર દેવાને પોતે ઊભો થયો ને માનની નિશાનીનો ઝભ્ભો ત્હેને આપ્યો, ને (શેર=અફઘાન) વાઘ મારનારનો ઇલ્કાબ ત્હેને આપ્યો.

પ્રકરણ ૧૮ મું.

જહાંગીર પોતાના ખંડમાં ગયો. ત્યહા તે બે હાથ ઉપર માથુ નાંખીને વિચાર ને નિરાશામાં બેઠો હતો તેવામાં બારણું ઊઘડયુ ને એક ખુશમિજાજી ને જાડો માણસ અંદર આવ્યો ને ત્હેને ખભા ઝાલીને હલાવ્યો.

પેલા જાડા માણસે કહ્યું. "મ્હારા બંધુ મ્હારા શેહેનશાહ ત્હને શું થાય છે ? ત્હને આવી સ્થિતિમાં જોઈને મ્હને દુઃખ થાયછે. મ્હને બધી વાત કહે એટલે હુ ત્હેનો ઉપાય કંઈ હિન્દુસ્તાનના શેહેનશાહને માટે દઢતા ને હુશિયારીથી ન થઈ સકે એવુ કશું નથી."

જહાંગીરે જાણે ભર નિદ્રામાંથી ઊઠયો હોય તેમ પૂછયું. 'કોણ કુતુબ–ઉદ્–દીન કે ! તું બંગાળેથી ક્યહારે આવ્યો ? મ્હેં ત્હને આટલો જલદી મળીશ એવું ધાર્યું જ ન્હોતુ પણ સારૂં થયું ત્હારૂં મ્હારે કામ છે. મ્હેં પ્હેલાં ત્હને જવાબ દીધો નહિં તે માફ કરજે. હું વિચારમાં હતો, ને વળી તું આવીશ એમ ખબર પણ ન્હોતી."

કુતુબ–ઉદ્–દીન શેહેનશાહને ભેટીને.–" હું હમણાં જ બંગાળેથી આવ્યો ને મ્હારા ખુશમિજાજી સલીમને મળવા તરત આવ્યો. પણ રાજ્ય કારભારના ભારથી મ્હારા બન્ધુનો બધો ખુશમિજાજી સ્વભાવ જતો રહ્યો છે. ત્હને શાથી આમ થયું છે ? "

જહાંગીર નિસાસો નાંખીને,–" મ્હારે જે વસ્તુ જોઈએ છીએ તે એક અન્યાય ભરેલા કૃત્ય વગર મેળવી સકાય તેમ નથી, ને અન્યાય મ્હારે કરવો નથી. હું એક પાંજરામાં પુરાયલા સિંહ જહેવો છું અફસોસ ! આખરે દુનિયામાં ખરા સુખી તો ગરીબ જ છે તે લોકોને કશી પીડા હોતી નથી ને ફાવે છે તેમ કરી સકે છે ને રાજાનાં તો દરેક કામોમાંથી ખોડયો કહાડવાને ને તે ઉપર ટીકા કરવાને હજારો જણ તૈયાર જ હોય છે. "

કુતુબ–ઉદ્–દીન ત્હેને આશા આપીને–કાંઇ ફિકર કર્ય નહિં મ્હારા મનમાં કે ત્હારો કાંઇ એકાદ પ્રાન્ત કોઇએ લઈ લીધો હશે પણ આતો ઘરની વાતનો છે ને તે તો કોઇક મધુર હોઠથી ફરમાવે જશે. આપની સત્તાની બ્હાર કાંઇ પણ નથી. સોલોમન જહેવા ડાહ્યાને પણ અપ્સરાઓએ પોતાનો ગુલામ બનાવીને ડહાપણ ખોવડાવ્યું તો !"

જહાંગીર—"તું તો આ મશ્કરીની વાતગણે છે પણ તેમ નથી હું તો અહિં મરી જાઉંછું."

કુતુબ-ઉદ્-દીન—"ના, ના, હું મશ્કરીની વાત નથી ગણતો પણ તું આટલો બધો નિરાશ થાય છે તે મ્હને નવાઈ લાગે છે કારણ નદીઓ પણ ત્હારો હુકમ હશે તે પ્રમાણે પોતાનો પ્રવાહ બદલશે."

જહાંગીર—"જા, જા, ખુશામદિઆ મ્હારા નોકરો જ મ્હને ગાંઠતા નથી ને તું કહે છે કે નદીયો ગાંઠશે પણ અશે. હિન્દુસ્તાનમાં તો આપણને ખુશામદ કરવાનું જ ન્હાનપણથી શીખવ્યું છે."

કુતુબ-ઉદ્-દીન—"હું ખુશામદિઓ નથી. મ્હને અબઘડી નદીઓનો પ્રવાહ બદલવાનું કહો તો બદલી નંખાવુ આપના હૃદયને ઘાયલ કરનાર કોણ છે ? તે કહો તો તરત તે રૂઆવનારને આણું. પણ આ રીત્યે ત્હમને નાઉમેદ જોઈ મ્હને બહુ દુઃખ થાય છે."

જહાંગીર—"મ્હારા વ્હાલા દુધભાઈ તું મ્હને કેટલો બધો ચ્હાય છે, તે હું બરોબર સમઝી સકું છું પણ જો હું મ્હારે શી ચીજ જોઈએ છીએ તે કહીશ તો તું ત્હેની અયોગ્યતા બતાવવાને વાદવિવાદ કરવા બેશીશ, માટે તે બધુ નકામુ છે. મ્હે મ્હારા મનને જીતવાનું બહુએ કર્યું પણ વ્યર્થ ને જો મ્હારો વિચાર મર્યાદશીલ હો કે અમર્યાદશીલ હો, ન્યાયી હો કે અન્યાયી હો, તો પણ તું મદદ નહિં કરે તો મ્હારે કહેવું વ્યર્થ છે. મ્હારાથી તે વસ્તુ મેળવ્યા વગર જીવાશે નહિ માટે મ્હને મદદ કરવાનું તું વચન આપ્ય."

કુતુબ-ઉદ્-દીન—"આપ ન્યાયી છો ને તેથી તે કર્મ ન્યાયી છે કે અન્યાયી તે આપે વિચાર કર્યો જ હશે. મ્હને ત્હમારૂ કામ કહો ને એક પણ પ્રશ્ન પૂછ્યા વગર હું તે કરીશ."

જહાંગીર ખુશીથી—"હાશ તુંજ મ્હારો ખરો મિત્ર ને પ્રિય બન્ધુ છે. હવે હું બધું કહીશ હું મિહાર-ઉન્ન-નિસાને કે'વો ચ્હાતો હતો ને તે મ્હને કે'વી ચ્હાતી હતી તે તો તું જાણે છે જ. ત્હેને માટે મ્હે બંડ ઉઠાવ્યું, પણ મ્હારા પિતાના મૃત્યુ પછી રાજાની ફરજ બજાવવા ખાતર હું મ્હારા મનને રોકી રાખવાનો પ્રયત્ન કરૂં છું, ને મ્હારા મનમાં બળતા અગ્નિને શમાવવાનું કરૂ છું, પણ તે શમતો નથી. મ્હેં અલીકુલીબેગને ત્હેની પત્નિથી છુટાછેડા કરવાનું કહ્યું પણ તેમ કરવાની ના કહે છે ને તેથી મ્હારા હૃદયમાનો અગ્નિ બમણા જોરથી પ્રગટયો છે, ને મિહાર-ઉન્ન-નિસા વગર હું ખાઈ પી સકતો નથી."

કુતુબ-ઉદ્-દીન—"અલીકુલીબેગ તો મ્હારો ખાસ મિત્ર હતો. પણ મ્હેં વચન આપ્યું છે તેથી હું ફરી નહિં જાઉં. કુતબુદ્દીને શેહેનશાહ પ્રત્યેની પોતાની ફરજ બજાવવાની ના કહી એમ કોઈ કદી કહેશે નહિ જો હુ ફતેહમંદ નહિં થાઉં તો આપની હજુરમાં કદી નહિં આવું. અલીકુલીબેગ બ્હાદુર ઉમરાવ છે ને વખતે હું તે કામ કરવામાં મરી પણ જાઉં. હવે છેલ્લી સલામ ! ઈશ્વર ત્હમને આબાદ રાખો ! ને જો આપનો જુનો ગોઠીયો આ કૃત્ય કરતે મરણ પામે તો ત્હેને માટે પ્રાર્થના કરજો, ને ત્હેને ભૂલશો નહિં."

કુતુબ-ઉદ્-દીન જતો હતો ત્હેને રોકીને જહાંગીર-"થોભ્ય કાંઈ ઉતાવળ નથી."

કુતુબ-ઉદ્-દીન—મ્હને હમણાં જ જવા દ્યો હું મ્હારૂં કામ પૂરૂ કર્યા વગર જંપીશ નહિં." એમ કહીને તે તે ખંડમાંથી ચાલ્યો ગયો,

કુતુબ-ઉદ્-દીન જહાંગીરનો દુધભાઈ હતો ત્હેની માએ જહાંગીરને ઊછેર્યો હતો ને તે બે જણા ન્હાનપણમાં સાથે રમ્યા હતા. તે જાડો, નિશ્ચય સ્વભાવનો, ને તામસી

મિજાજનો હતો, ને છેક ન્હાનપણથી શાહજાદાની નોકરી તે ધર્મ તરીકે સમઝવાનું ત્હેને શીખવ્યું હતું તેથી ત્હેણે આ વખત વાર ન લગાડીને તરત અલીકુલીબેગને ત્હાં ગયો.

અલીકુલીબેગ પોતાના મિત્રને આવકાર દેવા ઉભો થયો ને ભેટવા માટે હાથ લંબાવ્યા પણ કુતુબ-ઉદ્-દીને હાથ ન લંબાવ્યા, તેથી ત્હેણે મૂકી દીધા ને કહ્યું. "તું ક્યારે બંગાળેથી આવ્યો ? હું આશા રાખું છું કે વખત બદલાયો તેથી આપણી વચ્ચેની મિત્રતામાં કાંઈ ફેરફાર નહિં થયો હોય."

કુતુબ-ઉદ્-દીને ખરી લાગણીથી ને ગંમ્ભીરાઇથી કહ્યું. "મિત્ર મ્હને ત્હને ભેટવાનું બહુ મન થાય છે પણ સમય ને કામ હેવાં છે કે ત્હેમને માન આપવાની મ્હને ફરજ પડે છે."

અલીકુલીબેગ તલવાર જોડે રમતે રમતે-"તું ગૂઢ વાતો કરે છે, ને હું કાંઈ તત્વ જ્ઞાની નથી. મિત્ર નહિં એટલે દુશ્મન જ."

કુતુબ-ઉદ્-દીન- "મિત્ર (કારણ હજી હું ત્હને મિત્ર તરીકે જ ગણું છું.) તું ઘણા ભયમાં છે. ને ત્હારી મગરૂરીને જીતીશ નહિ તો ત્હારૂ આવી બન્યુ છે એમ જાણજે."

અલીકુલીબેગ—"હેનો શો અર્થ ' મ્હારા પોતાના જ ઘરમાં મ્હને આમ ધમકી આપવી ત્હને ઘટિત નથી, શો ભય છે તે મ્હને કહે."

કુતુબ-ઉદ્-દીન ગભીરાઇથી-" શેહેનશાહ જહાંગીરનો ક્રોધ ને મ્હારી તલવાર એ બેના ભયમાં તું છે."

અલીકુલીબેગ ધિક્કારથી હસ્યો ને-"અંહ શેહેનશાહે ત્હને મોકલ્યો છે ને શેહેનશાહને મ્હારી પત્નિ આપી દઉં તો તું મ્હારી જીંદગી બચાવવાને વચન આપે ખરૂં ને ? તે બધુ વ્યર્થ છે.

કુતુબ-ઉદ્-દીન—"તું સાંભળ્ય તો ખરો. હું ત્હારા મતને મળતો આવું છું ને સમજી શકું છું કે એ વાત કઠણ છે, પણ સમય નઠારો છે માટે કાંઇક માન્ય. જહાંગીરના ક્રોધે હદ ઓળગી છે. ને ત્હેના રસ્તામાં આવનારને મારી નાંખશે."

અલીકુલીબેગ વચ્ચમાં બોલ્યો. "મ્હેં ત્હારે મ્હોએ આવું સાંભળીશ એવું ન્હોતું ધાર્યું. મ્હારી જીંદગી કરતાં આબરૂ મ્હને વધારે વ્હાલી છે. માટે હું તદ્દન બ્હેરો જ છું. એમ સમજવું."

કુતુબ-ઉદ્-દીને કબુલ કર્યું ને—"અલબત ત્હારી આબરૂની દરકાર માટે હું ત્હને વખાણું છું પણ મ્હને છેલ્લામાં છેલ્લો હુકમ મળી ચૂકયો છે ને હિંદુસ્તાનના શેહેનશાહની સ્હામે થવાનાં પરિણામો ત્હારે જાણવાં જોઇએ. હજી પણ કરાડ ઉપરથી પાછા ખસવાનો વખત છે,"

અલીકુલીબેગ—આખરે એક વખત મરવું તો છેજ તો થોડી વાર પછી નામોશીથી મરવું ત્હેના કરતાં હમણાં જ આબરૂભેર મરવું શું ખોટું છે ? મ્હારી પ્રિયાને હું આંખ્યની કીકી જહેવી ગણુંછું. ને મ્હારી જીંદગી કરતાં હેને વધારે ચ્હાઉંછું. હું ત્હારી માગણી સ્વીકારતો નથી. ને શેહેનશાહે મ્હને આપેલી જગ્યાનું રાજીનામુ આપુંછું. હવે હું આ ગામમાંથી ચાલ્યો જઇશ ને સ્વતંત્ર થઇને રહીશ."

કુતુબ-ઉદ્-દીન—"બધું વ્યર્થ છે. તું હવે ન્હાસી નહિં સકે હું ત્હને વિચાર કરવાને ત્રણ દહાડાની મુદત આપું છું પછી હું આવીશ"

તે મગરૂર ઈરાની ગુસ્સાથી—" હું ન્હાસવાનો જ નથી ત્હેને તો હું ધિક્કારૂં છું. અહિંથી થોડા માઇલને છેટે આવેલા મ્હારા મકાનમાં તું મ્હને મળીશ. બીજા કોઇએ મ્હને આ સુચના કરી હોત તો તે અહિથી જીવતો જવા ન પામ્યો હોત હવે સાહેબજી."

કુતુબ-ઉદ્-દીન—" સાહેબજી હું ત્રીજે દહાડે આ વખતે મળીશ."

અલીકુલીબેગ—" વારૂ હું ત્હને મળવાને ઘણો ખુશી થઇશ."

ત્રણ દહાડા જતા રહ્યા, પણ ઈરાની ઉમરાવનો કાંઇ જવાબ ન આવ્યો, કુતુબ-ઉદ્-દીનને પોતાના મિત્ર જોડે લઢવું ગમ્યું નહિં, પણ શેહેનશાહને વચન આપ્યુ હતું તેથી તે હથિયારબંધ માણસોની ટોળી લઇને અલીકુલીબેગના રહેઠાણે ગયો અલીકુલીબેગે ત્હેને પોતાના ઝાંપા આગળ માનથી આવકાર આપ્યો, અલીકુલીબેગ પાસે એક બે બાજુ ધાર વાળી તલવાર હતી એટલુ જ ફક્ત વધારાનુ હતું.

કુતુબ-ઉદ્-દીન—" હવે ત્હારો શો જવાબ છે તે કહે, હજી પણ તું હઠ નહિ છોડે તો જરૂર પડતું કરવાને હું તૈયાર છું ને ત્હારી સ્ત્રીને ત્હારી સમ્મતિ વગર લઈ જઈશ."

અલીકુલીબેગ—ત્હારી જીભ સભાળ્ય મ્હારી વફાદાર પ્રિયા વિશે એમ બોલવાનો ત્હારો શો હક્ક છે?"

કુતુબ-ઉદ્-દીન—"હાસ્તો વફાદાર તો બહુ પોતાના બગીચામાં સલીમને આવવા દીધો ત્યહારે તો તે એક ચાકરડી હતી."

અલીકુલીબેગ—" મ્હારી પ્રિયાને બદનામ કરવાનો ત્હારો કશો હક્ક નથી માટે લેનો જા" એમ કરી કુતુબ-ઉદ્-દીનના પેટમાં કટાર ભોકી.

કુતુબ-ઉદ્-દીનના આંતરડાં બ્હાર નીકળી આવ્યા ને તે પડયો, ને પડતે પડતે બોલ્યો "બદુક છોડો."

કુતુબ-ઉદ્-દીનનાં માણસોએ બદુક ઊંચી કરીને છોડી પણ આંખ્યના પલકારામાં તો અલીકુલીબેગની તલવાર ચમકી ને કને ઊભેલા એક જણને મારી નાંખ્યો, આથી કુતુબનાં માણસો સ્હેજ પાછાં હઠયાં, પણ અલીકુલીબેગના હાથ ઉપર ગોળીયો છોડવાનું ચાલુ રાખ્યું અલીકુલીબેગે પટા ખેલતો હોય તેમ તલવાર ફેરવીને કહ્યું. "બધા વારા ફરતી આવો" ને પછી કાબા તરફ મ્હોં કરી પોતાના માથા ઉપરથી થોડીક ધૂળ ફેરવીને દુશ્મનની સ્હામે આવીને ઊભો પણ ત્હેનું કોઇએ સાંભળ્યુ નહિં ને તીરોનો વરસાદ ત્હેની છાતી ઉપર વરસ્યો ને તે પોતાના મરણ પથારીએ સુતેલા મિત્ર કુતુબની કને પડયો.

કુતુબ કેટલીક મ્હેનતે બોલ્યો. "મિત્ર! મ્હે તો ફક્ત શેહેનશાહની આજ્ઞા માનવાનો પ્રયત્ન કર્યો છે."

અલીકુલીબેગ બોલ્યો. "કશી અડચણ નથી આપણે મિત્રો તરીકે મરીએ છીએ."

કુતુબે પોતાના મિત્રનો હાથ ઝાલવાનો પ્રયત્ન કરતે કહ્યું. "ઇશ્વર ત્હને શાન્તિ આપો" ને તરત તે બે જણના આત્મા આ ફાનિ દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગમાં ચાલ્યા ગયા.

તરત જ એક માણસ આ ખબર શેહેનશાહને આપવાને દોડયો ને ત્હેને રસ્તામાં નાઝીર અહમદ મળ્યો, જે આ ખબર સાંભળી બહુ ખુશી થયો ને શેહેનશાહને કહેવા દોડયો.

ખંડના દૂરને છેડેથી નાઝીર અહમદ બોલ્યો. " સાહેબ, અલીકુલીબેગ મરણ પામ્યો છે, પણ કુતુબ-ઉદ્-દીન બિચારો લડાઈમાં મરાયો છે."

જહાંગીર બોલ્યો. "ઇશ્વરની સ્તુતિ થાઓ ! શું મિહાર-ઉન્ન-નિસા પાછી છૂટી થઈ?"

નાઝીર અહમદ—"હા, સાહેબ કુતુબે એકવાર કામ માથે લીધું તો તે પાર પાડવામાં કાંઇ ધીમો ન્હોતો. મ્હેં સાંભળ્યું છે કે મિહાર—ઉન્ન—નિસા આ બનાવથી ઘણી જ બ્હાવરી બની છે, ને ઘણી દિલગીર થઈ છે."

જહાંગીર આંટા મારતે મારતે—"હું શું સ્વપ્નું જોઉછું કે ખરૂં છે ? તે ઇરાની મરાયો છે. મ્હારા દુધ ભાઈ જોડે તે લડયો, ને ત્હેને મારી નાંખ્યો એમ મ્હેં સાંભળ્યું છે."

નાઝીર અહમદ—"હા સાહેબ મ્હારો ખાનગી નોકર કુતુબ જોડે ગયો હતો ત્હેણે આ કહ્યું છે."

જહાંગીરે—"એ લોકોને કહો કે હુ ઘણો દીલગીર છુ ને મ્હારા બે ખાસ મિત્રોના મરણથી મ્હને બહુ દુઃખ થાય છે, પણ ત્હેમના કુટુમ્બની સભાળ લેવામાં આવશે કુતુબનું કુટુમ્બ તો મ્હેલમાં આવી ચૂકયું છે. મિહાર—ઉન્ન—નિસાને ઘણા માન ને સંભાળથી અહિં લાવવાનો હુકમ આપી દ્યો જલદી કરો."

નાઝીર અહમદ નમન કરીને ચાલ્યો ગયો જરૂરના હુકમો આપી દીધા, ને મિહાર-ઉન્ન-નિસાને શેહેનશાહને મ્હોએ આશ્વાસન દેવાને માટે ત્હેને તેડવા એક બાદશાહી રસાલો ગયો.

જહાંગીર પોતાના છજામાં આંટા મારતો હતો, ત્યારે બ્હાર આકાશમાં ચન્દ્ર પૂરે પુરો ખીલી નીકળ્યો હતો, ને તારાઓ અસખ્ય દીવાઓની પેઠે ચમકતા હતા, જહાંગીર સુખ દાયક વિચાર સાગરમા ડુબ્યો હતો, ને ઘડીએ ઘડીએ રસ્તા તરફ જોતો હતો. આખરે જ્યારે ત્હેણે એક બાદશાહી રસાલા સાથે આવતી પાલખી જોઈ ત્યારે તે ઘણો ખુશી થયો. એક ક્ષણ પછી એક સ્ત્રી ત્હેમાંથી ઉતરી ને છજામાં પડતી ઓરડીમાં આવી. જહાંગીર અદર આવ્યો. પાલખી ઊચકનારાઓએ નમન કર્યું ને બ્હાર જતા રહ્યા ને બારણાં બધ કર્યાં.

જહાંગીર તે બુરખાવાળી સ્ત્રી આગળ ગયો; તે સ્ત્રીએ મગરૂરીથી પોતાનો બુરખો કહાડયો ને જહાંગીરે, દિલગીરી ભરેલો, ફીકકો પણ મિહાર-ઉન્ન-નિસાનો તેજસ્વી ચ્હેરો જોયો, ત્હેણે ત્હેના મ્હોં ઉપર ધિક્કારની મુખમુદ્રા જોઈ, ને ત્હેના મ્હો ઉપરથી જણાતુ હતુ કે તે ગુસ્સે, દિલગીર, ને અસ્વસ્થ હતી, ને શેહેનશાહે ત્હેને કેમ બોલાવી હતી, તે જાણવાને તે આતુર હતી, જહાગીરથી સ્થિર ઊભા રહેવાયુ નહિં તેથી થાંભલાને ટેકીને ઊભો.

મિહાર-ઉન્ન-નિસાએ મગરૂરીથી કહ્યુ. "સાહેબ મ્હને શા માટે બોલાવી છે, તે આપ કહેશો ? મ્હારે આરામ લેવો છે, ઘણે વર્ષે મ્હેં આપને દીઠા"

જહાંગીર ધીમે ધીમે આગળ જઇને બોલ્યો "કેટલાં વરસ ? ત્હેં ગણ્યાં નથી ?"

મિહાર—ઉન્ન-નિસા—"નાસ્તો. હજી ત્હમારૂં મન સુધર્યું લાગતું નથી."

જહાંગીર—"મ્હારૂં અંતઃકરણ ! તે તો મ્હારી કને હતું જ નહિ."

મિહાર—ઉન્ન-નિસા પોતાને કાબુમાં ન રાખી સકવાથી બોલી "સાહેબ મ્હને, બેસવાની રજા છે ? ને તરત એ એક ઓટોમન ઉપર બેસી ગઈ. મ્હારૂં મન ઠેકાણે નથી મ્હને મ્હેરબાની કરી મ્હારા પતિને ઘેર જવા દ્યો."

જહાંગીર—"પતિ ! પ્રિયે તું આમ મ્હારી સાથે ના બોલ્ય તું બહુ નિર્દય છે."

મિહાર-ઉન્ન-નિસા—" હા મ્હારો પતિ જહેનો ઉમદા આત્મા સ્વર્ગમાં ગયો છે ત્હેની યાદગીરી મ્હને બહુ વ્હાલી છે. હું તે જીંદગી પર્યન્ત સાચવી રાખીશ. "

જહાંગીર આજીજી કરતા અવાજે—" મ્હારૂં સાંભળ્ય હું ત્હને હમ્મેશાં ચ્હાતો હતો ને હજી પણ ચ્હાઉં છું. ને મરણ સુધી ચ્હાઈશ. હું ત્હારે માટે કેટલો ટળવળતો હતો, ત્હેની ત્હને ક્યહાં ખબર છે ? ત્હેં પણ મ્હને ચ્હાવાનું વચન આપ્યું હતું. ને તે છતાં તું બીજાની જોડે પરણી, તોપણ ત્હારી પ્રતિમા મ્હારા અંતઃકરણમાંથી ભૂસાઈ નથી ને ત્હારૂં નામ મ્હારા હોઠ ઉપરથી ખસ્યું નથી; મ્હેં કામ, ગાન, ને તાનમાં ત્હને ભૂલવાનો પ્રયત્ન કર્યો; ત્હારી પ્રતિમા ભૂશી નાંખવાનું કર્યું, તો પણ તું મ્હારા હૃદયની રાણી કાયમ જ રહી છે ને હવે તું છુટી થઈ છે એટલે—"

મિહાર-ઉન્ન-નિસા—"છુટી ! કદી નહિ. હુ ત્હમારા જહેવી બેવફા નહિં થાઉં ને મ્હારૂં વચન ને મ્હારા પતિને ભૂલી નહિં જાઉં મ્હેં ત્હમારે માટે કેટલી વાટય જોઈને મ્હારો જે પતિ હતો, ત્હેણે મ્હારી લાગણીઓ કેટલી ખમી છે, તે તો પરમેશ્વર જ જાણે છે. પણ ત્હમે તો મ્હને ભૂલી જ ગયા અને ત્યહારે જ બીજો પુરૂષ મ્હને પરણી ગયો ને હું હમ્મેશને માટે ત્હેની જ છુ ત્હેનાથી છુટી પાડવી એ બહુ નિર્દયતા ભરેલુ છે. મ્હને દુઃખ ન દેશો "

જહાંગીર—" દુઃખ દઉં ? ત્હને દુખી કરવા કરતાં હું મરવું બ્હેતર ધારૂં છું. "

મિહાર-ઉન્ન-નિસાએ મ્હેણું મારવાની રીત્યે કહ્યું. " અંહ ત્યહારે ત્હમે આવી રીત્યે મ્હારા દુ.ખમાં ભાગ લ્યોછો. મ્હને દુ.ખી જોઈને ખુશી થાવ છો."

જહાંગીર—" જો ખરૂ કહેવડાવતી હોય તો જ્યહારે હું ત્હને મ્હારી પાસે દેખું છું ત્યહારે દિલગીર થતો નથી પણ તુ મ્હારી થઈશ હેવા વિચારથી ખુશી થાઉં છું."

મિહાર-ઉન્ન-નિસા મ્હોં ફેરવીને બોલી. " હાસ્તો ત્હમારી થાઉં. હું અહિં આવત પણ નહિં પણ ના કહેવી વ્યર્થ જાત. સાહેબ, હુ ત્હમારી કોઇ પણ નથી ને જો ત્હમને દયા હોય તો મ્હને હવે બોલાવશો નહિં."

જહાંગીર દુખી અવાજે ને મિહાર-ઉન્ન-નિસાના પગ આગળ પડીને બોલ્યો. "અરે ! ગઈ ગુજરીની વાત જવાદે. મ્હને સ્વીકાર્ય પ્રિયે ! તુ શા માટે ત્હારા હૃદયની લાગણીની વિરૂદ્ધ બોલે છે. તુ પણ મ્હને પ્હેલાં ચ્હાતી હતી, ને હંમેશાં મ્હને ચ્હાવાનું વચન આપ્યું હતું. હજી પણ શુ તું મ્હને ચ્હાતી નથી ? "

મિહાર-ઉન્ન-નિસા જો કે ત્હેના હૃદયમાં તો હા કહેવાનુ થતું હતું પણ બોલી. " ના. ત્હમે એમ ધારતા હો તો ત્હમારી ભૂલ્ય છે હવે મ્હારો વિચાર નહિં બદલી સકો મ્હારા કરતાં ત્હમારા સ્મિતની વાટય જોનારાં હજારો જણ બીજાં છે. હુ તો મરી જ ગયેલી છું. એમ ધારજો."

જહાંગીર આજીજી કરતે અવાજે—" મિહાર-ઉન્ન-નિસા, તું મ્હને સુખી કરવાને બદલે આમ દુઃખી કરે છે ? હું જે આખા હિન્દુસ્થાન ઉપર રાજ્ય કરૂં છું તે ત્હારી આગળ આજીજી કરૂં છું તો પણ તું એમ કરે છે. મ્હને તું ના નહિં કહે એમ ધારૂં છું."

મિહાર-ઉન્ન-નિસાએ બેદરકારીથી પણ ધીમે સ્હીને કહ્યું. " સલીમ ત્હારૂં નામ

હજી પણ મ્હને વ્હાલું લાગે છે પણ મ્હારા વફાદાર પતિને મારી નંખાવનાર જોડે હું કાંઇ પણ સંબંધ રાખી સકતી નથી."

જહાંગીર બોલ્યો. "નિર્દય મિહાર-ઉન્ન-નિસા પ્હેલાંનો સંબંધ યાદ આણીને દયા લાવ્ય. ત્હારો પતિ નિષ્કપટ યુદ્ધમાં મરી ગયો છે, તે પાછો નહિં આવી સકે. એક આશા આપનારો શબ્દ બોલીને મ્હને સુખ તો આપ્ય."

મિહાર-ઉન્ન-નિસાએ ઊઠીને કહ્યું. ' જહાંગીર બધું વ્યર્થ છે. મ્હને જવાદે. આ વાતચિત બહુ દુ:ખ દે છે, ને વ્હેલી પૂરી થાય તો સારૂં."

જહાંગીર ઊભો થઈને—" શું ખરેખર દુ:ખ દે છે ? બાઈ સાહેબ, ત્હમને તસ્દી આપી તે માટે હું ઘણો દિલગીર છું. હું ત્હમને ફરીથી કદી તસ્દી નહિં આપું." એમ કહી તે ઓરડીમાથી ચાલ્યો ગયો.

ત્હેણે નાઝીર અહમદને કહ્યું. "નાઝીર અહમદ, અલીકુલીબેગની વિધવાને રાજમાતાની ઓરડીમાં લઈ જા ને ત્હેને તે બાનુની દાસી તરીકે મહિને રૂપિયા ૬૦) ના પગારે ત્હેનું નામ દાખલ કર્ય." નાઝીર અહમદને અચકાતો જોઈને ત્હેણે ઉમેર્યું. "મ્હારા હુકમનું ઉલ્લંઘન નહિં થઈ સકે."

પ્રકરણ ૧૯ મું.

કાળ તે ભમરડાની પેઠે હંમેશાં ફરતો જ હોય છે, ને આખરે બધું ઠેકાણે આવે છે. છ મહિના ભાગ્યે જ વિત્યા હશે ને મિહાર-ઉન્ન-નિસાએ શોક મૂકી દીધો ને કામે વળગી. જહાંગીરે ઠરાવેલો દરમાયો ત્હેને ઓછો પડતો હતો ત્હેની ઓરડી તદ્દન સાદી ને અગવડ ભરેલી હતી, પોતાનો દરમાયો વધારવાનુ કહેવાને શેહેનશાહની હજુરમાં તે આવવાની દરકાર રાખતી ન્હોતી, પણ ગુંથવા ભરવામાંથી પોતાના દરમાયામા ઊમેરો કરતી હતી. તે સરસ ભરત કામ કરતી હતી, રેશમી લુગડા ઉપર ચીતરતી હતી, ને નવા નવા ઘાટનાં ઘરેણાં શોધી કહાડતી હતી. આ બધુ ઝનાનાની બીજી સ્ત્રીઓ ઘણી આતુરતાથી વેચાતી લેતી હતી. ત્હેની શોધી કહાડવાની શક્તિ હેવી હતી કે જે વસ્તુને હાથ લગાડતી ત્હેનું રૂપ બદલી નાંખતી. એ રીત્યે થોડા વખતમાં ત્હેણે પોતાની ઓરડી ઘણા જ ભપકાથી શણગારી દીધી, ને ત્હેનાં રૂપ બદલી નાંખ્યા શોધી કહાડવાની શક્તિ, ઉત્તમ રૂચિ અને ચિત્રકળાનો શોખ જેટલાંવાનાં કરી સકે તેટલાવાનાં ત્હેની ઓરડીમાં હતાં. તે ઓરડી હમ્મેશાં ઝનાનાની સ્ત્રીયોથી ભરપૂર રહેતી. તેઓ રીત્ય ભાત્ય વગેરે બાબતોમાં ત્હેની સલાહ લેવા આવતાં ને ત્હેની ઓરડી વખાણતાં. અંધકારમય ભવિષ્યમાં તેજ, ને સુખને માટે લોકો, ભૂતકાળનુ બધું ભૂલી જઈને કેવી આતુરતાથી વાટય જુવે છે, એ એક નવાઈની વાત છે. મિહાર-ઉન્ન-નિસા પણ ત્હેવી જ હતી. ત્હેના પતિને મરી ગયે વર્ષ થતાં પ્હેલાં તો તે ત્હેને ભૂલી ગઈ, અને સલીમ ને ત્હેના પ્રેમ વિશે વિચાર કરવા મંડી. રમઝાન મહિનો પૂરો થયો હતો. તોપોના ધડાકા ઉપરથી જણાતું હતું કે ચન્દ્ર જણાયો હતો, ને આખા શહેરમાં ધામધુમ ને આનંદ વ્યાપી રહ્યાં હતાં. એક ઈદની ખુશનુમા સ્હવારે મુસલમાન વર્ગ સારાં સારાં વસ્ત્રો પ્હેરીને આનંદમાં ફરતો હતો ને લોકો એક બીજાને ભેટતા હતા,

સાધારણ વર્ગના લોકો પૈશાદારવર્ગના લોકોને ખુશી થયેલા જોઈને ખુશી થતા હતા, શેહેનશાહી ઝનાનામાં પણ આનંદ વ્યાપી રહ્યો હતો, બધી ઓરડીઓ શણગારેલી હતી, મજમાનો માટે જાત્યજાત્યની મિઠાઈઓ હતી ને ઝનાનાની સ્ત્રીયો વસ્ત્રાલંકારમાં એક બીજાની હરિફાઈ કરતી હતી બધાં રાજમાતાના ઓરડામાં ઈદનો ઉત્સવ ઉજવવાને એકઠાં મળ્યાં હતાં. મિહાર-ઉન્ન-નિસા પણ ત્હાં હતી, ત્હેણે તો એક સાદો ધોળી મઝલીનનો પોષાક પ્હેર્યો હતો, એકપણ ઘરેણું ન્હોતુ પ્હેર્યું, પણ ત્હેની પોતાની જ ખૂબસુરતીથી તે બધાં કરતાં વધારે સૌન્દર્યવાન જણાતી હતી. ત્હેની દાસીઓએ ઘણાં ભપકાદાર વસ્ત્ર પ્હેર્યાં હતાં. સર્વેની નજર મિહાર-ઉન્ન-નિસા તરફ પડતી હતી હજી પણ તે જુવાનને ખૂબસુરત જણાતી હતી, ને નામ પ્રમાણે ખરેખર તે સ્ત્રીયોમાં સૂર્ય જ હતી.

દસ મહિનાથી જહાંગીર ઝનાનખાનામાં ન્હોતો આવ્યો ને મિહાર-ઉન્ન-નિસાને ભૂલવાને મદ્યપાન ને ગાનતાનમાં ધ્યાન આપવાનું કરતો હતો પણ તે દહાડે ઈદ હોવાથી રાજમાતાને મળવા તે આવ્યો. મિહાર-ઉન્ન-નિસા ત્હેને આવતો દેખીને બીજા ઓરડામાં જતી રહી પણ જહાંગીરે ત્હેને દીઠી ને આટલા બધા વર્ષથી પૂરાઈ રહેલો પ્રેમરૂપિ અગ્નિ ફરીથી પ્રગટયો, ને તે ઘણી મુશ્કેલીથી રાજમાતાને મળ્યો, ને ઘડી ઘડી મિહાર-ઉન્ન-નિસા જે ઓરડીમાં હતી તે તરફ જોતો હતો. આખરે તે રજા લઈને ઊપડયો ને મિહાર-ઉન્ન-નિસાની ઓરડીમાં ગયો. બારણું ઊઘાડયું ને તરત ચંદ્ર જ્હેવી, બરફ જ્હેવાં સફેદ વસ્ત્ર પ્હેરેલી કોચ ઉપર સૂતેલી મિહાર-ઉન્ન-નિસા નજરે પડી. તે થોડી વાર ઉમરા આગળ દમ લેવા ઊભો રહ્યો. મિહાર-ઉન્ન-નિસાએ પાસુ ફેરવ્યું ને જહાંગીરનું દિલગિરીથી ભરેલુ ને ફીકકુ મ્હો જોયુ તેથી નવાઈ પામી. તે કોચ ઉપરથી ઊઠીને જમીનને કપાળ અડકાડીને સલામ કરી. જહાંગીર સ્તબ્ધ થઈને ઊભો રહ્યો પછી આગળ જઈ ત્હેને ત્હેનો હાથ ઝાલીને ઊઠાડી ને ત્હેના સુન્દર ગુલાબી રંગના ગાલ ઉપર પ્રેમ ભર્યું ચુમ્બન કર્યું ને કનેના એક કોચ ઉપર જઈને પડયો.

કને બેઠેલી મિહાર-ઉન્ન-નિસા તરફ જોઈને તે બોલ્યો. “ હું શું સ્વપ્નું જોઉં છું કે ખરૂં છે ? શું તે શકય છે ? શું તું મ્હારી થઈશ ? ”

મિહાર-ઉન્ન-નિસાએ મધુર સ્વરે કહ્યું. “ મ્હારા શાહજાદા, મ્હારા શેહેનશાહ હું મરણ સૂધી ત્હમારી જ છુ આટલી પણ ત્હમારી વિરૂદ્ધ થઇ ત્હેનું કારણ ત્હમારી બેદરકારી જ છે ને વળી મ્હારા આશ્રય-મ્હારા ઘરમાંથી ત્હમે મ્હને ઝુંટવી આણી તેથી હું કાંઈ માનતી ન્હોતી. ”

જહાંગીર અત્યન્ત ખુશી થઈને બોલ્યો “ પ્રિયે ! ત્હેં મ્હને નવી જીંદગી આપી છે. ત્હેં મ્હને તરછોડી કહાડયો ત્હારથી મ્હને આરામ કે આનંદ મળ્યાં નથી. તું હમેશાં મ્હારા મનમાં આવતી પણ મ્હારા પિતાના મૃત્યુ પછી હેવો સમય આવ્યો કે મ્હારી મરજી પ્રમાણે મ્હારાથી ન વર્તાયુ. ત્હેમાં વળી મ્હારા પુત્રે બંડ ઊઠાવ્યું. નહિં તો આટલા વખત સૂધી ત્હારાથી દૂર રહેવું અશકય જ છે. ”

આંસુ ત્હેની આંખ્યમાંથી ટપકયું ને મિહાર-ઉન્ન-નિસા બોલી. “ આપણે મજા ને સુખનાસુખ વીતી ગયા છે ને કેટલા ફેરફાર થઈ ગયા છે. ”

જહાંગીર—" દરેક પળ હું કે'વી આતુરતાથી ગણુતો હતો તે તો ઇશ્વર જ જાણે છે. ત્હને કાંઇ વખત કહાડવો કઠણુ નહિં લાગ્યો હોય."

મિહાર-ઉન્-નિસા જહાંગીર તરફ જોઈને બોલી. " મ્હેં પણ ઘણું સહન કર્યું છે. પણ અરે આ વાત હવે જવા દો. આજ ઇદનો દહાડો છે ને મ્હારા અંતઃકરણમાં આનંદનું કિરણ પેઠું છે."

જહાંગીર આજીજી કરતા અવાજે—" મિહાર-ઉન્-નિસા, ત્હને પાછી મેળવવા માટે મ્હેં જે કામ કર્યું છે ત્હેને માટે તું મ્હને માફી આપ. તું જાણે છે કે હું ત્હને કે'વો ચ્હાતો હતો, ને ત્હને બીજા પુરૂષ જોડે પરણેલી જોઈને મ્હને કેટલું લાગે તે પણ તું જાણે છે. ત્હારા ઉપરનો મ્હારો અત્યન્ત પ્રેમ તેજ મ્હારો આ કૃત્યનો બચાવ છે."

મિહાર-ઉન્-નિસા—" જે થયું તે ન થયું નથી થવાનું. ઇશ્વિર એમ ધારે તોપણ ન થાય. આપણે તો ફક્ત ત્હેનાં હથિયાર છીએ ને તે કહે તેમને આપણું નસીબ કરાવે તેમ કરનારાં છીએ હવે ભવિષ્યમાં મ્હારે માટે કોણ જાણે શુંએ હશે?"

જહાંગીર ત્હેને આલિંગન દઈને—" પ્રેમને સુખ જોકે ત્હને ઘણો જ સરસ શોભે છે પણ, પ્રિયે એમ કેમ છે કે ત્હારી દાસીઓએ ભપકાબધ કપડાં પ્હેર્યાં છે ને ત્હેં હાવો સાદો મઝલીનનો પોષાક પ્હેર્યો છે?"

મિહાર-ઉન્-નિસાએ હશીને કહ્યું " કામ કરનારાં હમ્મેશાં શેઠ કરતાં સારાં વસ્ત્ર પ્હેરે છે કારણ તેથી શેઠ ખુશી થાય છે. તેઓ મ્હારી દાસીઓ છે ને હું ત્હેમને સુખી કરવાનું કરૂં છું પણ હું મ્હારે તો હું જ્હેની દાસી છુ ત્હેની ખુશી પ્રમાણે કપડાં પ્હેરવાં જોઈએને? અને મ્હારો શેઠ તે મોગલોનો શેહેનશાહ."

જહાંગીર ત્હેને ભમ્મર ઉપર ચુમ્બન કરીને બોલ્યો. " મોગલોનો શેહેનશાહ ત્હારી દાસીઓનો પણ ગુલામ છે. ને સ્ત્રીવર્ગને પ્રકાશિત કરનારા સૂર્યમાંનુ એકાદ કિરણ ત્હેનામાં પેસે છે તો તે મ્હોટું માન ગણે છે.

મિહાર-ઉન્-નિસા—" ત્હમને મ્હેં છેલછેલ્લા દીઠા ત્હેના કરતાં કેટલા બદલાઈ ગયા છો? મ્હારા ખુશમિજાજી શાહજાદા ઠાવકાને ગમ્ભીર થઈ ગયા છે એનું શું કારણ છે?"

જહાંગીરે પોતાના હૃદય ઉપર હાથ મૂકીને કહ્યું. " ત્હેં જે અહિં ઘા કર્યો છે, ત્હેમાંથી લોહીનીકળે છે, ને ત્હેનું આ પરિણામ છે. અરે પણ હવે તે દુઃખના દહાડા જતા રહ્યા છે, ને અપવાસ કરવાના રમઝાન મહિનાની પેઠે ચન્દ્ર પોતે જ મ્હારા હાથમાં આવીને પડયો છે તેથી હું અપવાસ નહિં કરૂં."

મિહાર-ઉન્ન-નિસાએ કહ્યું. " અહા.! એક વર્ષમાં ત્રીસ દહાડા અપવાસ કરીને અપ્સરાઓથી, સ્વાદિષ્ટ મદ્યને મિઠાઇઓથી ભરપૂર સ્વર્ગ મેળવો છો!"

જહાંગીર બોલ્યો. " પરમેશ્વરે મ્હારી અપ્સરા મ્હને પૃથ્વિ ઉપર જ આપી છે તેથી હવે સ્વર્ગની દરકાર નથી. તું મ્હારી સાથે હોઇશ તો જંગલ પણ મ્હને સ્વર્ગ જ્હેવું લાગશે. આજ હું અહિં જ સ્વર્ગનું સુખ અનુભવું છું તો ભવિષ્યમાં મળનારા સ્વર્ગની આશામાં શામાટે રહું? મ્હારૂં હૃદય ત્હારા રેશમી વસ્ત્રના ગુંછળાંમાં વીંટાઇ ગયું છે ને તેથી હું સંતુષ્ટ થયો છું."

મિહાર-ઉન્ન-નિસા—" ખુશામદ! ત્હમે કહો છો તે બધું ત્હમારા મનમાંજ!"

જહાંગીર ઘુંટણીએ પડીને—" મ્હારી પરીક્ષા કર. મ્હને આગ પડી મરવાનું કહે તો તે કરવાને તૈયાર છું. મરણ સુધી હું ત્હારો જ છું પણ તું મ્હારી છે કે નહિં તે મ્હને કહે."

મિહાર-ઉન્ન-નિસાએ ગુંગળાતે અવાજે કહ્યું. " ઉઠો. હું ત્હમારી જ છું" ને તરત ત્હેણે લંબાવેલા હાથમાં જઈને પડી.

વખત એની મેળે વહી ગયો પણ મિહાર ઉન્ન નિસાને જહાંગીર તો એક બીજાને આલિંગન દઈને બેઠાં જ હતાં, સુર્યાસ્ત થયો, ચન્દ્ર આકાશમાં ઉંચે ચ્હડયો ત્યારે જહાંગીર બોલ્યો. " સુન્દર ચન્દ્ર ઉગ્યો છે ને ભોંયરાની ખોવાયલી કુંચી જડી છે,"

થોડીવાર પછી જહાંગીર ઊઠયો ને કાઝીને બોલાવવા માણસ મોકલ્યો. કાઝી થોડીક જ વારમાં આવ્યો ને તે જ રાત્યે શાન્ત રીત્યે જહાંગીર અને મિહાર-ઉન્ન-નિસાનાં લગ્ન થયાં ને શેહેરમાં ખુશાલી ફેલાવનારો ઢંઢેરો પીટયો.

બીજે દહાડે સ્હવારે જ્યહાં ત્યહાં આનન્દ આનન્દ હતો. જહાંગીર તો પોતાની પ્રિયાથી એક ક્ષણ પણ છૂટો ન્હોતો પડતો ને લોકોની મુબારકબાદી સ્વીકારવાને મિહાર-ઉન્ન-નિસાને લઈને ગાદી ઉપર બેઠો. લોકોની નજરથી સહી સલામત રાખવાને મિહાર-ઉન્ન-નિસાની ગાદી આગળ એક સુન્દર રેશમનો પડદો લટકાવ્યો હતો. ને આ દરબારમાં મિહાર-ઉન્ન-નિસાને નૂરજહાંન (દુનિયાનું તેજ) ને નામે હિન્દની શેહેનશાહબાનુ તરીકે જાહેર કરવામાં આવી. આ શુભ પ્રસંગ પછી થયેલાં જમણો ને ઉત્સવોનાં વર્ણન કરવા કરતાં વિચાર કરવો જ સહેલો છે. આતશબાજી, નાચ, ગાન, તાન વગેરે ઉપરા ઉપરી થવા માંડયાં ને હેમાં પૈશાવાળા તેમજ ગરીબે સરખો ભાગ લીધો. રાજ્ય દરબારીઓએ એક કરતાં બીજા વધારે વખણાવવાને શેહેનશાહના લગ્નની ખુશાલીમાં મેળાવડા કરતા.

લગ્ન પછીનો પ્હેલો મહિનો વિતી ગયો પણ જહાંગીરનો પ્રેમ બીલકુલ ઓછો ન થયો. હેણે પોતાની પ્રિયા નૂરજહાંનને પોતાની જીંદગી કરતાં એ વધારે ગણી. હેણે પોતાના મંત્રિઓને કહ્યું કે રાજ્ય કારભાર બધો નૂરજહાંનને સોંપી દઈ પોતે કશો રાજ્ય જોડે સંબંધ રાખ્યો નથી. ત્હેણે કહ્યું. " મ્હને તો ફક્ત મ્હારી પ્રિયાનાં દર્શન, એક રોટલાનો કડકો, ને એક મધનો પ્યાલો, એટલાંવાનાં મળશે તો બસ છે. નૂરજહાંન આખી દુનિયા ઉપર રાજ્ય ચલાવવાને સમર્થ છે. " અને ખરે તેમ જ હતું. તે રોજ બારી આગળ પડદા પાછળ બેસતી ને અરજીઓ સાંભળીને યોગ્ય હુકમો આપતી ને જહાંગીર ત્હેની કને બેશી ત્હેની તરફ પ્રેમથી ને વખાણથી જોયા કરતો. એક જ વાર નૂરજહાંને ભૂલ્ય કરી. ત્હેને કાંઈ સંતાન ન્હોતુ તેથી શાહજાદા પરવેઝને માટે ગાદી મેળવવાનો પ્રયત્ન કરવામાં ત્હેણે શાહજાદા ખુશરૂને પોતાનો વેરી કર્યો, ને જ્યહારે જહાંગીરના મરણ પછી તે ગાદીએ આવ્યો ત્યહારે ત્હેણે નૂરજહાનને બરોબર રીત્યે રાખી નહિં. બાકી બીજી બધી વાતે ત્હેના રાજ્ય કારભાર દરમ્યાન દેશે સલાહ શાન્તિ ને સુખ ભોગવ્યાં. ત્હેણે ખેતીવાડીને ઉત્તેજન આપ્યું. કેટલાક માંહિમાંહિના કજીયાઓથી ઉજડ થયેલા પ્રાન્તો ફરી વસાવ્યા ને આબાદીમાં આણ્યા. મિલકતનું રક્ષણ બરોબર કરવામાં આવ્યું, ને દરેક જાતની કળાઓને ઉત્તેજન આપવામાં આવ્યું. ટુંકામાં નૂરજહાંનના રાજ્ય કારભારે દેશને તદ્દન જુદુ જ સ્વરૂપ આપ્યું.

હિન્દુ ને મુસલમાન, એક જ રાજાની પ્રજા છે ને એક જ ઇશ્વરને પુજે છે (જો કે બે જણુ જુદી રીત્યે.) એમ જાણીને બન્નેને સરખો ન્યાય મળતો.

એક વખત ત્હેના સેનાપતિ મહોબતખાને બંડ મચાવ્યું ને જહાંગીરને કેદ પકડયો પણ નૂરજહાંન જરા પણ ગભરાઇ નહિં ને ત્હેની સ્હામે પોતે ચ્હડાઈ લઈ ગઈ. ને સૌથી પ્હેલા હાથી ઉપર પોતે બેઠી. ત્હેના ત્રણ મ્હાવતો મરાયા પણ તે પાછી હઠી નહિં ને દુશ્મન ઉપર તીરનો મારો ચાલુ રાખ્યો ને આખરે મહોબતખાનને હરાવી જહાંગીરને જીતી લઈ પોતાની બાજુએ બેસાડીને પાછી આવી, ને સુખમાં દહાડા ગાળવા લાગી પણ આખરે સુખના દહાડા પણ ખુટયા, કારણ થોડા વખત પછી જહાંગીર મરણ પામ્યો ને શાહજહાંન ગાદીએ આવ્યો. નૂરજહાંન લાહોર ગઈ ને ત્ય્હાં ન્હાની રકમના પેન્શન ઉપર ગુજરાન ચલાવવા લાગી. તે પણ થોડા વખત પછી મરણ પામીને જહાંગીરની ભવ્ય કબરની આગળ ભાગી તુટી કબરમાં ત્હેને દાટવામાં આવી. ત્હેણે પોતાના પિતાની યાદગિરી ખાતર એક સુન્દર સ્તંભ આગ્રામાં બંધાવ્યો છે ત્હેને તો પોતાના પિતાની નકકુર ચાંદીની કબર કરાવવી હતી, પણ કેટલાકોએ કોઇ પરદેશી રાજા પૈસાને લોભે ત્હેને તોડી નાંખે કરીને ન બાંધવા દીધી તેથી ત્હેણે રત્ન જડીત આરસની કબર ચણાવી. ત્હેણે પોતાની કબર કેવી થવાની છે તે જાણતી જ હોય તેમ એકવાર કહ્યું હતું કે, " મ્હારી ગરીબ કબર ઉપર એક દીવો કે ફૂલ પણ નથી કે એક પતંગિયું પોતાની પાંખ પણ બાળતું નથી કે બુલ્બુલ ત્હેની ઉપરના પોતાના માળામાંથી ગાતુ પણ નથી. "

સમાપ્ત.